श्री.

कर्म उपासना तथा ज्ञान ए त्रिकांड वेदनी एकताथी

ईश्वरभक्तिरूपी रहस्यबोधनकरनारी

अद्वैतसरणी.

આત્મજ્ઞાનનો માર્ગ.

ભાગ ૧ લો તથા ૨ જો.

રચનાર.

સંસ્કૃત શીઘ્ર કવિ શાસ્ત્રીજી શંકરલાલ માહેશ્વરની દયાથી.

શુકલ ઘેલાશંકર પુજાભાઈ.

મોરબી

वसिष्ठ-विवेक वह्निनाद्दग्धे कामक्रोधे समूलके

संसारे भगवानेष आनंदात्माप्रसीदति-

व्यासजी-अहिंसा सत्यमस्तेयशौचामिंद्रियनिग्रह:

दानं दयादम:शांति:सर्वेषांधर्मसाधनम्-

છપાવી પ્રસિદ્ધ કરનાર.

દેવશંકર જ્યેષ્ટારામ શુકલ-મોરબી.

મુંબઈનીવેદોક્તક્રિયભાણુપ્રબોધનીપાઠશાળાનાઅધ્યાપક.

અમદાવાદ—યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કં૦ લી૦

કીંમત રૂ. ૧-૦-૦.

સંવત ૧૯૬૦, સને ૧૯૦૪.

અનુક્રમણીકા.

॥ શ્રી ॥

પરમપવિત્ર શુકલ ઘેલાશંકર પુંજાભાઈનું સંક્ષેપ જન્મચરિત્ર.

મોરબી નિવાસી પરમપવિત્ર શુકલ ઘેલાશંકર પુંજાભાઇનો શુભ જન્મ સંવત્ ૧૯૧૫ના વૈશાખ માસના કૃષ્ણપક્ષની પાંચમીને શનીવારે સૂર્યોદયથી ૩૨ ઘડીના સમયે; તથા મર્ણુ સંવત્ ૧૯૬૦ ના માઘમાસ કૃષ્ણપક્ષની ચતુર્થી.

આ ગ્રંથ પ્રારંભનાર મોરબીનિવાસી શુકલ ઘેલાશંકર પૂંજાભાઈ મોરબીમાંજ ઉપર જણાવેલા સંવત્માં શ્રીમાલી જ્ઞાતિમાં જન્મ પામ્યા હતા. જન્મ પછી આઠમે વર્ષે ઉપવીતસંસ્કાર પ્રાપ્ત કરી કુલોચિત કેળવણીમાં પ્રવૃત્ત થયા હતા. તેમના પિતાશ્રી પણ કુલધર્મ પ્રમાણે વૈદિક વિદ્યામાં કુશળ હતા; તેથી ઘેલાશંકરભાઇએ પણ વેદાભ્યાસ પોતાના પિતાશ્રી પાસેથી કીધો હતો; ઉપરાંત સ્વસ્થાનમાંજ "મોરબી સ્વાજી પાઠશાળામાં" શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર પાસે સંસ્કૃત વિદ્યાભ્યાસ કરી ઉત્તમ જ્ઞાન સંપાદન કીધું હતું. લઘુવયમાં યોગ્ય અભ્યાસ કર્યાબાદ જગદુપકારાર્થે ધર્મોપદેશ તથા વેદાન્તની કથાઓ આદિ વ્યહવાર ચલાવતા હતા. કાશી આદિ ધર્મસ્થાનોની યાત્રાઓ કરી તથા પવિત્ર વર્તનથી તેમણે સ્વાત્માનું તથા સ્વજીવનનું સાફલ્ય કીધું હતું. સંવત્ ૧૯૬૦ ના માર્ગશીર્ષ માસમાં ગોંડલના દરબારશ્રીએ આરંભેલ લક્ષચંડીમાં યજ્ઞાધિકારી તરીકે યોગ્ય સત્કાર મેળવ્યાબાદ, ત્યાંથીજ શારિરીક સ્થીતિ

એકદમ બગડવાથી સ્વસ્થાનમાં આવી વૈદ્યરાજ વિશ્વનાથ વિઠ્ઠલજીની અત્યુત્તમ ઔષદ્ધિઓનો તથા દૈવનો આશ્રય લીધો હતો. સદા શિવ પ્રીત્યર્થે મહામૃત્યુંજય મંત્રથી દૂધની અવિચ્છીન્ન ધારા સાથે સંપુટિત રૂદ્રાભિષેક તથા જગદંબાપ્રિત્યર્થે **सर्वाबाधाविनिर्मुक्तो** ૯૦ મંત્રોથી સંપુટિત ચંડીપાઠોનો પ્રારંભ કીધો હતો ને તે બ્રાહ્મણોને ઇચ્છા ભોજનનીસાથે યોગ્ય દક્ષણાઓ આપી આશિર્વાદો લીધા,ત્યારપછી સંવત્ ૧૯૬૦ ના મહા વદી૪ ને દિવસે રાત્રિના પ્રહરમાં તેમની માંદગી વિશ્વાસઘાતીપણે વધી પડી; અને પોતાની આસપાસ બેઠેલા કુટુંબીઓની સમક્ષ પોતાની સ્ત્રીને અંતિમ કામનાઓ પ્રદર્શિત કરી રાત્રિના છેક ૧૧વાગે કૈલાસવાસી થયા. ત્યારપછી તેમની સ્ત્રીએ તેમની મર્ણક્રિયા તથા ઉત્તર ક્રિયામાં ઘણા બ્રાહ્મણોને ભાગવતાદિ મોક્ષકારક પાઠોના પારાયણ કરવા બેસાર્યા હતા;તથા તેમને ભોજન તથા ધન, સૂવર્ણ, ગૌ, વિગેરેનાં દાન તથા શ્રીમદ્ભાગવત વિગેરે પુસ્તકોનાં દાન આપી સંતુષ્ટ કીધા હતા. તથા તેમની મર્ણ સમયની ભલામણને અનુસરતાં, કન્યાદાન આપી તજ્જનિત ફળ તેમને અર્પણ કર્યું તથા તે મહાત્માશ્રીના મર્ણથી તેમની પ્રત્યે શિષ્યભાવ રાખતા કેટલાએક આસ્તિકોને તથા શુભ ચિંતકોને એક ઉપયોગી સલાહકારની ખોટ પડવાથી તેઓ સર્વ ઘણાજ શોકાતુર બની તેમના આત્માની શાન્તિને અર્થે પ્રાર્થના કરી તેમના નામનું તથા ગુણનું આ વર્ણન રજુ કીધું છે તેવા મહાત્માનો સદા કૈલાસ વાસ હોજો.

તથાસ્તુ.

પ્રસ્તાવના.

જેની અતર્ક્ય શક્તિને કોઈપણ જીવાત્મા તેની કૃપા શિવાય જાણી શકવા સમર્થ નથી; એવી ઉત્પત્તિ, સ્થિતિ, અને લય કરનારી સર્વોપરી સત્તાને દેવી; બ્રહ્મા; વિષ્ણુ; સદાશિવ; ગણપતિ; સૂર્યનારાયણ તથા રામકૃષ્ણાદિ અવતારોના નામથી ભજન કરીને મનુષ્યદેહ સફળ કરવા એવી કર્મક્ષેત્રમાં (ભરતખંડમાં) ' શાસ્ત્રની મર્યાદા છે. તેને ભજવાનો ક્રમપણ તેજ સત્તાની વાણીરૂપી વેદત્રયીમાં કર્મ, ઉપાસના, અને જ્ઞાનરૂપે બતાવ્યો છે અને તે તેની ભક્તિના ફળરૂપેજ ધર્મ અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વર્ગ સંપાદન કરી મનુષ્યોએ કૃતાર્થ થવું એજ વર્ણત્રયી (બ્રાહ્મણ, ક્ષત્રીય, અને વૈશ્ય,) નું કર્તવ્ય છે. અને તેના નિમિત્તથી સ્ત્રી શૂદ્રાદિક હીન વર્ણોને પણ તેવીજ કૃતાર્થતા પ્રાપ્ત કરવાની છે. પરંતુ સનાતન ભક્તિ ક્રમની વ્યવસ્થા; કર્મ, ઉપાસના, અને જ્ઞાનમાંથી એકનુંજ નાડું પકડી રાખવાથી ઘણી અસ્ત, વ્યસ્ત થઈ ગયેલી છે; તે વિચારશીલ શ્રોત્રિય–બ્રહ્મનિષ્ઠ–સાક્ષર વર્ગોના સમજવામાં આવે! પણ જે નિરક્ષર કુક્ષિઓના સમજવામાં આવે તેવી નથી.

આ ક્રમને મુળસ્થિતીમાં લાવવો એ તેઓનું કામ છે પણ તેમાં કેટલાએક શાસ્ત્રો આપણને એમ બતાવે છે કે " ઈશ્વરભક્તિ ભુલી જવાની સાથે ભારત ક્ષેત્રમાં અત્યંત વિપરીત આચરણો રૂપી મહા અધર્મ પ્રવૃત્ત થશે ત્યારે પરમાત્મા અવતાર ધારણ કરી તે વિપરિત ક્રમરૂપ અધર્મનો નાશ કરી પરમધર્મનું સ્થાપન કરશે " ભગવત્પૂજ્યપાદ શંકરાચાર્ય મહારાજશ્રીએ થોડા વખત પહેલાંજ એ ક્રમનો શો દાખલો આ કર્મ ક્ષેત્રમાં બતાવ્યો. જેનો દિગ્વિજય, [illegible]

જેના પ્રણીતપ્રબંધો અને જેની ધર્મપાળવાની શૈલીથી આજ સુધી સનાતન સરણીને કેટલોએક ટેકો મળે છે. વિચારશીલ, સાક્ષરશ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ વિદ્વાન્‌વર્ગ જો કે અવતારી નથી તોપણ મન, વચન અને ક્રીયાની એકતાથી કર્મ ઉપાસના અને જ્ઞાનનુ તાત્પર્યનું પ્રકટીકરણ કરવા સદુપદેશો તથા સત્પ્રબંધો રચવા તત્પર થાય તો દીવસે દીવસે શીથળ પડતો સનાતન ધર્મસરણીરૂપી કનકાચળને મત્કીંચિત્ પણ ટેકો મળે અને એથાં **मार्गस्थोनावसीदति** રસ્તે ચાલનાર ભુલો નો નજ પડે. એવો આશય હૃદયમાં આવતાં આ પ્રબંધની રચના ઈશ્વરેચ્છાથી થઈ છે. અને તેની અંદર યથામતિ ઉપરની બાબતમાંજ લક્ષ્યરહ્યું છે તે વાંચકવર્ગના સમજવામાં આવશે.

ત્રિકાંડ વેદની મર્યાદા પ્રમાણે સર્વાત્મભાવે ઇશ્વરભક્તિથી ચતુર્વર્ગરૂપી ફળ સંપાદન કરવાની સૌ કોઈની ઇચ્છા હોય છે; પરંતુ એ ત્રણેનું ઐકય પર્યવસાન જેવું ભગવત્પૂજ્યપાદ શંકરાચાર્યે કરી બતાવ્યું છે તે નહી સમજાવતાં તથા નહી સમજતાં કેવળ કર્મ કરનારાઓ બુદ્ધિની મંદતાને લીધે બ્રહ્મકર્મમાં કલેશ પામે છે અને આસ્તાથી કર્મનો ત્યાગ કરતા નથી; પરંતુ તે કેવળ કર્મ કરનારાઓમાં ઘણેભાગે ક્રોધ લોભાદિ એવા દોશોનો પ્રાદુર્ભાવ થાય છે કે જેથી વિશ્વામિત્રની પેઠે તેણે કરેલાં વૈદિક કર્મો કાંઇપણ ફળ ન આપતાં તે કર્મીને કલેશજ આપનારાં થાય છે. તથા ઉપાસકો પણ કેવળ ઉપાસનામાં પદાર્થ વિગેરેની શુદ્ધિ સંપાદન કરવા તથા અંતર્યાગ, બહિર્યાગ કરવામાં કેવળ એકજ ક્રમને પકડી રાખવાથી છેવટ જીંદગી પર્યંત ઉપાસના કરવી એવા નિશ્ચય ઉપર આવી જતાં શ્રદ્ધા તથા મર્યાદાથી ઉપાસનાનો ત્યાગ થતો નથી; પરંતુ થોડું કરવું, આજુ કરવું, અવકાશ પ્રમાણે કરવું એવી ધારણાથી કર્યા કરે છે પણ તેમાં ત્રિકાંડનું રહસ્ય સમજ્યાવગર કષ્ટરૂપે ચાલી જાયછે અને તેથી अकरणान्मंदकरणंश्रेयस् ન કરવાથી થોડું કરવું તે સારૂં છે એ ગીતામાંથી 'સ્વલ્પ...' ઉપાસકોને થોડું ઘણું ફળ પ્રાપ્ત થવાથી તે કૃતાર્થતા

માને છે; પરંતુ પરમ સુખ પ્રાપ્ત થતું નથી. અને તેજ પ્રમાણે જીજ્ઞાસુઓ પરમાત્માનું જ્ઞાન સંપાદન કરવા માટે સવાર સાંજ સંધ્યાદિકર્મોનો પણ ત્યાગ કરી કેટલાએક ગાડરીયા પ્રવાહની પેઠે શ્રવણ મનન અને નિદિધ્યાસનમાં લાગ્યા રહે છે; પરંતુ **यतोवाचोनिवर्तंते अप्राप्यमनसासह** જેના જાણવામાં (ત્રણ પ્રકારની વાણી; મનની સાથે ન પહોંચી શકતાં પાછી વળી વિરામ પામી જાય છે અને જે કેવળ અધ્યારોપ તથા અપવાદ ક્રમથી તથા વિધિ મુખ અને નિષેધ મુખ એવા બે ઉપદેશ ક્રમથીજ સ્વાત્મરૂપે અનુભવાય છે તેને જાણવાની (જ્ઞેયરૂપે) ઇચ્છા એ તો ખપુષ્પવત્ છે, સ્વાત્મરૂપે અનુભવાય તો તેનો આનંદ અપરોક્ષ ભાવથી કેમ લેવો તો જ્ઞાનકાંડ સાથે બીજા કાંડદ્વયના અભાવને લીધે બીલકુલ તેઓમાં ન જણાતાં તેઓ તેને માટે ઘણા ઘણા બીજા ઉપાયો શોધે છે; પરંતુ તે બ્રહ્માનંદ પ્રાપ્ત થતો નથી તેથી તેની મુખમુદ્રાઓ પણ જાણીએ નિરાનંદ અને તત્વ નિશ્ચયથી હીન અભાવમાં અથડાતાં કામ, ક્રોધ, લોભ, મોહાદીકથી કાયર તથા દૈવી સંપત્તિ રહીત કેટલાએક ગગનગુફામાં કર્મી તથા ઉપાસકોની પેઠેજ રખડયા કરે છે. કાયદાની કલમોની પેઠે પોતામાં અધિકારીતા સંપાદન કરી સાંખ્યશાસ્ત્રની પ્રક્રીયાનો સ્થલે સ્થલે શાસ્ત્રાર્થ ચલાવી રહ્યા છે અને એથી એઓ પણ પરીણામે કલેશને પામેલા જોવામાં આવે છે; પરંતુ પરમસુખ પ્રાપ્ત થતું નથી અને કેવળ પકડેલા રસ્તાને શ્રદ્ધાને લીધે છોડાતાં નથી એટલુંજ નહી પણ તેમાં ઉક્ત પ્રકારે ફેરફાર પણ કરવામાં ગ્લાની માને છે.

ઉપર પ્રમાણે માત્ર કાંડત્રયીનો સાથે નિર્વાહ ન કરતાં માત્ર એકજનું નાકું પકડી રાખવાથી સનાતન ઇશ્વર ભક્તિનો માર્ગ સાવ છીન્નભીન્ન થઈ ગયો છે, માટે શ્રુતિસ્મૃતિને અનુસરી ભારતીય પ્રજાએ કાંડત્રયી પ્રમાણે; ભેદનો ત્યાગ કરી અભેદ ભાવે શાસ્ત્ર મર્યાદથી સર્વનીયંતા વિશ્વાધારનું ભજન કરી કૃતાર્થ થવું એવો આ અદ્વૈત સરણીનો આશય છે.

વિજ્ઞપ્તિ.

મારા પૂજ્ય કાકાશ્રી ઘેલાશંકર પૂજાભાઈ શુક્લ તેણે આ પુસ્તકને છપાવવાના હેતુથી આરંભ્યું હતું અને જો તેઓ સ્વલ્પ સમયને માટે વધુ હયાતી મેળવી શક્યા હોતતો ખંત પૂર્વક તેની સંતોષકારક પૂર્ણતા લાવી શકત. પણ ભાવિની પ્રબળતાથી તેમનું ધારેલું પૂર્ણ ન થતા દેહ ત્યાગનો સમય પ્રાપ્ત થયો તેવા પ્રસંગમાં મને પોતાની અંતિમ સેવાના ફળમાં આ પુસ્તક અર્પણ કરી આશિર્વાદ આપી કૈલાસ વાસ કર્યો ત્યારપછી તેમના નિઃસીમસ્નેહને લીધે. તેમના મરણ પછી તેમની અંતિમ કામનાની સાફલ્યાર્થે તેમાં ખુટતો ઘણોક વિષય તેમને આકર્ષણ કરેલા વિષયાનુસારજ સ્વશક્તિથી વેદાન્ત અને પૌરાણિક શાસ્ત્રોના કેટલાએક ગ્રંથોમાંથી યોગ્ય પ્રસંગે યોગ્ય સહાયતા લઇ આ પુસ્તકને પરિપૂર્ણ કરી અમારા પરમપવિત્ર ગુરૂશ્રી શંકરલાલ્ર માહેશ્વરની આજ્ઞાથી તેમજ તેમની મદદથી છપાવી જગતના હીતને માટે તથા મારા જીવતસાફલ્યમાંના એક નાનકડા તત્વ બીંદુને સાધવા ઉપરાંત મારા પૂજ્ય કાકાશ્રીના નામ સ્મરણને માટે તેમના અપૂર્ણ કાર્યને પૂર્ણતા આપી પ્રકાશ કીધું છે.

આ પુસ્તકને પ્રકાશમાં મૂકવા અત્રેના પરમધર્મપ્રતિપાલક મહારાજાશ્રી વાઘજી બહાદુર. જી. સી. એસ. આઇ. તથા ભાવનગર રાજ્યના નામદાર દિવાન સાહેબ રા. રા. પ્રભાશંકરભાઈ દલપતરામભાઇએ જે ઉપયોગી મદદ કીધી છે તે બદલ તેમનો આ સ્થળે આભાર માનવાની આવશ્યકતી વિચારી છે. ધાર્મિક કાર્યોમાં તેમની આવી જાતની પ્રવૃતી સ્તુત્ય છે. ઇશ્વિર એમને દીનપ્રતિદિન અત્યભ્યુદય પ્રાપ્ત કરો તેમજ પરમધર્મીષ્ટ રા. રા. મોરારજીભાઇ મંગળજીભાઇએ તથા પરધર્મીષ્ટ વનેચંદભાઈ પોપટભાઇએ તથા પરધર્મીષ્ટ મૂળજીભાઈ આશારામભાઈ વીગેરે સદ્ગૃહસ્થોએ તથા અ-

ના સદ્‌ગૃહસ્થોએ આ કાર્યમાં જે સંતોષ અને પ્રીતિ દર્શાવી છે તે માટે તેમનો જાહેર આભાર માનવા ઉપરાંત આશિર્વાદ આપવાની પણ સરખીજ આવશ્યકતા છે. ટુંકામાં, ઇશ્વરી જ્ઞાનના જીજ્ઞાસુઓને તથા કર્મ અને ઉપાસના માર્ગના સાધકોને, તથા વર્ણાશ્રમ ધર્મના સંશોધકોને તથા મોક્ષના ઇચ્છનારાઓને આ પુસ્તક યથાક્રમે ઉપયુક્ત ભાસવાથી આટલો શ્રમ ઉઠાવ્યો છે તેમાં હસ્ત દોષથી તથા યંત્રદોષથી કંઇપણ ભુલચુક રહી ગઇ હોય તો ગુણવંત વાચકો સુધારી લઇ, તેવા દોષોને દુર રાખી હંસની પેઠે આ પુસ્તકના શુભ ગુણો આકર્ષિ લઇ પોતાની વાંચ્છનાની સાથે અમારા શ્રમને પણ સાફલ્ય આપશે એવી આશા છે. ઇશ્વર સર્વનું કલ્યાણ કરો અસ્તુ.

દેવશંકર જેષ્ટારામ શુકલ–મોરબી.

મુંબઇની વેદોક્ત ક્રિયમાણપ્રબોધિની પાઠશાળાના અધ્યાપક.

અભીપ્રાય—શાસ્ત્રી ઘેલાશંકર પુંજાભાઈ શુકલ—તમારૂં લખેલું **અદ્વૈતસરણી** નામનું પુસ્તક મેં પુર્વભાગ સંપૂર્ણ વાંચ્યો છે ને ઉત્તર ભાગમાંથી સાર સાર જોઈ ગયો છું તેથી ગ્રંથ ઘણો સારો લખાયો છે તથા અદ્વૈત પદમાં જવાનો રસ્તો મુમુક્ષુ માટે બહુ સારી રીતે બતાવેલ છે. જેઓને કોઈપણ પ્રકારના પ્રતિબંધથી અદ્વૈતપદમાં દ્રઢ નિષ્ટા ન બંધાતી હોય તેને આ પુસ્તકમાં લખ્યા પ્રમાણે વર્તવાથી પ્રતિબંધ દુર થઇ અદ્વૈત નિષ્ટા બંધાય તેવાં સાધનો ઘણાં લખ્યાંછે તેથી સર્વ લોકોને ઉપયોગી થશે માટે હું ઇચ્છું છું કે પરમ કૃપાળુ પરમેશ્વરની કૃપાથી તે પુસ્તકને સર્વ સજ્જનોની મદદથી સહાયતા મળો તથાસ્તુ. લા. શંકરલાલ માહેશ્વર–મોરબી રાજ્યરાજ પાઠશાળાના શાસ્ત્રી (અધ્યાપક.)

ॐ

सांबःशिवोजयति

अद्वैत सरणी.

भाग १ लो.

तापत्रयापनयनाय सदानुकंपा
पीयूषवर्षि सकलैः परयैवभक्त्या
माहेश्वरं विबुधशंकर मेवतेजः
शांतंच कामदमजस्रमुपासनीयम् ॥ १ ॥

જગતની ઉત્પતિ.

જગદાદિ અનાદિ પરબ્રહ્મ પરમાત્માથી થયેલી જગદુત્પત્તિના અનેક પ્રકારો શ્રુતિ અને સ્મૃતિમાં જણાવેલા છે. જેથી તેનું જ્ઞાન સાધારણ જીવાત્માઓને અતર્ક્ય છે. ઉપનિષદ્ ભાગમાં પણ તેનો સર્વત્ર એકજ ક્રમ નથી. અષ્ટાદશ પુરાણોમાં પણ જગદુત્પત્તિક્રમ જુદિ જુદિ રીતે પ્રદર્શિત કરેલો છે. આથી એમ સિદ્ધ થાય છે કે સૃષ્ટિની ઉત્પતિ અને લય અનાદિ પરમેશ્વરની ઇચ્છાને આધીન છે અને એની અનેક પ્રકારે સ્ફુરેલી ઇચ્છાશક્તિને વસિષ્ટ વામદેવ તથા વ્યાસાદિ પુરૂષોએ

જ્ઞાન યોગ વડે જેવી જેવી રીતે જેવા જેવા પ્રકારની અનુભવાણી; તેમાનું પોતાના અનુભવાનુસાર અધિકારી જીવાત્માઓના અંતઃકરણને આલંબન આપી આગળ ચલાવી તે અતકર્ય પદને પ્રાપ્ત કરવા માટે જ્યાં ત્યાં નિદર્શન કર્યુ છે. શ્રુતિ અને સ્મૃતિઓમાં ઉત્પત્તિલયનો ક્રમ ભિન્ન ભિન્ન છે પરંતુ સર્વનું તાત્પર્ય એકજ છે એટલે આ પદને ઉપનિષદ્‌માં બ્રહ્મ એવા નામથી વ્યવહરેલ છે. પુરાણ વિગેરેમાં તો શિવપુરાણમાં શિવ; વિષ્ણુપુરાણમાં વિષ્ણુ; દેવી પુરાણમાં દેવી: ગણેશપુરાણમાં ગણપતિ; અને સૂર્ય પુરાણમાં સૂર્ય તેમજ બીજા વારાહ વાય્વ તથા પાદ્મપુરાણોમાં તે તે પુરાણ પ્રતિપાદિત નામોથી પરમેશ્વરને ભજનીયપણાથી જણાવેલા છે. પરંતુ તે સર્વેનો અભિપ્રાય છેવટ **यतोवाचोनिवर्त्तन्ते अप्राप्यमनसासह** એ શ્રુતિ પ્રમાણે પરમાનંદ પદ પ્રાપ્ત કરવામાં જ છે એમ આગ્રહનો ત્યાગ કરી જોવામાં આવે તો જરાપણ વાદવિવાદ કે ભેદ જણાતો જ નથી. પુરાણના નીયમ પ્રમાણે જ્યાં જ્યાં સૃષ્ટિક્રમ આવે છે ત્યાં ત્યાં કોઇ ઠેકાણે શબ્દને કારણતા, તો કોઇ ઠેકાણે પ્રકાશને કારણતા બતાવી છેવટ કારણ ભાવની ઉપાધિથી તેને પણ મુક્ત કરવા ઉપર તાત્પર્ય હોયછે. શિવપુરાણમાં જ્યોતિરૂપે પ્રકટ થતાં અપાર અને અનંતપણું નિશ્ચય કરાવી શિવ એવું ઉપાસ્ય પદનું આલંબન આપી તેજ નિર્વિકાર નિરાકારપદને પ્રાપ્ત કરાવવામાં છેવટ પરમાનંદરૂપના તરફ તાત્પર્ય છે. [1]શ્રીમદ્‌ભાગવતમાં તો સૃષ્ટિક્રમ અનેક પ્રકારે લખ્યા છે તેમાંથી એ-

---

૧ પુરાણમાં પણ દ્વૈત ભાવ નથી માટે પુરાણ શ્રવણથી પુરાણ પુરૂષથી પોતાનો અભેદ ભાવે અનુભવ થવો જોઇયે **पुराणोऽपिनजाणोऽस्तिपुराणेषुप्रतिष्ठितः । पुराणोऽस्मीतिनोवेद पुराण श्रवणेनाकिम् ॥**

કાઇ દાખલો જેવો કે–જે કારણસ્વરુપથી બ્રહ્મા ઉત્પન થયા તે કારણુની તે બ્રહ્માજીને પણ ખબર ન હતી એથી અતકર્ય શક્તિ પરમાત્માથી તપ એવો શબ્દ સાંભળ્યો એટલે તેજ પરમાત્માયે તેને તપમાં પ્રવર્ત કરતાં તપઃસિદ્ધિમાં પોતાનું શેષશાયી ઉપાસ્ય સ્વરૂપ બતાવ્યું ને તે સ્વરૂપથી બ્રહ્માજીને સાંક્ષ'બ કરી પોતાનું વાસ્તવિક **सहस्रशीर्षापुरुषःसहस्राक्षःसहस्रपात्** એવા શ્રુત્યુક્ત સ્વરૂપનો અનુભવ કરાવ્યો એટલે કે તેનાથી અભિન્નભાવરૂપ બ્રહ્માને સૃષ્ટિ કરતાનું [૨]અભિમાન તપવા માટે પોતે તેની માગણીથી બતાવ્યું તેથી બ્રહ્મા નિભ્રાંત થઇ ઇશ્વરી નિયમાનુસાર વરતવા લાગ્યા. તેથી જ બ્રહ્મા સદૈવ મુક્ત છે એમ શાસ્ત્ર કહે છે. મતલબ એ છે કે સર્વ શ્રુતિસ્મૃતિના સિદ્ધાંતો પરમાદ્વૈત રૂપ છે પરંતુ શાસ્ત્ર શ્રવણ અને તેનો અનુભવ સંપાદન કરતાં, એ કેવા વિચારથી અને કેવે રૂપે એકતા બતાવે છે; એવા વીચારો કે એવો અનુભવ જ્યાં સુધી આપણને થયો ન હોય; ત્યાં સુધી આ સાચુ' અને આ ખોટું એવા કુ તર્કોને જાગ્રત કરી (અયોગ્ય ઉપયોગ કરવાથી જેમ વસ્તુમાં વિકૃતિ થાયછે; તેમ) પરમ સુખાસ્પદને ગોતનારા અંતઃકરણને કુતર્કોથી કલુષિત ન કરી મુકતાં, શ્રુતિસ્મૃતિ પ્રણિત શિષ્ટાચારાનું રક્ષિત ધર્માચરણુ કરવું તેજ આસ્તિક પુરૂષોમાં આસ્તિકત્વ છે.

ખરી વસ્તુને અનુભવવા માટે તર્ક ન કરવા એવું શિષ્ટ સંમત નથી પણ શાસ્ત્ર માર્ગને ઉલ્લંઘન કરી જે તર્ક કરવા તે કુતર્ક કહેવાય અને **कुतर्केणहतंज्ञानं** કુતર્કથી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થતું નથી એ

---

૨ જ્યાં સુધી હું કર્તા એવું અભિમાન છે ત્યાં સુધી મુક્ત થવાતું નથી **आत्माकर्तादिरूपश्चेन्माऽकांक्षास्तर्हिमुक्ततां महिस्वभावोभावानांव्यावर्तेतेष्णपवद्रवेः ॥**

પ્રમાણે અનુભવ પૂર્વક શિષ્ટોદ્દિષ્ટ છે તથા શાસ્ત્ર સંમત છે. માટે પરમાનંદ પરમાત્મા પરમેશ્વર કે જે આદિ અનાદિ સિદ્ધ છે, નિર્વિકાર છે, તેની ઉપાસના (ભક્તિ) કરવામાં જરા પણ આસ્તિક પુરૂષોયે વાદવિવાદ પૂર્વક કુતર્કો કરવા જેવું છે જ નહિ. અભિમાન કે આગ્રહનો ત્યાગ કરો પરમેશ્વરને ભજનાર કોઈ અનન્ય ભક્તનું આ વાક્ય છે.

यं शैवाः समुपासते शिव इति ब्रह्मेतिवेदांतिनो
बौद्धा बुद्ध इति प्रमाण पटवः कर्त्तेतिनैयायिकाः ॥
अर्हन्नित्यथ जैनशासनरताः कर्मेतिमीमांसकाः
सोऽयंवोविदधातु वांछित फलं त्रैलोक्यनाथोहरिः

જેને શિવભક્તો શિવ એવા નામથી ઉપાસે છે, ઉપનિષદ્વેત્તા પુરૂષો જેને બ્રહ્મ એવા નામથી ઉપાસે છે, બુદ્ધ ભગવાનના ઉપાસકો જેને બુદ્ધ એવા નામથી ઉપાસે છે, પ્રમાણ શાસ્ત્રમાં ચતુર નૈયાયિક પુરૂષો જેને કર્તા એવા નામથી ઉપાસના કરે છે, જૈનશાસનને અનુસરનારાઓ જેને અર્હંત એવા નામથી ઉપાસના કરે છે મીમાંસા શાસ્ત્રવેત્તાઓ જેને કર્મ એવા નામથી ભજે છે એવા ત્રીલોકીના નાથ એટલે સર્વની ભાવનાનુસાર ફળ આપનાર એવા હરિ તમારૂં કલ્યાણ કરો. આ વાક્યમાં પોતે હરિ (અવિદ્યાને હરનાર) એવા વિષ્ણુના નામથી પરમાત્માનિ ભક્તિ કરનાર પરમેશ્વરનો અનન્ય ભક્ત છે આ વાક્યનું નિદર્શન કરવાનો મતલબ એ છે કે તે વિષ્ણુ ભક્ત પુરૂષ સર્વે દેવતાઓને પોતાના દેવરૂપે અભેદ ભાવથી જાણે છે આનું નામ ભેદ વગરની ભક્તિ કહેવાય. ભેદભાવ છે જ નહી એ પ્રમાણે શાસ્ત્રનો સિદ્ધાંત છે અને આ સિદ્ધાંતમાં અશ્રદ્ધા તથા અજ્ઞાનપણાને

લિધે જ્યાં સુધી ભેદ ભાવના વાલી બુદ્ધિ છે ત્યાં સુધી આગળ કહેવામાં આવશે તેવી ઇશ્વરની અનન્ય ભક્તિ પ્રાપ્ત થતિ નથી ને જ્યાં સુધી તે નથી પ્રાપ્ત થઇ ત્યાં સુધી જન્મ મરણરૂપ ભ્રાંતિ નિવૃત્ત થતી નથી.

પોતાના કપડાને ડાઘો પડયો તે કયાંથી પડયો અને કેવી રીતે પડયો એવા વિચારની શોધમાં ઉતરીયે અને ફાફાં મારવા લાગીયે તો ફરી ભુસ થાય છતાં બીજો ડાઘો પડે પણ જો તેને સાફ કરી નાખવાનો ઉપાય કરીયે તો ધીમે ધીમે તે ધોવાઈ જતાં બીજો ડાઘો ન પડે અને કપડું સાફ થાય. તેજ પ્રમાણે આગળ કહેવામાં આવશે તેવા ત્રિવિધ તાપનો નાશ કરવા તથા પરમ સુખની પ્રાપ્તિ કરવા શાસ્ત્ર માર્ગની મર્યાદાનો ભંગ કરી મથન કરવું છે તે પરમાર્થ વિષયમાં પ્રવૃત્ત થયેલા અંતઃકરણમાં બીજો ડાઘો પાડવા બરોબર છે અર્થાત ત્રિવિધ તાપની શાંતી ન થતાં દુઃખનો વધારો કરવા જેવું છે*

યત્ન સિદ્ધિમાં કીટકનું આખ્યાન.

श्रुतिं स्मृती उभेनेत्रे विप्रस्य परिकीर्तिते
एकेन रहितः काणाद्वाभ्यामंधः प्रचक्षते ॥

શ્રુતિ અને સ્મૃતિ એ બે વિપ્ર (વર્ણત્રયી)ના નેત્ર છે એકનો ત્યાગ કરે તો કાણો કહેવાય અને બેયનો ત્યાગ કરે તો અંધ (આંધળો) કહેવાય. માટે બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય એ વર્ણ ત્રયીએ શ્રુતિ સ્મૃતિને અનુસારી ચાલવું એથી, ઇશ્વરપદની પ્રાપ્તિ થાય છે.

---

* સંપૂર્ણ યત્નસિદ્ધિમાં કીટકનું આખ્યાન.

માટે જેટલો બને તેટલો ઇશ્વર ભક્તિ માટે શાસ્ત્રને અનુસરતો પુરૂ-ષાર્થ કરવાથી મનોરથની સિદ્ધિ થાય છે પરંતુ વિપરીત પુરૂષાર્થ કરે અથવા નજ કરે તો તેને કાંઇપણ ફળ થતું નથી એ ઉપર એક દ્રષ્ટાંત.

નિર્ધનતાથી અત્યંત દરિદ્રી અને દુખી કીટક એવે નામે કોઈ એક માણસ હતો તેને પોતાના ઉદર પોષણની પણ ચિંતા થવા લાગી એથી એણે વીચાર કર્યો જે **उद्योगेनहि सिद्धयंतेकार्याणि नमनोरथैः** ઉદ્યમ કરવાથી સર્વ પ્રકારે કાર્ય સિધિ થાય છે પણ મનોરથ કરવાથી કોઇ પણ કાર્ય સિધ થતુ નથી. ઉદ્યોગ કરીએ તો ઇશ્વર સહાયતા કરે એવાં શાસ્ત્રો તથા મહાત્મા પુરૂષોનાં વાકયો છે માટે ઉદ્યમ કરવો એવો વિચાર કરી દેશકાલાનુસાર એક કિટક નામા બ્રહ્મણે વનમાંથી લાકડાં કાપી લાવીને વેચવાં અને એથી પોતાનું ગુજરાન ચલાવવું. એવો નિશ્ચય કરી જંગલમાં લાકડાં કાપવા નિકલી પડયો. સાંઝે લાકડાં લાવી રાખે અને સવારે ચૌટામાં જઈ વેચીને તેનું જે મુલ્ય આવે તેથી પોતાનો નિર્વાહ ચલાવે આ પ્રમાણે તેણે પરમેશ્વર ઉપર દ્દઢ નિશ્ચય કરી પુરૂષાર્થ કરવા માંડયો. સારાં સારા લાકડાંને શોધવા માટે મોટી મોટી ઝાડીમાં ફરવા લાગ્યો હમેશાં વનમાં જુદી જુદી જાતના લાકડાંને ઓળખવા લાગો. આમ કેટલાએક દીવસો સુધી પોતાના કાર્યમાં તત્પર રહેવાથી તેણે ચંદનના લાકડાં ખોળી કાઢયાં ને પછી તે લાકડાં લાવી શહેરમાં વેચવા માંડયાં તેની કીંમત ઘણીજ સારી મળવા લાગી તથા તેથી પોતાના આત્માને સુખી માનવા લાગ્યો. ચંદનનાં લાકડાં જો કે વધારે કીમતી મળ્યાં તો પણ તેણે પોતાના ઉદ્યોગમા શિથળ નહિ પડતાં વધારે પુરૂષાર્થ કરવા માંડયો; આમ કરતાં કરતાં તેણે એક રત્નની ખાણ તે વનમાં શોધી કહાડી રત્નની ખાંણ મળતાં તો પોતને ઘણો આનંદ થયો અને વારંવાર પરમેશ્વરની પ્રાર્થના કરે અને બે કરજોડી

કહે કે "હે પ્રભુ! તારી કૃપા હોય તો વકરો વાંઝીયો ન થાય" એમ કહી પ્રભૂ તરફના પ્રેમભાવની સાથે પુરૂષાર્થમાં પણ પ્રેમ વધારે છે. આટલુ મળતાં પણ પોતે હજુ પુરૂષાર્થથી નિવૃત્ત થતો નથી અને વનની શોધમાં આગળ વધતો જાય છે." આનાથી પણ વધારે સુખનું સાધન પ્રાપ્ત થાય તો સારૂ." એ પ્રકારના પુરૂષાર્થની સાથે સુખની આશા વધતી જતી એથી પોતે તે વિશાળ વનમાં ભયભીત માણસથી ન જઈ શકાય તેવા મહા ઘોર વનમાં પોતે જવા માંડયું. આમ કરતાં કરતાં એક દીવસે તે વનમાં ઘણે દૂર નિકળી ગયો ત્યારે તેને ઈશ્વર કૃપાથી (સ્પર્શમણિ) પારશ મણી મળ્યો; આ મણીનો સ્વભાવ એવો છે કે લોહાને અડાડવાથી તે લોઢું સુવર્ણ થાય છે. તે મણી મળવાથી આ કિટકતો કૃતાર્થ થયો અને એથી પણ વધારે પુરૂષાર્થ કરવા લાગ્યો છેવટે એનો દ્દઢ નિશ્ચય જોઇ પરમેશ્વરે તેજ વનમાં એને ચિંતામણિ આપ્યો. ચિતામણિ "જેવું તે ચિંતવે તેવું તેને ફળ આપે" એવો તેનો સ્વભાવ છે. ચિંતામણિ પ્રાપ્ત થયા પછી તેનાથી વધારે કિમતિ વસ્તુ બીજી કઇ હતી કે જેને માટે હવે પુરૂષાર્થ કરવો બાકી રહે. પુરૂરૂપાર્થની પણ હવે અવધિ અને ફળની પણ હવે અવધિ આવી રહી. અર્થાત્ હવે તેનું દારિદ્ર ચુર થઇ ગયું.

આ પ્રમાણે ખરા ભાવથી જ્યારે તેણે વનમાં પોતાના અત્યંત સુખને માટે ઇશ્વર ભક્તિની સાથે પુરૂપાર્થ કરવા માંડયો ત્યારે પ્રથમ લાકડાંનો બોજો લાવી કાયર નહી થતાં પોતાના મસ્તક ઉપર ઉપાડી બજારમાં વેચવા લાગ્યો અને એથી આગળ વધતાં ચંદનના લાકડાં મળ્યાં તેથી પણ વધારે પુરૂપાર્થ કરતાં પારશ મણિ મળ્યો તેટલા સુખમાં પણ ઇયત્તા ન માનતાં આગળ દ્દઢ પુરૂષાર્થ કરવાથી સાક્ષાત્ ચિંતામણિ તે કીટકને પ્રાપ્ત થયો કે જે મળવાથી તેના સર્વ કલેશ-

નો નાશ થયો અને ઇંદ્રાદિ દેવતા જેવા સુખનો ક્રમે ક્રમે પાત્ર થયો પણ વચમાં અલ્પ પદાર્થોના સુખમાં લોભાઇ ગયો હત તો આવું મોટું સુખ તેને મળત નહીં.

ઉપર કહેલા દષ્ટાંતનું સિદ્ધાંત નીચે પ્રમાણે છે. મનુષ્ય દેહ જેવો મહા અમૂલ્ય દેહ કે જેને માટે દેવતાઓ પણ આ ભરતખંડમાં એ વખત તેને મેળવવાની ઇચ્છા રાખે છે તેવા દેહને પ્રાપ્ત થયા બાદ જીવાત્માને પરમાત્માના સ્વરૂપાનુભવના અભાવરૂપી અજ્ઞાનાવરણ એજ પરમ આપદા અને તે આપદાથી પોતાનું પરમાનંદરૂપ ભૂલીને હું દુખીછું દુખીછું દુખીછું એમ માને છે અને સુખી થવા માટે પ્રમાદને લીધે પુરૂષાર્થ કરતો નથી. જેમ પેલો દરિદ્રી પોતાના ઉદર પોષણની ફીકરથી અત્યંત દુઃખી થયો તેમ આ જીવાત્મા પણ પોતાના અજ્ઞાનરૂપી દરિદ્રથી દુર્બળ થતાં અધ્યાત્મ આધિભૌતિક અને આધિદૈવિક એવા ત્રણ નામથી અત્યંત દુઃખી થાય છે. "કામ ક્રોધ લોભ મોહ અને મદ આદિથી અંતઃકરણમાં થતાં દુઃખને આધ્યાત્મ તાપ કહે છે, વાત પિત્ત, કફ વિગેરેથી શરીર પીડાને આધિભૌતિક તાપ કહે છે, અને અતિવૃષ્ટિ તથા અનાવૃષ્ટિ અને ગ્રહો વિગેરેથી આવિ પડતી પીડાઓને આધિદૈવિક તાપ કહે છે." આ ત્રિવિધ તાપ રૂપી મહા આપદાથી પીડાતો જીવાત્મા, પેલો દરીદ્રી જેમ વનમાં જઇ પ્રથમ લાકડાં કાપવારૂપ પુરૂષાર્થમાં પ્રવર્ત થયો તેમ જો ઉપર કહેલી ત્રિવિધ તાપરૂપી મહા આપદાથી મુક્ત થવા તથા પરમ સુખને પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રરૂપી વનમાં પ્રવેશ કરી યોગ્ય પુરૂષાર્થ કરે તો પરમેશ્વરરૂપ ચિંતામણીના સુખની પ્રાપ્તિ થાય. પ્રથમ તો રાગી અંતઃકરણ હોવાથી સકામ કર્મ કરવા વડે સ્વર્ગાદિ સુખને પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય જેમ કીટકને પ્રથમ લાકડાં કાપવાની ઇચ્છા થઇ તેમ અને ત્યાર પછી પરમ પુરૂષાર્થોનું રૂપ સમજાતાં નિષ્કામ કર્મો ઇશ્વર

પ્રીત્યર્થે અંતઃકરણ શુદ્ધિ માટે કરવાં એવા નિશ્ચયરૂપ ચંદન કાષ્ટનો લાભ થાય અને ત્યાર બાદ ઉપાસના (ભક્તિ)રૂપી સ્પર્શમણિ (પારશમણી)નો પરમ લાભ થાય. અને ત્યાર પછી અનન્ય ભક્તિનો અધિકાધિક આનંદ પ્રાપ્ત કરવામાં પાછો ન હઠે તો તેજ શાસ્ત્રરૂપી વનમાંથી જ્ઞાનરૂપી ચિંતામણિ પ્રાપ્ત થતાં અનન્ય ભાવને પામી જેમ કીટકને ચિંતામણિરૂપી પરમાનંદ વસ્તુ મળી તેમ પરમાત્માના અભેદ ભજનાનંદને પ્રાપ્ત થઈ જીવાત્મા કૃત કૃત્યપણાને પામે અને જોવામાં ન આવે કે તે ત્રીવિધ તાપરૂપી મહા આપત્તી કયાં અદૃશ્ય થઇ ગઇ ! !

શાસ્ત્રરૂપી વનમાં પ્રવેશ ન કરે અર્થાત્ તેના તરફ શ્રદ્ધા રાખે અને યથેષ્ટ આચરણથી યદ્વા તદ્વા કરી પરમ સુખની ચાહના કરે તો તેને કોઇ દીવસ પણ પરમાત્માની અનન્ય ભક્તિનો આનંદરૂપી ચીંતામણીનો લાભ થતો નથી. કારણ કે એ ખરો ચિંતામણિ શાસ્ત્ર માર્ગને ઉલ્લંઘી આડે રસ્તે જનારને મળતો નથી.

આપણે અહીંથી કાશીજી જવાનો નિશ્ચય કરી નીકળીએ ત્યારે કાશીજ પહોંચતાં સુધીમાં રસ્તામાં અનેક પ્રકારના રમણીય નગરો તથા બાગબગીચાઓ આવે પણ જો આપણે તેવામાંજ લોભાઇ ત્યાંજ રહી જઇયે તો કાશીજીના સુખનો અ લક્ષ્ય આનંદ કે જ્યાં પહોચવાથી બીજા કોઇ પણ પ્રકારના સુખની આપણને ઇચ્છા ન થાય એટલુંજ નહી પણ જેમ તે સુખો ફીકાં લાગે તેવા આનંદનો અનુભવ ન કરી શકીયે. તેમ દૃઢ નિશ્ચય સંપાદન કરેલાં કર્મ ઉપાસના તથા જ્ઞાન યોગથી પરમાત્મારૂપ પરમાનંદને પ્રાપ્ત કરવારૂપી યાત્રા કરતાં વચમાં એટલે આનુષગીક કેટલાએક ચમત્કારો કે લોકાંતરની પ્રાપ્તિ અને તેના સુખો કે જેનો (શાસ્ત્રદ્વારા) શબ્દ પ્રમાણથી આપણે જાણીયે છીયે તેવા રમ્ય સ્થળોમાં લોભાઈ જઇયે અર્થાત્ તેવા

અલ્પ સુખમાં ઇયત્તા માની લઇયે તો પરમાનંદ પદ કે જેની પાસે ઈંદ્રાદિક સુખ પણ ત્રણવત્ તુછ ગણાય છે તેવા સુખને પ્રાપ્ત થઈ શકાય નહી એ પણ પરમ પુરૂષાર્થી પુરૂષોયે બરાબર સમજવાનુ છે નિષ્કામ વૃતિમાં આકસ્માત્ આવી પડતો આ અંતરાયને દૂર કરવો તે દ્દઢ અંતઃકરણનુ કામ છે અને તેને દૂર ન કરી શકાય તો શાસ્ત્રમાં તે પુરૂષને આરૂઢ ચ્યુત કહેવાય છે.

મનુષ્ય દેહનું સાફલ્ય.

કર્મ ઉપાસના અને જ્ઞાન એ ત્રણે ભગવદ્દભક્તિ નિષ્ઠાપૂર્વક સંપાદન કરવાથી નૈષ્કર્મ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સકામ પુરૂષને તે પ્રાપ્ત થતી નથી માટે મુમુક્ષુ પુરૂષે સર્વ પ્રકારે કામ્ય ધર્મનો ત્યાગ કરવો. આવા પુરૂષોનો યોગ ક્ષેમ ઇશ્વર પોતાને આધીન રાખે છે એમ ગીતાજીમાં કહ્યું છે.

ગ્રંથાવલોકન કરતાં સમજવામાં આવશે તેવા વિવેક વિચાર વૈરાગ્ય અને અભ્યાસની પ્રબળતાથી જો અંતર મુખ વૃત્તિ કરવામાં આવે તોજ મનુષ્ય દેહની સફળતા ગણાય. સદ્દગુરૂ સત્શાસ્ત્ર તથા ઇષ્ટદેવતા ઉપર દ્દઢ શ્રદ્ધા રાખી દેવતાઓને પણ દુર્લભ એવા મનુષ્ય દેહને પામી જીવાત્માને વિષયની આસક્તિ પૂર્વક કામનાનુ જાળ વધારી કોશીટાની પેઠે તેમાં ફસાવતાં ઉભય ભ્રષ્ટ ન કરવામાં મનુષ્યનુ મનુષ્યત્વ છે.

दुर्लभो मानुषो देहोदेहीनां क्षणभंगुरः
तत्रापि दुर्लभंमन्ये वैकुंठ प्रिय दर्शनम् ॥

અનાદિ કાળના સંસાર ચક્રમાં ભ્રમણ કરનારા જીવાત્માઓને મનુષ્યનો દેહ મળવો તે દુર્લભ છે અને મળ્યા પછી પણ ક્ષણભંગુર છે માટે થોડા વખતમાં તે દેહથી પોતાનું સાર્થક કરવામાં ભગવાનના અનન્ય ભક્તોના સત્સંગનો લાભ થાય એ ઘણોજ અલભ્ય લાભ છે નહીંતો મળમૂત્ર અને વિષ્ટાથી ભરેલા સર્વ સાધારણ આ મનુષ્ય દેહમાં અને પશુ પક્ષીઆદિ બીજા દેહમાં કાંઇ ન્યુનાધિક્ય નથી માટે તેની ક્ષણુ ભંગુરતા વિચારી જેમ બને તેમ તરત તેનાથી કર્તવ્ય કરી લેવામાં ચુકવું જોઇયે નહી.

धर्मार्थ काम मोक्षाणां यस्यैकोऽपिनाविद्यते
अजागल स्तनस्येव तस्य जन्म निरर्थकम् ॥

દેવતાઓને પણ દુર્લભ એવા મનુષ્ય દેહને પ્રાપ્ત થયા પછી ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચતુર્વર્ગ પુરૂષાર્થમાંથી જેણે એક પણ પુરૂષાર્થ સંપાદન નથી કર્યો તેનો જન્મ બકરાંની ડોકે ચોટેલા આચળની પેઠે નિરર્થક છે. પુણ્ય પાપની સમાનતા થવાની પરમ સુખ પ્રાપ્ત કરવા માટે પરમ દયાથી પરમેશ્વરે મનુષ્ય દેહ આપ્યો તેથી કોઇ ભગવત્પ્રિય મહાત્માનો સમાગમ થાય તો ચતુર્વર્ગની તરત સિદ્ધિ મેળવી મનુષ્ય જન્મ સફળ કરી શકાય.

महात्मजन संसर्गः कस्यनोन्नतिकारकः
रथ्यांबुजान्हवी संगात्रिदशैरापि वंद्यते

મહાત્મા પુરૂષનો સમાગમ કોની ઉન્નતિ કરતો નથી? રસ્તાનું પાણી ગંગાજીના જળની સાથે મળે છે તો તેને દેવતાઓ પણ પોતાના મસ્તક ઉપર ચડાવે છે. આમ. કહેવાનો હેતુ એ છે કે ઉપર જણાવેલો ચતુર્વર્ગ સિદ્ધ કરવો તે મહાત્માઓના સંગથી નિર્વિઘ્ન સાધ્ય શકાય છે.

ચતુર્વર્ગમાં પ્રથમ ધર્મ. ધર્મ એટલે વેદ નારાયણથી આજ્ઞા પ્રમાણે વરતવું તે. **વેદોઽખિલો ધર્મ મૂલં** વેદ વિહિત ધર્મ પાળવાથી અપવર્ગ એટલે મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ જાણી ધર્મ સેવવો પણ ધર્મ બદલ દ્રવ્યસંપાદન કરવું એજ એનો મતલબ છે એમ સમજવાનું નથી બીજો પુરૂષાર્થ "અર્થ" એટલે દ્રવ્ય સંપાદન કરવું તે ધર્મનો ત્યાગ કરીને કરવું નહી શાસ્ત્રમાં જે નીતિ જણાવી છે તે પ્રમાણે અર્થ સંપાદન કરવો તે અર્થ. ન્યાયથી સંપાદન કરેલા અર્થથી ઇંદ્રિયો તૃપ્ત કરવી એવો હેતુ નથી અર્થાત્ નાના પ્રકારના પંચ વિષયોમાં આસક્ત થઇ અલમસ્ત રહેવું અને ઉન્મત્તની પેઠે પોતાનું કર્ત્તવ્ય ચુકી જવું એવું અર્થ સંપાદન કરવામાં તાત્પર્ય નથી પણ સુખથી પોતાનું જીવન સચવાય એવો હેતુ છે. જીવન સાચવવા માત્રમાં ત્રીજો પુરૂષાર્થ કે જે કામ છે તે કામની સિદ્ધિ નથી દેહ ઇંદ્રિયાદિકમાં આસક્તિ રાખી જીવન સાચવનાર રુષ્ટપુષ્ટ પુરૂષો ગોહ ગંડગામાં ઘણાઓ હોય છે કે જેને ઉભય લોકની ચિંતાના સંબંધમાં બીલકુલ ભાન હોતું નથી તેણે જીવન સાચવ્યું ગણાતું નથી. પણ જ્યાં સુધી જીવાય ત્યાં સુધીમાં કૃત્યાકૃત્યનો વીચાર કરી તત્વ જીજ્ઞાસુ થવું અર્થાત્ મારૂં શું કર્ત્તવ્ય છે અને વાસ્તવિ વસ્તુ (ઇશ્વરપદ) કેવી રીતે જણાય એવી જીજ્ઞાસાથી સદૈવ રહેવું તેનું નામ જીવન સાચવવા રૂપ કામ કેહેવાય છે અને એ કામથી ચતુર્થ પુરૂષાર્થ મોક્ષ પ્રાપ્ત થાય છે એ પ્રમાણે ચતુર્વર્ગ સાધવામાં પ્રથમ કહેવામાં આવ્યું તે પ્રમાણે વૈકુંઠ પ્રિય પુરૂષોના સત્સમાગમની અપેક્ષા છે અને તે મનુષ્ય દેહથી પાર ન પડે તો એક પણ પુરૂષાર્થ યથાર્થ રીતે સિદ્ધ કરી શકતો નથી. જેનાથી ચતુર્વર્ગ સિદ્ધ કરી શકાય છે. માટે અધિકાધિક આનંદનુ ભાજન અને ઉત્તમ મનુષ્યદેહ છે એમ ગણેલો છે.

ભગવત્ પૂજ્યપાદ શંકરાચાર્યજીયે પોતાના વિવેક ચૂડામણિ નામના ગ્રંથમાં લખ્યું છે કે.

जंतूनां नर जन्म दुर्लभ मतः पुस्त्वं ततो विप्रता
तस्मात् वैदिक कर्ममार्ग परताविद्वत्वम स्मात्परम्
आत्मानात्म विवेचनं स्वनुभवो ब्रह्मात्मना संस्थितिः
मुक्तिर्नोशत जन्म कोटिसुकृतैः पुण्यैर्विनालभ्यते ॥

પ્રાણિયોમાં પ્રથમ મનુષ્ય દેહ મળવો દુર્લભ છે ને તે મનુષ્ય દેહમાં પુરૂષનું શરીર પ્રાપ્ત થવું તે દુર્લભ છે. તેમાં બ્રાહ્મણ જન્મ દુર્લભ છે, તેમાં પણ વેદોક્ત કર્મ માર્ગમાં પરાયણ રહેવું તે દુર્લભ છે તેમાં [1]વિદ્વાનપણું દુર્લભ છે. તેનાથી આત્મા અનાત્માનો વિવેક સુજવો તે દુર્લભ છે, વિવેક થયા પછી દૃઢ અનુભવ થવો તે દુર્લભ છે અને અનુભવ થયા પછી પણ મુક્તિ પ્રાપ્ત થવી એ દુર્લભ છે માટે મુક્તિ સેકડો જન્મમાં થયેલાં સુકૃતો વિના મળતી નથી. આ બધામાં શરૂવાતથી મનુષ્ય દેહની મહતા બતાવેલી છે માટે મનુષ્ય દેહનું મહત્વ વિચાર શીલ પુરૂષો શિશ્ન્ય અર્ધદગ્ધ કે કેવળ [2]શિષ્ણો

---

૧ લાભ, હાની, ખરૂ ખોટું, સૌજન્ય દૌર્જન્ય, કર્તવ્ય, અકર્તવ્યને બરાબર જાણવું.

૨ વાલ્મીકી રામાયણમાં રામનું વચન **संगंनकुर्यात्सततांशिश्नोदरतृपांकचित् ॥तस्यानुगस्तमस्यंधेपतत्यंधानुगोऽधवत्॥** શ્રી વિષયક રાગમાં આસક્ત તથા રસના સ્વાદમાં આસક્ત એવા પુરૂષોનો સદૈવ સંગ ત્યાગવો ' આંધળાને પછવાડે જનાર આંધળો જેમ કુવામાં પડે છે ' તેમ એવા પુરૂષોને અનુસરનાર ઘોર નરકમાં પડે છે. મતલબ એનામાં બીલકુલ કૃત્યાકૃત્યનું ભાન હોતું નથી.

દરબારિઓના સમજવા.માં આવતું નથી અને આવે તેવું છે પણ નહી કારણ કે અત્યલ્પ પુણ્ય પુરૂષોને વૈકુંઠ પ્રિયપુરૂષોનો સમાગમ પ્રીય લાગતો નથી એટલું જ નહી પણ મળતો જ નથી. તેથી જ તેવા અત્યંત ભ્રાંત પુરૂષો પોતાનું કર્તવ્ય સમજી શકતા નથી અને તેથી જ તેના ઉદર્ક ફલનું તેને ભાન આવતું નથી. વળી પણ તેજ ગુરૂ દેવ કહે છે. કે.

दुर्लभंत्रय मेवैतद्देवानुग्रह हेतुकम्
मनुष्यत्वं मुमुक्षुत्वं महा पुरुष संश्रयः

મનુષ્યત્વ, મુમુક્ષુત્વ, અને મહાપુરૂપનો આશ્રય એ ત્રણ વાંનાં દેવના અનુગ્રહ વિના મળતાં નથી અર્થાત્ ઇશ્વરનો અનુગ્રહ હોય તો એ ત્રણ વસ્તુ જીવાત્માને પ્રાપ્ત થાય માટે મહાદુર્લભ છે અને તે સર્વને મળે એવો નીયમ નથી.

સત્પુરૂપાર્થ નિષ્ફળ થતો નથી એ નિયમ પ્રમાણે મનુષ્ય દેહ મળ્યો એનો વિચાર કરનાર પુરૂષે પોતાના આચરણોને સત્સંગ કે સતશાસ્ત્રોથી તપાસવાં ને તે એવી રીતે કે મારૂં આચરણ પશુ જેવું છે કે, મનુષ્ય જેવું છે, જો મન વાણી અને કાયાથી પોતાનું આચરણ એક સરખુ રહેતુ હોય અર્થાત્ મનમા જેવો નિશ્ચય તેવો જ વાણીમાં એટલે ઉપદેશવામાં આવે અને ઉપદેશવામાં આવે તેવુંજ પોતાના આચરણમાં આવે તેવા નિશ્ચયવાન્ માણસનું સજન એવું નામ ખરેખરી રીતે શાસ્ત્રમાં કહ્યું છે. તેવાના સહવાસમાં રહી પોતાના આચરણો ઉપર પ્રમાણે વીચારથી જો સુધારવાનો પ્રયત્ન કરે તો તેનું આચરણ શુભોદર્ક થાય. એમ સમજવું વળી આ બે શ્લોકના અભિપ્રાયને ધ્યાનમાં લઈ પોતાની મેળે પોતાના દોષને શોધી તજવા ને તે વીના શુભનું આચરણ અને અશુભનો ત્યાગ થઈ શકતો નથી.

स्वर्गस्थिताना मिहजीवलोके चत्वारि चिन्हानि वसंति देहे॥
दान प्रसंगो मधुराच वाणी देवार्चनं ब्राह्मणतर्पणंच ॥

સ્વર્ગમાંથી મનુષ્ય લોકમાં પ્રાપ્ત થયેલા જીવાત્માની પ્રકૃતિના ચાર ચિન્હો જેવા કે દાન પ્રસંગ, મધુરવાણી, દેવાર્ચન અને બ્રાહ્મણોને તૃપ્ત કરવા એવાં પ્રસિધ હોય છે તેવીજ રીતે નરકાગત એટલે નરકમાંથી આવેલા જીવાત્માની પ્રકૃતિના ચીન્હો જેવા કે—

कार्पण्यवृत्तिः स्वजनस्य निंदा दुःशीलतानी चनेषुसंगः ॥
अतीवरोषः कटुताचवाचिनरस्यचिन्हं निरयागतस्य

નિચ રોજગાર, સ્વજન એટલે પોતાના કુટુંબીઓની નિંદા, ખરાબ ટેવ, નિચ પુરૂષોનો સંગ, અત્યંત ક્રોધ, અને વાણિમાં કટુતા એવા ચિન્હો નરકમાંથી આવેલા જીવાત્માઓનામા પ્રસિધ હોય છે.

મનુષ્ય દેહને સફળ કરવા માટે સત્પ્રે યત્ન કરનારાઓએ પ્રથમ પોતાની મેળે પોતાના દોષોને જાણી તેનો ત્યાગ કરવામાં ઉપર જણાવેલાં મહાઅનુભવી વિદ્વાનોના વચનો એકાંત ગુરૂરૂપ છે એમ સમજીને ચતુરવર્ગના સાધનરૂપ મનુષ્ય દેહની સહાયતાથી પ્રથમ ધર્મ શું તે સમઝવું તે વૈકુંઠ પ્રિય પુરૂષોના સમાગમને આધિન છે અર્થાત્ તે દ્વારા સતશાસ્ત્રોનું પઠન અને શ્રવણ તથા તેમાંના આચારથી સમજી શકાય છે. સંપૂર્ણ.

ધર્મ સંબંધી ટુંકામાં યત્કિંચિત્ હકિગત જાણવી જોઇયે અને ત્યારબાદ સ્વાનુભથી તેના અધિકારીની યોગ્યતા વધે છે અને એથી અર્થ કામાદિ પુરૂષાર્થ અકિલષ્ટતાથી સધાય છે. સાક્ષાત ઇશ્વરાવતાર શ્રીકૃષ્ણ દ્વૈપાયન (વ્યાસજી) એ એક વેદમાંથી મંદપ્રજ્ઞ પુરૂષોના

કલ્યાણુને માટે ચાર ભાગ કર્યા તો પણ કાલે કરીને મનુષ્યની મનીષા ક્ષયિષ્ણુ થશે તે વખતે તેઓનું કલ્યાણ પથ ગોતવાનું સામર્થ નહિ રહે એમ ધારી તેઓના હિતાર્થે ચારે વેદના સારરૂપ શ્રીમહાભારત રચ્યું જેને માટે કહેવાય છે કે **भारत पंचमो वेदः** જેણે સર્વના કલ્યાણને માટે વ્યાસસૂત્ર નામે ત્રિકાંડ વેદના દોહનરૂપ સૂત્ર બાંધ્યુ જે સૂત્ર સાંપ્રત પ્રચલિત સર્વ સાંપ્રદાયિક ધર્માચાર્યોએ માન્ય ગણ્યુ છે. એટલે એમના (વ્યાસ ભગવાનના) ઉદિત વાકયો સર્વથા અવિરૂધજ હોય. એ વાકયોમાં કોઇથી ફેરફાર કરી શકાયજ નહી અને કરે તો અધર્મિ એટલે પાખંડ મત પ્રણિતા ગણાય એવા મહામુનિ વ્યાસજી લખે છે કે,

अथातो धर्म जिज्ञासा धर्मःमोक्तश्चतुर्विधिः
नित्योनैमित्तिकः काम्यः प्रायश्चित इतिक्रमात्

ગ્રંથ વિસ્તારના ભયથી ટુંકામાં ઉપરના શ્લોકનું તાત્પર્ય જણાવતાં નિત્ય, નૈમિતિક, કામ્ય અને પ્રાયશ્ચિત એવા ચાર પ્રકારનો ધર્મ છે સ્વવર્ણાશ્રમાચાર તથા શૌચ સ્નાન સંધ્યા આદિ અવશ્ય કરવાના છે તે 'નિત્ય ધર્મ' કહેવાય. તીર્થ સ્નાનાદિક તથા વ્યતિપાત ગ્રહણ અને સક્રાંતિ વિગેરે નિમિતોને લિધે કરવામાં આવે તે નૈમિત્તિક ધર્મ કહેવાય. જ્ઞાતાજ્ઞાત પાપાચરણ થયું હોય તેનિ નિવૃતિ માટે શાસ્ત્રોમાં વિધાન કર્યાં જે કર્મો તેને પ્રાયશ્ચિત ધર્મ કહેવાય. વિશેષમાં સંન્યાસાશ્રમસ્થ પુરૂષે સુવર્ણ ગ્રહણ થયું હોય તો તે સુવર્ણનો ત્યાગ અને ત્રણ ઉપવાસ કરવાથી તે તેવા દોષથી મુકત થાય એવું જે શાસ્ત્રાનુશાસન અને તદનુસાર વરતવું તે પ્રશ્ચિત ધર્મનુ પાલન કર્યું ગણાય કોઇ પણ પ્રકારની ઈછાની સફલતાના હેતુથી ધર્માચરણ કરવું તે કામ્ય ધર્મ કહેવાય. જેમકે પુત્ર કામના સ્વર્ગ કામના

દૃષ્ટિકામના વીગેરે કામના પૂર્વક કાંઈ પણ યજન કરવું તે કામ્ય ધર્મ કહેવાય છે મુમુક્ષુ પુરૂષોયે કામ્યધર્મનું આચરણ ન કરવું. અને તે કામ્ય કર્મો કરવામાં જરા પણ સ્વતઃ લાલસા ઉત્પન્ન થતી હોય અગર એવા વિષયોવાળા શાસ્ત્રોનું શ્રવણ કરવાથી કે ઉપદેશ કરવાથી જો તેવા કામ્ય ધર્મમાં જરાપણ વૃતિ ખેંચાતી હોય તો તે સકામ કર્મ કરનારનું સ્વ સ્વરૂપાનુસંધાન ને યોગ્ય અંતઃકરણ શુદ્ધ ન હોવાથી તેને તરત જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. માટે કામનાનો ત્યાગ કરી નિષ્કામ કર્મ કરાવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે.

આ જગોયે એક શંકા ઉત્પન્ન થાય છે તે એ છે કે મોક્ષની કામના, જ્ઞાનની કામના અને ઇશ્વર પ્રસાદની કામના માટે યજ્ઞ, દાન, પુણ્ય અને નામ સ્મરણાદિ કર્મ કરવાં તે શું સકામ ન ગણાય ? પરંતુ તેવી શંકાનો અહીં અવકાશ નથી કારણ કે ભગવત્ પ્રીત્યર્થે અંતઃકરણની શુદ્ધિ માટે તથા મોક્ષેચ્છા માટે જે કાંઇ કરવું તે [1]કામ્ય ધર્મ ગણાતો નથી માટે તેટલી કામનાથી સ્નાન, દાન, જપ, તીર્થ,

---

१ हरिप्रसाद काम्याचचित्तशुद्धेश्चकामना ।
मोक्षस्यकामनाचेतिकामनेयंनकामना ॥
तस्मात्तयाकामनयास्नानदानजपादिकं ।
तीर्थव्रततपोनिष्ठा मोक्षकामैर्विधीयताम् ॥

ઇશ્વર પ્રીત્યર્થ કરેલી કામના, ચિત્ત શુદ્ધિને માટે કામના અને મોક્ષ પદ પ્રાપ્ત કરવાની કામના એ કામના (સકામ કર્મ) એમ કહેવાતું નથી માટે તેવી કામનાથી સ્નાન દાન જપ અને અગ્નિહોત્રાદિ કર્મ તથા તીર્થ યાત્રા વ્રત અને તપોનિષ્ઠા, એટલે ઉપવાસાદિક કરવાનાં સાધનો તે મોક્ષની કામનાવાળા પુરૂષોએ કરવાનો વિધિ છે.

વ્રત અને તપો નિષ્ઠા વિગેરે મુમુક્ષુયે કરવું[1] ગીતાજીમાં પણ ભગવાને મુમુક્ષુ અર્જુનને તેવો ઉપદેશ કર્યો છે કે મુમુક્ષુએ સર્વથા કર્મ ત્યાગ ન કરવો શંકરાચાર્યજી પણ લખે છે કે જ્ઞાન થયું હોય તો પણ લોક સંગ્રહાર્થી પુરૂષે કર્મનો ત્યાગ કરવો નહી વાસના અને ફળનો ત્યાગ કરવો તેને કર્મ[2] ત્યાગ કહેવાય છે નિષ્કામ કર્મથી ચિત્તની શુદ્ધિ થાય છે ત્યારે વિવેક ઉત્પન્ન થાય અને વિવેકથી વૈરાગ્યાદિ સાધનો પ્રાપ્ત થાય ને તે સાધનથી સિદ્ધ થયેલા પુરૂષને જ્ઞાન પ્રાપ્ત થતા [3]મુક્તિ પ્રાપ્ત થાય છે. પરમાનંદનું સ્વરૂપ ગ્રંથાવલોકન કરતાં સ્પષ્ટ સમજવામાં આવશે.

એ પ્રમાણે નિત્ય નૈમિત્તિકાદિ ધર્મ વ્યાસજીયે પોતાના સૂત્રની અંદર જણાવ્યા છે તેમાંથી મુમુક્ષુયે કામ્ય ધર્મનો ત્યાગ કરવો નિર્વાસનિક અંતઃકરણમાં મુમુક્ષુત્વનિ સિદ્ધિ જણાય છે અને તે ન હો-

---

१ कायेनमनसाबुद्ध्या केवलैरिंद्रियैरपि ।
योगिनः कर्मकुर्वंतिसंगंत्यक्त्वात्मशुद्धये ॥

મન, બુદ્ધિ, શરીર અને કેવળ ઇંદ્રિયોથી યોગી પુરૂષો ફળનો ત્યાગકરી અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે.

२ ज्ञानेजातेऽपिनत्याज्यंलोकानुग्रहहेतुना ।
योवासनापरित्यागः कर्मत्यागः सएवहि ॥

જ્ઞાન થયું હોય તોપણ લોક સંગ્રહ કરવાના કારણથી કર્મ ત્યાજ્ય નથી અને જે વાસના ત્યાગ છે તેજ કર્મ ત્યાગ છે.

३. मुक्तिर्हित्वान्यथारूपंस्वरूपेणव्यवस्थितिः ॥

અન્યથા થયેલી ભ્રાંતિનો ત્યાગ કરી સ્વ સ્વરૂપે (સચ્ચિદાનંદ નિજાત્મ અબાધ્ય) રૂપે રહેવું તે મુક્તિ.

ય તો મુમુક્ષુતા નથી એવો અન્વય વ્યતિરેક જોવામાં આવે છે મુ-મુક્ષુઓએ બાકીના ધર્મ પાળવા સ્વ વર્ણાશ્રમ ધર્મ સૌ કોઇને વિહિત છે. એમ સમજવું.

મનુષ્ય માત્રને સાધારણ એવા ધર્મનો ઉપદેશ નારદજીએ યુધિષ્ટિર રાજાને કર્યો છે તેમાં સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા, શમ, દમ, અહિંસા, બ્રહ્મચર્ય, ત્યાગ, સ્વાધ્યાય, આર્જવ, સંતોષ, સમદષ્ટિ સેવા, ગ્રામ્યેહોપરતિ, કર્મ અનશ્વરફળ આપનાર છે એવું સમજવું તે મૌન, આત્મવિમર્શન, યોગ્યતા પ્રમાણે આતિથ્ય કરવું. સેવા, નમસ્કાર મહાત્મા પુરૂષનું દાસ્યપણું કરવું, મૈત્રીઆદિક પાળવાં, અને પોતાના આત્માનું યથાર્થ સ્મરણ કરવું વિગેરે નારદજીયે કહ્યું છે કે હે યુધિષ્ટિર માણસ માત્રનો આ સાધારણ ધર્મ છે. આ ધર્મનું પાલન કરનારને સર્વાત્મા ભગવાન્ પ્રસંન થાય છે. આ પ્રમાણે માણસ માત્રને સાધારણ અને પ્રથમ કહેવામાં આવ્યા તેવા અસાધારણ ધર્મનું આચરણ જે કરતો નથી તેનેજ શાસ્ત્રમાં પશુ કહ્યો છે **धर्मेण हीनाःपशुभिः समानाः ।**

પ્રથમ જણાવવામાં આવ્યું કે મનુષ્ય શરીર ધર્મનું સાધન છે માટે ધર્મ તે શું કહેવાય તેની વ્યાખ્યામાં એટલે સુધી જે કહેવાય તેનું નામ ધર્મ અને તે યથાશક્તિ પાળવાનું સાધન મનુષ્ય શરીર છે ધર્મનું મતમતાંતરમાં "નિત્યાનિત્ય વિચાર ન કરતાં ઉપાસ્યદેવ ગમે તે હોય પણ ઇતરદેવના દર્શન સ્મરણથી અન્યાશ્રય થઇ જવારૂપી અવિચારને લીધે " આ અહમાં જ ધર્મની વ્યાખ્યા સમજી અશાસ્ત્રીય ચર્ચા કરવી ને બુદ્ધિબળ છતાં સનાતન ધર્મપંથ છોડી દેવો એ મનુષ્ય દેહના મહત્વની ઓછી સમજણ છે. **धर्मस्यानिर्व्याजत्व**

કોઇ પણ જાતના કપટથી કે અંધ દૂરાગ્રહથી ધર્મ પાળવો તે ધર્મ ગણાતો નથી. જેની અંદર શ્રુતિ સ્મૃતિમાં કહેલા સધર્મ કર્મોનું યથાકાલ ઉપર કહ્યા પ્રમાણે અનુષ્ઠાન પૂર્વક શુદ્ધ અદ્વૈત પ્રતિપાદન થાય છે તેજ ધર્મ **श्रुतिस्मृतिप्रणीतोधर्मः** શ્રુતિ સ્મૃતિમાં કહેલો તે ધર્મ અને તદ્વ્યતિરિક્ત આચરણ તે અધર્મ એમ આગમોક્તિથી માનવામાં આવ્યું છે.

ઉપર જણાવવામાં આવ્યા પ્રમાણે સાધારણ અને અસાધારણ ધર્મ પાળવાથી અંતઃકરણ નિર્મળ થાય છે અંતઃકરણમાં મુખ્ય ત્રણ દોષ કહેલા છે જેવા કે મળ, વિક્ષેપ, અને આવરણ તેમાં વેદોક્ત કર્મ કરવાથી મળદોષ દૂર થાય, ઉપાસનાથી વિક્ષેપદોષ દૂર થાય અને જ્ઞાન પ્રાપ્ત થતાં આવરણદોષ દૂર થાય.

મનોવિકારને જીતવાની સમજ તથા દૃષ્ટાંત

પોતાના વર્ણાશ્રમના નિયમ પ્રમાણે વર્તવાથી, સાધારણ તપશ્ચર્યાથી અને પરમેશ્વર સર્વમાં છે એમ ધારી શ્રદ્ધાપૂર્વક આશ્ચર્યાકાલ પર્યંત અન્નઆદિક દાન યથાશક્તિ આપવા રૂપી પરમેશ્વરની સેવાથી વેદાંત વેદ્ય પરમાત્માને પામવાનાં જે ચાર સાધનો સવિસ્તર આગળ કહેવામાં આવશે તેની પ્રાપ્તિ થાય છે એવું ગુરૂનું વાકય છે. **नस्यात्करतलेरोम तथामुक्तिर्नरागिणि** જેમ હથેળીના તળીયામાં રૂવાટા ન હોય તેમ સ્ત્રી ધનાદિકમાં રાગી અંતઃકરણવાળા પુરૂષો મુક્ત ન હોય. માટે પરમ પુરૂષાર્થ મોક્ષનું સાધન કરનાર પુરૂષોને પ્રથમ વરણ એષણ એટલે સ્ત્રીમાં આસક્તપણું તેને પ્રથમ દૂર કરવાની સર્વથા કાળજી રાખવી આ સંસાર સિંધુમાં

તરવાના સાધનરૂપ નરનૌકાને ' સ્ત્રી ' એ એક મહા જબરો ખરાબો છે. તેવા બીજા ખરાબ નરનૌકાને બાધ કરતા નથી આથી એમ શંકા કરવાની નથી કે ત્યારે શું ગૃસ્થાશ્રમનો ત્યાગ કરવો ? સ્ત્રી વિના તો ગ્રહસ્થાશ્રમની સિદ્ધિ છે જ નહિ એવી શ્રુતિ સ્મૃતિની આજ્ઞાછે ને પાળવી ? સમાધાનમાં તેને માટે તો તેમાં જ કહ્યુંછે કે.

परदार परित्यागात् स्वदार परिनिष्ठितात्
ऋतुकाला भिगामित्वात् वानप्रस्थात् विशिष्यते ॥

પરસ્ત્રીનો ત્યાગ કરવો અને પોતાની સ્ત્રીમાં પરિનિષ્ટ રહેનાર ઋતુગામી હોય તો તે ગ્રહસ્થાશ્રમી પુરૂષ વાન પ્રસ્થાશ્રમી કરતાં પણ વિશેષ ગણાય છે પરંતુ મારૂ કહેવું એમ છે કે આપણે જે પદ પામવાને ગમન કરીયે છીયે તેનો આધાર આપણા અંતઃકરણની શુદ્ધિ ઉપરજ છે એમ આગળ જતાં સારી રીતે જાણવામાં આવશે. અંતઃકરણ એક લોહચુંબક જેવું છે જ્યાં સુધી તેને બરાબર શુધ કરવામાં નથી આવ્યું ત્યાં સુધિ તેના ઉપર રાગદ્વેષની ભાવનાના (આ વખત આપણે ન જાણી શકીયે તેવા) મેલ ચડતા જાય છે પદાર્થ દેખીને અંતઃકરણ જ્યાં સુધી કબજામાં ન રહેતાં વિકાર પામે છે ત્યાં સુધી તેની શુધિ ઓછી છે એમ સમઝવું અને જ્યાં સુધી તે શુદ્ધ થયું નથી ત્યાં સુધી અવશ્યમેવ તેના ઉપર તેવા દોષોનું આવરણ ન ચડવા માટે તેને તે તરફથી રોકવાનો મજબુત પ્રયત્ન રાખવો જોઇયે મહા અનુભવી ભર્તૃહરિ મહારાજાયે આ પ્રસંગમાં કહ્યું છે જે પુરૂષના ચિત્તને કાંતાના કટાક્ષરૂપી બાણો નથી વાગતાં તથા કોપરૂપી પ્રચંડ અગ્નિ જેને બાળી શકતો નથી; અને જે લોભરૂપી પાશથી વિષયપંચક તરફ ખેંચાતો નથી તેજ ત્રિલોકીનો જય કરી શકે છે તથા તેજ ધીર કહેવાય છે. આ વાક્યનો પ્રથમથી

જ વિચાર કરવો જોઇએ આ પ્રમાણે પોતાના અંતઃકરણને રોકવાનો અભ્યાસ કરવો તો પછી જે કાંઈ પ્રાપ્ત કરવું ધાર્યુ હશે તે અવશ્ય પ્રાપ્ત થવાનું એમાં જરાપણ સંદેહ નથી. ટુંકામાં અને સાધારણ નીયમથી વિચારીયે તો પોતાની સ્ત્રીમાં પણ જે માણુસ માત્ર વિષયાભિલાષથી સદાકાળ આસક્ત રહે છે તે માણસ પોતાનું કર્તવ્ય કદિપણ સુધારી શકતો નથી જ્યાં સુધી અંતઃકરણની શુદ્ધિ યથાર્થ થઇ નથી ને તેજ કારણથી જ્યાં સુધી કર્તવ્યાકર્તવ્યનું જ્ઞાન પણ થયું નથી ત્યાં સુધિ ઉપર કહેલું ભર્તૃહરિનું વાક્ય ભુલી જવાનું નથી. અંતઃકરણની શુદ્ધિનું એજ પરિણામ જોવામાં આવે છે કે તે શુદ્ધ થયા પછી ગમે તેવા વીકારોત્પાદક પદાર્થોની હાજરી હોય તો પણ તે સ્વતંત્ર વિકાર પામી અનર્થનો હેતુ થતું નથી અર્થાત્ વિકાર પામતું નથી.

विकार हेतौ सति विक्रियंते येषांनचेतांसित एवधीराः

વિકારના કારણો છતાં જેઓનાં ચિત્ત વિકાર પામતાં નથી તેજ ધીર કહેવાય છે. માટે વિચારશીલ માણુસે પોતાની સ્ત્રીની સાથે કેમ વરતવું એ પણ વિચાર કરવાનું છે. સ્ત્રીયોની સાથે યથા શાસ્ત્ર વરતવાથી ઘણાં દુઃસાધ્ય કાર્યોને પણ સુસાધ્ય કરી શકાય છે. અને જો ઉલટી રીતે તેની સાથે વરતાય તો સુસાધિત વસ્તુઓનો પણ અપાય થઈ જાય છે. જેમકે માર્કંડેય પુરાણાંતર્ગત ચંડી પાઠમાં **पुराशुंभनिशुंभाभ्यामसुराभ्यांशचीपतेः** એ શ્લોકમાં ઈંદ્રાણીના પતિ ઈંદ્રનું રાજ્ય પૂર્વે શુંભનિશુંભ નામના અસુરોયે લઇ લિધું એમ કહેવામાં એવો ધ્વનિ સમાયેલો છે કે ઇંદ્ર પોતાની ઈંદ્રાણીમાં આસક્ત હતો તેથી તેનું રાજ્ય ગયું ઇંદ્રવાચક બીજા પણ શબ્દો હતા પરંતુ શચીપતિ એ શબ્દની યોજના

જોતાં એવોજ તાત્પર્ય જણાય છે. (યથાયોગ્ય વરતવામાં) દૃષ્ટાંત સાવિત્રીની સાથે સત્યવાન્ યથાશાસ્ત્ર વરતવાથી અનંત સુખનું પાત્ર થયો તેમ દિલીપ રાજાને પોતાની સુદક્ષણા નામની સ્ત્રી સાથે યથાશાસ્ત્ર વરતવાથી ગૌસેવા તથા વસિષ્ટ મહામુનીના આશીર્વાદથી સત્પુત્રની પ્રાપ્તિ થઇ प्रजायैग्रहमेधिनां પ્રજાને માટે ગ્રહસ્થાશ્રમ કાળીદાસ જેવાજ મહાકવિનું વાકય છે. કપિલદેવજીના પિતા કર્દમ પ્રજા પતિયે શ્રીમદ્ભાગવતમાં પણ તે જ પ્રમાણે પોતાનો આશય બતાવ્યો છે. કશ્યપાદિ રૂષીઓએ કહ્યું છે કે હે સ્ત્રી તમારા ઉપર વ્યવહારનો બોજો રાખવાથી અમને તમે તમારા આભારી કરયા છે. અર્થાત્ નહિ તો અમારાથી પરમપુરૂષાર્થ સિદ્ધ થઇ શકત નહી આ દૃષ્ટાંતથી ઉભય લોક સાધવામાં સ્ત્રી તરફથી મદદ મળે એવી રીતે પોતાની સ્ત્રી સાથે વરતવું પરંતુ મનુષ્યત્વ વીસરી જઇ માત્ર કામાંધ થઈ નર્કક્રમી પ્રમાણે વિષયાસક્તિમાં તેની સાથે અહોરાત્ર વરતવાવાળો શું ત્રિવર્ગમાંથી એક પણ સાધિ શકવાનો ? કદિ પણ નહી. આમ છે તો પછી પરમ પુરૂષાર્થ મોક્ષ તે સહિત ચતુવર્ગને તો તે કદી પણ શાધિ શકશે જ નહી માટે આ વાત સૌ પહેલાં યાદ રાખી ઐહિક આમુષ્મિક સુખના સાધનો સંપાદન કરવામાં તત્પર થવું. ધર્માચરણ પરત્વે કહેવામાં આવ્યું તેની શરૂઆતમાં અટકાયત કરનારી ભયંકર આ આસક્તિરૂપી મહાવિઘ્ન શિલાને એક દમ ઉથલાવવાના પ્રયત્નમાં ફતેહમંદ થયા વિના પાછું હઠવું નહી. સ્ત્રીનું ચીંતવન પણ વિકારજન છે તો પછી તેમનામાં આસક્તિ અને તેનું અહર્નિશ દર્શન શું ન કરી શકે ? એક જગોયે લખ્યું છે કે વિશ્વામિત્ર તથા પારાશર આદિ મહર્ષિઓ કે જે વાયુ, જળ અને સુકાં પાંદડાંનો આહાર કરી પરમ તપશ્ચર્યામાં પ્રવૃત્ત રેહેવા વાળા તેઓ પણ સ્ત્રી મુખ પંકજનાં દર્શનથી મહામોહિત થયા અને

દુઃસાધ્ય તપઃસિદ્ધિને ગુમાવી બેઠા તો પછી માણસો કે જે ચો-ખ્ખા ઘી દૂધ અને મિષ્ટાંન્ન વિગેરે પુષ્ટિપ્રદ પદાર્થોના આહાર કરનારા-ઓથી જો ઇંદ્રિય નિગ્રહ થાય તો વિંધ્યાદ્રિ પર્વત સમુદ્રને તરિ જાય એટલું બધું કહેવાનો માયનો ઇંદ્રિય નિગ્રહ નજ થાય એવો નથી. જો ન થાય તો પુરૂષાર્થ પણ સિદ્ધ ન થાય અને પુરૂષાર્થ સિદ્ધ ન થાય તો ચતુર્વર્ગ પ્રતિપાદક શાસ્ત્રોની અસિદ્ધિ થાય પરંતુ કહેવાનો મતલબ એટલો છે કે પૂર્ણ પ્રયત્ન શિવાય ઈંદ્રીય નિગ્રહ થવો તે કઠણ કામ છે. એમ સુચના કરી છે શરૂઆતથીજ સ્ત્રૈણ ભાવથી બાધિત ન થવું એ ઘણું જરૂરનું છે. સ્વકીયા ચાહે તો પરકીયા પરંતુ તેમાં આ સક્તિ સાક્ષાત્ પતનનો હેતુ છે માટે તેથી બચવું.

परदार परद्रव्य परद्रोह पराङ्मुखः
गंगाब्रूते कदागत्य मामसौ पावयिष्यति

અઘમોઘારિણી ગંગાજી કહે છે કે પારકી સ્ત્રી, પારકું દ્રવ્ય, અને પરનિંદાન કરનાર માણસ અહીં આવીને પાપીના સંસર્ગથા કાદેલાં મારા કામને ક્યારે ધોઇને મને પવિત્ર કરશે. ગંગાજી જેવી મહા પવિત્ર નદી કે જેણે અનેક પાપીયોનો ઉદ્ધાર કર્યો છે અને કરે છે એવા દાખલાઓ પુરાણ, ઇતિહાસ વીગેરેમાં ઘણા છે તે પણ કહે છે કે એવા પુરૂષો પોતે પરમ પવિત્ર છે અને બીજાઓને પણ પવિત્ર ક-રવાને સમર્થ છે આપણ એક પરસ્ત્રી ત્યાગ કરવાનું જ ફળ છે परस्त्रीभिर्मनोदग्धं પરસ્ત્રીથી બળી ગયેલું મન કોઇ પણ કાર્ય યથા વિહિત કરી શકતું નથી. (હે સંસાર તારી અંદર સ્ત્રીઓ નહત તો તને તરવો એ મુશ્કેલ નથી) આપણા મહા અનુભવી મહારા-જા ભરતૃહરીનુંજ વાક્ય છે માટે આ સુચના ધ્યાનમાં રાખી વિ-

ચારવું કે જ્યાં સુધી સ્ત્રૈણનું બીજ પણ અંતઃકરણમાં છે ત્યાં સુધી આવા પરમ પુરૂષાર્થનો તો ક્યાંથી જ લાભ મેળવી શકાય? પરંતુ સાધારણ લોક વ્યવહારમાં પણ તે જોઇયે તેટલો શિષ્ટ સંમત થઇ લાભ મેળવી શકશે નહી અંતઃકરણને ખરેખરી ને બગાડનાર અને બીજી ગમે તેટલી શુભ ક્રિયાઓ સાથે કર્યે જાઓ તોપણ ચિત્તના મેલને જરા પણ ખસવા ન આપનાર એવા આ હતકારવા લાયક કામનો મન વાણી અને કાયાથી ત્યાગ કરવાનાં જે ફળ થશે તેનું કોઇનાથી પણ વરણન કરી શકાશે નહી વારંવાર પુનરૂક્તિ કરીને કહ્યું છે કે આ વાત બરાબર ધ્યાનમાં રહેશે તો જ પરમ પુરૂષાર્થની પ્રાપ્તિ થશે. નહિ તો આશા રાખવી તે પુષ્પવત સમજવું.

वेधाद्वेधाभ्रमंचक्रे कांतासुकनकेषुच સૃષ્ટિ કરતાયે કાંતા અને કનક એ બે વસ્તુમાં જ ભ્રમ (મોહ) રચ્યો છે માટે તે મોહથી બચવું એ ખરૂ કર્તવ્ય છે.

પદાર્થ કોઈ પણ દુષિત નથી પણ અંતઃકરણજ દોષવાળું છે. અંતઃકરણ સદોષ છે માટે વીકાર પામિ બાધ્ય બાધક ભાવ ઉત્પન્ન કરી વધારે આવરણ કરી દે છે. જેમ કે કોઇ માણસને ખાટી વસ્તુ જેવી કે કેરી લીંબુ વિગેરે પદાર્થોમાં વધારે રાગ હોય છે તો તેનું સ્મરણ આવતાં મોઢામાં ખાટાં પાણી આવી જાય છે એ સૌ કોઇના અનુભવમાં છે. અંતઃકરણના અત્યંત રાગદ્વેષ આ સર્વાનુભવ સિદ્ધ દાખલો છે તેમજ સ્વપ્નમાં પણ ચિંતિત પદાર્થો અનર્થનું કારણ પોતાની હાજરી ન છતાં પણ થાય છે જેમકે સ્વપ્નગત મનોમયી સ્ત્રીનો મિથ્યા આભાસ થાય છે તો પણ આસક્ત પુરૂષોને વીર્યશ્રાવ વિગેરે મહા અનર્થનું કારણ થઇ પડે છે. સ્વપ્નામાં કોઈ ઊંચી મહેલાતની દીવાલ ઉપર ચડયા છીએ એવું ભાસી આવતાં તેવાજ પવનના ઝ-

પાટાથી પોતાનું શરીર કબજે ન રહેતાં " એ પડ્યા " એમ કહી પડે છે ત્યારે ખાટલેથી કે પલંગમાંથી નિચે પડી જતાં જમીન કે ખાટલો લાગે છે અને તેથી માથું ફુટે કે પગના નળામાં લાગવાથી લોહી નિકળે છે તેનો સાક્ષાત્ અનુભવ થાય છે. પરંતુ જ્યાંથી પડ્યા છીયે તે સ્વપ્નગત મહેલ કે તેની દીવાલ તથા તેના ઉપરનું ચડવું એ કાંઇ પ્રત્યક્ષ હોતું નથી અને તેવી આસક્તિનું એ પરિણામ જાગ્રત થયા પછી સામે સામું અનુભવાય છે અંતઃકરણમાં અત્યંત રાગ તથા અત્યંત દ્વેષને આસક્તિ કહેવાય છે રાગ અને દ્વેષ એ બન્ને પોતપોતાનું યથાયોગ્ય ફળ આપે છે દ્વેષ પણ રૂપાંતરથી અંતકરણની આસકતી જ છે. એક કોઈ મહાકૃપણ સાક્ષરી જીવરામ નામના પુરૂષ કોઈ ધનાઢ્ય ગ્રહસ્થને ત્યાં પોતાના સાધનને માટે તેના બોલાવવાથી ગયો ગ્રહસ્થે યથાયોગ્ય આસન આપી તેનેજ કાંઈ દાન વિગેરે આપવું હતું તે આપી સહજ વાર્તાવિનોદ ચાલે છે તેટલામાં તે ગ્રહસ્થને ત્યાં કોઇ ધોબી ધોવા માટે ગ્રહસ્થના કપડાં લેવા આવેલ તેણે " ગ્રહસ્થનો ઓલખીતો અને આશ્રિત છે " એમ જાણી ભાવથી તે જીવરામના ખભા ઉપર બાપદાદા વારીનો અર્થાત્ જુનો દુશાલો હતો તે માગ્યો અને કહ્યું કે ગોર બાવા આપનો આ દુશાલો ઘણો મેલો થઈ ગયો છે માટે મને આપો તો હું તેને સાફ કરી તમામ મેલ કહાડીને કાલે સવારે તમારે ત્યાં આપી જઇશ જીવારામે કહ્યું કે ઉરણાવસ્ત્ર અપવિત્ર થતું નથી માટે તેને ધોવાની કાંઇ જરૂર નથી ઓ પંડિતજી એ તો ધોવાથી ફાટે નહી તો નીચોવતાં તો વીખરાઈ જાયજ માટે ન આપવો એવા વીચારથી ના પાડી ને વળી તે શાલ જોરા પરંપરા પ્રાપ્ત થયેલો તેથી પોતાની તેમાં તેની ઘણીજ આસક્તિ હતિ એથી જરાપણ તેને જોર ન આવે એમ સાચવતો હતો " અમારે ધોબીનુ ધોયેલું અપવિત્ર ગણાય છે

એમ ધોબીને સમજાવ્યો તેથી ધોબી તો ન બોલ્યો પણ પેલો ગ્રહસ્થ હાજર હતો તેણે કહ્યું કે ગોર ! મેલાં કપડાં પાસે નહી રાખવાં જોઇયે ધોબીને ધોવા આપી દો કાલે સાફ કરી તમારે ત્યાં આપી જશે ત્યારબાદ તમે તેને બોળીને સુકવી નાખશો એટલે શુદ્ધ થઈ જશે એ ધોબી આપણા ઘરનો છે. આકૃપણ પંડિતને ગ્રહસ્થનું વાક્ય તો વજ્ર પ્રકાર જેવું લાગ્યું પરંતુ તે ગ્રહસ્થને લીધે ધોબીને આપ્યા શિવાય ચાલ્યું નહી એથી અણગમતે ચેરે ધોબીને કપડું આપી પોતે ઘેર આવ્યો. ઘેર રસોઇ તૈયાર હતી પણ કપડાંનું શું થશે એ ફીકરમાં કાંઇ ખાધું ન ખાધું કે તરત ધોબીને ત્યાં ગયો ને ધોબીને પુછ્યું કે ભાઇ તેં પેલા કપડાનું શું કરયું ? કયારે ધોવાશે મારે શેઠને ઘેર રોજ જવું જોઇએ માટે એ ધોવું જોઇશે પણ તું તેને વધારે પથરા ઉપર પછાડીશ નહી. નહી તો તે તુટી જવાનું ધોબીયે જવાબ આપ્યો કે આના કરતાં પણ વધારે બારીક અને મેલાં કપડાં મારા ધોવામાં આવેલાં છે માટે આપ ગભરાઓ નહી હું સાચવીને ધોઇશ. પણ આ જીવરામને શાલજોડામાંજ પોતાનું જીવન રહ્યું છે તેથી ધોબીને કહ્યું કે ભાઇ તારૂં કહેવું સાચું છે પરંતુ.

अयंपटोमे पितुरंग भूषणं पिता महाद्यैरुप भुक्तयौवनः
करिष्यत्यथ पुत्रपौत्रकान् मयाधुनापुष्प वदेषधार्यते ॥

આ વસ્ત્ર મારા પિતાજીના અંગના ઘરેણા જેવું છે, મારા દાદા પરદાદાઓએ ઘણું વાપરવાથી જરા ક્ષીણ થયું છે અને હવે પછી મારા દીકરાના દીકરાઓને પણ આ વસ્ત્ર સારી રીતે શોભાવશે તથા હમણાં હું તેને પુષ્પવત્ ધારણ કરૂં છું માટે એ કપડાને તારે ધોતી વેળાયે પછાડવું તો નહીંજ ધોબી કહે મહારાજ આ કપડું ત-

મને આટલું બધું પ્રીય છે ? તો બહુ સારૂ હું તેને ઝાઝું નહી પછાડું અને સાચવીને ધોઈશ તો પણ આ કપડામાંજ તદ્રુપ થઇ ગયેલા કૃપણ જીવરામને ખાતરી ન આવતાં પુછ્યું કે તું કયારે ધોવા જવાનો છે ધોબીયે કહ્યું મધ્યાન્હ પછી જીવરામ કહે સારૂં હું તે વખતે ત્યાં આવીશ અને મારા પહેલાં તું બીજાં કપડાં ધોજે પણ મારો દુશાલો ધોઇશ નહી હું આવું ત્યારબાદ ધોવા લાગજે એમ કહી તે પોતાને ઘેર આવ્યો ધોબી ધોવા ગયો હશે એમ ધારી મધ્યાન્હ થયા કે તરત ધોબીને કપડાં ધોવાના ઠેકાણા તરફ પરભાર્યો રવાનો થયો. ધોબીયે વીચાર કર્યો કે આ શાલ જોડો પ્રથમજ ધોઈ નાખું નહી તોફવલી તે લોભીયો આવશે ત્યારે કચકચ કરવા લાગશે અને સુખથી ધોવા નહી આપે ને શેઠ તે કપડાને દેખશે તો કહેશે કે મેલુ કેમ રાખ્યું એમ ધારી ધોબીયે તો તે કપડું પ્રથમ ધોવા માંડયું તેટલામાં તે પહોચ્યો અને છેટેથી ઉચું ઉપાડી પથરા ઉપર પોતાના કપડાને પછાડતા જોયું કે દૂરથીજ અરે અરે હાંહાં તું કેવો મુરખ છે દુષ્ટ એમ બોલતાં બોલતાં જોસભર ધોબી આગળ આવે છે તેટલામાં ધોબીયે તે કપડાને પાણીમાં તારવી સાફ કરી નીચોવવા માંડયું જેટલી વારમાં કપડું નીચોવતાં બે હાથથી કપડાને મચરકી મારે છે તેટલામાં કપડામાંથી પાણીની શેડો ઉડતી જોઇ કપડું ફાટી ગયું એમ માનવાથી હાં હાં હાં ગયું ગયું ગયું એમ બોલતાંજ તેના પ્રાણ નીકળી ગયાં અને જીવરામ જીવ વગરના થઇ રહ્યા ધોબી તો તેની દુર્દશા જોઇ અજાયબીની સાથે મહાદિલગીરીમાં પડયો તે અફસોસ કરવા લાગ્યો કે બળ્યું. આ લોભીયાનું શાલ ધોવા ન લિધું હોત તોજ સારૂં હતું. શાલને માટે તેણે કેટલું કર્યું અને છેવટ શાલ શાલ, કરતાંજ તેનો પ્રાણ આપોઆપ નિકળી ગયો આની કૃપણુતા સૌ કોઈ જાણતું હતું આજ પ્રમાણે ઘણી વખત પોતા-

ની હલકી વસ્તુ પણ જ્યારે કોકના હાથ જતી અગર ખોવાતી ત્યારે તેને નિદ્રા ન આવતી એટલુંજ નહીં પણ કોઇ વખતે મુર્છા ખાઇ જમીન ઉપર પડી જતો આ પ્રમાણે અત્યંત રાગ એટલે સુધી પરિણામ લાવે છે એજ પ્રમાણે દ્વેષ પણ કેટલાએકને અકસ્માત સ્વમામાંથી જાગ્રત કરી નાખે છે, રાગ અને દ્વેષ એ બે અંતઃકરણના ધર્મ છે પરંતુ તેને વિવેકથી અને સુવિચારથી જો ઉપયોગ કરવામાં આવે તો એજ કલ્યાણનું કારણ થઇ પડે છે તુલસીદાસ કહે છે " જેસી નીત હરામકી, એસી હરસે હોય; ચલા જાય વૈકુંઠમે, પલ્લા ન પકડે કોય" આ દષ્ટાંત ઉપરથી સમજવાનું એ છે કે નિત્ય નૈમિત કર્મ ગમે તેટલાં કરો પણ એ બધાં કરવાનો હેતુ અંતઃકરણ શુધ કરવું તે છે જો તે નથી થતું તો પછી તે તમામ ક્રિયા વ્યર્થ છે. જે જે વેદોકત ક્રીયા કરવામાં આવે છે તે અંતઃકરણની શુદ્ધિને માટે છે માટે આપણે વેદનારાયણની આજ્ઞાનુસાર વર્તવું તેની સાથે બાણેંદ્રિયો તથા અંતઃકરણને યથાશાસ્ત્ર કળથી કે બળથી જો નિયમમાં ન રાખીયે તો પછી રોગ મટાડવા માટે ઉમદિ કિમતી દવા ખાવી અને પરેજ ન પાળી તે બરોબર થાય છે.

વરણપરત્વે તથા આશ્રમ પરત્વે પાળવાના ધર્મો જે શાસ્ત્રમાં કહ્યા છે તે વરણમાં બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્ર તથા આશ્રમમાં બ્રહ્મચર્ય. ગ્રહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ એ ચાર આશ્રમ એ પ્રમાણે ચાર વરણ અને ચાર આશ્રમો કહ્યા છે તથા તેના ધર્મોને અનુસરવું તેથી ઇશ્વર પ્રસંન થાય છે પ્રસંગવશાત્ સંક્ષેપથી નીચે પ્રમાણે તે ધર્મો લખવામાં આવ્યા છે યથાર્થ રીતે તો તેનું અનુસરણ કરી શકાય તેમ નથી તો પણ જેટલું બને તેટલું અનુસરવાની આવશ્યકતા. છે.

વર્ણાશ્રમ ચડવામાં શાસ્ત્ર પ્રમાણ.

સ્વાભાવિક કર્તવ્ય ચારે વરણને માટે ગીતાજીના અઢારમાં અધ્યાયના બેતાલીશથી ચુમાલીશ સુધીના શ્લોકમાં સંક્ષેપથી બતાવ્યા છે વધારે જાણવાની ઇચ્છા હોય તેણે સ્મૃતિ પુરાણ વિગેરે એ તદ્િ-ષયના ધર્મ શાસ્ત્રોમાંથી જાણવા યથાર્થ વિચાર તો પોતપોતાના કર્તવ્યમાં પણ ધર્મનો સમાસ થઇ જાય છે.

શમ, દમ, તપ, શૌચ, ક્ષાંતિ, આર્જવ, જ્ઞાન વિજ્ઞાન અને આસ્તિકતા એ સ્વાભાવિક બ્રાહ્મણોનું કર્તવ્ય છે. શૌચતેજ, ધૃતિ, દાક્ષ્ય, યુદ્ધથી અપલાયત, દાન, અને ઇશ્વર ભાવ એ સ્વાભાવિક ક્ષત્રીયોનું કર્તવ્ય છે. કૃષી, ગોરક્ષા, વાંણિજ્ય, અને વ્યાજુ કરવું એ સ્વાભાવિક વૈસ્યનું કર્તવ્ય છે અને બ્રાહ્મણ ક્ષત્રીય અને વૈસ્ય એ વર્ણત્રયીની સેવા કરવી એ શુદ્રનું સ્વાભાવિક કર્તવ્ય છે એ પ્ર-માણે સ્વવર્ણ વિહિત કર્તવ્યનું પાલન કરવાથી સારીરીતે ઇશ્વરકૃપા મેળવાય છે એવું ધર્મશાસ્ત્રનું વાક્ય છે.

ઉપર જણાવેલા ચારે વર્ણોના કર્મો તે કાંઇ તેઓએ સાધ્ય કરવાના નથી પરંતુ તે કર્મો તેમાં સ્વાભાવિક હોય છે અર્થાત્ શમ દમ આદિ પ્રકૃતી વાલા બ્રાહ્મણ શૌર્ય તેજ ધૃનિ આદિ સ્વાભાવવાલા ક્ષત્રીય કૃષી ગોરક્ષા વિગેરે જેનામાં સ્વભાવિકછે તે વૈસ્ય અને ઉપર કહેલી વરણત્રયીની સેવામાં જેના અંતઃકરણની પ્રવૃત્તિ છે તે શુદ્ર સવિશેષ મનુ સ્મૃતિ વિગેરે સ્મૃતિના ગ્રંથોમાંથી તેઓના આચાર જાણી લેવા આ પ્રમણે વરણાશ્રમના નિયમની સાથે વિહિત કર્મા-ચરણ કરવાથી ૧આશ્રમાં તરનો અધિકાર પ્રાપ્ત થાયછે આશ્રમાવ્યા

---

૧ બ્રહ્મચારી, ગૃહસ્થા, વાનપ્રસ્થ, સંન્યાસ.

आश्रमगच्छेत् આશ્રમથી આશ્રમાંતૂર એટલે બીજા આશ્રને પામવું. અધિકાર પ્રાપ્ત થયા વિના બીજા આશ્રમમાં જનારને મહાભય છે. માટે અંતઃકરણને જેટલું બને તેટલું વૈદિક દોરમાં જોડી આપવું એટલે એનીયમોનું પાલજ ક્રમે ક્રમે અંતઃકરણની મલિનતાને દૂર કરે છે. પોતાના પુરૂષાર્થમાં જે કાંઇ કરવું તે [1]શમાદિકની સાથે નિષ્કામ અને ઇશ્વિર પ્રીત્યર્થી કરવું એટલોજ વિશેષ છે. આમ થાય તો જ એનું પરિણામ અંતઃકરણની શુદ્ધિ પૂર્વક જ્ઞાનોદયની સાથે પરમાનંદની પ્રાપ્તિરૂપ થાય.

ઉપર કહ્યા પ્રમાણે યથાશકિત પણ જો વેદાજ્ઞાનુ પાલન ન થાય તો ચતુર્વર્ગમાંથી એક પણ સિદ્ધ કરી શકાય નહિ શ્રુતિ અને સ્મૃતિમાં કહેલા આચાર પાલવામાં બ્રાહ્મણોને વધારે કર્તવ્ય છે અને તદનુસારી ક્ષત્રીયોને વૈશ્યોનું કાંઈ ઓછું કર્તવ્ય છે નિત્ય વિહિત અગ્નિ હોત્રાદિ કર્મનો વર્ણત્રયીને કરવાનો અધિકાર છે પરંતુ પ્રતિગ્રહ કરવો; વેદાધ્યયન કરાવવું તથા યજ્ઞ યાગાદી કરાવવા અર્થાત્ ગુરૂપદ (આચાર્ય) ધારણ કરી ઉપદેશ કરવાનો ક્ષત્રીય વૈશ્યને અધિકાર નથી એવી વેદનારાયણની આજ્ઞા છે. **आग्नेयोवैब्राह्मणः** બ્રાહ્મણે સદૈવ અગ્નિ પરિચર્યા (અગ્નિહોત્ર) રાખવી, શ્રૌતસ્માર્ત અગ્ન્યાન જો કદી દેશકાલાનુસાર ન બની શકે તો આગળ બતાવવામાં આવશે તેટલી વૈશ્વદેવ માત્ર પણ અગ્નિ શુશ્રૂષા રાખવી.

---

૧ આશ્રમ ધર્મ માટે મનુસ્મૃતિના અધ્યાયમાંના શ્લોકમાં લખ્યું છે. સાત્વિક પ્રકૃતિ બ્રાહ્મણ, રાજસી તથા સાત્વકી ક્ષત્રી, રાજસીતથા તામસી વૈશ્ય અને કેવળ તામસી. શુદ્ર ઉકત પ્રકૃતિ વર્ણાંતરમાં જોવામાં આવે તો તે વર્ણ બદલવાની રાજાને ભલામણ છે.

अहरहः संध्यामुपासीत જો શ્રુતિ પ્રમાણે કોઈ દિવસ પણ

अहरहः संध्यामुपासीत એ શ્રુતિ પ્રમાણે કોઇ દિવસ
પણ સંધ્યોપાસન કર્યા શિવાય દિવસ નિર્ગમન કરવો નહીં **संध्याहीनोऽशुचिर्नित्य मनर्हः सर्वकर्मसु** સંધ્યોપાસન ન કરનાર બ્રાહ્મણ સદૈવ અપવિત્ર છે અને તેથી સર્વે કાર્યોમાં તેની યોગ્યતા ગણાતિ નથી. આગલ કહેવામાં આવશે તેવાં સંધ્યા વિગેરે ષટ્કર્મોની કર્તવ્યતા પૂર્વક વિધિ આ પ્રસંગમાં વિસ્તારથી પુસ્તક વધી જવાના ભયથી નથી બતાવ્યો પરંતુ તેની કર્તવ્યતાની જેટલી આવશ્યકતા છે તે વિષે યથામતિ લખી બ્રહ્મકર્મ કરવાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય તે બતાવવામાં આવ્યું છે ટુંકામાં આ બનાવવાનો મતલબ એટલો છે કે પરમ પુરૂષાર્થ સાધનાર માણસને શાસ્ત્રોકત અજ્ઞાનનો ભંગ કરી સ્વેચ્છાચારીના કાંઇ પણ કામની નથી.

स्नानंसंध्याजपश्चैव देततानां च पूजनं
आतिथ्यं वैश्वदेवंच षट्कर्माणि दिने दिने ॥

સ્નાન, સંધ્યા, જપ, દેવ પૂજા, આતિથ્ય, અને વૈશ્વ દેવ એ છ કર્મ પ્રતિદિવસ ગ્રહસ્થાશ્રમી દ્વિજોને કરવાનાં છે વધારે ન બની શકે તો દેશકાલાનુસાર આ છ કર્મ જો કદી ન કરવામાં આવે તો તે દ્વિજ વિપ્ર કે બ્રાહ્મણ એવા શબ્દોથી વ્યવહાર્ય પણ નથી. આ ષટકર્મ કરવાથી આગળ ધીમે ધીમે વધી શકાય એવો હેતુ કાયમ રાખવા માટે વિહિત કર્મ ન કરનારને મહાપાપાત્મા ગણ્યો છે સંધ્યા વિગેરે એક એક કર્મ કરનારનું પૂણ્ય વધે છે અને ન કરનારનું પાપ વધતું જાય છે. બ્રાહ્મણાદિ વર્ણ ત્રયીને વિહિત કર્મ ન કરવાથી અકથનીય પાપ છે. વિહિતાચારણથી અંતઃકરણની શુદ્ધિ થાય છે અને

ન કરવાથી તે શુદ્ધ થતું નથી. જેમ કોઇની નોકરી કરનાર એક દીવ-
સ પણ નોકરીમાં હાજર ન થાય તો તે દીવસનો લાભ તેને મળ-
તો નથી અને વળી તે અપરાધી ગણાય છે તેમ એક દીવસ પણ
કર્મ કર્યાં વીના રહેવાય તો અંતઃકરણનો મેલ ન ઉતરવાને બદલે વ-
ધતો જાય છે અને ઇશ્વરી નીયમ તોડવાનો અપરાધ લાગે છે નો-
કરી કરનાર પણ જો હમેશાં એ પ્રમાણે આલસ્ય કે અપરાધવાન
થાય તો પદભ્રષ્ટ થઇ મહા દરીદ્ર અવસ્થામાં આવી પડે તેમ કર્મ
કરવાનું જો આળસ થાય તો ઇશ્વરપદ જે પ્રાપ્ત કરવાનું છે તેનાથી
ભ્રષ્ટ એટલે તે ન પ્રાપ્ત થતાં તે અપરાધ બદલ સ્થાવર વિગેરે અ-
વતારો મળવારૂપી મહા દરિદ્રતાના કલેશમાં પડવાનો વખત આવી
પડે છે માટે શાસ્ત્રકારોએ લખ્યું છે કે બનતાં સુધીનો કાલ લોપ
પણ ન કરવો પરંતુ કદી કાલ લોપ થાય તો કર્મ લોપની ઉપેક્ષા
ક્યારે પણ કરવી નહિ. તેમજ કર્તવ્યમાં પોતાની યથાશક્તિ જેટલો
નીયમ બંધાયો છે તેમાંથી જરા પણ પ્રમાદ કે આલસ્યને લીધે ઓછો
કરવાનો સંકલ્પ પણ ન કરવો યાવજ્જીવ કર્મ કરતાં તે પોતાનું કાર્ય
કરી. આપે નિવૃત્ત થઇ જશે. નિર્વિઘ્નપણે ચાલતાં કર્તવ્યમાં ચિત્તની
દ્રઢતા થાય છે. પરંપરાથી જે બ્રહ્મ કર્મ કરતા આવે છે તેઓનો
તો તે કર્યા શિવાય બીજા પ્રસંગમાં પ્રવેશિતવૃત્તી સાવ રૂક્ષતા વાળી
દેખાય છે એથિ તેમાં તેને આનંદ પણ નથી આવતો એ આસ્તિ-
કોના અનુભવમાં સ્પષ્ટ રીતે આવે છે. આનું નામ કર્મની ફલોન્મુ-
ખતા ગણવી. જેઓ બીલકુલ કર્મને જાણતા નથી તેઓ પોતાના
મનુષ્ય શરીરનું પાર્માર્થીક કર્તવ્યને પ્રયત્ન વિના સાવ ભુલી જવાથી
સ્થાવરતા રૂપી મહા આપત્તિમાં આવિ પડવાના અર્થાત્ તેઓના સ્થા-
વર રૂપે જન્મ થવાના. આ મહા આપત્તિમાંથી છુટવાનો આ મનુ-
ષ્ય દેહ દયાળુ દેવની દયાથી પ્રાપ્ત થયો તેમાં યોગ્યાયોગ્યતાનો

વીચાર સુજાડતા મનના દુષ્ટ વેગને રોકવાનો પ્રયત્ન ન કરવો એવી અંધતાથી વિચાર પૂર્વક જાગ્રત થવું. અને જેમ બાલકને તેના હિતને માટે વખતે ધમકી આપીને પણ પાઠશાળામાં મુકીયે છીયે તેમ પોતાના મનને વ્યવહારના વહીવટમાંથી બ્રહ્મ કર્મ તરફ આકર્ષવામાં મહેનતો પડે પણ આવશ્યકતા જાણી "તેવા પ્રયત્ન વીનાના" પુરૂષોએ આકર્ષવું. વ્યવહારનો ત્યાગ કરવો એમ અભિપ્રાય નથી પણ જેટલો વખત યથાશક્તિ બ્રહ્મકર્મ કરવામાં જાય તેટલો આગળ વધારવો પણ શનૈ શનૈ મનને સમઝાવી તે તરફ જોડવામાં આવે તો કર્મજન્ય ચિત્ત શુદ્ધીના અદ્ભુત આનંદનો અનુભવ થાય. વ્યવહારમાં પણ સ્વધર્મ પરાયણતા ઉભય લોકને સુધારનારી છે આગળ કહેવામાં આવશે એવી ભાવનાથી કર્મરૂપી *માર્જનીથી જો અંતઃકરણ સાફ કરવામાં આવે તો પરમાનંદ પ્રાપ્તિના બહિરંગ સાધનોના ફળ રૂપી વિવેકાથી સાધનોની પણ પ્રાપ્તિ થાય.

ઇજ્યા અધ્યયન દાન તપ સત્ય ધૃતિ ક્ષમા અને અલોભ એ આઠ પ્રકારના ધર્મની અંદર પ્રથમ જણાવવામાં આવી તેવી ઘણીએક બાબતનો સમાસ થાય છે આ વખત જણાવવામાં હેતુ એ છે કે એ આઠ પ્રકારમાં ઇજ્ય અધ્યયન દાન અને તપ એટલા વાના તો ધન સંપત્તિવાળા કે શરીરસંપતિવાળા કેટલાએક દાંભિક પુરૂષો માત્ર દેખાવની ખાતર પણ કરે છે પરંતુ સત્ય, ધૃતિ ક્ષમા અને અલોભ એ ચાર વાનાં કે જે કેવળ અંતઃકરણ માત્રથીજ થઇ શકેછે તે તેવાઓમાં હોતાં નથી તથા શુદ્ધ ભાવથી ધર્મ પાળનારાઓમાં તે સહજ હોય છે બ્રાહ્મણ વિગેરે વર્ણો જ્યાં સુધી શુદ્ધ ભાવથી પોતાના કલ્યાણને માટે જ સ્વધર્મ કર્મ કરશે નહી ત્યાં સુધી તેઓને આ લોકમાં તથા કર્મવશાત્ પરલોકમાં કિંચિત્ માત્ર પણ સુખની પ્રાપ્તી

* સાવરણી.

થવાનો સંભવ નથી. દાંભિક પુરૂષોને પોતાની ધર્મોપ હસ્યતાથી પશુ પક્ષિ આદિ અવતાર પૂર્વક દંભનું ફળ સ્થાવતા પ્રાપ્ત થાય છે શુધ ભાવથી કરતાં કૃત્યનું જ યોગ્ય ફળ થાય છે. યજ્ઞ દાન તપ વિગેરે બુદ્ધિમાનને પવિત્ર કરનાર છે એટલે નિષ્કામ કરનારને અંતઃકરણની શુદ્ધિ પૂર્વક મોક્ષને આપનાર છે **धर्मेणपापमपनुदति** ધર્મ કરીને પાપનો નાશ થાય છે જ્યાં સુધી માણસે પોતાના પાપ કર્મનો ક્ષય કર્યો નથી ત્યાં સુધી તેને જ્ઞાન ઉત્પન્ન થતું નથી.

मनसाकर्मणा वाचायत्नाद्धर्मं समाचरेत् ।
अस्वर्ग्यं लोक विद्विष्टं धर्ममप्याचरेन्नतु ॥

મન વાણી અને ક્રીયાથી સારી રીતે ધર્મ પાળવો પરંતુ જેનું સારૂં ફળ નથી અને લોકો જે તરફ અરૂચી કરે તેવો ધર્મ હોય તો પણ તેનો ત્યાગ કરવો. દેશકાલાનુસાર કહેલો અનિંધ અને જેની યોગ્ય અર્થમાં ફલાભિ સંધિ હોય એવો ધર્મ પાલવાથી **परमाप्नोतिपुरुषः** પુરૂષ પરમપદને પ્રાપ્ત થાય છે અનુચિત કે અવિહિત માર્ગનું અનુસરણ ન કરવા માટે મહાભારતમાં દશ પ્રકારના કર્મનો ત્યાગ કરવો લખ્યો છે.

कायेन त्रिविधंकर्म वाचा चापि चतुर्विधम्
मनसा त्रिविधं चैव दशकर्म पथस्त्यजेत्

શરીરથી ત્રણ, વાણીથી ચાર, અને મનથી ત્રણ, મળીને દશ પ્રકારના કર્મ રસ્તાનો ત્યાગ કરવો. જેવા કે આપઘાત, ચોરી તથા પરદારાભિમર્ષ એ ત્રણ માર્ગ તરફ શરીરથી જવું નહિ. અસત્પ્રલાપ, પારૂષ્ય, પૈશૂન્ય તથા અનૃત એ ચાર માર્ગ તરફ વાણીથી જવું નહી. પર દ્રવ્ય હરિ લેવાનું ચિંતવન પરાયું અનિષ્ટ થવાનું ચિંતવન, તથા કર્મો કોઈપણ જાતનું ફળ આપતાં નથી એ પ્રકારની નાસ્તિકતા એ

ત્રણ પ્રકારના રસ્તા તરફ મનથી પણ ન જવું અર્થાત્ એટલા વાના-નો ત્યાગ કરવો અને ધાર્મિક પુરૂષોએ ધર્મશાસ્ત્ર અને અદ્વૈત પ્રતિ-પાદક શાસ્ત્રનો હમેશાં અભ્યાસ કરવો કારણ કે તેથી તુચ્છ વિષયો તરફ પ્રવૃત થતી અંતઃકરણની મનરૂપી ચંચળ વૃત્તિનો નિરોધ થાય છે અને આગળ કહેવામાં આવશે તેવી બ્રહ્મ ભાવના સ્થિરતાને પામે છે.

આ જગોયે કોઈ એવી શંકા કરે કે જીજ્ઞાસુ થયા પછી તો શ્રવણ મનન અને નિદધ્યાસન કરવું પણ વળી અભ્યાસ કરવો એવું ક્યાંઈ પ્રમાણ નથી તો **स्वाध्यायोध्येतव्यः** એ શ્રુતિ પ્રમાણે બ્રહ્માર્પણ બુદ્ધિથી હમેશાં સ્વાધ્યાય કરવાથી મનોવૃતિની ચંચળતા ઓછી થતા અભ્યાસથી સ્થિરતાને પામે છે. મન સ્થિર કરવામાં કોઈ પ્ર-કારે અભ્યાસની અને વૈરાગ્યની જરૂર છે રાજયોગી ગ્રહસ્થાશ્રમિને સ્વાધ્યાય વીગેરે મનોનિગ્રહતાના જ સાધનો છે.

મુમુક્ષુતા અમુક આશ્રમમાં રહેનારને થાય ને અમુક આશ્રમ માં રહેનારને ન થાય એવો કાંઈ નિયમ નથી. ગમે તે આશ્રમમાં ર-હેનારને મુમુક્ષુતા પૂર્વક જ્ઞાનોત્પત્તિ થઈ હોય તોપણ આશ્રમ સાથે જોડાયેલા ધર્મ તેણે અવશ્ય મેવ પાળવા જોઈશે. શમ દમ આદિ સાધન સંપત્તિ પૂર્વક *શ્રવણ મનન નિદધ્યાસનથી જ્ઞાન પ્રાપ્ત થતાં વર્ણાશ્રમોક્ત ધર્મ નિષ્કામરૂપે પાળવાથી થયેલું જ્ઞાન નાશ પામતું નથી પરંતુ સુદૃઢ થાય છે, જ્ઞાન થતા કર્મનો ત્યાગ કરવો એમ કાંઈ નિ-યમ નથી ભગવાને અર્જુનને કહ્યું છે કે **यज्ञोदानतपः कर्म न त्या-ज्यं कार्यमेव च** યજ્ઞ દાન તપ કર્મનો ત્યાગ ન કરવો અર્થાત્ કરવાં

* पुराणमितिहासाश्च तथाख्यानानिशानिच्च । महात्मानां चचरितं श्रो-तव्यं नित्यमेव च । પોતાના આચરણ તથા અંતઃકરણની શુદ્ધિ માટે પુરાણ, ઇતિહાસ, આખ્યાનો અને મહાત્માના ચરિત્રોનું હમેશાં શ્રવણ કરવું.

જ આગ છે તો પછી ત્યાગ કરવાનો શા માટે પ્રયત્ન કરવો પડે ફળ થતા ફૂલ સ્વતઃ ખરી જાય છે પરંતુ જરા ફળ થયું અને ફૂલ ખેરી નાખવામાં આવે તો ફૂલનો પરિપાક થાય નહી. તેવી રીતે જ્ઞાનનો પરિપાક થતાં અપ્રયત્ને નિષ્કર્મતા પ્રાપ્ત થશે. અને જ્યાં એમ લખ્યુ છે કે **तस्यकार्यं न विद्यते** ત્યાં પરમહંસ જ્ઞાનીની કૃત કૃત્યતા સ્થિતિને અનુસરતિ નિષ્કર્મતા બતાવવામાં આવી છે. જ્યાં સુધી જ્ઞાન જન્ય પરમાનંદ પ્રાપ્તિનો અનુભવ થયો હોય ત્યાં સુધી તેને કર્મ પ્રવૃત્તિ ક્લેશનું કારણ થાયછે તથા જ્ઞાનોદય થતાં તેજ પુરૂષ કરતાં છતાં અકર્તા છું તેવો અનુભવ કરે છે. અર્થાત્ ગમે તેટલી તેના ઉપર કર્તવ્યતા આવી પડે તો પણ તેનાથી તે પુરૂષ પ્રથમની પેઠે ક્લિષ્ટ થતો નથી.

वासांयथापरि गतं मदिरामदांधः મદિરાના મદથી અંધ થયેલા પુરૂષના ખભા ઉપરથી પડિ ગયેલાં વસ્ત્રને જેમ તે જાણતો નથી તેમ જેના ભૌતિક દેહને પડી જતા જેને જરા પણ ખબર પડતી નથી એવા પુરૂષોને કાંઇપણ ક્રીયા મન વાણી કે કાયાથી કરવાની ન હોય. એમાં કાંઇ આશ્ચર્ય નહી એમની કોઇ વર્ણ યા તો આશ્રમમાં ગણતરી કરી શકાતી નથી. ઇશ્વર કૃપાથી તથા પરમ પુરૂષાર્થથી પ્રાપ્ત કરેલી આ પરમ દશા છે જગત્ ગુરૂ શંકરાચાર્ય કે જે ત્રિકાંડનો ઉદ્ધાર કરવા માટે પ્રકટ થયેલા સાક્ષાત્ શિવરૂપ, તેણે જ્યાં જ્યાં કર્મકાંડ તથા ઉપાસના કાંડનું વિશેષ ખંડન કર્યું છે ત્યાં ત્યાં ઉપરની દશાને ઉદ્દેશીને કર્મથી તથા ઉપાસનાથી જ મુક્તિ માનનારાઓનું ખંડન કર્યું છે. સમજ્યા વીના પ્રમાદકે આલસ્યથી કર્મોપાસનાને ક્લેશરૂપ ગણી તેનાથી છુટવાનો પ્રયત્ન એ બીજી જડતા છે. શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે કે **ममवर्त्मानुं वर्तंते मनुष्याः पार्थ सर्वशः** હે અર્જુન સર્વ મનુષ્યો મારા રસ્તાને અનુસરે છે જો કે

મારે કર્મ કરવાં અને ન કરવાં એ બેય સરખું છે પરંતુ મનુષ્ય દેહ ધારણ કરી હું ન કરૂં તો આ જગત બધું યથેષ્ટા ચરણી થઇ જાય અને મહા અનર્થ આવી પડે માટે વર્ણાશ્રમ ધર્મમાં રહી તેના કલ્યાણને માટે બીજાઓને તે રસ્તે ચલાવવા શિવાય બીજો મારો કશો હેતુ નથી. વરણાશ્રમ ધર્મથી તેના પુરૂષાર્થની સીદ્ધિ છે એ પ્રમાણે ગીતાજીમાં ભગવાને કહ્યું છે ફલાભિ સંધિ વગર સ્વવર્ણાશ્રમ ધર્મને અનુસરવું એ મુમુક્ષુતામાં સવિશેષતા છે.

यदायदाहिधर्मस्यग्लानिर्भवतिभारत એ પોતાના વાક્ય પ્રમાણે પોતાનું પ્રકટ થવું ધર્મ સંસ્થાપનને માટે જ છે એ હેતુને અનુસરી મનુષ્ય દેહના નિમિત્તથી સ્વધર્મ પાલનારી બીજાને પણ ધર્મપાલન કરવાની ક્રીયામાં પ્રેરે છે એવો ફલિતાર્થ સમજવાનો છે. જ્યારે જ્ઞાન વિજ્ઞાન સંપાદન કરવાને લાયક મનુષ્ય દેહ છે ત્યારે શ્રુતિસ્મૃતિમાં કહેલી કર્મની કર્તવ્યતા વર્ણાશ્રમ પૂર્વક રહેલી છે એમ બતાવ્યું છે ટુકામાં ગમે તે વર્ણમાં કે ગમે તે આશ્રમમાં હોઇયે ત્યા મુમુક્ષુતા ઉત્પન્ન થાય અને ઇશ્વરની કૃપાથી જ્ઞાન પણ થાય પરંતુ આશ્રમ અને વરણની સાથે રહેલાને વરણાશ્રમી જ છે પણ જ્ઞાન થયા પછી આશ્રમીનો આચાર મટતો નથી માટે તદનુસાર આવશ્યકતા રહીત આશ્રમમાં ધર્મની સહાકરિતા જ છે. વિષય તરફ વૈરાગ્ય પણ વૃદ્ધિ પામતો જાય તેની સાથે પ્રારબ્ધ વશાત **यदहरेवविरजेत्तदहरेवप्रव्रजेत्** જે દિવસ વૈરાગ્ય ઉત્પન્ન થાય તે દીવસ સંન્યાસ ધારણ કરી લેવો અથવા આયુર્બળને અનુસરી શિતેર વરસે આશ્રમથી આશ્રમાંતર જનારને સન્યસનો સ્વતઃ અધિકાર પ્રાપ્ત થાય છે એમ થાય તો અથવા તે પહેલાં પણ નિષ્કામપણાથી સ્વવર્ણાશ્રમ ધર્મ પાળનાર પુરૂષોએ હમેશા શ્રવણ મનનાદિક કરવા અને એ આગળ કહેવામાં આવશે તેવા બહિરંગ અંત-

રંગ સાધનો સહિત તત્પર રહેવું તોજ કૈવલ્યસિદ્ધિ સંપાદ કરિ શકાય.

वेदार्थो:परमाद्वैतं વેદનો અર્થ પરમ અદ્વૈત સિધિમાં છે અને તેને અનુસરતાં સ્મૃતિ પુરાણોને પણ તેજ રહસ્ય છે એમ સમજી ઉભય સુખના સાધનરૂપ શાસ્ત્ર છે એવા નિશ્ચયથી અર્જુને ભગવાનને પુછ્યું કે મહારાજ નિષ્કામ કર્મ કરવાથી એટલે કર્મના ફલની ઇચ્છા ન રાખવાથી કર્મ કરનારને કોઇ લોકાંતરની પ્રાપ્તિ થતી નથી અને જ્ઞાન હજુ થયું નથી તેથી મોક્ષ પણ ન થાય ત્યારે તેની કેવી ગતી થાય* ત્યારે ભગવાને કહ્યું કે જેણે નિષ્કામ કર્મ મારી પ્રસંનતા માટે એટલે બ્રહ્માર્પણ બુદ્ધિથી કરેલાં છે તેનાં ફળરૂપે પવિત્ર શ્રિમાન્ પુરૂષને ઘેર હું તેને જન્મ આપું છું એટલે તેઓની કર્મફળ ત્યાગ કરવાથી નિકૃષ્ટગતિ થતી નથી પરંતુ ઉત્કૃષ્ટ ગતિજ થાય છે કારણ કે મહાપવિત્ર એવા કોઇ રાજયોગીના ઘરમાં જન્મ પામેલા તે મારા ભકતો ત્યાંથી સાધન સંપતિની યોગ્ય છતાં તરત પોતાના પૂર્વજન્મમાં આચરિત માર્ગનું આલંબન કરી મનેજ પ્રાપ્ત થાય છે આવો હેતુ રહ્યો છે માટે જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધિ નિષ્કામ કર્મ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ઇશ્વિર પ્રીત્યર્થ કરવાં આ જગોયે આ વિષયને વધારે લંબાણ કરવાની આવશ્યકતા નહતિ પરંતુ પ્રમાદથી કે કલેશના ભયથી કર્મ ત્યાગ કરનારને પરિણામે ઘણો ભય છે એવું વારંવાર સ્મરણ આપવું એજ વિવક્ષાને લીધે જરા ગૌરવ કરવામાં આવ્યું છે.

---

* પોતાના પૂર્વજન્મના સત્કર્મોના સારા ફળથી શાસ્ત્ર અને ગુરૂની કૃપાથી બ્રહ્મવિદ્યાનું રહસ્ય સમજાય ફળની ઇચ્છાનો ત્યાગ કરી ઇશ્વિરપ્રીત્યર્થ કર્મકરનાર ઉપર ઇશ્વિર. અનુગ્રહ કરે છે ત્યારે અદ્વૈત વાસના થાય છે. **इश्वरानुग्रहादेवपुंसामद्वैतवासना**

कर्मणाकर्मनिर्हारः કર્મે કરીને કર્મનો નિર્હાર કરવો એટલે નિષ્કર્મતા સંપાદન કરવી જે કર્મો સકામ કરવાથી વારંવાર જન્મ મરણના હેતુ છે તેજ કર્મ નિષ્કામ કરવાથી પરમાનંદ મોક્ષના પરંપરાથી હેતુ થાય છે જેમ કોઇ માણસને ઘઉં ખાવાથી પેટમાં બાર (ચોટી જવાની થતો રોગ) થયો હોય અને તેથી પીડાતો હોય તેને તેજ ઘઉં લાવીને ખવરાવવામાં આવે તો તે આગળના મળને દૂર કરે છે અને પોતાનામાં ભોજનના બદલાઇ જવાથી વિકાર કરવાપણું છેજ નહી એ પ્રમાણે કર્મનો પરિહાર પણ ઉપર કહેવામાં આવ્યો તેમ કર્મે કરી થાય છે. બ્રહ્મકર્મો બ્રહ્મપ્રાપ્તિ માટે ઉપર જણાવ્યા પ્રમાણે કરવાં કર્મ ઉપાસના અને જ્ઞાન એ ત્રણેમાં ભગવદ્ભક્તિ નિષ્ઠા ગ્રંથાવલોકન કરતાં દૃઢ થાય છે માટે તેવી નિષ્ઠા સહિત બ્રહ્મકર્મ કરવાં. છ પ્રકારનાં બ્રહ્મકર્મો નિત્ય કરવાનાં તે પ્રથમ સંક્ષેપથી જણાવ્યું તેમાં પ્રથમ સ્નાન એ વર્ણ ત્રયીનું પહેલું બ્રહ્મ કર્મ છે. સ્નાન કેવિ રીતે કરવું તે વિસ્તારથી કરવાની ઇચ્છા રાખનારને માટે ઘણો વિધિ છે તેને આ ગૌરતાના ભયથી દાખલ કર્યો નથી પરંતુ તે પ્રમાણે ચિકિર્ષુ પુરૂષોયે ધાર્મિક પ્રબંધોમાંથી મરજી પ્રમાણે સ્વીકારી લેવો ટુંકામાં માત્ર સ્નાનથી શું ફળ થાય છે અને તે આવશ્યક છે તે જણાવવા માટે સ્મૃતિ.

સ્નાન અને તદંગ ભાવનાથી પરોક્ષાપરોક્ષ ફલવીચાર.

अस्नात्वा स्वमलं भुङ्क्ते अजप्त्वापूयशोणितम् ॥
अजुहृश्चक्रमीन् कीटान् अददंश्च शक्तस्तथा ॥

સ્નાન કર્યા શિવાય અન્ન જમવું તે લોકદૃષ્ટિમાં તો અન્ન દેખાય છે પરંતુ ધર્મશાસ્ત્રની દૃષ્ટિથી એ વિષ્ટા બરોબર છે, ગાયત્રી-

નો જપ કર્યા વીના જમનાર માણુસ પણ તેવીજ રીતે 'પાચ' તથા રૂધિરનું પ્રાશન કરે છે. અગ્નિ હોમાદિ તથા વૈશ્વદેવ આદિનો હોમ કર્યા વિના જમનાર શાસ્ત્રદષ્ટિથી કૃમી તથા કીડાઓનેજ ખાય છે, અને (પંચભાગ) દાન આપ્યા વિના જમનારે પણ વિષ્ટાનેજ ખાય છે. તાત્પર્ય એ છે કે સ્નાન વિગેરે કર્યા શિવાય અંતઃકરણ અને બાહ્યર શરીરેંદ્રિયાદિક શુધ થતા નથી. માટે તે ન કરવાથી સર્વદા અશુચી રહેવાની સાથે નિચે કહ્યા પ્રમાણે વિશેષ ફળ પણ મળતું નથી.

गुणादश स्नान परायणस्य रूपंच तेजश्चबलंच शौच
आयुष्यमारोग्यमलोलुपत्व दुःस्वप्ननाशश्चयशश्च मेधाः

રૂપ, તેજ, યશ, શૌચ, આયુષ્યવૃદ્ધિ, આરોગ્ય* અલોલુપત્વ, ખરાબ સ્વપ્નાનું ન આવવું, બળ, અને +મેધા એ દશ ગુણો હમેશાં સ્નાન કરનાર પુરૂષને પ્રાપ્ત થાય છે. કોઇ જલાશયની અંદર કે પોતાને ઘેર હમેશાં સ્નાન કરનારે અને તેટલો વિધિ બીજા ગ્રંથોમાંથી યથાશક્તી સેવો સ્નાન કરવાથી પ્રાપ્ત થતા દશ ગુણોમાંના જે અદષ્ટ ફલરૂપે મેધા અલોલુપત્વ તથા દુઃસ્વપ્નનાશ વીગેરે પ્રાપ્ત થાય છે તે સ્નાનાંગ દેવતાઓનું ભાવના પૂર્વક સ્નાન જલમાં સૂર્ય નારયણની કીરણો દ્વારા આવાહન કરવાથી આસ્તિક પુરૂષોને મળે છે, ભાવના અને આસ્તિકતા બેય હોય તોજ ધર્મશાસ્ત્રની ફળ સિદ્ધિ પુરેપુરી

---

* પરમાત્માના પરમાનંદ પદને પ્રાપ્ત થાય છે અથવા તે કહેલા ફળને તે મળે છે,

\+ નિર્લોભપણું ૨ પ્રાણુશક્તિવાળી બુદ્ધી.

થાય છે. रुचंब्राह्मांजनयंतोदेवाः બ્રાહ્મય એટલે બ્રહ્મ સંબંધી તેજ તે ઉપાસનાથી દેવતાઓ આપે છે અર્થાત્ જેટલા અદૃશ્ય તથા અદૃશ્ય ફલો છે તે દેવતાઓની કૃપાથી પ્રાપ્ત થાય છે માટે તેનો યોગ દરેક ક્રીયામાં સંશય રહિત કરવો. સંશય પણ કાર્ય નાશક છે એ યાદ રાખવું. प्रसंनेनैवमनसाकुर्वाणोयातितत्पदम् ॥ સંશય વિપર્યય રહિત પ્રસંન મનથી કર્મ કરનાર તે પદને પ્રાપ્ત થાય છે.

સંધ્યા વિગેરે સ્વશાખાના કરવા તેમાં અંતર નિરંતરનો વિચાર.

સંધ્યા રહિત બ્રાહ્મણની શ્રૌતસ્માર્ત કર્મમાં યોગ્યતા ગણાતી નથી માટે अहरहःसंध्यामुपासीत પ્રતિ દિવસ ત્રણે કાલમાં સંધ્યોપાસન કરવું. સંધ્યાપાસન ન કરનાર બ્રાહ્મણ કે જેનો પ્રતિગ્ર કરવાનો ધર્મ છે તેમાં પણ તેની અયોગ્યતાને તેને માટે સ્મૃતિ—

संध्याहीने वृतभ्रष्टे विप्रे वेद विवर्जिते
दीयमानंरुदत्यन्नं किमपाकुष्कृतं कृतम् ।

સંધ્યારહિત વ્રત ભ્રષ્ટ અને વેદાધ્યયન વગરના વિપ્રને અપાતું અન્ન અમે શું પાપ કર્યું કે આવા અપવિત્ર પાત્રમાં અમારી ગતિ થાય છે એમ રડે છે. આ શ્લોકમાં વિપ્રશબ્દ યોજવાનો એવો હેતુ છે વર્ણ ત્રયીં માંનો કોઈ પણ સંધ્યાહીન પુરૂષ દાન દેવાને પણ યોગ્ય નથી અને પ્રતિગ્રહી સંધ્યાહીન હોવાથી લેવાને યોગ્ય નથી કારણ કે બેયનું વિહિત્ત આચરણ યોગ્યતા વીના સફળ થતું નથી. માટે પ્રતિ દિવસ સંધ્યોપાસ ન કરી સર્વ વેદ વિહિત કાર્યોમાં યોગ્યતા સંપાદન કરવી જોઈયે.

સંધ્યોપાસન કરવામાં આચમન પ્રાણાયામ માર્જન સૂર્યાર્ઘ અને સૂર્યોપસ્થાન તથા સંધ્યાના સ્વરૂપનું ધ્યાન પૂર્વક આવાહન અને વિસર્જન વીગેરે કેટલીયે બાબતો છે. તેમાં પ્રાણુયામ ઉપસ્થાન વીગેરેના હેતુ તથા તે વખતે અંતઃકરણ નિભાવના સમજવી ને સંધ્યામાં લખેલાં વાકયોના અર્થ સગજાયા પછી તે વીભાવના કરવાનું સુજે છે પરંતુ આજ કાલમાં તો તે અર્થ સમજવું કે સમજાવવૃં તે ક્વચિત્ જોવામાં આવે છે. આગળ કહેવામાં આવશે તે પ્રમાણે અર્થ સમજીને વાકયો યાદ રાખવાં. ચિત વૃતિ કયાઇ હોય અને આચમની પંચપાત્ર બડબડવવાથી કાંઇ સંધ્યા વદતી નથી. પ્રાણાયામ ચિતવૃતિના નિરોધ પૂર્વક ભાવના સહિત કરતાં સમજવું પ્રાણામાંત આચમનના વાકયનો અર્થ સમજવો તથા ઉપસ્થાન અઘમર્ષણ વિગેરેના મંત્રોમાં જે જે અર્થ રમોછો તે સમજવાથી સંધ્યાની સફળતા છે. સંસ્કૃત જ્ઞાન ન હોય તો ઉપરનો થોડો થોડો તાત્પર્ય સમજવો. ચિતવૃતિનો નિરોધ સૂત્રમાં કહ્યા પ્રમાણે કરવો સંધ્યામાં આસન પ્રાણાયામ વિગેરે તેનું જ અંગ છે માટે તેનો અભ્યાસ વધારતા આગળ ઉપર ગ્રહસ્થાશ્રમીના સમજવામાં આવશે કે ઇંદ્રીય તથા અંતઃકરણનો બે પ્રકારે વિષયો તરફથી નિરોધ કરવામાં આવે છે તેમાં પોતાના અધિકાર પ્રમાણે પોતાને કયો પ્રકાર ઉચિત છે તે પ્રમાણે વરતવું. જેમ કોઇને યુક્તિ વડે કરીને સમજાવાય અને બળથી પણ સમજાવાય. કેટલાએક કળવડે સમજે તેવા માણસો હોય છે અને કેટલાયેક બળ વડે સમજે તેવાં માણસો હોય છે તેમ ઇંદ્રિયનિ ગ્રહપણે કળથી (વીચાર યુક્તિથી) અને બળથી (હઠથી) થઇ શકે છે. ગ્રહસ્થાશ્રમીને બળે કરી વશ કરવા કરતાં કળથી કરવું તે સારૂછે. સંધ્યા મોટી હોય અગર નાની હોય

એ બાબત કાંઈ જોવાની નથી આજકાલનો **अकरणान्मंद्करणं श्रेष्ठं** સાધન નથી કરતાં તેવાઓને સંક્ષેપથી સમજાવીને કર્મમાં પ્રવૃત કરવા છે તે સારૂ છે એવો વિદ્દદભિપ્રાય ઘણે ભાગે અધિકારી મંડળ હોવાને લીધે જોવામાં આવે છે અસ્તુ પરંતુ પેતાનો વેદ અને પોતાની પરંપરા પ્રાપ્ત થયેલી શાળામાં કહ્યા પ્રમાણે સંધ્યોપાસન કરવું તે ઘણુંજ શ્રેય સ્કર જોવામાં આવે છે. **स्वशाखांयः परित्यज्यशाखांढ:सउच्य** તે પોતાની શાળાનો પરિત્યાગ કરનાર શાખા રંડી કહેવાય છે વળી કહ્યું છે.

यत्कल्पंत्रास्त्र ग्रह्योक्तं यस्य यावनूप्रचोदितम् ।
तस्यता । वतिशास्त्रार्थे कृते सर्वं कृतं भवेत ॥

થોડું અથવા ઘાણું ક્રીયમાણુ જેટલું જેને પોતાના સુત્રમાં કહ્યું હોય તેટલું કરવાથી તે કર્યું ગણાય છે. આમ છે માટે સંધ્યા વિગેરે સ્વશાખોક્ત કરવું તે આવશ્યક છે. આમ સ્વશાખાને અનુસરી વરતવામાં સ્મૃતિ કારકોના આગ્રહનો હેતુ એવો જણાય છે કે વેદનો અને વેદની શાખાઓનો કાળે કરી નાશ ન થઇ જાય પ્રમાદ અને આલસ્યથી એજ પરિણામ આવે એમાં કાંઇ આશ્ચર્ય નથી " ચરણવ્યુહ " માં ચાર વેદ તથા દરેક વેદની કેટલી શાખાઓ વેદના અંગ, અને તેના સ્વરૂપ તથા ગોત્ર પ્રવર વિગેરે લખ્યું છે તેમાંનુ આજે કોઇ ભાગ્યે જણાતા હશે. કેટલાએક ઋગ્વેદીય હોય છે અને યજુર્વેદનું ક્રીયમાણુ કરે છે યજુર્વેદી ઋગ્વેદનું ક્રીયમાણુ કરે છે તેમજ સામવેદીય અર્થર્વણનુ અને આથર્વણી સામવેદ કે બીજા વેદમાં કહેલા ક્રીયમાણો કરે છે તે માત્ર સ્વશાખીય ન મળતા એટલો બધો અપક્ષય થયો જોવામાં આવે છે તે માત્ર ઉપરનો નીયમ બરાબર ન સચવાયો તેનુંજ પરિણામ છે, જો સંભાળ રાખવામાં

નહિ આવે તો શાખાઓનું સાવ અદર્શન થઇ જાય એમાં જરાપણ ખોટું નથી. જેનુ પરિણામ તો આપણા જોવામાં આવે છે આ પ્રસંગમાં જેમ બને તેમ સંધ્યા વિગેરે પોતાની શાખામાં કહ્યા પ્રમાણે કરવું એટલે ખરેખર રીતે યાદ રાખવું જોઇએ.

સંધ્યામાં કયારે અડચણ આવે?

सर्त्रापत्स्व पियोविप्रः संध्योपासन तत्परः
ब्रह्मण्याच्चन । हीयेतह्यन्य जन्म गतोऽपिसन

ગમે તેવી આપતિમાં પણ જો વિપ્ર સંધ્યોપાસનનો ત્યાગ કરતો નથી અર્થાત અખંડ સંધ્યા કરનાર બીજા જન્મને પામે તો પણ તેનું બ્રહ્મણ્ય નાશ પામતું નથી અને ત્યાંથી પણ તેની ઉત્તમ ગતી થાય છે. કર્મ કરવામાં અંદર અને બહાર બેય જગોથી પવિત્ર રહેવાની અપેક્ષા છે એ પ્રથમ કહેવામાં આવી ગયું છે. હવે કેટલાએક સુતક વીગેરેમાં કર્મ પ્રમાદી પુરૂષોને સુચના માટે થોડુંએક લખવાની અપેક્ષા જણાઇ આવતાં નિચે પ્રમાણે તેઓને સુચના.

સુતક બે પ્રકારનાં છે જન્મ સુતક તથા મૃતસુતક તેમા સંધ્યા ન કરવી એમ લોકમાં તથા શાસ્ત્રોમાં કહ્યું પણ તેટલા દીવસમાં સાવ તેનો ત્યાગ કરવો એમ શાસ્ત્રઅભિપ્રાય સમજવાનો નથી ને તેમ હોય તો ઉપરના વાકયો સાથે વીરોધ આવે.

सूतके मृतके वापि प्राणायामम मंत्रकम्
तथामार्जन मंत्रांस्तु मनसोच्चार्यमार्जयेत्

બેમાંથી ગમે તે સુતક હોય તેમાં સંધ્યા કરતી વખતે મંત્રો

ચ્ચાર માનસિક કરવો પ્રાણાયામના મંત્રો મનમાં ભણવા અને પ્રાણુનો આયામ ક્રિયાથી કહ્યા પ્રમાણે કર્યા કરવો તેમજ માર્જન વિગેરેના મંત્રો મનમાં ભણતા જવા અને ક્રિયા કહ્યા પ્રમાણે કરવી પરંતુ પ્રમાદથી તેનો ત્યાગ ન કરવો વળિ દિવસમાં કહેલા કર્મો પ્રબલ પ્રસંગવશાત્ યોગ્ય વખતે ન થઇ શકે તો રાત્રીના એક પ્રહર જતાં સુધી પણ કરવાં.

राष्ट्रक्षोभे नृप क्षोभे रोगार्ते क्षय सूतके
संध्यावंदन विच्छित्तिर्नदोषाय कदाचन ॥
देवाग्निद्विजवैद्यादि कार्ये महतिवा भवेत
संध्यालोपेन दोषोऽस्तियेनतत् पुण्य साधनम् ॥

દેશની આપત્તિ, રાજાની આપત્તિ, રોગની આપત્તિ, મૃત સૂતકની આપત્તિ વીગેરે મહા આપતિમાં સંધ્યા ન કરી શકાય તો દોષ નથી; દેવ કાર્ય, અગ્નિ કાર્ય, વૈદ્યકાર્ય તથા એવાં મોટા કાર્યો કરવાનાં આવિ પડતાં સંધ્યાનો લોપ થાય તો તેમાં દોષ નથી કારણ તે કાર્યોમાં તત્પર રહેવું એ પણ કલ્યાણનું કામ તથા કલ્યાણનાં જ સાધન છે. આ બાબત દૃઢ શ્રદ્ધાથી બ્રહ્મ કર્મ કરનાર આસ્તિક પુરૂષે પોતાની મેળે વિચારી જોવું કે ગ્રંથનો તાત્પર્ય કેવો નિકળે છે. જ્યારે કોઈ સારૂં કે નરતું મોટું કામ આવિ પડે ત્યારે અથવા શરીરની પરાધિનતા થઈ જાય ત્યારે પોતાની મેળે સંધ્યાવંદનાદિક ક્રિયાઓ ન થઈ શકે તેમાં કર્મ ત્યાગ થયો ગણાય નહી પરંતુ ક્ષુદ્ર કાર્ય પ્રસંગમાં પ્રમાદ કે આલસ્યથી ત્યાગ કરવો એ તો અશ્રદ્ધાજ ગણાય શાસ્ત્રના અભિપ્રાયને ઉલટો સમજવો એથી બીજી મંદબુદ્ધી કઈ ગણાય ?

જપતા નિષ્કામને માટે માલાક્રમ પ્રથમ કહેવામાં આવ્યું કે જ્યાં સુધી કર્મનો લેખ તથા તેમાં કહેલા મંત્રોનો ભાવાર્થ પણ કર્મ કરનારના સમજવામાં ન હોય ત્યાં સુધી અંતઃકરણની શુધિનો હેતુ જે ભાવના તે ઉત્પન્ન થતી નથી તે પ્રમાણે *સંધ્યોપાસન થયા પછી જપ કરવો.

સાભિપ્રાય ગાયત્રી બ્રહ્મ દૈવત્યા કહેવાય છે શુદ્ધ બુદ્ધિ થયા વિના બ્રહ્મ પ્રાપ્તિ થતિ નથી ગાયત્રી જપનું ફળ બુદ્ધિની શુદ્ધિ થવી તેજ છે એમ ગાયત્રી મંત્રમાં તેના અર્થથી સ્પષ્ટ જણાય છે ને એ હેતુથી જ ગાયત્રી જપની અવશ્યકતા વેદે પ્રતિપાદિત છે.

न तथा वेद जपतः पापं निर्दहति द्विजः
यथा सावित्री जपतः सर्व पापैः प्रमुच्यते ॥

જેવો ગાયત્રીના જપથી સર્વ પાપ મુક્ત થાય છે તેવો વેદપાઠથી દ્વિજ પાપનો નાશ કરી શકતો નથી. **गायंतं** ગાનારને એટલે જપ કરનારને **त्राति** રક્ષા કરે (બુધિમાં મલીનતા ન આવવા આપે) માટે ગાયત્રી એવો તેનો શબ્દાર્થ થાય છે. ગાયત્રી બ્રહ્માસ્ત્ર છે એમ પણ કહેલું છે અને તેનો વર્ણત્રયીને અધિકાર છે. માટે સૌ કોયે તેનું ઉપાસન દૃઢ ભાવથી જપયજ્ઞરૂપે કરવું પરંતુ તેના અર્થનું બરાબર ચિંતવન કરવાથી તે મંત્રમાં કહેલું યથાર્થ ફળ થાય છે, અર્થની આવશ્યકતા માટે.

वेदस्याध्ययनं सर्वं धर्मशास्त्र स्यचैवयत्
अजानतोऽर्थं तत्सर्वंतुषाणां खंडनं यथा ॥

---

* **संध्या कर्ता.**

કાત્યાયનરૂષી કહે છે કે વેદ અને ધર્મશાસ્ત્રનું જે ભણવું તે બધું અર્થ જાણ્યા વિના જેમ ફોતરાં ખાંડનારને શ્રમ શીવાય બીજુ કશું ફળ થતું નથી તેવું નિષ્ફલ છે. અર્થ જાણ્યા વિના મંત્ર જપ યા તો સ્તોત્ર પાઠ સંપૂર્ણ ફળના આપનારાં થતાં નથી. અર્થ જ્ઞાન પૂર્વક ગાયત્રી જપ કરવામાં આવે તો અવશ્ય મનની સ્થિરતા, મેધાભિવૃદ્ધિ અને જ્ઞાનોદય થયા શિવાય રહે નહિ ગાયત્રી વેદની જનની છે અને પાપોને નાશ કરનારી છે માટે ગાયત્રી મંત્ર સર્વ મંત્રોમાં શિરોમણી છે. નરકમાં પડનારને ગાયત્રી હસ્તત્રાણ આપે છે "હાથથી આલંબન આપી તેની રક્ષા કરે છે." ગાયત્રી મંત્રનો હમેશાં જપ કરવો ને તે કોઇ પણ સાંભળે તેમ ન કરવો કારણ કે મોઢે બોલવાથી જપ મંત્રની ગૌરવતાની હાનીની સાથે મનની સ્થિરતા થતિ નથી તેને માટે લખે છે કેઃ—

ध्यायेत्तु मन सामंत्रं जिह्वौष्ठौन विचालयेत्
नकंपयेच्छिरोग्रीवां दंतान्नैवप्रकाशयेत् ।

મનમાં મંત્રનું ચિંતવન કરવું પરંતુ જીહ્વાયાતો હોઠ ચલાવવા નહિ તેમ માથુ કે ડોક પણ હલાવવાં નહી અને દાંતનો પણ પ્રકાશ કરવો નહી અર્થાત્ દાંત ન દેખાય તેમ જીભ, હોઠ. માથુ કે ડોક હલાવ્યા વગર જપ કરવો. **मंत्रमंत्रार्थच्चिंतनम्** જપની સાથે તેના અર્થનું પણચિંતવન કરવું. આ પ્રમાણે જપ થાય તોજ મનની ચંચલતા ઓછી થાય તથા બુદ્ધિ પણ શુદ્ધ અને ધારણા વાલી થાય, નહિ તો ગમે તેટલો જપ કરે તો પણ તેમાંનુ કશું પણ ફળ થતું નથી. મતલબ એ છે કે મનની સ્થિરતા થયા શિવાય તેનું ફળ જે સદબુધિનો લાભ તે પણ થતો નથી અને બુદ્ધિ શુદ્ધ ન

થાય ત્યાં સુધી નિત્યાનિત્યનો વિવેક પણ પ્રાપ્ત થાય નહી અને એથી પરમાનંદપદનો અભાવ એ તો ગતાર્થજ છે.

માળા વતી જપ કરવો તે મુખ્ય પક્ષ નથી પણ ગૌણ છે. માળા કેવડી અને કેવા પ્રકારની રાખવી એ જેની કામના હોય તે પ્રમાણે માળાની યોજનાઓ, શાસ્ત્રાંતરમાં લખીછે તે કામના પરત્વે સકામ પુરૂષોએ જાણી લેવી. આ પ્રસંગે નિષ્કામ બ્રહ્મકર્મ કરનારાઓએ કરમાળા કરવી એ મુખ્ય પક્ષછે **पर्वभिस्तुजपेद्देवीं माला काम्यजपे स्मृता** ગાયત્રીનો જપ (આંગળીના પર્વ વડે કરવો.) કામ્ય જપ કરવામાં માળા રાખવી કહેલીછે, કરમાળા (પર્વથી જપ) કરવાનો પ્રકાર નીચે પ્રમાણે.

आरभ्यानामिकामध्यं पर्वाण्युक्तान्यनु क्रमात् ।
तर्जनीमूलपर्यंतं जपेद्दशसु पर्वसु ॥
मध्यमांगुलिमूलेतु यत्पर्व द्वितयं भवेत् ।
तं वै मेरुं विजानीयात् जपे तं नातिलंघयेत् ॥

અનામિકાના મધ્ય પર્વથી "એટલે વચલી કે જે સૌથી ઉંચી છે તેની ડાબી બાજુની આંગળી, એટલે સૌથી નાની આંગળીની જમણી બાજુની આંગળી તેનું મધ્ય પર્વ ત્યાંથી" જપનો આરંભ કરવો, તે નીચેથી નાની આંગળી તરફ પર્વની ગણુતરી કરવા માંડવી. તે જમણી બાજુની એટલે પહેલી આંગળીના પહેલા પર્વ સુધી ગણવું ને ત્યાં દશની સંખ્યા થઈ એટલે ત્યાંથી ઉપડી વચલી આંગળીના પહેલા પર્વથી ગણવું શરૂ કરવું, પરંતુ તેના એટલે વચલી આંગળીના વચલા પર્વ ઉપર ન આવવું; કારણ કે તેને મેરૂ કહેલ છે; માટે તેનું ઉલ્લંઘન જપકાળમાં થતું નથી, વચલી આંગળીના પહેલા પર્વથી તેજ રસ્તે

ઉલટાવી ગણતાં જ્યાંથી આરંભ કર્યો હતો ત્યાં સુધી ગણીએ એટલે મળી દશ થાય. આમ કરમાળા કરવી. તેમ કરતાં એકસો થાય એટલે એક માળાની સંખ્યા થઇ; તે સંખ્યા બની શકે તો મનમાંજ રાખવી અને જેટલી માળા કરવી હોય તેટલી તે પ્રમાણે કરવી, અગર સંખ્યાને માટે કાંઈ નિશાની રાખ્યા કરવી. આ પ્રમાણે જેટલી માળા કરવાનો નિયમ હોય તેટલી માળા કરવી. આ ક્રમ ઘણો સારો છે. આથી તમામ રીતે મનની ચંચળતા ઓછી થતાં વિશુદ્ધાંતઃકરણ થાય છે. એ પ્રમાણે વેદમાતા ગાયત્રીનો જપ કરતાં માત્ર માળાની સંખ્યા માટે એટલી જુદી અંગચેષ્ટા ઇષ્ટ છે, બીજી કોઈ રીતે વાણી મન કે શરીરના અવયવો હલાવવાની છુટ જણાતી નથી. આ પ્રમાણે જપ કરતાને પણ જો કદી માનસિક ચાંચલ્ય ઓછું થતું ન અનુભવાય તો વર્ણમાળા કરવી એટલે અકારાદિ સોલ સ્વર તથા કકારાદિ છત્રીશ વ્યંજન, એ બાવન અક્ષરમાં દરેક અક્ષર ઉપર મંત્રની ગણતરી કરવી, એ પ્રમાણે જપ કરવો. પ્રથમ અભ્યાસમાં જો મુશ્કેલી જણાતી હોય તો રૂદ્રાક્ષ વિગેરે માળાથી જપ શરૂ કરવો પરંતુ છેવટ મુખ્ય પક્ષ ઉપર આવવાનું મુકી જવું નહિ. આ તો માત્ર પગથીયું બતાવ્યું છે, ભગવાને ગીતાજીમાં કહ્યું છે—**यज्ञानां जपयज्ञोऽस्मि** યજ્ઞમાં જપયજ્ઞ છે, તે મારૂં સ્વરૂપ છે. **उत्तमो मानसोजापः** માનસિક જપ ઉત્તમ છે. આમ ઘણે ઠેકાણે લખેલું છે તેથી એમ સિદ્ધ થાય છે અને ઉત્તમ અધિકારીઓએ અનુભવાય છે કે માનસીક જપની સદ્યસિદ્ધિ છે. આવા જપની સાથે તેના અર્થનું ચિંતવન તથા તેમાં લખ્યા પ્રમાણે ભાવના કરવી. પ્રથમ ભાવના ઉત્પન્ન ન થતી હોય તો તેવા ભાવિક પુરૂષોને શ્રદ્ધાપૂર્વક પુછી સમજી લેવું. સકામ નિષ્કામ પુરૂષોને, ગાયત્રીમાંજ ફળસિદ્ધિ સ્વેચ્છાનુસાર રહેલી છે. આ પ્રસંગે યથાધિકારે સ્થૂણા ખનન ન્યાયરૂપે

એક ઇતિહાસ નિચે પ્રમાણે દૃષ્ટાંતરૂપે લખ્યો છે, તે શ્રદ્ધાપૂર્વક વાંચતાં તેનો મહિમા યથાર્થ રીતે સમજવામાં આવશે.

જપપ્રભાવમાં સોમશર્માનું આખ્યાન.

આત્રેય ગોત્રમાં ઉત્પન્ન થયેલો મહાપવિત્ર અને પ્રતિદિવસ અખંડિત રીતે પોતાના બ્રહ્મકર્મમાં તત્પર રહેનાર સોમશર્મા નામે એક બ્રાહ્મણ હતો પોતાના બ્રહ્મકર્મના પ્રભાવથી તેના ગ્રહસ્થાશ્રમમાં કોઇપણ પ્રકારની ન્યૂનતા નહતિ, પોતાના પિતાજીના ઘરમાં શુદ્ધ વૈદિક માર્ગમાં પ્રવર્તનાર અને પતિની આજ્ઞાને અનુસરનારાં પતિવ્રતા માતુશ્રીના ઉદરથી જન્મ પામેલી અને તેનાજ ધર્મોપદેશથી ધાર્મિક વૃત્તિવાળી જાણે કમળા હોય નહી તેવી વિમળા નામે મહાપતિવ્રતા તેને સ્ત્રી હતી. આ દમ્પતીને સાક્ષાત્ ચતુર્વર્ગ હોય નહિ, તેવા ચાર પુત્રો થયા, તેમાં સૌથી નાહનો પુત્ર પ્રારબ્ધ વશાત્ ચોરી કરવારૂપી મહાપાપાચરણમાં પ્રવૃતિવાળો થયો અને ત્રણ પુત્રો પોતાના [1]તીર્થરૂપની આજ્ઞાને અનુસરીને ચાલનારા થયા. સોમશર્માએ દૃઢશ્રદ્ધાથી હમેશાં ગાયત્રીનો જપ કરતાં બે ત્રણ [2]પુરશ્ચરણ કર્યાં હતાં. હવે પોતાની શરીર સંપત્તિ વૃદ્ધાવસ્થાને લીધે ઓછી થવાથી જો કે ગાયત્રીના જપના પ્રભાવથી પોતાની વૃત્તિ તન્મયભાવને તો પ્રાપ્ત થઈ છે. તો પણ પોતાથી બને તેટલો હમેશાં ગાયત્રીનો જપ કર્યા શિવાય કોઇપણ દિવસ ખાલી જવા દેતો નહી. કોઇ એક દિવસ પો-

---

૧ સ્થંભ તે જમીનમાં નાખ્યા પછી આજુ બાજુ પાષાણુ વીગેરે નાખી ફરી મજબુત કરવાને.

૨ ચોવીશ લાખ ગાયત્રીનો જપ કરવાથી એક પુરશ્ચરણ થાય.

તાનો અવસાન કાળ આવતાં વાત્સલ્ય ભાવથી પેલા ત્રણ પુત્રાના કલ્યાણ થવા વિષે તો પોતે કરેલા ઉપદેશથી પોતાના અંતઃકરણમાં જરાપણ સદેહ નહતો પરંતુ ચોરી કરનાર નાના પુત્રની ઐહિક આમુષ્મિકના સુખની પ્રાપ્તિની ફીકર પોતાના અંતઃકરણમાંથી ન ખસતાં તેને તેવા સમયમાં બોલાવ્યો. પ્રથમ ચોરી ન કરવા વિષે તથા મંત્રોપદેશ ગ્રહણ કરવા વિશે તેને સોમશર્માએ ઘણો ઘણો ઉપદેશ કર્યો હતો. તો પણ તેના માનવામાં આવ્યું નહતું. તથાપિ આ વખતે બોલાવીને કહ્યું કે ભાઇ મારી આ અવસ્થા આમને આમ ચાલી ગઈ તો પણ તારૂં સુખ મારા જોવામાં આવ્યું નહીં. કારણ કે આ તારા ત્રણ ભાઇઓ મારા ઉપદેશ પ્રમાણે વર્ત્યા તો તેને ઇશ્વર કૃપાથી યોગક્ષેમની ખામી આવતી નથી પરંતુ તને તારા પ્રારબ્ધના બલથી હજુ સુધી હું સુખી દેખતો નથી. તારે જ્યાં સુધી જીવવું ત્યાં સુધી ચોરી કરીનેજ ગુજરાન ચલાવવું રહ્યું. કોઈને પણ આ કર્મ કરવાથી સુખી થવાનો સંભવ નથી તો પછી આપણે કે જે બ્રાહ્મણ કુળમાં જન્મ પામી પરમ નિર્વાણ પદના અધિકારી થયા છીએ તેવાઓને તો આ તારા જેવાં કર્મ કરવાથી સુખી થવું એ શાંશલાના શિગડાનું ધનુષ્ય કરી યુદ્ધમાં જય કરવાની આશા રાખવા બરાબર છે.

ब्राह्मणस्यतुदेहोऽयं क्षुद्रकामायनेष्यते ।
कृच्छ्रायतपसेचेह मेत्यानंतसुखायच ॥

બ્રાહ્મણનો દેહ આવા ક્ષુદ્રકર્મ કરવા માટે નથી પરંતુ જ્યાં સુધી જીવવું ત્યાં સુધી સ્વધર્મ કર્મના કૃચ્છ્ર સહન કરવાથી તથા તપશ્ચર્યા કરવાથી " અંતઃકરણને શુદ્ધ કરી " શરીર પડી ગયા પછી

અખંડાનંદ સુખના લાભને માટે છે. હે પુત્ર ! આ વિષય મેં ઘ-ણીવાર તને કહ્યું છે પરંતુ તેમાનું તેં કાંઇ પણ મારૂં કહેવું અંગી-કાર કર્યું નથી. કારણ કે તારૂં પ્રારબ્ધ તેવુંજ હશે. તોપણ માણસ પુરૂષાર્થથી અર્થસિદ્ધિ મેળવી શકે છે. એમ જાણીને હું તને કહું છું કે હવે, તારી કાંઈપણ સત્કર્મ કરવામાં પ્રીતિ ઉત્પન્ન થાય છે ? મને આશા છે કે તુ નાજ કહીશ તોપણ મારૂં મનવાત્સલ્ય ભાવથી તારા હિતમાં વળગી રહેતાં મારા અવસાનના સુખમાં ખા-મી લાવનારી આ વાસના જો કોઇ પ્રકારે નિર્મૂળ થાય તો સારૂં, એમ ધારી પુછુંછું. હવે તારા અંતઃકરણનો શું આશય છે, તે, મને કહી સંભળાવ એટલે મને સતોષ યા તો અસંતોષ જે થવાનો હો-ય તે થાય. આ પ્રમાણે ખાટલા ઉપર સુતાં સુતાં કેટલાએક પો-તાના કુટુંબી તથા ત્રિવર્ગરૂપ ત્રણ પુત્રો બેઠેલા હતા તેના વચમાં તેઓ સાંભળતાં પુછ્યું, તે સાંભળી તે નાનો પુત્ર તો વિચારમાં પ-ડી ગયો. આસપાસના લોકોને, તથા, પાસેબેઠેલા, ભાઇઓને, અને જેના ઉદરથી આવા દુરાચરણીનો જન્મ ન થવો જોઇએ "પરંતુ ઇશ્વરેચ્છા અતર્ક્ય છે" તેવી મહા પતિવ્રતા વિમળાના અંતઃકરણમાં પણ એમજ આવ્યું જે અહો આ દુષ્ટ પુત્ર કે જેના અંતઃકરણમાં આવિ અવસાનની સ્થિતિમાં પણ પોતાના પિતાને સંતોષ ઉપજે એવું વચનનું બીજ પણ તેના અંતઃકરણમાંથી ઉગતું નથી. આ બ્રાહ્મણને આતિ દુષ્ટ પ્રજાથી કેવું અને કેટલું દુઃખ !!! વિગેરે સૌના મનમાં વિચારો આવવા લાગ્યા.

જન્માંતરમાં કે આ જન્મમાં ઘણાં અવિહિત આચરણો થયાં હોય, કે, થતાં હોય, પરંતુ લેશમાત્ર સત્કર્મના યોગથી આવા પવિત્ર કુલમાં જન્મ થવારૂપ પુણ્ય યોગે કરીને મલીન વૃત્તિવાળા પુરૂષોની

પણ, લાજથી, શરમથી, ભયથી કે તેવા કોઈ પણ પ્રકારે કાંએ કરી સંસર્ગના પ્રભાવે સુબુદ્ધિ થવાનો સંભવ મનુષ્યદેહમાં રહેલો છે. એ પ્રમાણે આ દુરાચરણી પુત્રના અંતઃકરણમાં એમ થયું કે આટલાં બધાં માણસોના વચમાં આવા અવસાન વખતમાં પણ જો આપણે પીતાને, વાણીથી પણ, સંતોષ નહી આપીએ તો, આમે. આપણી આબરૂ તો નથી, અને વળી આ વખત મનુષ્યના તરફથી વધારે ધિઃક્કારના પાત્ર થઈશું. એમ ધારી પીતાની પથારી પાસે આવી કહ્યું કે મને જો તમે ચોરી ન કરવાનું કહેશો તો હું આ વખત પણ, તમારૂં માનીશ નહી, કારણ કે તે શિવાય મને બીજું કશું સાધન સુજતું નથી, પરંતુ તમારે તે શિવાય આગળ કહેના હતા તેમ કોઈ મંત્રોપદેશ કરવો હોય કે નિયમ આપવો હોય તો ભલે આપો તે બાબતમાં મારાથી બનશે તેટલું તમારૂ કહેલું પાળીશ. આવું તેનું બોલવું સાંભળી સોમશર્માએ કહ્યું કે બહુ સારૂં ભાઈ ! હું તને ચોરી ન કરવાનું કહિ કહીને થાકયો પણ તેં ચોરી કરવી છોડી નહી ને હવે હું તને તે કાંઈ કહેતો પણ નથી. હું તને જે કહું છું તે આટલુંજ કહું છું કે " આ વખત તું મારૂં એટલું કહ્યું માન કે તારે સૂર્યોદય વખતે નાહીને ગાયત્રી મંત્રની એક માળા ફેરવવી. " આટલું જો આ વખત મારૂં કહ્યું માન્ય રાખીશ તો મને પુરેપુરો સંતોષ થશે અને ભાઈ તું ખરા અંતઃકરણથી તેનો જપ કરીશ તો તને કોઈ પ્રકારની ફીકર રહેશે નહી. આટલું સાંભળી તે વિચાર કરવા લાગ્યો કે એક માળામાં કાંઈ ઘણો વખત રોકાવું પડે તેમતો નથી, તોપણ, આપણે ચોરી કરીને ભાગ્યા હોઈએ અને પાછળ પગેરા સાથે વાર આવતી હોય અને આપણે તેવા અરસામાં સૂર્યોદય વખતે કોઈ તળાવ કે નદીમાં સ્નાન કરી ગાયત્રીની માળા ફેર-

વતા હોઇએ, અને પેલી ફીકર અંતરમાં લાગી રહી હોય, દરમીયાન તે લોકો આવીને આપણને જરૂર પકડે; આ પ્રમાણે પ્રાણાંત મુશ્કેલીમાં આવી જવું પડે, તેથી આ, કબુલાતછે પરંતુ ખેર, એક વખત કોઇપણ બાંને મરવું છે, આ, પણ એક મોતનુંજ બાનું છે. એમ વિચાર કરી પોતાના પીતાને કહ્યું કે આમાં છેતોમારૂંમૃત્યુ પરંતુ આ વખત આપને સંતોષ થતો હોય તો હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી સૂર્યોદય વખતે સ્નાન કરી તમારી આજ્ઞાપ્રમાણે એક માળા ગાયત્રી મંત્રની ગમે તે પ્રકારે પણ કરીશ તેમાં પ્રાણાંત સુધી પણ કોઇ દિવસ ખામી આવવા આપીશ નહી. આવું તેનું બોલવું સાંભળી સોમશર્મા તથા વિમળાની આંખમાંથી અશ્રુની ધારા થવા લાગી અને બે જણ બોલી ઉઠયાં કે બહુ સારૂં પુત્ર આજે તેં અમને ઘણો સંતોષ આપ્યો કારણ કે તું ઉત્તમ બ્રાહ્મણના કુળમાં જન્મ પામ્યો અને તારામાં બ્રહ્મકર્મનો લેશ પણ ન હોય તો તેવા પુત્રથી અમને સ્વર્ગમાં પણ સુખથી રહેવાની જગા ન મળે. શાસ્ત્રમાં લખ્યું છે કે "અધર્મી પુત્ર કરતાં પુત્ર વગરનું રહેવું તે સારૂં છે" માટે ઇશ્વર તને સદ્બુદ્ધિ આપે એવો અમારો આશિર્વાદ છે. આટલું બોલતાંજ સોમશર્માને તો જેમ સમાધિ થઇ જાય તે પ્રમાણે મહાસમાધિ થઇ ગઇ અને તરત એકદમ નેત્ર ખુલી જતાં ઉત્તમ ગતીને પ્રાપ્ત થયો. પતિની સાથે મહાપતિવ્રતા વિમળાની પણ તેવીજ સ્થિતિ થઇ. આ બે દંપતીયે પોતાના વરણાશ્રમ ધર્મમાં કોઇ પણ દીવસ જરાપણ ખામી આવવા દીધી નથી. વિમળાને સોમશર્મા જેવા ધર્મનિષ્ટ પતિની સેવા કરતાં તથા તે પતિના ગ્રહસ્થાશ્રમના કાર્ય પ્રસંગમાં મનથી પણ જરા અરૂચી કે અભાવ આવ્યો નથી. શાસ્ત્રમાં સ્ત્રી શરીર પ્રાપ્ત થવું એ પ્રાપનું ફળ છે એમ લખે છે અને તેમાંથી છુટવાનું, અનન્ય ભાવથી પતિપરિચર્યા શિવાય બીજું

સાધન નથી; તે પ્રમાણે પોતાના હીતને સમજનારી આ વિમળા પોતાના પતિની ગતીને પામે એમાં કાંઇ આશ્ચર્ય નથી.

પિતાનું વચન અંગીકાર કર્યા બાદ " કુટુંબમાં તો તેવા દુરાચરણીઓનો પ્રેમ હોતો નથી, એટલે" તરત, ત્યાંથી, તે, ચોર, બાઇ તો, ચાલી નિકળ્યા. એક માળા સુર્યોદય વખતે સ્નાન કરીને ફેરવવી એવો નિશ્ચય કરી પોતાના ચાલતા રોજગારમાં લાગી ગયો. ઘણી ઘણી લુટ ફાટ કરી ઘણી ઘણી ચોરી તથા ખાતર પડે છે પણ જ્યાં સુર્યોદય વખત થાય ત્યાં તરત સ્નાન કરી માળા કરવી ચુકે નહી. " અંતઃકરણમાં, આ મોતની નિશાનીછે પણ બાપના માનની ખાતર હવે ડરીને છોડવું નહીં " એવો વીચાર, પૂર્વસંયોગે તરત તેના હૃદયમાં આવી જતો, તેથી, તેણે, ગાયત્રીજપ, તો, કોઈ પણ દિવસ ત્યાગ કર્યો નહિ.

" ઓળખ્યું અફૂલ થતું નથી " એ લૌકીક કહેવત પ્રમાણે કેટલે કાળે તેના મનમાં એવો વિચાર આવ્યો કે આમ રોજ રોજ ખાતર પાડીને રણ નાશી જવાના પ્રતિબંધમાં રહેવું તેના કરતાં આપણે હવે એક ખાતર એવું દેવું કે કાં તો મરીએ છીએ, ને કાં તો બચી જઇએ છીએ, જો બચીએ તો પણ ત્યાર પછીથી ખાતર ન પાડવું, અને કદી પકડાયા અને માર્યા ગયા તો પણ પછીથી ખાતર પાડવું નથી" આવો નિશ્ચય કરી એક મોહોટા રાજ્યમાં જઇ વીચાર કર્યો કે રાજ મેહેલની અંદર રાણી વાસમાં જઇ રાણીઓને પહેરવાના દાગીનાઓ લેવા અને પછી નાસવું ને પકડાઇશું તો માર્યા શિવાય છોડનાર નથી અને કદાચીત્ નહિ પકડાઇયે તો એ દાગીનાઓ એવા હશે કે જે આવવાથી આપણે ફરી આપણી જીંદગીમાં પણ ચોરી કરવી પડશે નહી. આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરી રાત્રીમાં લાગ મેળવી વેશ બદલા કરી તે પ્રમાણે તેજ રાજ્યના રાણી વાસમાં જઈ લાખ-

ડોઢ લાખની કીમતના હીરા માણેકથી સુશોભિત દાગીનાઓ રાણીઓએ પોતાના શરીર ઉપરથી ઉતારી રાત્રીમાં પોતાના પલંગ નીચે મજબુત ડાબડામાં રાખ્યા હતા. તે ડાબડા સહિત ઉપાડીને લાગપડતે વખતે નાઠો તેવાજ જોસમાં જ્યાં સૂર્યોદય વખત થયો તેટલામાં લગભગ ત્રીશેક ગઉને અંતરે તે શહેરને મેલી દિધું. ત્યાં એક વિશાલ સરોવર નજરે પડયું. એટલે તરત તેના કીનારા ઉપર પોતાનાં પુહેરવાનાં કપડાં તથા દાગીનાનાડાબડાઓને વીંટી ગાંસડીકરી પોતાની નજરપડે તેમ મેલીને એકપોતીયાભેર, તે તલાવમાં ડુબકીમારી, ડોકમાંથી માળા કાઢી, સૂર્યને પ્રણામકરી, જપ કરવા લાગ્યો, જ્યાં, હજુ, અરધિ માળા ફરી નથી, તેટલામાં કેટલાએક ઘોડાની પડઘીનો અવાજ માળા ફેરવતાં તેને કાને આવ્યો પરંતુ પોતાનો દ્રઢ નિશ્ચય હતો તેથી ધીરતા રાખીને ધીમે ધીમે સ્થીર મનથી જે પ્રમાણે માળા કરતો હતો તેજ પ્રમાણે કર્યા કરી.

કયારે આવી અને કયાંથી આવી તેની તે બ્રાહ્મણને ખબર ન પડી તેવી રીતે તે દાગીના તથા કપડાંની પોટલી પાસે લગભગ સોળેક વરષની સ્ત્રી લાજ આબરૂથી જેમ તે બ્રાહ્મણના ઘરનું માણુસ હોય તેમ અકસ્માત્ આવીને બેસીગઈ સગડ મેળવતાં મેળવતાં ઘોડેસ્વારો તથા પગી લોકો જેટલામાં તે જગોએ આવ્યા તેટલામાં, તે, પોટલીઆગળથી, તે પાણી વડે સંપૂર્ણ ભરેલા તળાવમાં જતો સગડ જોવામાં આવ્યો અને તપાસતાં દિગ્મૂઢજેવો થઇગયો મુખ્યઅમલદારે તેને, એકદમ જુસ્સાભેર કહ્યું કે અરે બેવકુફ આંહી કપડાની ગાંસડી સાચવવા આ બાઈ બેઠેલી છે. અને આ બ્રાહ્મણ સંધ્યા ગાયત્રી કરે છે. તું અટલામાંજ સગડ ગોતવા ચોટી રહ્યો છે તારે સૌને તલાવમાં નાંખવા છે આવા વીશાળ ત-

ળાવમાં સગડ ન જઇ શકે? વખત જાય છે જલદીથી સગડ આગળ તપાસો, આટલું સાંભળતાંજ, તે પગીને જાણીયે ત્રિપદાયેજ, પ્રેરણા કરી હોય એમ એકદમ ચમકીને બોલ્યો કે ચાલો ચાલો તળાવની સામી બાજુથી સગડ મળશે એમ કહી એકદમ સર્વે ત્યાંથી રવાના થયા. દૈવીકૃપાનો ચમત્કાર અતકર્ય છે એવો વિચાર કરી માળા પુરી થતાં તે બ્રાહ્મણ તલાવથી બહાર કીનારા ઉપર પોતાના સામાન પાસે આવ્યો અને પેલા ઘોડેસ્વારો તો કોણ જાણે કયાં ગયા તે, બ્રાહ્મણના જોવામાં પણ નઆવ્યા પોતાના સામાન પાસે કોઇ સ્ત્રી બેઠેલી તેને જોઈ કેટલીએક વાર સુધી તો આ બ્રાહ્મણ વીચારમાં ગમગીન થઇ ગયો અને પછી આશ્ચર્યથી બોલ્યો કે અરે બાઇ તું કોણ છે અને આ મારા કપડાની ગાંસડી પાસે શા માટે બેઠી છે? ત્યારે તેણે પાછું ફરી તેના સામું ન જોતાં જવાબ આપ્યો કે 'ખરા અંતઃકરણથી મારૂં ભજન કરનાર તારા પિતા સોમશર્મા કે જેણે અનન્ય ભાવથી મારી પ્રીતિ સંપાદન કરવા માટે મારા મંત્રના ત્રણ પુરશ્ચરણો કરી મને પ્રસન્ન કરી છે. ને, તેણે યથાવિધિ મારૂં આરાધન કર્યું છે, તે હું સાક્ષાત્ વેદ માતા ગાયત્રી છું. અને તું મારા પરમ ભકતનો પુત્ર છે, માટે તને પ્રાણાંત આપત્તિમાં આવેલો જોઈ તારા પિતાના પુણ્ય પ્રભાવથી હું તારૂં રક્ષણ કરવા માટે આવી છું." આટલું સાંભળતાંજ તે બ્રાહ્મણ તો, આશ્ચર્ય પામી ગયો, અને, તે જગદંબાના ચરણ નજીક સાષ્ટાંગ પ્રણામ કરી ગદગદ કંઠે સ્તુતી કરવા લાગ્યો કે હે સચ્ચિદાનંદરૂપિણી જગજ્જનની માતા ગાયત્રી આપની કૃપાથી હું આજે કૃતાર્થ થયો છું મારા જેવા પાપાચરણી પુરૂષોની સહાયતા કરવા માટે આપે તસ્દી લીધી આવા આપના દયાળુ સ્વભાવ છતાં મેં આજ દીવસ સુધી આ પાપ કર્મને

લીધે આપનું બીલકુલ આરાધન કર્યું નહી ધિઃકાર છે મારા જન્મ-ને અને જીવિતને હે મા, હવે છોરૂ કછોરૂ થાય, માતા કુમાતા થાય નહીં, એવા આપના બીરૂદ પ્રમાણે આપ મને દર્શન આપો. આપ મુખાર્વિંદ પાછળ રાખી મને તેનું દર્શન શા માટે આપતાં નથી કૃપા કરી મને પૂર્ણ દર્શન આપો, આવિ તે બ્રાહ્મણની પ્રાર્થના સાંભળી તેજ પ્રમાણે તેના સામું ન જોતા ભગવતી ત્રિપદાયે તેને જવાબ આપ્યો. કે જે બ્રાહ્મણ છતાં મારૂ આરાધન નથી કરતા તેને શુદ્ર કરતાંપણ, હું, નિકૃષ્ટ, માનુંછું. ને, પરમભાવથી આરાધન કરનાર બ્રા-હ્મણની હું સર્વ સંકટમાંથી રક્ષા કરૂછું. તું, સોમશર્માનો પુત્રછે અને આટલીપણ તેની આજ્ઞાથી, તેં, મારૂં, આરાધન કરવામાંડયું તો તારૂં આગળ ઉપર વિશેષ ભક્તિથી અંતઃકરણ શુદ્ધ થાય ને તું તારા પિતાની ગતીને પામે એટલા માટે મેં તને આટલું મારૂં દર્શન આપ્યું છે. હવે તું જો મારૂં શુદ્ધ ભાવથી આરાધન કરીશ, અને આવા વેદ તથા લોકમાં પણ નિંદિત એવા કર્મો નહી કરીશ તો તને યોગ્ય વખતે મારૂં સંપૂર્ણ દર્શન થશે તું હવે આ કર્મો ત્યાગ કરવાથી દુખી નહી થાય, એટલું કરી ત્રીપદા ગાયત્રીદેવી અંતર્ધ્યાન થઇ ગ-યાં. અને બ્રાહ્મણપુત્રેપણ આજથી લોકનિંધ ચોરી વીગેરે તમામ કુકર્મનો ત્યાગ કર્યો ને સઘળો સામાન લેઇ પોતાને ઘેર આવ્યો અ-ખંડિત ભાવથી પ્રતિદિવસ વેદવિહિત બ્રહ્મકર્મ કરનારા પોતાના ત્રણે ભાઇયોને પ્રણામ કરી તેઓને પ્રસ્તુત વાતથી જાણિતા કરી તેઓની આજ્ઞા પ્રમાણે વિહિત વેદ માર્ગનું અનન્ય ભાવે આલંબન કરી તે પ્રમાણે તનમન અને ધનથી વરતવા લાગ્યો છેવટ યથા વિધિ ત્રિપદાનું આરાધન કરી નિરંતર નિરાભય તથા નિઃક્લેશ ગ્રહસ્થાશ્રમના સુખનો

અનુભવ કરી, યજ્ઞ, દાન અને તપના પ્રભાવથી પોતાના આત્માને શુદ્ધ કરી આલોકમાં નિર્મલકીર્તિસ્થંભરોપી પરમાત્માના પરમપદને પ્રાપ્ત થયો.

वेदाः [1]सांगास्तुचत्वारोऽधीतासर्वेऽपि[2]ऽग्मयाः
गायत्रींयोनजानातिवृथातस्यपरिश्रमः ॥

અંગ સહિત ચાર વેદનો અભ્યાસ કર્યો હોય તથા 'બીજા' સર્વે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય પરંતુ ગાયત્રીના યથાર્થ સ્વરૂપને તથા તેના મહિમાને જાણતો નથી તો તેનો વેદ અને શાસ્ત્ર સંબંધી સર્વ પરિશ્રમ વૃથા છે. અર્થાત્ ગાયત્રીની ઉપાસના વિના કશું પણ ફળદાયક થતું નથી બીજા અનેક વૈદિક મંત્રનો ઉપદેશ ન કરતાં [3]વર્ણત્રયીનીને ઉપવીત સંસ્કાર વખતે ઉપવિત ધારણ કર્યા પછી તુરત ત્રિપદાગાયત્રીનો ઉપદેશ કરવામાં આવે છે, [4]સંસ્કૃત પુરૂષને અદ્વૈત વેદસિદ્ધાંતનું રહસ્ય સમજાવી પરમગતિયે પોચાડનાર ગાયત્રી-મંત્ર એ મહામંત્ર છે એમ સર્વજીજ્ઞાસુએ સમજી શરીરસ્થિતિ પર્યંત તે મહામંત્રનો ત્યાગ કરવો નહી.

---

૧ शिक्षा कल्पो व्याकरणं निरुक्तं ज्योतिषांगतिः । छंदोविचितिरित्येषः षडंगोवेदउच्यते શિક્ષા કલ્પ વ્યાકરણ નિરૂક્ત છંદ અને જ્યોતીષ, એ પ્રમાણે વેદના ૬ અંગ છે.

૨ गौतमस्य कणादस्य पतंजलेः ॥ व्यासस्य जैमिनेश्चापिदर्शनानिषडेवहि ॥ ગૌતમ, કણાદ, પતંજલિ, વ્યાસ, અને જૈમિનીના પ્રણિત સૂત્રરૂપે ૬ શાસ્ત્રો તે. ૩ બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય. ૪ જેના ઉપર સંસ્ત્રોક્ત સોળ સંસ્કાર થયા છે તે સંસ્કૃત પુરૂષ.

પુજ્ય અને પુજકનો અભેદ બોધ.

જપ થયા બાદ [1] **देवतानांचपूजनम्** એ વાક્યમાં બહુ વચનછે માટે એક દેવ નહિ પરંતુ અનેક દેવનું એટલે શાસ્ત્રમાં કહ્યાં પ્રમાણે નિત્યકર્મમાં પાંચ દેવનું પૂજન કરવું. દેવવાક્યપ્રમાણે દેવમાં ભેદ છેજ નહિ. શંકરદિગ્વિજય વાંચવાથી જણાય છે કે પૂજ્યપાદગુરૂ શંકરાચાર્યજીએ આ ઉપદેશને ઘણો સુદઢ કર્યો છે, ખરૂં સમજવાને પોતાની યોગ્યતા જ્યાંસુધી થઈ નથી, ત્યાંસુધી ભેદભાવ રહેછે. યોગ્યતા થયા બાદ એક અભેદ ભાવ છે એવો નિશ્ચય થવાથી ભેદાભેદરૂપ અંતઃકરણની વૃત્તિનું અદર્શન થઇ અનન્યભજનાનંદ પ્રાપ્ત થશે. માટે આસ્તિકતાથી શાસ્ત્રાનુશાસનનું ઉલ્લંઘન કરી વિપરીત ચાલવું નહી. એ અધિકારીનું લક્ષણ છે. પૂજ્યપુજકભાવ અભેદરૂપે જ્યારે અનુભવાય ત્યારે તેનું ફળ થયું ગણાય. પંચાયતનનું પૂજન બ્રહ્મકર્મ કે જે, બ્રહ્મપ્રાપ્તિના કારણરૂપે કહ્યાં છે. તેમાનું ચોથું કર્મ છે. આ પંચદેવતાં નર્મદેશ્વર બાણ લિંગ જેવાં, તેઓનાં લિંગ માત્ર પૂજવાથી પંચાયતન પૂજન ગણાય છે. નર્મદેશ્વરનું પૂજન કરતાં શાસ્ત્રોકત ધ્યાન પ્રમાણે સુંદર આકૃતિનું અંતઃકરણમાં ધ્યેયરૂપે કલ્પવું, એ સવિકલ્પ યોગનો આરંભ કરવો છે. ધ્યેયરૂપે કલ્પેલી યથોકત પ્રતિમાને ચંદન પુષ્પાદિક [2] પૂજોપચાર કલ્પી તેવાજ સમયમાં એટલે કલ્પિત પ્રતિમાં તૈયાર થઇ છે તેવા સમયમાં અર્પણ કરવાં એ તે યોગની અધિકતાએ પહોંચવાનો પ્રયત્ન છે. પૃથિવ્યાત્મક ગંધ અર્પણ

---

१ आदित्यं गणनाथंच देवीं रुद्रं च केशवं ॥ पंचदैवत्यमित्युक्तं सर्वं कर्मसुपूजयेत्.

२ मानसीसापरामता માંનસિક પૂજાને પરા (શ્રેષ્ટ) પુજા કહેલી છે.

કરવો, આકાશાત્મક પુષ્પ અર્પણ કરવું, વાય્યાત્મક ધુપ અર્પણ કરવો, તૈજસાત્મકદીપ અર્પણ કરવો, અને અમૃતાત્મક નૈવેદ્ય અર્પણ કરવું તથા સર્વવ્યાપકત્વાત્મક સર્વોપચાર યથેચ્છ રીતે ધ્યેયરૂપ થયેલી પ્રતિમાને અર્પણ કરવામાં આગળ સમજાશે તેવા સર્વપદાર્થો કલ્પનાસિદ્ધ સમજી શકવાનું મુમુક્ષુ પુરૂષોને આ પગથીયું છે. કલ્પિત છે. તેનો અર્થ મિથ્યા નથી પરંતુ નથી અને ભાસે એ કલ્પિત, તથા તે ભાસવામાં જે કારણભૂત છે તેને તેનાથી અભીન્ન જાણવાનો આ પ્રમાણે પુજ્યપૂજકભાવ પ્રતિપાદન કરવારૂપ હેતુ છે એમ રહસ્ય સમજાવ્યું છે. અવતારિક પુરૂષોના તથા દેવતાઓનાં સાક્ષાત્ દર્શન કરવાં; તે એક વસ્તુમાંથી અનેકનો પ્રાદુર્ભાવ થયો છે એવા વેદ રહસ્યને જ્યારે અભિન્ન પૂજ્ય પૂજક ભાવથી સમજાય ત્યારે ફળદાયક થાય છે. આગળ જતાં નામદેવના દષ્ટાંતથી આ પ્રસંગ સવિશેષ સમજાશે શાલિગ્રામનું પૂજન કરતાં શાસ્ત્રોકત સ્વરૂપની કલ્પનાપૂર્વક ધ્યેય મૂર્તિ ખડી કરી ઉપર પ્રમાણે પૂજવી શોણુભદ્રાના ગણુપતિનું પૂજન કરનારે શાસ્ત્રોકત ગણુપતિના સ્વરૂપની અંતઃકરણમાં કલ્પનાથી મૂર્તી ખડી કરી તેનું ઉપર પ્રમાણે પૂજન કરવું ઈત્યાદિક સૂર્ય તથા દેવી વિગેરેને પુજવામાં તથા કલ્પિત પ્રકારમાં સવિકલ્પદ્વારા નિર્વિકલ્પની કારણુતા છે એમ સમજવું. એક કલ્પના જ્યારે દૃઢ થઇ, ત્યારે તેવી બીજી કલ્પના ઉત્પન્ન કરતાં વાર લાગશે નહી. વિશેષ કલ્પના ઉત્પન્ન કરતાં કદી એકજ દેવની ધ્યેયપ્રતિમાથી સવિકલ્પની સિદ્ધિ થતાં કપિલ દેવે પોતાના માતુશ્રી દેવહુતીને ઉપદેશ કર્યો છે તે પ્રમાણે તે એક દેવની કૃપાથી ક્રમે ક્રમે નિર્વિકલ્પ સાધ્ય કરી શકાય છે. આ પ્રમાણે કરવાની પૂજાપ્રકારમાં અંતર્યાગરૂપે નિદર્શના કરેલી છે. પ્રથમથીજ પોતામાં [1]દેવત્વભાવના કરી પૂજા કરવી. એવોલેખ

---

[1] देवोभूत्वायजेद्देवंनाऽदेवो देवमर्चयेत् દેવરૂપ થઇને દેવની પુજા કરવી. દેવરૂપ થયાવીના દેવ પુજવા નહી.

છે. જે વસ્તુમાં આપણો તન્મયભાવ થાય તે વસ્તુની [1]કલ્પના ઉઠ-વામાં વિલંબ થતો નથી. પૂજન વિધિમાં પણ અંતઃકરણમાં કલ્પિત મૂર્તિના તેજને [2]નાસારંધ્રથી કોઇ પણ દ્વારા બહાર લાવી પુજ્યલિંગમાં આરોપવા બાદ તેના પૂજનમાં પ્રવૃત્ત થવું તે બહિર્યાગ કહેવાય છે. અંતર્યાગ કર્યા વિના બહિર્યાગનું કશું ફળ નથી. આ મુખ્ય માર્ગ છે અને બાહાર જેવા મુખ્ય માર્ગને અનુસરનારા ભાવિક પુરૂષોના અંતઃકરણમાં ઉપાસ્યદેવત્વનો પ્રાદુર્ભાવ થયો તેવેરૂપે બહિર્યાગ કરવામાં દેવતાઓની સ્થૂલ સાકાર પ્રતિમાઓરૂપે બહિર્યાગ પણ કરવામાં આવે છે. વેદ સિદ્ધાંત પ્રમાણે સૂર્યનારાયણની કીરણોમાં ભરેલા અબાધક અગ્નિની પેઠે સામન્ય ચૈતન્ય સર્વત્ર ભરપૂર છે. પરંતુ અંતર્યાગ કરી તત્તેજનુંતન્મૂર્તિમાં આરોપણ કરી અને વૈદિક મંત્રોથી પ્રાણપ્રતિષ્ટાપૂર્વક પ્રતિદિવસ, દ્દઢ ભાવનાથી ઘણા પુરૂષો તેવી એક પ્રતિમાં વિશે વિશેષ ચૈતન્યના આરોપણ કરવારૂપ બહિર્યાગ કરવામાં પ્રવૃત રહેતા તેથી તે પ્રતિમા સકામ તથા નિષ્કામ પુરૂષને મનવાંછિત ફળની પ્રાપ્તિ કરે આમાં જરા પણ સંશય રહે નહી. કાલાંતર થતા આ પ્રયોગ મનનું ચાંચલ્ય વધિ જતા સાવનિર્મુળ થતો જાય છે તેથી તેવી પ્રતિમાઓ કે દેવનાલિંગ ફળપ્રદ થતા નથી. નર્મદેશ્વર વિગેરે ઉત્પન્ન થતા લિંગ તથા તેવા પ્રકારની કેટલીયેક પ્રતિમાઓ સ્વતઃ ફલપ્રદ છે. પરંતુ ઉપર કહ્યામાં આવ્યા

---

૧ સ્ત્રી આદિકમાં આસકત કામી પુરૂષોના અનુભવમાં અવિલંબે કલ્પિત પદાર્થો દેખાય છે. ૨ कर्पूरगौरं करुणावतारं संसारसारं भुजगेंद्रहारं सदावसंतं हृदयारविंदे भवं भवानीसहितं नमामि એ શ્લોકમાં કહ્યાં પ્રમાણે પોતાના હૃદયમાં ધ્યાન કરી નાસિકાદ્વારા પ્રાણનું બહિર્નિર્ગમન છે, તેથી નાસીકાદ્વાર માર્ગે તે કલ્પિત તેજોમય મૂર્તિને બહિર્યાગની સિદ્ધિ માટે પુજ્ય પ્રતિમામાં ભાવિત કરવી.

તેવા પ્રયોગના અભાવે [1]વિશેષતા જણાતી એ ઓછું થતું જાય છે કારણના અભાવે કાર્યનો પણ અભાવ થાય છે. આ પ્રસંગે [2]તુલસીદાસની અનન્ય ભક્તિનો પ્રભાવ એ દૃઢશ્રદ્ધા અને દૃઢ નિશ્ચયનું નિદર્શન છે. શાસ્ત્રોક્ત પ્રમાણે કદિ યથાર્થ વિધિ કાંઇ ન જાણતો હોય તો પણ તેવા કેટલા એક મંદપ્રજ્ઞ પુરૂષોના અંતઃકરણમાં દેવ તરફ દૃઢશ્રદ્ધાથી પરોક્ષ જ્ઞાન " એટલે દેવનું શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે આવું

---

૨ તુલસીદાસ, નામે ભક્ત રામના ઉપાસક હતા. તે, કૃષ્ણને મંદિર દર્શન કરવા ગયા આ ભક્તરાજતો સર્વત્ર પોતાના ઇષ્ટ દેવના સ્વરૂપને દેખે છે પરંતુ આ વખત કૃષ્ણની મૂર્તિને દેખી પોતે કહ્યું કે " કહા કહું છબી આજકી, ભલે બીરાજો નાથ; તુલસી મસ્તક તબ નમે, ધનુષ્ય બાણ ગ્રહો હાથ " તેથી તેજ પ્રતિમા રામચંદ્રની થઈ તેને દર્શન આપ્યાં.

૧ આ વિશેષતારૂપે અન્યોન્યાશ્રય અથવા અન્વયવ્યતિરિક્તતાથી પ્રતિમા તથા ઉપાસક એ બેયનું યથાશાસ્ત્ર હોવું તે ફળ સિદ્ધિનું કારણ છે. એ વાત યાદ રાખી પ્રતિમાનું પ્રતિમાપણું તથા સેવકનું સેવકપણું શુદ્ધ શાસ્ત્રમાર્ગ પ્રમાણે જેટલું સચવાય તેવી ફ્લોત્પત્તિમાં બાંધ આશીઘ્રતા અનુભવાય છે અને એજ હેતુ સાંપ્રતકાલમાં, સેતુબંધરામેશ્વર, ત્ર્યંબકેશ્વર વિગેરે શિવાલયો તથા તેવા કેટલાએક વૈષ્ણવાલયોમાં શુદ્ધ આચાર સહિત ગાયત્રી સંધ્યા વિગેરે ન જાણનારને મંદિરમાં ન પ્રવેશ કરવા આપવારૂપે યાત્રાશીલ પુરૂષોથી અનુભવાયછે.

૧ शंभौ मध्यगते हरीनहरभूदेव्यो हरौशंकरे भास्येनागसुता रवौहरगणेशाजांबिकाः स्थापिताः ॥ देव्यां विष्णुहरैकदंतरवयो लंबोदरेऽजेश्वरेनार्याः शंकरभागतोऽतिसुखदाः व्यस्तास्तुतेहानिदाः ॥

રૂપ છે " તેવું જ્ઞાન કુતર્ક તથા અશ્રદ્ધાથી હણાયું નથી એથી તેઓ અર્થ સિદ્ધિને પામે છે. પ્રથમ જણાવવામાં આવ્યું કે અશ્રદ્ધાથી પરોક્ષ જ્ઞાન નાશ થાય છે. અને અવિચારથી તથા કુતર્કથી અપરોક્ષ જ્ઞાન નાશ પામે છે. માટે શાસ્ત્ર પ્રમાણથી ભાવના અને શ્રદ્ધાપૂર્વક પંચાયતન પૂજન કે જે બ્રહ્મકર્મમાનું ચોથુ કર્મ છે તે કરવાની બીજા કરતાં પણ અધિક જરૂરીયાત છે.

ઉપર કહ્યા પ્રમાણે શ્રદ્ધા ભક્તિ ધ્યાન અને યોગથી ઇશ્વરારાધન બ્રહ્મકર્મમાં કહ્યા પ્રમાણે નથી કરવામાં આવતું ત્યાંસુધિ અંતઃકરણના મલ વિક્ષેપાદિ દોષો દૂર ન થતાં નિરાવરણ જ્ઞાનનો ઉદય થતો નથી. આ વિસ્મૃતિની સ્મૃતિ સવિસ્તર ગ્રંથાવલોકન કરતાં સૌ કોઈ વિચાર શીલને આવશે.

ચતુર્થ બ્રહ્મકર્મના સંબંધમાં આગળ ચાલતા પંચાયતન પૂજન કેવી રીતે વિધિ સહિત કરવું તે આન્હિક વિગેરે ગ્રંથોમાંથી જાણિ લેવું. સંક્ષેપમાં પંચદેવ એટલે મહાદેવ, વિષ્ણુ, સૂર્ય, ગણપતિ.

---

૧ શંકર મધ્યમાં હોય તો વિષ્ણુ, સૂર્ય, ગણપતિ, અને દેવી એવી રીતે ઇશાનાદિ સ્થાપવા. ૨ વિષ્ણુ મધ્યમાં હોય તો શિવ, ગણપતિ, સૂર્ય, અને દેવી; ઉપરના ક્રમ પ્રમાણે, સ્થાપવા. ૩ સૂર્ય વચમાં હોય તો હર, ગણેશ વિષ્ણુ અને અંબા ઇશાનાદિક્રમથી સ્થાપવાં. ૪ દેવી વચમાં હોય તો વિષ્ણુ, શિવ, એકદંત અને રવિ એ ચારને ઈશાનાદિક ક્રમથી સ્થાપવા અને ૫ લંબોદર વચમાં હોય તો વિષ્ણુ, શિવ, સૂર્ય અને આર્યા એટલે જગદંબા એ ચારને ઈશાન કોણથી નંબર વાર સ્થાપવા. આ સ્થાપન ક્રમ છોડીને સ્થાપવાથી તે યથાર્થ ફલપ્રદ થતા નથી.

અને દેવી એ પાંચ દેવ કહેવાય છે; તેમાંથી ગમે તે દેવ તરફ પોતાની અભિરૂચી થાય તેની મધ્યે સ્થાપના કરવી એટલે પોતાના અભીષ્ટ દેવને વચમાં સ્થાપી તે દેવના ઇશાંન અગ્નિ નૈરૃત્ય અને વાયુ કોણમાં તે પંચાયતનમાંના ચાર દેવને યથાક્રમે સ્થાપવા. શાસ્ત્રમાં કહેલા સ્થાપનપ્રકારથી ઉલટી રીતે ન સ્થાપવા. પાંચે દેવ એક સરખા છે પરંતુ રૂચીની વિચિત્રતાથી ભાવિક પુરૂષોને તેમાના એક દેવ પરમાલંબન તરીખે માનવાની શાસ્ત્ર આજ્ઞા કરે છે અને તેની યથાર્થતા આગળ ચાલતા પોતાની મેળે જણાઇ આવશે. કોઇ કહે વિષ્ણુ સાચા તો કોઈ કહે શિવ સાચા એક કહે તે નહી; અમારા ગણુપતિ સાચા, તો બીજો કહે ના અમારા સૂર્ય સાચા; ત્રીજો કહે તે એકે નહી આ મારી દેવીજ સાચી. આવા વાદવિવાદનો આ અવકાશ છેજ નહી. જે વિષ્ણુને પ્રાધાન્ય રાખી પંચદેવને પૂજે તે પૂજક વૈષ્ણુવ કહેવાય, શિવને મધ્યમાં સ્થાપન કરી પંચદેવને પૂજનારા શૈવ કહેવાય, શક્તિને મધ્યે સ્થાપન કરી પંચદેવનું યજન કરનાર શાક્ત કહેવાય, ગણાધિપતિને મધ્યસ્થાપન કરી પંચદેવને પૂજનાર ગાણુપત્ય કહેવાય, તથા સૂર્યનારાયણુને પ્રધાનપદે માન્ય રાખવા પૂર્વક પંચદેવનું અર્ચન કરનાર સૌર કહેવાય. આ પ્રકારે એક આલંબન રાખી ઈશ્વર ભક્તિ કરનારાના એ પ્રકારે શૈવ, શાક્ત, વૈષ્ણુવ, ગાણુપત્ય અને સૌર એવાં નામો શાસ્ત્રમાં આપવામાં આવ્યાંછે અને તે સર્વે સ્માર્ત એટલે સ્મૃતિ માર્ગને અનુસરી ચાલનારા ગણાય છે. વાદવિવાદમાં સ્માર્તપણું છે એમ સમજાતું નથી. આગ્રહનો ત્યાગ કરી પરમપદને પામવામાં સૌ કોઈની સમાન લક્ષણા છે. કેટલાએક શિવભક્તો તથા વિષ્ણુભક્તો દુરાગ્રહરૂપી ફાંસામાં આવી પોતાના ઉપાસ્ય દેવના યથાર્થ સ્વરૂપને શાસ્ત્રદ્વારા પોતાની બુદ્ધિની મંદતાથી ન સમજતાં પરસ્પર ઝગડો કરી તુષાવઘાતીવત્ ફલને અનુભવે છે.

આગ્રહનું સ્વરૂપ જુદુંજ જોઇએ. આમ થવાથી ક્લિષ્ટ અંતઃકરણમાં સદ્ભાવના ઉદય પામતી નથી. શ્રુતિસ્મૃતિનો નિષ્પક્ષપાત વિચાર કરી જોવામાં આવે તો **एकोदेवः सर्वभूतेषुगूढःसर्वव्यापीसर्व भूतांतरात्मा** (દૂધમાં રહેલા ઘૃતની પેઠે) સર્વ ભૂતનો અંતરાત્મા સર્વ વ્યાપી એક દેવ સર્વ ભૂતને વિષે ગૂઢ એટલે ગુપ્ત અર્થાત્ સ્વસ્વરૂપે અનુભવાય તેવો રહ્યો છે. આવો તાત્પર્ય નિકળે છે. ઝઘડો કરનારા " આ પ્રમાણે શાસ્ત્રમાર્ગદ્વારા તેજ એક દેવને પ્રાપ્ત થતાં સર્વ ક્લેશનો નાશ થઈ જાયછે. " એમ સમજતા નથી એથી પુનરપિજનનને પુનરપિ મરણ મટતું નથી એવું શ્રુતિ પ્રમાણ છે. **सर्वदेव नमस्कारः केशवं प्रतिगच्छति** સર્વદેવરૂપે પોતે એકજ પરમાત્મા પુજાય છે માટે સર્વદેવને કરેલો નમસ્કાર તે એક દેવનેજ પહોચે છે આમ સર્વ એક એક અને એકજ છે પરંતુ આવું [1]વેદગાંભીર્ય આ જન્મનાં કે જન્માંતરના શુભ કર્મના ઉદય વીના સમજાતું નથી. મોક્ષપદનો અર્થ પણ વેદ વાકયોથી ઉપર કહ્યા તેવા અભેદ અનુભવમાંજ રહ્યો છે.

वासुदेवंपरित्यज्य योऽन्यदेवमुपासते ॥
तृषितोजाह्नवितीरे कूपंखनतिदुर्मतिः ॥ १ ॥

વાસુદેવ (વિષ્ણુ) નો ત્યાગ કરી જે કોઈ અન્ય દેવની ઉપાસના કરે છે તે દુર્મતિ માણસ પવિત્ર કરનારી ગંગા છતાં તેના કીનારા ઉપર પોતાની તૃષા નિવૃત કરવા માટે કુવો ખોદે છે અર્થાત્

---

૧ वेदार्थाः परमाद्वैतंनेतरत्सुरपुंगवाः । દેવતાઓને પણ આ અર્થમાં સંશય થતાં તે હિરણ્યગર્ભ કારણ બ્રહ્મરૂપ બ્રહ્માની પાસે જઇ પુછતાં તેણે ઉપર પ્રમાણે ઉત્તર આપ્યો કે વેદનો અર્થ પરમ અદ્વૈત છે. માટે તે ન સમજનારાના ત્રિવિધ તાપની શાંતિ થતી નથી.

વિષ્ણુ સર્વ દેવતાથી મોટા દેવ છે. બીજે ઠેકાણે કહે છે કે—

महादेवंपरित्यज्ययउपास्तेन्यद्देवतां ॥
समूढोविषमश्नाति सुधांत्यक्त्वाक्षुधातुरः ॥

મહાદેવ (શિવ) નો ત્યાગ કરી જે માણસ અન્યદેવતાની ઉપાસના કરે છે તે ભુખ્યો માણસ જેમ અમૃતનો ત્યાગ કરી ઝેર ખાવા લાગે તેવો મૂઢ અર્થાત્ અણસમજુ છે.

પ્રથમના શ્લોકમાં અને બીજા શ્લોકમાં દેખાતો અર્થ પણ એકજ દેવને પ્રતિપાદન કરે છે પણ બીજાની નિંદા કરતો નથી. **विधेयंस्तोतुं** એ ન્યાય પ્રમાણે વિધેયની સ્તુતિ કરવામાં બીજાની નિંદા જણાય પણ તે તેની નિંદા વાસ્તવિક છે એમ ગણાતું નથી. આપણે પ્રથમ પંચાયતનપૂજનમાં આ પ્રસંગનો ખુલાસો કરી આવ્યા છીએ. તો પણ આવો લેખ જ્યાં ન જોવામાં આવે ત્યાં સુધી અનુસાર ઉપાસ્ય દેવની સ્તુતિ પુર્વક દેવમાં ભેદ પ્રતિપાદન કરે છે એવું ન સમજવા માટે ફરી લખવામાં આવ્યુંછે. [1]**जलेविष्णुस्थले विष्णु** આ શ્લોકમાં વિષ્ણુના ઉપાસક પુરૂષોએ ભેદભાવનો ત્યાગકી સર્વત્ર વિષ્ણુને વ્યાપક જાણવાથી વિષ્ણુપદની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મ કે જે નિર્ગુણ છે તે ઉપાસકોની કામના માટે [2]રૂપ ધારણ કરે છે. [3]**एकोव्यापीशिवोयं** એ શ્લોકમાં શિવભક્ત પુરૂષોએ શિવ સર્વત્ર વ્યાપક છે અને ભેદાભેદનો ઝગડો મિથ્યા છે એમ જાણવું એવું વિષ્ણુના વાક્યથી પ્રમાણ કરી બતાવે છે [4]**सर्वरुपमयादेवो** આ શ્લો-

૧ અખંડ તેલ ધારાવત્ આત્માના યથાર્થ સ્વરૂપમાં સર્વ ઉપદેશની અવધિ ન જાણતાં પ્રથમથીજ ભેદાભેદના ઝગડામાં પડવું એ અંધારામાં પદાર્થ ગોતવાને માટે ફાંફાં મારવા જવું છે.

કમાં માર્કંડેય નામે પરમ મુક્ત મહર્ષિનું પણ એજ પ્રમાણે જગદંબા સચ્ચિદાનંદ રૂપિણીના ઉપાસક પુરૂષોએ સર્વ જગતમયી દેવી છે અને દેવીમય જગત્ છે એવું કહેવું છે. સર્વ પ્રકારે ભેદભાવનો ત્યાગ કરી ઇશ્વરના અભેદ સ્વરૂપને સમજાવવામાં ચાર વેદની ગાંભિર્યતા છે કે કુતર્કવાદીઓ કે આસ્તિક ભાવ રહીત પુરૂષોના જાણવામાં આવતી નથી માટે આસ્થાથી ભગવદ્ભક્તિ નિષ્ટા પૂર્વક કર્મ ઉપાસના અને જ્ઞાન એ ત્રણ સંપાદન કરવાં એવો [1]પરમાર્થ સમજવાનો છે.

અતિથિ સત્કાર તથા વૈશ્વદેવનું ફલ.

એ પ્રમાણે સમજી ચતુર્થ બ્રહ્મકર્મ કરવું અને હવે ત્યારબાદ આતિથ્ય અને વૈશ્વદેવ એ બે કર્મ સંબંધે સમજવાનું રહ્યું તે નીચે પ્રમાણે.

પોતાની શક્તિ પ્રમાણે નિત્યમેવ એક અતિથિને ભોજન કરાવવું આ ધર્મ ગ્રહસ્થાશ્રમીઓને કીર્તિ અને કલ્યાણનું કારણ છે જેઓ ખરા આસ્તિક અને જેઓની ઇશ્વર તરફ દ્રઢભક્તિ છે તેવા ભાવિક પુરૂષોને અતિથિરૂપે ભગવાને દર્શન આપ્યાં છે એવું કેટલાએક અનુભવાયું છે અને શાસ્ત્રોમાં તેવા કેટલાએક દાખલાઓ વાંચવામાં તથા સાંભળવામાં આવે છે.

જેનો અમુક તિથીએ આવશે એવો નિયમ નથી તે અતિથિ કહેવાય છે. ધર્મના કેટલાએક રહસ્યો; અંધ દુરાગ્રહી પુરૂષોએ અનુભવાણા નથી. વૈદિક ધર્મની ફલસિદ્ધિ શુદ્ધ ભાવનાને આધિન છે આતિથ્ય એટલે અતિથીને અન્ન વિગેરેથી સત્કાર કરવો તે ઉપર કહ્યા પ્રમાણે કદી અતિથીનો લાભ ન મળે તો વેદ જાણનાર બ્રાહ્મણને હમેશાં અતિથી પદે માન્ય કરી નિત્ય કર્મની ન્યુનતા ન આ-

વવા દેવી. અતિથિનો સત્કાર બ્રહ્મ લોકની પ્રાપ્તિનું કારણ છે એમ આશ્વલાયન રૂષિ કહે છે.

પોતાને માટે રસોઈ કરવી નહી પરંતુ દેવ પિતૃ તથા અતિથી વિગેરેને માટે રસોઇ પાક કરવો એવી ભાવના કરવાથી તે દેવાદિકના ઋણુથી મુક્ત થવાય છે. પોતાના અભિમાનને ઓછું કરવામાં તથા દેવની કૃપા સંપાદન કરવામાં આ, ભાવનારૂપ પગથિયું છે. ઉપરની ભાવનાનો ત્યાગ કરી હું જમનાર છું અને મારાઓને માટે અમુક પ્રકારનો પાક તૈયાર કરવો છે, પ્રજાપ્રાપ્તિનો શાસ્ત્રોક્ત હેતુનો ત્યાગ કરી માત્ર કામ ક્રીડાને માટે સ્ત્રી ભોગની ભાવના અને જેથી આલોક તથા પરલોકનો સુધારો થાય તેવા હેતુનો ત્યાગ કરી પોતાના ગુજરાન માટે ધર્મશાસ્ત્રો ભણવાં એવા ત્રણે પુરૂષોનાં જીવિત નિષ્ફળ છે માટે વૈશ્વદેવ, તથા અતિથિને માટે પાક કરવો તથા તેના વૈશ્વદેવમાંના વિધિ પ્રમાણે દેવપિતૃ માટે હોમ કરી અતિથિને જમાડીને જમનાર માણસ યજ્ઞશિષ્ટાશી એટલે યજ્ઞ કરતાં શેશ રહેલું અમૃતરૂપ અન્નને જમનાર કહેવાય છે [1]આવી ભાવનાથી જમનારના અંતઃકરણની શુદ્ધિ થાય છે.

દેવતાઓ **સેવ્ય** છે, અને મનુષ્ય **સેવક** છે. દેવની કૃપા શિવાય આપણે કોઈ પણ કાર્ય કરી શકીએ નહી (આપણા શરીરમાં પણ સર્વે ઈંદ્રિયોના તથા અંતઃકરણના દેવતા છે, તોજ તે ઈંદ્રિઓ કાર્ય કરવા શક્તિમાન્ થાય છે) કામી પુરૂષો પુત્ર સ્ત્રી ધનાદિકની કામના માટે દેવનું યજન કરે છે તો તેને તેટલુંજ ફળ મળે છે, અને નિષ્કામ પુરૂષ ફળની ઇચ્છા કર્યા શિવાય કર્મ કરી બ્રહ્માર્પણ

---

१ मंत्रे तीर्थे द्विजे देवे दैवज्ञे भेषजे गुरौ ॥ २ ॥
याद्दशिभावनासिद्धिः सिद्धिर्भवतिताद्दशी ॥

કરે છે એથી સર્વ પ્રકારે તેની સ્વીકર દેવને રહે છે. નિષ્કામ અને ઉબ્રહ્મ ભાવિત કર્મ બ્રહ્મપ્રાપ્તિનો હેતુ છે સકામ તથા બ્રહ્મ ભાવના વગર કરેલા કર્મ તત્‌કર્માનુંફલ ઉત્તમ અધમ લોકની પ્રાપ્તિ કરનારાં છે એમ ગીતાજીમાં કહ્યું છે. શાસ્ત્રનુશ્રવણ કે સત્પુરૂષનો સમાગમ જ્યાં સુધી મળતો નથી ત્યાં સુધી રાગી અંતઃકરણ નિષ્કામ ક્રિયામાં પ્રવૃત્ત થતું નથી. જ્યાં સુધી નિષ્કામ ક્રિયામાં પ્રવૃત્ત ન થાય ત્યાં સુધી વિવેક વૈરાગ્યાદિકની ઉત્પત્તિ થતી નથી અને તે ન થાય ત્યાં સુધી અપરોક્ષ સાક્ષાત્‌કાર પણ થવાનો સંભવ નથી. ગુરૂ શંકરાચાર્યજીએ વૈરાગ્યને અંતરંગ સાધનમાં મુખ્ય સાધન ગણ્યું છે. આ આતિથ્ય વૈશ્વદેવ એ કાંઈ મોટું કર્મ નથી અને તેની આવસ્યકતા સંધ્યા વિગેરેની પેઠે સરખીજ છે પરંતુ તે કર્મ ઘણે ભાગે દુર્બળતા પામતું જાય છે. નિત્યકર્મો હમેશાં લંબાણવાળાં હોતાં જ નથી. સૂત્ર પ્રમાણે ગોઠવાયેલા સ્વસ્વશાખાનાં કર્મો કરવામાં વ્યવહાર પરમાર્થ બેય નિરંતરાય ચાલે છે. સદાચારનો સાવ ત્યાગ કરવો તેના કરતાં યથાશક્તિ આચારનું પાલન કરવું એ ઘણુંજ સારૂં છે.

यदिकृत्स्नोयमाचारः सम्यक्कर्तुंनशक्यते ॥
यथाशक्तिसदाकुर्यात् अन्यथापतितोभवेत् ॥

જો કે વર્ણાશ્રમનો આચાર (દેશકાલ પ્રમાણે) પુરેપુરી રીતે ન પાલી શકાય તો (તેમાંનું સંક્ષેપથી) પણ યથાશકિત ચારે વર્ણોએ પાલવું જોઇએ ન પાલે તો તે પતિત એટલે વર્ણાશ્રમથી ભ્રષ્ટ થયો ગણાય અને વર્ણાશ્રમ એ મુખ્ય સાધનમાંથી ભ્રષ્ટ થયો

તો પછી આગળ તેની છિન્નાભ્રવત્[1]ગતિ થાય છે.

સ્નાન સંધ્યા આદિ નિત્ય અને બીજાને નૈમિતિક તથા પ્રાયશ્ચિત તથા કામ્ય તે સંબંધમાં પ્રથમ સવિસ્તર કહેવાઈ ગયું છે. મુમુક્ષુ પુરૂષે જેમ કામ્ય કર્મનો ત્યાગ કરવો તેમ આ, યુગને અનુસરતા સ્મૃતિકારકોએ જે જે કર્મનો વિચાર પૂર્વક [2]નિષેધ કર્યો હોય તેમાં પણ પ્રવૃત્ત થવું નહીં કારણ કે તેવા કર્મોની વ્યવસ્થા આ કાલને લગતી થવાથી તેના ફળને બદલે તેવા વિધિમાં પ્રવૃત્ત પુરૂષો સદૈવ પ્રાયશ્ચિતીજ રહે છે અને તેવાઓની સ્થિતિ અનુભવવામાં આવે છે આ વખતમાં તેવા કર્મો રાજાઓ જો ધર્મપ્રવર્તક હોય તોજ થઇ શકે એ સહજ ખ્યાલમાં આવે તેવું છે.

કોઈ પ્રકારે શાસ્ત્રવિહિત અને પરંપરાથી પરમાનંદ પદને પ્રાપ્ત કરનાર કર્મ અને ઉપાસના માર્ગ ઉલ્લંઘન ન થાય અને જીજ્ઞાસુઓના મનોમલનો નાશ થતાં મનુષ્ય દેહ પામી પરમતત્વને અનુભવવારૂપ પ્રબળ ભાવનાથી તન્મયતા સંપાદન કરે એવો હેતુ છે માટે આ કર્મોપાસનામાં ધૈર્ય પૂર્વક ક્રિયાની સાથે અંતઃકરણમાં અસર ન થાય ત્યાં સુધી ઉપરચોટિયું કર્મ જરા પણ ફલદાયક નથી એ વાત સૌ કોઈ અધિકારીઓએ યાદ રાખવાની છે. કર્મેંદ્રિયો તથા જ્ઞાનેંદ્રિયોને યોગ્ય રસ્તે ચલાવવામાં પુરૂષાર્થની સિદ્ધિ છે અને તેથીજ અંતઃકરણની શુદ્ધિનું નિદર્શન છે.

કર્મોપાસનામાં પ્રવૃત્ત થયેલા પુરૂષના અંતઃકરણનો કર્મકર-

---

२ अग्निहोत्रं गवालंभं संन्यासं पलपैत्रकं देवरेणसुतोत्पतिः कलौपंच. विवर्जयेत् ॥ ૧ મેઘ આકાશમાંથી વીખુટું, વાદળ કયાં ગયું તે જેમ જણાતું નથી તેવી ગતિ.

નારી કર્મેંદ્રિયોની સાથે યોગ થશે નહી તો તે ક્રીયા કરી શકશે નહી માટે સ્નાન સંધ્યા તથા જપ વીગેરે કરવામાં તેના અર્થાનુસાર પાપનિર્મુક્તિ તથા શુદ્ધબુદ્ધિ થવારૂપ હેતુનો જરાપણ અન્યસંકલ્પોત્પત્તિથી ભંગ થવા દેવો ન જોઇએ. દેવ પુજામાં પણ ઇષ્ટ દેવનું સ્મરણ સ્તુતિ, અને પોતાના નિર્માન ભાવ પૂર્વક સંસાર તાપથી મુક્ત થવાની વૈષયિક બુદ્ધિ રહીત પ્રાર્થના કરતાં કોઇ વખત અશ્રુપાત, ગદગદ કંઠ અને વાણીનો ઉચ્ચાર પણ ન થઇ શકે, તથા રોમાંચ ખડાં થઈ જાય તેવી રીતે તન્મય થતાં પોતાના દેહ ગેહ અને પોતાના આત્માની (જીવભાવનાની વિસ્મૃતિ સાથે બ્રહ્માકારરૂપ પરનિર્વાણનો અનુભવ આ પ્રમાણે કર્મોપાસનમાં પ્રવૃત્ત પુરૂષના અંતઃકરણનો અવશ્ય ફેરફાર થવો જોઇએ તોજ તેના દોષો ક્રમે ક્રમે નાશ પામતા જાય.

આત્મોદ્ધારક પ્રેમ.

જેમ પોતાના ઇષ્ટમિત્રોનુ સ્મરણ આવતાં જો કે તે વખતે તે હાજર નથી તો પણ તેના સ્મરણની સાથે " આપણાં અંતઃકરણમાં તેના ગુણોનું તેણે કરેલા ઉપકારનું અને તેની આપત્તિનું તે વખતે એટલે સ્મરણ જન્ય પ્રેમની સાથે એક કાલાવચ્છિન્ન આવતું નથી " પરંતુ તેનુ નામ સાંભળતા કે તે સમાન આકૃતી જોતાં તથા તેની કોઈ વસ્તુ જોતાં કે કીર્તિ સાંભળતાં એકદમ સ્નેહભાવનો ઉભરો ઉછળી જાય છે તેમ પોતાના ગુરૂ તથા ઇષ્ટ દેવનું સ્મરણ આવતાં કે તેની કિર્તિ તથા કથાનું શ્રવણ કરતાં રોમાંચ કે પ્રેમભાવ પ્રગટ થતા હોય તો ભકિતના પરમ પ્રેમને જાગ્રત કરે.

આપણે કેટલાંએક શ્રદ્ધાળુ [1]પરમાસ્તિક પુરૂષોના અંતઃકરણમાં તેવે ને તેવે સમયે તેવા ચિન્હો જેવા કે તેના શરીર ઉપર રોમાંચ, આંખમાં આંસુ કે, ગદ્દગદ્દ કંઠ વીગેરે જોવામાં આવે છે.

પ્રેમ એજ સાક્ષાત્ પ્રભુ છે એવા વેદ વાક્યોના આશય પ્રમાણે ભગવત્ ભક્તિનિષ્ટા પૂર્વક કર્મઉપાસના અને જ્ઞાનમાં અદ્વૈત ભાવના ઉત્પન્ન થાય તથા કેવળ સર્વત્ર અભેદ સચ્ચિદાનંદ અનન્યરૂપે પ્રેમ પૂર્વક ઓળખાવે તેવા સમર્થ ગુરૂ, પોતાની પરમશ્રદ્ધા અને વિહિત પુરૂષાર્થની ઘણી જરૂર રહે છે. પ્રમાદી કે આળસુપુરૂષોથી ભજનાનંદ લઇ શકાતો નથી. બીજા બધાં સાધનો કરતાં પોતાનો પુરૂષાર્થ આ પરમાર્થ વિષયમાં પ્રબલ સાધન છે એમ વસિષ્ટજી તથા શ્રી કૃષ્ણપરમાત્માયે યોગ વાસિષ્ટ તથા ગીતાજીમાં કહ્યું છે **उद्धरेदात्मनात्मनंनात्मानमवसादयेत्ः** પોતાના આત્માનો પોતે ઉદ્ધાર કરવો. હીન પુરૂષાર્થથી સંસાર ગર્તમાં રખડાવવો નહી.

कर्मणाकर्मनिर्हारः કર્મે કરીને કર્મનો નાશ કરવો એટલો કર્મ વિષયિક તાત્પર્ય સમજી પ્રથમ કહેવાયું તે પ્રમાણે આત્મોદ્ધારમાં પ્રવૃત થયેલા મુમુક્ષુએ પ્રમાદાદિ દોષનો ત્યાગ કરી તથા લોક વાસના તથા લોકલજ્જાનો ત્યાગ કરી. પરમપુરૂષાર્થમાં પરાયણ રહેવું તથાસ્તુ.

પ્રથમો ભાગઃ સમાપ્તઃ

---

[1] મારા ગુરૂ શાસ્ત્રીજી. શંકરલાલ માહેશ્વરના સમાગમમાં રહેતાં તે મહાત્મામાં આવાં ચિન્હો ઘણીવાર મારા જોવામાં આવ્યાં છે.

॥ सांबशिवोजयति ॥

द्वितीय भागनुं प्रयोजन.

પ્રથમ ભાગમાં કર્મપરત્વે અદ્વૈત ભાવનાની અવશ્ય કર્તવ્યતાની સૂચનાની સાથે, નિત્ય નૈમિતિકાદિ કર્મ કરવાથી અંતઃકરણ શુદ્ધ થવાની બાબત બતાવી. કર્મ ઉપાસના અને જ્ઞાન, એ ત્રણથી અંતઃકરણના મળ વિક્ષેપ, અને આવરણ, એ ત્રણ દોષનો નાશ થતાં પોતે શુદ્ધ થાય છે. પરંતુ જ્યાં સુધી પ્રથમભાગમાં બતાવવામાં આવી તેવી ભાવના, ગુરૂ શાસ્ત્ર, તથા ઉપાસ્ય દેવ તરફ દૃઢશ્રદ્ધા, અને પોતાના પુરૂષાર્થમાં અપ્રતિહતપણું સંપાદન થઇ શકે નહી ત્યાં સુધી એ ત્રણમાંથી એટલે કર્માદિક ત્રણમાંથી, એક પણ પોતાનું કાર્ય કરી શકનાર થતાં નથી.

પહેલા ભાગમાં બ્રહ્મકર્મનું વિવેચન કરતાં ચતુર્થ કર્મમાં ઉપાસના સંબંધે કર્તવ્યતાના વિચારનું દિગ્દર્શનકરાવ્યું છે, તો પણ આ અનન્ય ભક્તિવિષય ને વધારેલંબાવવાની આવશ્યકતા જણાઇ આવતાં, નિચે પ્રમાણે ઉપાસના (ઇશ્વરભક્તિ) પરત્વે લખવામાં આવેછે.

ઇશ્વરભક્તિમાં અંતઃકરણ શ્રદ્ધાપૂર્વક જોડવામાં આવ્યું હોય તો નિષ્ક્રિય નિરાલંબ અદ્વિતીય પરમાત્માની સાથે અભેદ ભાવના અનુભવરૂપ પરપ્રેમાસ્પદનું રહસ્ય પ્રાપ્ત કરી શકાય.

ઉપાસના (ભક્તિ) એ ઉપાસ્ય ઉપાસક ભાવ અંગીકાર કર્યા શિવાય થઇ શકતી નથી દેવતાઓ ઉપાસ્ય છે. અને મનુષ્યો ઉપાસક છે. અમુક દેવ ઉપાસ્ય છે અને અમુક મનુષ્ય ઉપાસક છે એ-

વો સાધારણ નિયમ નથી. સર્વ દેવ અને સર્વ મનુષ્યો ઉપાસ્ય ઉપાસક થઈ શકે છે પરંતુ ત્રિગુણાત્મક જગતમાં સાત્વિક, રાજસ અને તામસ એવા ત્રણ પ્રકારના દેવતાઓની ઉપાસનામાં સમાન પ્રકૃતિવાળા મનુષ્યોની સવિશેષ પ્રવૃત્તિ રહે છે એ તો નિર્વિવાદ છે અને તેવા પુરૂષોમાં તેવીજ શ્રદ્ધા એટલે રાજસી, તામસી અને સાત્વિકી એવી શ્રદ્ધા હમેશાં હોય છે. અને તેથી તેને અનુસરતું તેવુંજ તેને ફળ થાય છે.

ગુણ ત્રયાતીત પદ પ્રાપ્ત કરવામાં સાત્વિકી શ્રદ્ધા તથા સાત્વિક દેવ અને સાત્વિક ઉપાસકનો સદૈવ યોગ હોય છે.

દેવની ઉપાસનાથી ગુણ ત્રયાતીત પદની પ્રાપ્તિ થતાં ત્રિવિધ તાપનું જ્વલન શાંત થવાનો જે લક્ષ્ય છે તે ન ચુકી જવા માટે જેવા વિચાર અને જેવી ભાવનાની જરૂર છે તે જણાવવા માટે આ દ્વિતીય ભાગનો આરંભ છે.

ભક્તિભાવ ભક્તતા અને પૂજ્ય પુરૂષો.

ઉપાસનામાં (ભક્તિમાં) દેવરૂપ થઈને દેવની પૂજા કરવી, એ નારદ પાંચ રાત્ર કે જે ઉપાસનાનું મુખ્ય શાસ્ત્ર છે તેનું વાક્ય છે. પ્રથમ જણાવવામાં આવ્યું અને આગળ જણાવવામાં આવશે, તેવા અનુભવથી આપણે વાસ્તવિકરૂપે અભેદ છે પરંતુ જે કારણસર આ વખત તે નથી અનુભવાતો, તે કારણ વિહિત ઉપાયો શિવાય તથા સદ્વિચાર શિવાય દુર થયું, એમ આપણાથી અનુભવાતુંજ નથી અને અનુભવ થયાબાદ આપણને ખબર પડે છે કે તેનું કાંઈ મૂળજ નહતું અને છેજ નહી જેમ છે તેમનું તેમજ છે. હવે તે-

માંથી ગ્રહણુ કે ત્યાગ કાંઇ કરવાનું નથી એમ પોતે અનુભવે છે, અને અધિકારીઓને તે રસ્તો પોતે આગવો થઇ બતાવે છે, તે શાસ્ત્રના શ્રવણના સર્વ તાત્પર્યને તેમાં પર્યવસિત કરે છે.

" ઉપાસકોની કામના માટે બ્રહ્મનારૂપની કલ્પના, બ્રહ્મ કે જે નિર્ગુણ છે તે ઉપાસકોની ઇચ્છાનુસારે સગુણ (રૂપવાન્) થાય છે તે રૂપ અવતારાદિક તથા દશ મહાવિદ્યા પ્રકરણાનુસાર યથેચ્છ ઈષ્ટ દેવરૂપે ઉપાસ્ય છે, અને તે દેવનાશાસ્ત્રોદિષ્ટ ભસ્મ, રૂદ્રાક્ષ. તુલસી વિગેરે ચિન્હો (બાનું) તે તે દેવના ઉપાસકોએ ધારણ કરવામાં તે દેવરૂપ થવું એવું રહસ્ય વિભાવત છે. ભસ્મ રૂદ્રાક્ષ ધારણ કરનાર શિવરૂપ છે, તુલસી વીગેરે ધારણ કરનાર વિષ્ણુરૂપ છે એવા શાસ્ત્ર વાક્યો પણ ઉપરની ભાવનાનુંજ અનુમોદન કરે છે. પરંતુ ઉપાસકો પોતાના દેવવ્યક્તિ સંબંધે આગ્રહના વીપર્યરૂપનો ત્યાગ કરી તે તે માર્ગના મૂળ કારણોના લક્ષ્યાર્થ સમજે તો પોતાના ઉપાસ્ય દેવનું ત્રિગુણાતીત જે વેદાંત વેદ્યસ્વરૂપ છે તેને પ્રાપ્ત થતાં પુનર્જન્મની ભ્રાંતિ તેજ વખતે નિર્મૂલ થઇ જાય પરંતુ ઉપાસકોની ઇષણા આ વીપ્રતિપત્તિને પ્રતિબંધરૂપ છે.

અભેદ ભાવથી ઉપાસના કરનારા અનન્ય ભકતોને જો કે પ્રથમ કહ્યા પ્રમાણે કામના (ઇષણા) અથવા તો માયિક ચમત્કારો સંપાદન કરવાની ઇચ્છા નથી પરંતુ સર્વ પ્રકારના ચમત્કારો ઇશ્વરી શક્તિમાં રહ્યા છે, એવા સ્વભાવથી ઇશ્વરના પરમાનંદમાંજ મગ્ન રહે છે. તમામ ચમત્કારો શિવને વિષે રહ્યા છે .તેથી તદ્રુપતાને પ્રાપ્ત થયેલા તેવા પુરૂષોને તે યદ્રચ્છાથી આનુસંગિક નિયમ પ્રમાણે અનુભવાય તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. પરંતુ તેઓ સાંપ્રત વિક્ષેપો કરતા લાખ ગણું આવરણ કરનારા છે, એમ જાણી

તેવા ચમત્કારોમાં અનન્ય ભક્તો ઉપાદેય બુદ્ધિ કરતા નથી. તેવા સત્પુરૂષોની સેવા કરનારની કામનાનું સાફલ્ય થવું એ તેમના ઐશ્વર્યનુ પરિણામ છે. પ્રાક્તંજન્મના પુણ્યનો પરિપાક થયા શિવાય અલ્પકૃતી પુરૂષોને તેવાઓનાં દર્શન મલતાં નથી. વિશ્વ રચનારના અદ્ભુત ચમત્કારોમાં નિમગ્ન રહેલા સાત્વિક ભક્તોના અંતઃકરણમાં દ્વૈત ભાવનાના અભાવને લીધે મલિન સ્ફુરણાનો ઉદય થતો નથી તેથીજ તેવા પુરૂષો વિશ્વના આધારરૂપ સર્વ લોકોએ માન્ય બુદ્ધિથી સેવનીય છે. તામસી ઉપાસકોના ઐશ્વર્યો પોતાને તથા પરને બંધન રૂપ થઈ પારમાર્થિક પથને બગાડનાર છે. માટે તેવા પુરૂષો, ઉપર પ્રમાણે માન્ય કે સેવ્ય તુલાને આલંબી શકતા નથી. સાત્વિક વૃત્તિ પુરૂષોના સમીપમાં રહેનાર પુરૂષો જો કદી શ્રદ્ધાવાન્ હોય તો, તેના ઉભય લોકની સફ્લતા થાય છે. કેટલાએક તેવા પુરૂષો ભજનાનંદ મટી જવાના ભયથી છેવટ સુધી જન સંસર્ગમાં નહિ રહેતાં પરમાત્મામાં અખંડ વૃત્તિ જોડીને ઘણે ભાગે એકાંત વાસને સ્વીકારી રહ્યા છે. ઉપર કહેવામાં આવ્યું તે બધું સિદ્ધ કોટીમાં પોહોંચેલા પુરૂષોના સંબંધમાં સહિતાર્થ છે. પરંતુ સાધકે તો પોતાના ગુરૂશ્રીની આજ્ઞાનુંસાર વરતવું એજ તેનું કર્તવ્ય છે, ગુરૂ તથા દેવમાં જરા પણ અંતર ગણતા નથી તેવા અધિકારીઓને તત્કાલ કરતલા મલકવત્ સર્વત્ર બ્રહ્માનંદ અનુભવાય છે.

આર્ત, જીજ્ઞાસુ, અર્થાર્થી, અને જ્ઞાની ચાર પ્રકારના મારા ભક્ત છે એમ શ્રીકૃષ્ણ પરમાત્માએ ગીતાજીમાં કહ્યું છે. તેમાં જ્ઞાની ભક્ત પરમાત્માને અત્યંત પ્રિય છે એમ પણ જણાવ્યું છે. એથી એજ અનન્ય ભક્ત છે, અને એણે કરેલી તેજ અનન્ય ભક્તિ છે. આર્ત જીજ્ઞાસુ અને અર્થાર્થી પરમાત્માના ભક્ત કહેવાય નહીં, એમ નથી,

તેમ તેના ઉપર ઇશ્વિરની કૃપા નથી એમ પણ ન કહેવાય, તથા તેઓ ઈશ્વરને ઓલખતા નથી એમ પણ કહેવું, તે સાવ અયુક્ત છે. પરંતુ જે ભાવના નિષ્કામ કર્મની સાથે "પ્રથમ ભાગમાં કહેવાયું તે ત્રિજા ભાગમાં કહેવામાં આવશે તેવા નિત્યાનિત્ય વસ્તુના વિચારથી પરમ ભક્ત જ્ઞાનીના અંતઃકરણમાં" ઉદય પામીછે તેવી ભાવના તે ત્રણ પ્રકારના ભકતોમાં નથી ઉદય પામી; અને ઉદય પામી હોત તો તેઓમાં કામનાનો અંકુર નિર્મૂળ થઇ જતાં તે આર્તાદિક નામવાળા ન કહેવાત, માટેજ તેના કરતા જ્ઞાનીની અધિકતા સર્વત્ર અપ્રતિહત છે. સાધારણ શ્રદ્ધાવડે પરોક્ષ જ્ઞાનથી તો પરમાત્માની સૌ કોઇ ભક્તિ કરે છે પરંતુ તેથી પૂર્ણ સાધન સંપત્તિ મળી આવતાં અપરોક્ષ જ્ઞાનથી અનન્ય ભક્તિમાન્ (જ્ઞાની) થાય છે તેવા પ્રકારની ભક્તિ કરનારા પુરૂષો પરમાત્માને અનન્ય ભાવે અનુભવિ તેમાં તલ્લીન થઇ સદૈવ જીવન મુક્તના સુખને અનુભવે છે.

ભકતોની ભકિત તથા ભેદનું કારણ.

श्रवणंकीर्तनंविष्णोः । स्मरणंपादसेवनम् ॥
अर्चनंवंदनंदास्वं । सख्यमात्मनिवेदनम् ॥

જેમાં પરમત્માનોજ મહિમા આવે તેવાં સતશાસ્ત્રોનું શ્રવણ કરવું. તેના નામનું (ગુરૂપદિષ્ટ પ્રમાણે) સ્મરણ કરવું. (તદ્રુપતાથી) તેનું અથવા તે પરમાત્માના અનન્ય ભકતોનું ચરણ સેવન કરવું પૂજન કરવું, પ્રણામ કરવા, સખાભાવ કરવો, અને આત્મનિવેદન કરવું એ નવ પ્રકારની ભક્તિમાં કેવા પ્રકારની ભક્તિ કોણે કરી છે તે જાણવાની જીજ્ઞાસા થતાં જન્મનું સાફલ્ય કરનારી અનન્ય ભક્તિ-

નો લ્હાવો જેવા જેવા ભાવથી જે જે પુરૂષોયે લીધો છે તેના મહા-પવિત્ર નામો સ્મરણ માત્રથી પવિત્ર કરનારાં નીચે પ્રમાણે એક પદ્ય-થી જણાવવામાં આવ્યાં છે.

श्रीकृष्णश्रवणेपरिक्षिति रभूद्वैयासिकिःकीर्तने ॥
प्रल्हादःस्मरणे तदंघ्रिभजनेलक्ष्मीः पृथुःपूजने ॥
अक्रुरस्त्वभिवंदने कपिपतिर्दास्येचसख्येऽर्जुनो ॥
देवस्यात्मनिवेदनेबलि रभूत्सर्वस्वसंपूजने ॥

શ્રવણમાં રાજા પરિક્ષિત્ " કે જેના અનુભવના વચનામૃત વિદેહ મુક્ત થતી વખતે શ્રીમદ્ભાગવત એકાદશસ્કંધના અધ્યાયમાં ઉપનિષદ્‌ના પરમરહસ્યરૂપે તે મહારાજાની અનન્યભક્તિને સુચવનારાછે અર્થાત્ અપરોક્ષ સાક્ષાત્કારને બતાવે છે. કીર્તન કરવામાં શુકદેજી કે જેના અહોનિશ ભગવતસ્મરણમાંજ રહે છે અને કોઇ પણ પ્રકાર-ના માયિક વિકારો તે બ્રહ્મભાવને પ્રાપ્ત થયેલા વ્યાસપુત્ર શુકદેવજી-ને સ્વાધીન કરવા શક્તિમાન્ થઇ શકયા નથી. સ્મરણમાં પ્રલ્હાદજી કે જેનો ગુરૂકુલમાં વાસ હતો તો પણ પોતાના પ્રાગ્ જન્મના સંસ્કારને લીધે અપ્રતિહત પરમાત્માના અનુભવથી અભયપદને પ્રાપ્ત થયેલા પ્રલ્હાદજીયે વિદ્યાશાળામાં પોતાની સાથે રહેલા કેટલાએક અ-સુરપુત્રોના અંતઃકરણમાં તેજ અનુભવ સુદૃઢ કરાવ્યો. અનન્ય ભક્તિ ભાવથી વિમુખ થયેલા તેના પિતાએ, ગુરૂકુલમાં શું અભ્યાસ કર્યો "એ પુછતાં જેના મુખમાંથી " **रामनामशरणंकरणीयंलीलया भवजलंतरणीयं**" એક રામ નામરૂપ શરણ ગ્રહણ કરી, રમતાં રમતાં સંસાર સમુદ્રને તરવો. એવા અક્ષરો નીકળ્યાં તે સાંભળતાં ક્રોધાંધ થયેલા તેના પિતાયે " અરે એ તારો રામ ક્યાં છે " એવા સક્રોધ

કહેલાં વચન સાંભળી " એ સર્વત્ર વ્યાપક છે. પીતાજી એના શિવાય એક અણું માત્ર પણ જગો ખાલી નથી." એવો પ્રલ્હાદજીનો પ્રત્યુત્તર સાંભળતાજ, તેણે કહ્યું જે સર્વત્ર વ્યાપક છે તો આ સભા મંડપના થંભમાં કેમ દેખાતો નથી? એમ કહિ પ્રલ્હાદજીને ક્રોધ કરાવવા માટે સિંહાસન ઉપરથી તલપ મારી સામેના સભામંડળના પાષાણુના એક થંભને મુઠ્ઠી મારી બતાવ એમ કહી ઉભો રહ્યો તેટલામાં પ્રલ્હાદજીને તો કામ કે ક્રોધ કશું નથી; પરંતુ અભિમાનીના ગર્વને ગંજન કરવા માટે દરેક વખતે પોતે અવતાર ધારણ કરે છે એટલુંજ સિદ્ધ કરવાને નહી પરંતુ હિરણ્યકશ્યપુ જેવા માયીના ઐશ્વર્યની કામનાની સફળતા માત્રમાં પોતાની કૃતાર્થ માનનાર તથા મોહરૂપી મદિરાથી મત્ત થયેલા પુરૂષોને પરમ ભય છે એમ બતાવવા વાસ્તે તથા પોતાનું સર્વાંતર વ્યાપકપણું સિદ્ધ કરવા તથા તે હિરણ્યકશ્યપુનોજ ગર્વ ઉતારવા માટે અને ક્રોધ પામેલ પ્રભુને શાંત કરવામાં ભકત શિવાય બીજો કોઇ સમર્થ નથી તેમ બતાવવા માટે અદ્ભુત સ્વરૂપ, કર્તુંમ અકર્તુંમ અન્ય કર્તુંમ સમર્થ એવા સાક્ષાત્ નૃસિંહજીરૂપે પરબ્રહ્મ પરમાત્મા પોતેજ પ્રગટ થઇ તેનો ગર્વ ઉતારી ભક્તિની કામનાથી પ્રભુને નિર્ગુણ છતાં સગુણ થવું પડે છે તે બતાવી આપ્યું છે. તેમજ તે પરમાત્માની સેવામાં પૃથુરાજા, જેણે અદ્ભુત શક્તિથી " કાલે કરીને હ્રાસ પામેલી ઔષધિયોનું પુનરૂજીવન કર્યું; પોતાના અલૌકિક પ્રભાવથી પરમેશ્વરના અવતારરૂપ ગણાય છે તો પણ પોતાની પ્રભુ તુલ્ય સેવા કરવાવાળી પ્રજાને તેમના પરમ કલ્યાણ માટે પરમાત્માની ભક્તિનો ઉપદેશ તેણે પોતાથી પણ અતર્ક્ય શક્તિ ધરાવનાર સર્વાધિષ્ઠાનરૂપે જે પરમેશ્વર છે તેની ભક્તિથી તમારૂં પરમ કલ્યાણ છે અર્થાત્ ભકિત એ સાક્ષાત્ સાયુજ્ય પદને આપનારી છે તેવું બતાવ્યું છે. અભિવંદનમાં અક્રૂરજી, દાસ-

ભાવમાં હનુમાન, સખ્ય ભાવમાં અર્જુન અને જેમાં સર્વસ્વાર્પણ ભાવ છે એવા આત્મનિવેદનમાં બળીરાજા ઉપર કહેલા નવ પ્રકારની ભક્તિના આનંદથી પોતાની જીવન્મુક્તિને સુધારનારા તે અનન્ય ભક્તોના વાક્યો જે જે સ્થલમાં વાંચવામાં કે સાંભળવામાં આવેછે, તે તે સ્થળે દરેક ભક્તોના ઉપાસ્ય ઉપાસક ભાવમાં નામ માત્રના કલ્પિત ભેદની પ્રતિતી થાય છે અને છેવટ જે એક વિષ્ણુપદ તે તરફ સર્વેનું પર્યવસાન વિદેહમુક્તિ થતાં છે એવા તેઓના વાક્યો સાંભળવામાં તથા વાંચવામાં આવેછે. આવા દૃઢ બોધથીજ તે પરમાત્માના પરમ ભક્ત ગણાયા છે. શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન, અને યોગથી અનન્યતા પ્રાપ્ત થાય છે અને તેથી કર્તા ભોક્તાનું અભિમાન તથા બંધ મોક્ષની ભ્રાંતિ દૂર થાય છે. લૌકિક તથા અલૌકિક પ્રવૃત્તિ છતાં પણ અપ્રતિહત ઇશ્વરી અનુભવના પ્રભાવથી પરમ નિવૃતિનોજ તેવા અનન્યપુરુષો અનુભવ કરે છે.

कलौतुकेवलंभक्तिर्ब्रह्मसायुज्यकारिणी કલિયુગમાં કેવળ ભક્તિજ બ્રહ્મસાયુજય કરવાવાળી છે. આ પ્રકારની ભક્તિ કે જેથી બ્રહ્મસાયુજયપદ પ્રાપ્ત થાય તેવી અનન્યતાના અનુભવવાળી સત્સંગ તથા સતશાસ્ત્રમાં નિત્યમેવ પ્રવીણ રહેવાથી પ્રાપ્ત થાય છે.

પરમેશ્વર સર્વત્ર વ્યાપક છે એમ ન જાણતાં કેવળ પ્રતિમામાંજ મારી પુજા કરે છે તે ભસ્મમાં હોમે છે આ વાક્યમાં પ્રતિમાનો ત્યાગ કરવો અને સર્વત્ર ઇશ્વર છે એમજ સમજવું એવો અભિપ્રાય નથી એમ " પ્રતિમામાંજ " એ વાક્યજ બતાવી આપે છે. અગ્નિમાં હોમવાથી તે ભાગ અગ્નિદ્વારા દેવને પહોચે છે, પરંતુ રાખમાં હોમનારને કશું પણ ફળ થતું નથી. અનેક પ્રકારના જથાબંધ નૈવેદ્ય દેવના ઉદ્દેશથી તૈયાર કરી પોતાના ઉપાસ્ય દેવને અર્પણ

કરી અનેક પ્રાણીઓને આપી દેવામાં આવેછે. આ પણ સર્વત્ર [1]વ્યાપક પ્રભુનું યથાશક્તિ તોષણ કર્યું ગણાય અને તે ઉપરના વાક્યને ટેકો આપે છે. કેટલાએક ભક્તો યથાશકિત પ્રતિમાદિકની સેવા પૂર્વક તેના રામકૃષ્ણાદિક નામ સ્મરણમાં અનન્ય ભાવે તલ્લીન રહે છે. અને સાથે આશ્વચાંડાલપ્રાણીને શક્તિ અનુસાર ઇશ્વર પ્રીત્યર્થં અન્ન વિગેરેના દાનનો પ્રવાહ સદૈવ ચાલુ રાખેછે આવાં કેટલાંએક સ્થળોમાં પરમભક્તિવાન્ પુરૂષોના સ્થાનકો સુપ્રસિદ્ધ છે એ પણ ઉપરનાજ વાક્યોને આધારે છે. ગ્રહસ્થાશ્રમીયે હમેશાં પોતાને માટે પાક ન કરવો પરંતુ દેવને માટેજ પાક કરવો તે વૈશ્વદેવદ્વારા દેવને તથા અતિથિ વિગેરેને નિત્યમેવ યથાશક્તિ અર્પણ કરવું અને પોતાના બ્રહ્મ કર્મ સહિત વર્ણવિહિતાચારમાં રહેવું એતો સૌ પહેલા ઉપરના વાક્યને ટેકો આપે છે. ઉપાસક પુરૂષોનો પણ ઇશ્વર પ્રસાદરૂપે પદાર્થ લેવાદેવામાં વિચાર દૃષ્ટિથી ઉપરનોજ અભિપ્રાય સમજાય છે. કાંઇ પણ ન સમજનારા નામ માત્રનું અવલંબન કરી ઉપર પ્રમાણે પોતાનો ગ્રહસ્થાશ્રમ ચલાવનાર દૃઢભાવના માત્ર પાપથી મુક્ત થાય છે. અર્થાત્ નામ સ્મરણની સાથે તે રામ તથા કૃષ્ણ સર્વત્ર છે એવા પરોક્ષતાથી કાળે કરી ઇશ્વરકૃપાથી મોક્ષ પામે છે. નામસ્મરણનો તથા શ્રવણનો મહિમા આપણા વ્યાસાદિક મહાન્ પુરૂષોના મુખમાંથી ગવાયેલો જેવો કે—

---

૧ ઘણી રસોઈ કરી ઘણાંઓને પોષવામાં આજ અભિપ્રાય પ્રાચીન પુરૂષોનો હોય એમ જણાય છે કીર્તિ એ આનુસંગીક લાભ છે. આમ કરવામાં ગર્વ થતા કીર્તિ માત્ર દૃશ્ય ફળ રહ્યું અને ભાવજ જેના કારણરૂપ છે તેવું ઇશ્વર પ્રીતિનું અદૃશ્ય ફળ ન રહ્યું. ઇશ્વરી ભાવમાં અલૌકીક ગાંભીર્યવાળા નિમિત્તની અપેક્ષા એજ ચાતુર્વર્ણ્ય ધર્મ માર્ગની મહતા આમ્નાયાનુશાસિત છે.

यावन्नश्रूयते राम नामपंचाननध्वनिः
तावद्गर्जंतिपापेभाः शरीरारण्यवासिनः

જ્યાં સુધી રામનામ રૂપી પંચાનનો ધ્વની સાંભળ્યો નથી ત્યાં સુધી શરીરરૂપી અરણ્યમાં પાપરૂપી હાથી ગર્જના કરે અર્થાત્ રામ નામના શ્રવણથી પાપ માત્રનો નાશ થઇ જાય છે, તો પછી તે નામનો હમેશાં જપ કરવાથી પાપનો નાશ થાય તેમાં શું આશ્ચર્ય? પરંતુ તે રામ સર્વાંતર વ્યાપક છે. એમ જાણી યથાશક્તિ અન્ન,વસ્ત્ર, જળ વિગેરેથી સર્વ પ્રાણીઓમાં તેનું પોષણ કરવું આનું તેઓનું જાણવું એ દૂધને સાકરના યોગની પેઠે સ્વાદ પૂર્વક તૃપ્તિનો હેતુ છે. અંતઃકરણમાં રાગદ્વેષના સડાની દુર્ગંધીથી અવિહિતાચારમાં પડી જતાં ઇંદ્રિયો તથા અંતઃકરણ શુભ વાસનાને લાયક રહેતું નથી તેથી તેવા કેટલાએક સાંપ્રતકાળમાં સર્વત્ર સંતાપનેજ અનુભવે છે. અને જેઓ અનન્ય ભાવને પામ્યા છે તેવાઓમાં તે સડો ન હોવાથી સર્વત્ર સમદર્શનવડે સંતાપના સ્વરૂપનેજ વિચારદૃષ્ટિથી દેખતા નથી.

પરમાત્મપદમાં પ્રવેશ અને તેની ધારણા.

બુદ્ધિની મંદતા તથા સાધન સંપત્તિ અભાવને નિર્મૂળ કરી શુદ્ધ બુદ્ધિ થવાથી સૂક્ષ્મ વિચારની જાગ્રતિ માટેજ વર્ણત્રયીને પ્રથમ ત્રિપદા ગાયત્રીના ઉપદેશ પૂર્વક સવિતાની પ્રાર્થના કેવળ બુદ્ધિની શુદ્ધીને માટે વેદ નારાયણે બતાવી છે. એ સંબંધી પ્રથમ ભાગમાં કહેવામાં આવી ગયું છે. ઈશ્વરના અપરોક્ષ ભાવના અનુભવ માટે ગુરૂ શાસ્ત્રાદિક સર્વ સાધન સંપત્તિઓ છતાં પણ પોતાની બુદ્ધિજ ખરૂં સાધનછે. ગુરૂ શંકરાચાર્યજી કહે છે કે.

घृतमिवपयसिनिगूढं भूतेभूतेतथैवविज्ञानं ।
सततंमंथयितव्यं मनसामंथानभूतेन ॥

દૂધમાં ગુપ્ત રહેલા ઘૃતની પેઠે સર્વ ભૂતમાં વિજ્ઞાન રહ્યું છે તે 'દૂધમાંથી ઘૃતને જુદું પાડી લેવા બીજા બધા સાધનોમાં રવઈ, જેવું મુખ્ય સાધન છે'' તેમ બુદ્ધિરૂપી રવઈથી સર્વત્ર રહેલું આ વિજ્ઞાન રૂપ અમૃત હમેશાં મથન કરવા લાયક છે મથન કર્યા શિવાય પ્રમાદીઓથી એ અતકર્ય વસ્તુ સંપાદન કરી શકાય તેવું નથી, માટે આ કર્મ ઉપાસના વિગેરેમાં તથા શ્રવણુ મનનાદિકમાં રહેલા રહસ્યને સમજી અદ્દ્ભુત જ્ઞાનામૃત કે જે બુદ્ધિની શુદ્ધિ થયા શિવાય મળતુંજ નથી તેવી મેધા સંપાદન કરવા માટેજ વર્ણુત્રયીને પ્રથમ ત્રીપદાની દીક્ષા આપી તેના તાત્પર્યપ્રમાણે સૂર્યનારાયણરૂપી દેવાધિદેવની પ્રાર્થના પુર્વક જપ, યજ્ઞ કરવાની હમેશા વેદનારાયણુની આજ્ઞા છે. જેમ જેમ બુદ્ધિ શુદ્ધ થતી જાય તેમ તેમ વ્યવહાર અને પરમાર્થમાં પ્રાણિની નિર્મળ પ્રવૃતિ થવા લાગે છે. શ્રદ્ધાપૂર્વક પરમેશ્વરની ભક્તિથી શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યને ઈશ્વરની કૃપાથી અપરોક્ષ સંબંધી વિચાર તેજ બુદ્ધિમાં જાગ્રત થાય છે. એટલે હું કોણ છું ? જેની હું ભક્તિ કરૂં છું તેને હું સાક્ષાત્કારરૂપે કેમ જાણું ? આ જગત કેવી રીતે ઉત્પન્ન થયું છે ? આનો કરતા કોણ છે ? એક ઘડાની ઉત્પત્તિમાં કુલાલ ચક્ર દંડ અને મૃતિકા વિગેરે કારણોની જરૂર છે અને તે ન હોય તો ઘડાની ઉત્પત્તિ સંભવે નહીં તેમ આ જગતરૂપી કાર્યની ઉત્પત્તિના કારણો શું હશે વિગેરેથી અપરોક્ષતા સંપાદન કરવા સંબંધી વિચારો ઉત્પન્ન થતાં સર્વ શાસ્ત્રોમાંથી તેજ રહસ્યનું દોહન કરવામાં આલંબન સહિત પુરૂષાર્થ કરે છે પુરૂષાર્થની સિદ્ધિ થતાં ભેદભાવનાનો નાશ થઈ અનન્ય ઉપાસનાનો આનંદ લે છે. અને એથી ક્રિયા કરવામાં કે ન કરવામાં, આ લોકમાં કે પરલોકમાં આ દેહમાં કે દે-

હાંતરમાં તેવાને રાગદ્વેષ જરા પણ હોતો નથી અને તે જે કાંઇ કરે છે તે સર્વ બ્રહ્મરૂપ છે, એવાજ અનુભવથી કરે છે. દ્વૈત ભાવના દૂર જવાથી અન્યની દૃષ્ટિમાં કર્તા તથા અકર્તારૂપે પ્રાપ્ત થાયછે, પરંતુ તેના અનુભવની અનન્યતા કોઇ જુદાજ પ્રકારની હોય છે. ગીતાજીમાં ભગવાનના વાક્ય પ્રમાણેઃ—

ब्रह्मार्पणंब्रह्महवि र्ब्रह्माग्नौब्रह्मणाहुतं ।
ब्रह्मैवतेनगंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥

હવિઃ (દેવને અર્પણ કરવાનું દ્રવ્ય પદાર્થ) બ્રહ્મરૂપ છે; બ્રહ્મને અર્પણ થાય છે; બ્રહ્મરૂપી અગ્નિમાં તે હોમ્યું, આવી બ્રહ્મ કર્મરૂપી સમાધીથી પ્રાપ્ત કરવાનું પણ બ્રહ્મ છે. આગળ જણાવવામાં આવશે તે પ્રમાણે વિરાટ્ બ્રહ્મના અવયવોથી એક પણ વસ્તુ જુદી રહેતી નથી. અને તે વસ્તુથીજ તેની પૂજા કરવામાં આ બધું જગત્ બ્રહ્મરૂપ છે. એટલે અન્ન, જળ, ઔષધિ, અગ્નિ, યજમાન પણ તે રૂપ છે અને તેથીજ તેની પૂજા થાય છે એ આગળ સમજવામાં આવશે, એ પ્રમાણે અદ્વૈત ઉપાસનથી પરમાનંદપદ પ્રાપ્ત થાય છે. દ્વૈત સિદ્ધિ છેજ નહીં. દ્વિતીયાભિનિવેષથી ભય થાય છે. વિગેરે વેદ વાક્યોથી કોઈપણ પ્રકારના વેદમાર્ગથી દ્વૈતભાવનો નાશ કરવો એવો પ્રાચિન પુરૂષોના વાક્યનો અભિપ્રાય છે અને તેણે પ્રણિત સ્મૃતિ પુરાણોનો પણ તેવોજ તાત્પર્ય હોય, એમાં આશ્ચર્ય નહી. અધિકાર પ્રમાણે ઉપદેશ કરી લક્ષ્યાર્થને પોચાડવામાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ટ ગુરૂની અપેક્ષા એટલા માટે જ છે કે જેથી અધિકારી વેદ માર્ગને અનુસરી ચાલે પણ લક્ષ્ય ન ચુકી જાય. આ વિચાર પ્રમાણે જ મહાત્મા પુષ્પ દંતાચાર્ય કે જેણે અનન્ય ભાવે શ્રી મહાદેવની ઉપાસના કરી છે તે કહે છે કે **रुचीनांवैचित्र्याहजुकुटिलनानापथजुषां**

नृणामेकोगम्यस्त्वमसिपयसामर्णवइव ॥ હે મહાદેવ ! રૂચીની વિચિત્રતાથી અર્થાત્ દરેક માણુસની પ્રકૃતી સરખી ન હોવાથી સીધા અથવા વાંક એટલે ફેરવાળા માર્ગને અનુસરનારા માણુસો (રસ્તો ન ભુલે તો) જેમ પાણી (સર્વ જગોથી) સમુદ્રમાં ભળે છે તેમ (સર્વની ઉત્પત્તિ સ્થિતિ અને લયના કારણુરૂપ એવા એક અદ્વિતીય પરમાત્મારૂપ) આપનેજ પ્રાપ્ત થાય છે આ પ્રમાણે મહાત્મા પરમ શિવભક્ત પુષ્પદંતાચાર્યના વાકયનો મહીમા તેની અનન્ય ભક્તિનેજ પ્રતિપાદન કરે છે. પરંતુ વિષયાભિલાષી ઇશ્વિર ભકતો આ ભક્તિના મહિમાને નહીં સમજતાં માયિક પદાર્થ માત્રની અભિલાષામાં પડી જતાં પ્રાપ્ય વસ્તુને પહોંચી શકતા નથી. અનન્ય ભાવથી અર્થાત્ ઉપર કહેવામાં આવ્યું તેવા ભાવથી પરમાત્માની ભક્તિ કરનારને યોગ ક્ષેમની ફીકર રહેતી જ નથી એમ ગીતાજીમાં શ્રીકૃષ્ણુ પરમાત્માએ અર્જુનને કહ્યું છે. ગીતાજીમાં ચાર પ્રકારના ભકતોમાં જ્ઞાનીને ઉત્તમ ભક્ત કહેલ છે, તે વિશે સવિસ્તર પ્રથમ કહ્યું છે. આ પ્રસંગમાં તેનો નિષ્કર્ષ માત્ર જણાવવાનો છે. તે એ છે કે વિશેષ જ્ઞાનથી સામાન્ય જ્ઞાનનો અનુભવ કરી ફળ વ્યાપ્તિનો માત્ર બાધ કરી વૃત્તિવ્યાપ્તિની જ અપેક્ષાથી બાધ્યબાધક ભાવનો નાશ થાય છે અને અનન્ય ભાવજ નિત આનંદના કારણુરૂપ રહસ્ય ત્યારે જ પ્રાપ્ત થાય છે. આ પ્રકારની જ્ઞાનની પ્રક્રિયામાં ભક્તિ એજ રહસ્ય છે. અને રહસ્યની હમેમેશાં દુષ્પ્રાપતા હોય છે તથા તેજ ગુરૂ શાસ્ત્રદ્વારા પ્રાપ્ત થવાથી ત્રિકાળ બાધરહિત જ્ઞાન સ્વરૂપ પરમાત્માના અનન્ય ભાવે પરમાનંદની પ્રાપ્તિ થાય છે. શ્રીમદ્ભાગવતના દ્વિતીયસ્કંધના અધ્યાય ૯ માં ભગવાને બ્રહ્માજી પ્રત્યે કહ્યું છે કે—

ज्ञानंपरमगुह्यंमे यद्विज्ञानसमन्वितं ।
सरहस्यंतदंगंच गृहाणगदितंमया ॥

મારૂં જે જ્ઞાન પરમ ગુહ્ય છે તે વિજ્ઞાન સહિત તથા રહસ્ય સહિત, તથા તેનું અંગ હું તને કહું છું તેનું ગ્રહણ કર. આ જ્ઞાનની ગુહ્યતા અનધિકારીઓને ન આપવા માટેજ કહેલી છે, કારણ કે અધિકારી શિવાય તે હવે કહેવામાં આવશે તેવો પરમાનંદ બીજો લઇ શકતો નથી. કારણ કે તેવામાં રાગદ્વેષને લીધે હેયોપાદેય બુદ્ધિ ખસતી નથી એથી અનર્થનું કારણ થતાં તેના મહિમાની હાની થાયછે. જ્ઞાન તથા વિજ્ઞાન (વિશેષ જ્ઞાન) સહિત અર્થાત્ પરોક્ષ અને અપરોક્ષ જ્ઞાન, રહસ્ય સહિત હું તને આપુંછું (ભાગવતના ટીકાકાર) શ્રીધરસ્વામીયે **रहस्यं भक्तिः** એવો રહસ્યનો યથાર્થ લખ્યો છે. અપરોક્ષ સાક્ષાતકાર થયો હોય તોપણ અપરોક્ષતારૂપ પરમામૃતની ઉર્મી અર્થાત્ લેહેર (આનંદ) ને આપનારી (પરમરહસ્યરૂપ અનન્ય)ભક્તિ છે. ગુરૂ શંકરાચાર્ય પણ તેજ રહસ્યને પ્રગટ કરે છે. અનુભવપૂર્વક પોતાના મુખથી પોતે જે બોલ્યા છે તે તત્વરૂપે નિચે પ્રમાણે છે.

सत्यपिभेदापगमे नाथ तवाहंनमामकीनस्त्वं ।
सामुद्रोहितरंगः क्वचनसमुद्रोहितारंगः ॥

હે નાથ ! (સમુદ્રમાં ઉત્પન્ન થયેલો તરંગ સમુદ્રરૂપ છે તેમ) ભેદ ભાવનો લેશ નથી. તોપણ હું તમારો છું તમે મારા નહી. જેમકે સમુદ્રનો તરંગ એવી વ્યવહારની યોગ્યતા સદૈવ ગણાય પરંતુ તરંગનો સમુદ્ર છે એમ ક્યારે પણ કહેવામાં આવે નહી. આ પ્રમાણે જગદુદ્ધારક ગુરૂ શંકરાચાર્યે પણ ઉપાસ્ય ઉપાસક ભાવની કલ્પના પૂર્વક અનન્ય ભક્તિ ભાવનેજ ઉપદેશે છે. વળી પણ **नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं नशोभतेज्ञानमलं निरंजनम् ।** નિષ્કર્મતા (પોતાના સ્વરૂપમાં અકર્તાપણાનો તથા અભોક્તાપણાનો દૃઢ અનુભવ) પણ અચ્યુત ભાવ (ઇશ્વર ભક્તિ) વિના તે નિરાવરણ હોય તો પણ

પરિપૂર્ણ શોભતો નથી આ વાક્ય પણ જ્ઞાનીના અંતઃકરણમાં રહેલી અનન્ય ભક્તિનીજ મહત્તાને સુચવે છે. અર્થાત્ ઉપર કહેલા રહસ્યમાંજ આનંદ છે એમ બતાવે છે.

નૈષ્કર્મ્યસિદ્ધિપૂર્વક પરમેશ્વરની અનન્ય ભક્તિથી ગુણ ત્રયાતીત પદ પ્રાપ્ત કરી અજ્ઞાનથી ભવપ્રવાહમાં તણાઈ જતા જીવાત્માઓના ઉદ્ધાર માટે પરમ સાધનરૂપ આત્મયોગનો જ્યારે જ્યારે નાશ થાય છે ત્યારે ત્યારે દરેક યુગમાં તે યોગનો પુનરૂદ્ધાર કરવા માટે તેવા પુરૂષનો પ્રતિયુગે પ્રાદુર્ભાવ થાય છે; એમ શિવપુરાણમાં લખ્યું છે. તે પ્રમાણે આ યુગમાં શંકરરૂપે સાક્ષાત્ શ્રી શંકરાચાર્યે પ્રગટ થઇ પાખંડ પથાનુયાયી મતનું ખંડન કરી આત્મ યોગની મહત્તા પ્રતિપાદન કરી છે. તેની સાથે શૈવ, શાક્ત, વૈષ્ણવ, ગાણપત્ય અને સૌર વિગેરે ઉપાસકો કે જે એકજ દેવ અને તલ્લોકની પ્રાપ્તિ એને મોક્ષ માનવામાં વિહિતાચારનું ઉલ્લંઘન કરનારા નહતા, પરંતુ સાંપ્રત કાળમાં અલ્પપ્રજ્ઞ પુરૂષોની પેઠે એટલે ચતુર્થપુરૂષાર્થની સિદ્ધિમાં ભ્રાંત થઈ જાય છે તેની પેઠે ભ્રાંત થયેલા હતા તેવાઓને પોતાની પ્રબળ શક્તિથી પોતાના જન્મનું કારણ સફળ કરવા માટે સૌ સૌની રૂચ્યનુસાર ઉપાસના માર્ગથી ભ્રષ્ટ ન કરતાં તેઓને મોક્ષનું સ્વરૂપ કેવું છે? અને તે કેવી ભાવનાથી પ્રાપ્ત થાય છે? તથા તેવી ભાવનાનું સાધન કર્મ? કે ઉપાસના છે? કે તેનાથી કોઈ જુદું છે? તે યથાર્થ સમજાવ્યું. પુજ્યપાદ ગુરૂ શ્રી શંકરાચાર્ય જે જે તીર્થમાં તથા બીજાં પૂણ્ય ક્ષેત્રમાં પધાર્યા છે. ત્યાં ત્યાં તે તીર્થના કે તે ક્ષેત્રના અધિષ્ઠાતા દેવની તેણે પ્રાર્થના સ્તોત્રો રચ્યા છે. તે વાંચવાથી તથા પાઠ કરવાથી તે ગુરૂના અભિપ્રાયને સારી રીતે મુમુક્ષુ પુરૂષોથી જાણી શકાય છે. પ્રથમ કહેવામાં આવ્યું તે પ્રમાણે કર્મ કરનારાઓ જો કદી નિષ્કામ વૃત્તિથી બ્રહ્મ ભાવિતપણે કર્મ કરવામાં, તથા ઉપાસના,

અનન્ય વૃત્તિથી કરવામાં તત્પર રહે તો મોક્ષ પદની પ્રાપ્તિના અંતરંગ સાધનરૂપ જ્ઞાનની પ્રાપ્તિ થતા ઇષ્ટના અભેદ નિર્બાધ સ્વરૂપ રૂપ પરમપદને પામે છે.

આગળ કહેવામાં આવશે તેવી રીતે તત્વમસ્યાદિ મહા વાક્યોના તાત્પર્યમાં "હું બ્રહ્મરૂપ છું ? ને આ જગત બધું બ્રહ્મરૂપ છે" એટલે આ વખત અમુક નામના અધ્યારોપથી વિધિસહિત જે ઉપાસ્ય દેવનું હું ગુરૂપદિષ્ટ માર્ગે ઉપાસન કરૂં છું. તેનાથી પ્રથમ કહેવાયું તે પ્રમાણે અભિન્ન છું. એવા અનુભવનો પરિપાક થતાં તથા આ બધું જગત તે દૃષ્ટિથી તે રૂપજ છે. તે જાણવા માટે ચાર પ્રકારની ઉપાસના છે કે જેનો દરેક ઉપાસકો પોતાનો અનન્ય ભાવ દૃઢ કરવા માટે લક્ષ રાખવાનો તેમાંની આ એક અહંગ્રહ ઉપાસના કે જેનાથી પોતાના વાસ્તવિક સ્વરૂપની દૃઢતા કરાવી ટુકામાં નિષેધ મુખ તથા વિધિ મુખથી ઉપદેશ કરીને શિષ્યના અંતઃકરણમાંથી સ્વરૂપાનુસંધાનમાં વિપરીત ભાવનાના બીજને પણ સમર્થ શ્રોત્રિય બ્રહ્મનિષ્ટ ગુરૂ પોતાની અનેક યુક્તીયોથી ઉખેડી નાખે છે, તેવું એક દૃષ્ટાંત આ પ્રકરણમાં નિચે પ્રમાણે આપવામાં આવે છે.

જે એક જીજ્ઞાસુને મહાત્માની પ્રાપ્તી તથા ગુરૂ કળા.

એક કોઈ મહાત્મા ગંગાજીના કીનારાથી લગભગ એક માઈલ દૂર જનસંસર્ગની બાધાથી એકાંત સ્થાનમાં એકનિષ્ઠાથી સજાતીય પ્રવાહ બાંધી નિદિધ્યાસન કરતા હતા; તેટલામાં ચાર ધામ અને સાત પુરીઓ તથા બીજાં કેટલાએક પુષ્કરાદિ તીર્થોની યાત્રા કરી જેનું અંતઃકરણ ઘણુંજ નિર્મળ થયેલું છે. તેવો કોઈ બ્રાહ્મણનો પુત્ર ગંગાના તીર ઉપર પોતાની જીજ્ઞાસા પુરી પાડવા માટે મહાત્માના દ-

ર્શનને વાસ્તે નીકળ્યો હતો. આ જીજ્ઞાસુ બ્રાહ્મણ શ્રુતિ સ્મૃતિમાં ક- હેલા નિત્ય નૈમિત્તિક કર્મ તથા શિવપૂજન વિગેરે હમેશાં કરતો હતો અર્થાત્ પોતાના આશ્રમ ધર્મમાં કુશળ હતો **अवंध्यंदिवसंकुर्यात् दानाध्ययनकर्मसु.** દાન, અધ્યયન, અને કર્મ કર્યા વિના કોઈ- પણ દિવસ જવા દેવો નહીં. એ પ્રમાણે તે યથાશક્તિ પોતાના આ- શ્રમમાં રહી આશ્રમ ધર્મને પાળતો હતો પરંતુ કોઈ પરાવરજ્ઞ પર- માત્માના પરમ ભક્તનો સમાગમ ન થવાથી પોતાના અંતઃકરણનો સંશય નિવૃત્ત થતાં શાંતિ પ્રાપ્ત થઈ નહતી. તેથી વારંવાર તેવા મ- હાત્મા પુરૂષના સમાગમ માટે તીર્થોમાં પરિભ્રમણ કરતો કરતો આ વખત જ્યાં ઉપર કહેલા મહાત્મા બીરાજેલા હતા તેવી અઘમોદ્ધા- રિણી દેવનદી કે જો સારો ભાગ્યોદય હોય તોજ તેના તીરનું દર્શન થાય તેવા ભાગીરથીના કીનારા ઉપર આવતાં આજ મહાત્માનાં તે બ્રાહ્મણને દર્શન થયાં. તે મહાત્મા તો નેત્ર મીચીને પદ્માસન કરી નિરાલંબ મુદ્રાથી નારાયણોહં; પુરૂષઃશિવોઽહં; બ્રહ્માહમસ્મિ; સક- ઽશ્રોહમસ્મિ;પૂર્ણોઽહમસ્મિ; પુરૂષોહમસ્મિ; જ્ઞાનોઽહમસ્મિ; સત્યોહમસ્મિ; એ પ્રમાણે સજાતીય પ્રવાહની અખંડધારાની લેહ બાંધી વિક્ષેપમાત્ર દૂર રહી પરમશાંત વૃત્તિમાં બીરાજેલા હતા. આ બ્રહ્મપુત્ર તેજ મહા- ત્માના પવિત્ર ચરણકમળની પાસે સાષ્ટાંગ પ્રણામ કરી તેનાથી થો- ડેક દૂર બેઠો. અને હાથ જોડીને વિચાર કરવા લાગ્યો કે આ પ્રકા- રની ભક્તિ મેં ક્યાંઈ પણ સાંભળી નહતી; આ તે શું??? નામ સ્મરણ કહેવાતું હશે ? કે આતે કોઈ મંત્રનો જપ ચાલતો હશે આતો કહેછે કે હું પોતેજ નારાયણ! કોઈપણ ન જાણે તેમ નિર્જન સ્થા- નમાં રહી આ પ્રમાણે પોતાના નિશ્ચયનું આવર્તન કરનાર આવા મહા- ત્મા પુરૂષમાં ડોળ કે દંભની કલ્પના કરવી એતો આપણું પાપાચ-

રણ ગણાય પરંતુ આ મહાત્માની આવી ધુનીમાં શો હેતુ રહ્યો હશે? તે કાંઈ સમજી શકાતું નથી. ખેર હવે આમ કરતાં કરતાં વિસામો લેશે ત્યારે તે સંબંધીજ તેમની પાસે પ્રશ્ન કરીશું. એમ નિશ્ચય કરી ત્યાં બેસી રહ્યો છે. મહાત્માને એકાંત દેશનો લાભ મળવાથી વૃત્તિને એવી તો તન્મય ભાવમાં લગાડી હતી કે હવે પછી તેની પાસે નગારાં વાગે તોપણ તે મહાત્માની કરણેંદ્રિય તે તરફ ખેંચાવા શક્તિવાન્ થઈ શકે તેમ નહતું ધીમે ધીમે નારાયણોહં વિગેરેના પણ સૂક્ષ્મતા થવા લાગી. જે શબ્દો સહેજસાજ વાણીમાં હતા તે હવે શ્વાસોશ્વાસમાં તે મહાત્માથીજ અનુભવાય તેવા ચાલવા લાગ્યા આમ કરતાં કરતાં શ્વ.સ પણ ઘણોજ શાંત રીતે ચાલવા લાગ્યો. પછી તો તે યાત્રાળુ બ્રાહ્મણની દૃષ્ટિમાં મહાત્માના શરીર સામું જોતાં શ્વાસોશ્વાસનું ગમનાગમન પણ જાણવામાં આવતું નથી. આમને આમ બે ત્રણ ઘડી વ્યતિત થઈ ત્યાંસુધી તે બ્રાહ્મણે મહાત્માના શરીર સામું જોયા કર્યું. મહાત્મા પોતાનો સમય પુર્ણ થઇ રહેતાં તરતજ જાગ્રત થયા અને હે નાથ ! હે ત્રિગુણાતીત ! હે સચ્ચિદાનંદ પરમાત્મન્ ! વિશ્વનાથ, હરહર મહાદેવ, હર એવા શબ્દો બોલતાં પ્રસન્ન અંતઃકરણ તથા મુખમુદ્રાથી જયસાંબ એમ કહી ઉભા થઈ ચાલવા માંડ્યું એટલામાં ફરી તે બ્રાહ્મણે સાષ્ટાંગ પ્રણામ કરી હાથ જોડી તેની પાસે વીનંતિ કરી કે હે ગુરૂમહારાજ ! આપની પાસે મારે થોડીએક વીનતિ કરવાની છે તે આપ સાંભળવા કૃપા કરશો ! મહાત્માને હજુ પોતાનું કાંઈ કર્તવ્ય શેષ હતું તોપણ તેવા પુરૂષો સ્વભાવથીજ ઘણા દયાળુ હોય છે તે પ્રમાણે તેણે ઉત્તર આપ્યો કે ભાઇ ! તારે જે કાંઇ કહેવાનું હોય તે કહે હું સાંભળીશ. પરંતુ મારે હજુ વિશ્વનાથનું પૂજન

કરવું છે. અંતગ્રહી કરવી છે. અને ત્યારબાદ સત્રમાં બીક્ષા કરવા જવું છે. માટે તારે જે કાંઇ કહેવાનું હોય તે ટુંકામાં સારરૂપે કહે કારણ કે વખત ઘણો ટુંકો છે અને કર્તવ્ય ઘણું છે. જીજ્ઞાસુ બ્રાહ્મણ હાથ જોડી બોલ્યો કે મહારાજા હું આપની પાસે એક પ્રહર થયાં બેઠો બેઠો આપ જે કાંઇ બોલતા હતા તે મારા સાંભળવામાં આવ્યું ત્યાંસુધી સાંભળતો હતો અને એ ઉપરથીજ મને પ્રશ્ન કરવાની ઉત્કંઠા થઇ છે. તે એ છે કે "નારાયણોહં શિવોહં બ્રહ્મૈવાહં એટલે હું નારાયણ છું, હું શિવ છું, હું બ્રહ્મા છું, એ પ્રમાણે આપ એકાંત વાસમાં બેશી હમેશાં કર્યા કરો છો તે નિત્યમેવ સાંભળીને હું આપના દર્શન કરી ચાલ્યો જાઉં છું ક્ષણમાત્ર આ સ્થળમાં રોકાતો પણ નથી અને આ જે પુછવાની ઇચ્છા થવાથી મારે એજ પુછવાનું છે કે એમ કહેવા માત્રથી તમે નારાયણ શિવ કે બ્રહ્મા શી રીતે થઇ શકો? બ્રહ્મા જગતના કર્તા; નારાયણ જગતના પાલન કર્તા; અને શિવ જગતના સંહાર કર્તા; એ પ્રમાણે ત્રિગુણાત્મક ત્રણ દેવતા ઉત્પત્તિ સ્થિતિ અને લય કરવાવાળા છે. એમ શાસ્ત્રમાં લખ્યું છે આપણે મનુષ્ય પ્રાણી તે ત્રણમાંથી ગમે તેની ભક્તિ કરવાથી તેના ભક્ત થઇ શકાય અને લોકમાં પણ શિવનો ભક્ત, વિષ્ણુનો ભક્ત, એમ કહેવાય છે પરંતુ હું નારાયણ છું વિગેરે કહેવાતું નથી. અને મારા અભિપ્રાય પ્રમાણે એમ કહેવું તે આપ જેવા મહાત્માને શોભતું પણ નથી. એક પણ ગામ પોતાને ઘેર હોય અને રાજા કહેવાય. એ કદી વ્યાજબી છે પરંતુ ભિક્ષાંદેહી ઘરે ઘરે કરતો હોય ને 'હું રાજા છું' એમ કહે, તો દેખીતું જ કેવું જણાય? આપની તો તેમાં એવી ધુની લાગી હતી કે હું ધારૂં છું કે તે વખતે દેહ કે ઇંદ્રિયોની યાવત ચેષ્ટા શાંત થઇ ગઇ હતી અને આપના ચેહેરા ઉપર પૂર્ણાનંદની નિશાની તે વખતે

મારા અનુભવવામાં આવતી. એ કાંઈ મંત્ર નહતો પરમેશ્વરનું નામ હતું પરંતુ નામ સ્મરણમાં કરાતા નામના ઉચ્ચાર પ્રમાણે આપ તેનું ઉચ્ચારણ કરતા નહતા એથી મને મહા આશ્ચર્ય થયું ને આપ એ પ્રવાહને જ્યારે બંધ કરશો ત્યારે આ બાબત વિશે જાણવા માટે હું આપને વીનંતી કરીશ એમ ધારી આપની પાસેજ બેસી રહ્યો હવે આપ એ શું કરતા હતા. તે કૃપા કરી કહો એટલે મારી જીજ્ઞાસા પૂર્ણ થાય".

મહાત્મા જરા મંદહાસ્ય કરી બોલ્યા કે હે જીજ્ઞાસુ ! આ જગતના [1]અભિન્ન નિમિત્તોપાદાન કારણરૂપ પરમાત્મા અર્થાત્ જેનાથી આ જગત ઉત્પન્ન થયું છે એટલે જે પોતાની અતર્ક્ય શક્તિથી આ જગતને ઉત્પન્ન કરે છે. જેને આધારે આ જગત અસ્તિત્વ ભાવને પામેલું ભાસે છે અર્થાત્ જેને આધારે રહ્યું છે અને જેમાં કલ્પાંતે અદર્શન એટલે લય પામે છે. તેવા પરમેશ્વરના પદને પામવા માટે આ તન્મય ભાવથી અપરોક્ષ ચિંતન કરતો હતો. પરંતુ મારા અંતઃકરણમાં એ વાત ઘણી વીરૂદ્ધ અને આશ્ચર્યકારક ભાસી એમ તારા પ્રશ્ન કરવાની શૈલી ઉપરથી મારા જોવામાં આવ્યું અને તારૂં તે કહેવું કેટલેક અંશે ખરૂં છે. કારણ કે એ વિષય સમજવાની લાયકીના સાધનો જ્યાંસુધી પુરેપુરા પોતાની પાસે ન હોય ત્યાંસુધી એ વીષય સૌ કોઇના સમજવામાં આવે તેવો નથી પરંતુ હું તને ટુંકામાં તેનો સાર કહી આપું

---

૧ કરોળીયો જેમ પોતાની લાળને પોતાની મરજી પ્રમાણે અભિન્ન એટલે જુદો ન રહેતા ઉત્પન્ન કરી તેમાં વિલાસ કરે છે અને તે લાળનો ફેર લય પણ જેવી રીતે પોતામાં કરે છે તેવી રીતે આ જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ બ્રહ્મ છે પણ કુંભાર જેમ ઘડાને બનાવે છે તેમ તેનાથી જુદા રહીને જગતને બનાવતા નથી.

તે ઉપરથી તારે સમજી લેવું અને તે એ છે કે કોઈપણ પ્રકારે ઈશ્વર ભક્તિમાં પ્રવૃત્ત થવા માટે વિષયો તરફ ચોટેલ મનને ઉખેડી તેમાં (ભજનમાં) પ્રવર્તન કરતાં તે પરમાત્માની કૃપાથી જ તારા જેવા અધિકારીઓ સંસાર સાગરના પારને પામે છે. તેમજ તેની કૃપાથી ગુરૂ શાસ્ત્રની સહાયતા મળી આવતા ત્રિવિધ તાપની શાંતિ પણ થાય છે.

જીજ્ઞાસુ અધિકારીનો જેવો અનુયોગ હતો તેજ પ્રમાણે મહાત્માએ તેનો ઉત્તર આપ્યો જીજ્ઞાસા પણ પુરેપુરી ઉત્પન્ન થયા વિના અધિકારીના જાણનારા મહાત્મા ગુરૂઓ તરત તેને બ્રહ્મવિદ્યાનું પરમ-રહસ્ય, પિશાચને પાયસ બળીદાનની પેઠે આપી દેતા નથી. એ પણ આધિકાર મેળવનાર તથા જાણનારાએ યાદ રાખવાનું છે. કલ્યાણ માર્ગમાં ક્રમેક્રમે વધિ શકાય છે. જે માર્ગે બુદ્ધિમાન્ અધિકારી બુદ્ધિપૂર્વક ચાલતો હોય તેની બુદ્ધી તેના કરતાં અધિકતા પામેલા માર્ગને લાયક થઇ છે કે નહી તેને માટે જીજ્ઞાસુના પ્રશ્ન ઉપરથી મહાત્મા તેને ચકાસી જુવે છે. લાયકી જણાતા પવિત્રપર્વમાં પાત્ર મળી આવતા દાન આપવામાં જેમ વિચારશીલ પુરૂષોવાર લગાડતા નથી તેમ તરત ખરૂ રહસ્ય તેને આપી દે છે પણ બુદ્ધિમાં ભેદ કરતા નથી એમ ગીતાજીમાં પણ કહ્યું છે.

જીજ્ઞાસુ બ્રાહ્મણે કહ્યું કે મહારાજ ઇશ્વરકૃપાથી સર્વે દુઃખનો નાશ થાય પણ વળી ઈશ્વરની સાથે એકતા થાય એ વાતમાં તો આપે મને સંશયાપંન કર્યો, હું તો એમ સમજીછું કે ઇશ્વરની સાથે તો " સેવ્ય-સેવક ઉપાસ્ય-ઉપાસક ભજનીય અને ભજનકરનાર એ ભાવ વિના " ઈશ્વર ભક્તિ કેમ થઇ શકે એકતામાં ભજન ન

થઇ શકે તો પછી મનુષ્ય જન્મને ઇશ્વર ભજવાથી શ્રેષ્ઠ ગણ્યો છે તેવાં શાસ્ત્રો નિરર્થક થાય માટે કૃપાકરીને આ મારા સંશયને દૂર કરશો.

મહાત્માએ કહ્યું કે ભાઇ ઈશ્વરની સાથે સદ્વિચારથી એકતા બનેલીજ છે કોઇ કરવી પડે તેમ નથી માત્ર આ અર્થને સમજવા ને સમજાવવામાંજ વિધિનિશેષદ્વારા નિગમના પરમ રહસ્યને જાણનાર બ્રહ્મનિષ્ટ શ્રોત્રિય મહાત્માઓનું મહત્વછે. પરંતુ વિધિ નિશેધથી ગમ્યવસ્તુ (પરમાત્મા) નું જ્ઞાન ન થતાં કર્માનુરોધથી કેટલાએક વિધિને તો કેટલાએક નિષેધનેજ માત્ર આલંબન કરી કાંડત્રયીમાં રહેલી ભગવદ્ભક્તિનિષ્ટને બાજુ ઉપર મુકી દઇ કેવળ ભ્રાંતની પેઠે [1]એકનેજ વળગી રહેવા લાગે છે તેથી દ્વૈત ભાવના દૃઢ થઇ જતાં અદ્વૈત ભાવના ઉદય પામતી નથી. પરંતુ ઈશ્વરભક્તિનું જે પરમ રહસ્ય છે તે અનન્ય ભાવનાજ છે. એમાં જરાપણ સંશય નથી.

પોતાના વિહિતાચારમાં પ્રવૃત્ત રહેવાથી જીજ્ઞાસુની દૃઢ શ્રદ્ધા તથા ઇશ્વર કૃપાથી ખરી વાતને સમજી શકે તેવી બુદ્ધિ હોવાથી આ મહાત્માના વચનમાં કોઇ પણ જાતનો આગ્રહ નથી એમ જણાઇ આવતાં ઇશ્વર ભક્તિનો જે માર્ગ શાસ્ત્રાનુસારે પોતે સ્વીકાર્યો હતો અને જે પ્રમાણે પોતે વરતતો હતો તે પોતાનું નિત્યકર્તવ્ય નીચે પ્રમાણે તે મહાત્માની પાસે પોતે કહી સંભળાવ્યું.

---

૧ કોઈ ઉપાસના અને જ્ઞાનનો ત્યાગ કરી કેવળ કર્મનેજ વળગી રહે છે તો કોઇ કર્મ ઉપાસનાનો ત્યાગ કરી માત્ર જ્ઞાનનેજ વળગી રહે છે અને કોઇ કર્મ તથા જ્ઞાનનો ત્યાગ કરી કેવળ ઉપાસનાનેજ વળગી રહેછે પરંતુ આ ત્રણેમાં શરૂઆતથી ભગવદ્ભક્તિ નિષ્ઠારૂપી પરમ રહસ્ય છે એ ત્રીકાંડાનુયાયીઓને સમજવાનું સાધન ગ્રંથની સાથે છે.

મહારાજ વરણાશ્રમને અનુસરી પોતાનો નિત્ય નૈમિતિક ધર્મ પાળવાથી ઈશ્વર પ્રસન્ન થાય છે, ને તેનો ત્યાગ કરી સ્વેચ્છાચાર પ્રમાણે વરતનાર મહાપતિત થાય છે એટલે નરકમાં પડે છે. એવી શાસ્ત્રમર્યાદાને અનુસરી તે પ્રમાણે આપ જેવા મહાત્માની દયાથી મારાથી જેટલું વરતી શકાય છે તેટલું વરતુંછું. દાનાધ્યયન કર્મથી યથાશક્તિ વંધ્ય દિવસ જવા દેતો નથી પરંતુ વિધિનિશેધ એવા ઉપદેશ તથા તેથી ગમ્યવસ્તુ અને તે જાણવાથી કર્મ ઉપાસના અને જ્ઞાનની સફળતા એ વિષે હું કાંઇ સમજતો નથી.

મહાત્માએ જાણ્યું કે આ બ્રાહ્મણની જીજ્ઞાસા નિઃશ્રેય સન્માર્ગ તરફ વધતી જાય છે, અને તેથી આના અંતઃકરણમાં અદ્વૈત ભાવનાનો તરત ઉદય થશે એવા અનુમાનથી મહાત્માએ તેને કહ્યું કે હે પરમજીજ્ઞાસુ ! તું જેટલું સમજ્યોછું તેટલું ઘણુંજ સારૂં સમજ્યોછું. તારો અધિકાર જોઈ કોઇ પણ મહાશય સત્પુરૂષ તને મળશે અને તેની સંગતિથી ઈશ્વરભક્તિનું પરમરહસ્ય તારા સમજવામાં આવશે.

જીજ્ઞાસુના અંતઃકરણમાં આ વાત ઘણીજ રહસ્ય છે અને તે સત્પુરૂષની દયા વિના સમજી શકાય નહી એમ જણાઇ આવતાં આજ મહાત્માનું શરણ લઇ તેની પરમ સેવાના ફળરૂપે અનન્યભક્તિનો આનંદ પ્રાપ્ત કરવો એવો વિચાર કરી થોડીવાર તેમના ચરણકમળ સામી દૃષ્ટી કરી રહ્યો અને ત્યારબાદ તેમની મુખમુદ્રા સામી દૃષ્ટી કરી જોતાં તે જીજ્ઞાસુના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી અને ગદગદ કંઠથી " હે પરમગુરૂ આપ " એટલું અરધુ વાક્ય બોલતાંજ તેના સર્વે રૂવાટાં ખડાં થઇ ગયા દંડ (લાકડી)ની માફક તેણે મહાત્મા ગુરૂના ચરણકમળમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા આ બ્રાહ્મણની જીજ્ઞાસાપૂર્વક મુમુક્ષતા જોઇ મહાત્માએ તેને આશ્વાસના આપી ઉઠીને બેસવાનું કહ્યું ત્યારે તે શિષ્ય શનૈઃ શનૈઃ પરમભક્તિ

ભાવથી ગુરૂશરણુસ્વીકારવામાં ગળિત થયેલા અંતઃકરણ ગુરૂરૂપી આલંબનથી સાલંબ કરી બે હાથ જોડી ગુરૂજીની પાસે બેસી તે-ત્રીજ વાણીથી ગુરૂજીને વિનંતી કરી કે હે અજ્ઞાનરૂપી અંધકારનો નાશકરનાર સૂર્યનારાયણરૂપી ગુરૂદેવ હું સર્વાત્મભાવથી આપના ચરણારવિંદની શરણછું. આપ મને ઇશ્વરની અનન્યભક્તિરૂપી અવલંબન આપી આ સંસારસિંધુથી પાર કરશો એવી મારી પ્રાર્થના છે. બ્રાહ્મણ કુળમાં જન્મવાથી યથાશક્તિ થયેલી માતાપિતાનીજ સેવાના ફળરૂપે આપ જેવા પરમ સદ્ગુરૂનું મને શરણ મળ્યું. હું અનાથ અને દીનછું. આજ સુધી આવી રીતે ઈશ્વરના પરમસ્વરૂપને ઓળખાવી શિષ્યના ત્રિવિધ તાપને શાંત કરે તેવા ગુરૂના ચરણાર્વિંદનું શરણ મળ્યું નથી તે આજે મળવાથી મારા જન્મ મરણના તાપની શાંતિ થશે એમ મારૂં અંતઃકરણ મને જાણે પ્રેરણા કરતુ હોય નહી ? તેમ છે. માટે આપ કૃપા કરી અનાથ માણુસને સનાથ કરી સદુપદેશથી સંસારરૂપિ મહાસર્પના ભયથી મુક્ત કરો આટલું બોલી હાથ જોડી તે બ્રાહ્મણ ગુરૂજીની પાસે ઉભો છે.

મહાત્માએ તેનાં શિષ્ય ભાવનાં લક્ષણો જોયાં પરંતુ હજુ તેમનો નિરાલંબના ઉપદેશનો અધિકાર છે કે નહી તે જોવા માટે કેવી યુક્તિઓ કરે છે તે જોવાનું છે.

મહાત્મા જરા મંદહાસ્ય કરી બોલ્યા કે ભાઇ ! પોતાના વર્ણાશ્રમાનુસાર વરતવું એ ઈશ્વર ભક્તિછે. અને એથી ઈશ્વર પ્રસન્ન થાય છે ને ઇશ્વર કૃપાથી તેના પરમમોક્ષરૂપ નિર્ગુણસ્વરૂપના અનુભવનું પાત્ર થવાય છે એટલે અનન્ય ભક્તિ પ્રાપ્ત થાય છે. તેની સાથે ગુરૂકૃપા શ્રદ્ધા અને દૃઢ નિશ્ચય શિવાય ઈશ્વરના નિર્ગુણસ્વરૂપ પરત્વે કેવળ સાંખ્યશાસ્ત્રનું શ્રવણ કરવા માત્રથી પરમાનંદરૂપ અનન્ય ભક્તિરસ અધિકાર વગરના પુરુષોના અંતઃકરણને આનંદ કારક થતો

નથી જેમ સુવર્ણના પાત્ર શિવાય બીજી ધાતુના પાત્રમાં સિંહિ (સીહણ)નું દૂધ પાત્રનો નાશ કરી (ફોડી) નિકળી જાય છે, તેમ શુદ્ધ બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન ન થયા હોય તેવાઓના ઉદરમાં જેમ સોમવલ્લી રસ હજમ ન થતાં ઉલટી કરી પીનારને પાયમાલ કરે છે. અને જેમ મલીન તથા કુસંગથી લંપટ અંતઃકરણવાળી કદી કુલીન કામિનીઓના અંતઃકરણમા ઉભય કુળનો ઉદ્ધાર કરનાર સતિ ધર્મરૂપી અમૃત કે જે અજરામર સુખને આપનાર છે તે વિષયવાસનાથી ગમે તેટલું રેડયું હોય તો પણ ઠેરતું નથી તેમ અનધીકારીઓના અંતઃકરણમાં આ પરમરહસ્ય જોઇએ તેવાં સુખને આપનાર થતું નથી. અને ઉલટું અનર્થકારક તથા તેઓમાં લોક નિંધપણાની વિશેષતા પ્રાપ્ત કરેછે માટે પ્રથમ અધિકારની આવશ્યકતા છે. પાત્ર સાફ કરવાની જરૂર ગણાય છે. પછી તેમાં ચકચકાટી આપે આવે છે પછી તેની અંદર જે યોગ્ય વસ્તુ રાખવામાં આવે તો તે વસ્તુ બગડે નહીં એટલુંજ નહીં પરંતુ પાત્રમાં પોતાની ઝાંઈ આપી તેને દીપાવે છે. યોગ્યાયોગ્યનો વિચાર ન કરતાં ગ્રહણ કરવું કે ત્યાગ કરવું એ સાધારણ દ્રષ્ટિથી પણ જોખમ ભરેલું છે તો પછી આ અસાધારણ જ્ઞાનના સંબંધમાં તેવા સૂક્ષ્મ વિચારની આવશ્યકતા હોય તેમાં તો શુંજ કહેવું. આ સંબંધમાં દ્રષ્ટાંતરૂપે હું તને એકવારતા કહું છું તે તું સાંભળ.

જેવો અધિકારી તેવો ઉપદેશ તેનું આખ્યાન.

એક ઘણાજ ધનવાન્ ધર્મસિંહ નામે શેઠીયાને ચાર પુત્ર હતા તેમાં મોટા પુત્રનું નામ માધવ હતું. માધવે એક દીવસે પોતાના પિતાને હાથ જોડી વિનંતી કરી કે પિતાજી! આપના પ્રતાપથી અમારે કોઇ પણ જાતની કમીના નથી તોપણ માણસે પુરૂષાર્થમાં પાછું

ન હતું એવા વિચારથી હું આપને વિનંતી કરૂંછું કે આપ જો આ-જ્ઞા આપો તો એક જુદી દુકાન કરીએ અને આપણા વ્યાપારમાં ઈશ્વર વધારો આપશે અને પછી આગળ ઉપર અમે ચાર ભાઇઓ છીયે તો વળી સમય આવતાં કોઈ દેશાંતરમાં દુકાનની શાખાઓ નાખવાનો સમય મળી આવે તો ચારે ભાઇઓને આપ સરખી સ્થિતીએ રહેલા જોશો તેથી આપને ઘણો સંતોષ થશે. (આ માધવ ભણી-ગણી મહાહુશિયાર થયો હતો તથા તેનું મિત્રમંડળ ઘણું હુશિયાર અને વ્યાપાર સંબંધે પરદેશની સફર કરવામાં લાયક હતું માધવ કદી પરદેશ જાય તો હરામી હલાલીથી છેતરાય તેવો ભરૂસો તેના પિતાના મનમાં ન હતો એથી માધવની માગણી ઉપર તેના અધિકારનો વિચાર કરી) તેના પિતાએ જવાબ આપ્યો ભાઇ આજે તારી આવી માગણીથી મને ઘણો આનંદ થયો છે. તારા જેવા દેશ-માં રહી વેપારમાં વધારો કરે તો મને ખાતરી છે કે તે લાભજ મેળવે. પરંતુ પોતાની બુદ્ધિની કસોટી કરવાનું ખરેખરૂં જો તું જા-ણુતો હું અગર મને પુછતો હું તો હું તને કહુંછું કે પરદેશમાં પો-તાનું નાણું સાથે લઇ જવું અને ત્યાં અજાણીતા લોકો સાથે વ્યાપા-રના પરીચયમાં તેને વાપરવું અને તેનો નફો મેળવી આબરૂ સહિત રહેવું અને સંગ્રહ સહિત દેશમાં આવવું તારા જેવાનું તો હવે આ-મ કરવું તે કર્તવ્ય છે. માધવ આ વાતને બરાબર પોતાના કર્તવ્ય-માં જોડી તે સંબંધી વિચારમાં પ્રવૃત થયો માધવથી નાના, ધનપા-ળે હાથ જોડી પોતાના પિતાજીને વિનંતી કરી કે પિતાજી ! આપ જો મને આજ્ઞા આપો તો હું મોટાભાઈની સાથે પરદેશની સફરમાં જાઉં આટલું સાંભળતાંજ ' જો કે તે ધનપાળનો પરદેશમાં જવાનો

અધિકાર નથી અને જાય તો માધવના કામમાં મદદ ન કરતાં ઉલટો હરકત કરતા થઇ પડે ' આમ તેના પિતાના ધ્યાનમાં આવ્યું જેથી ધનપાળની વીનંતિ સાંભળી ધર્મસિંહે જવાબ આપ્યો કે બાપ તારૂં કહેવું યથાર્થ છે પરંતુ પરદેશના મામલા ઘણાજ કઠણ છે. ત્યાં અજાણ્યા લોકો સાથે નાતા કરવા; તેની રીતભાતથી વાકેફ થવું અને જો વાકેફ થયા વિના તેની સાથે વેપાર સંબંધી કામ પાડવામાં આવે તો લાભ ને બદલે ટોટો વ્હોરવો પડે એટલુંજ નહીં પરંતુ જો પોતામાં ચાલાકી ન હોય તો વખતે મોતની અણી ઉપર પણ આવી જવું પડે માટે ભાઈ ! આ વખત તારે ભાઇની સાથે નજવું. ભાઇ એક વખત જઇઆવે પછી તમે બેય ભાઈ જજો એમાં કશી હરકત નથી ને આ વખત ભાઇ આવે ત્યાં સુધી આ આપણી દુકાનનો વહીવટ જેમ મોટો ભાઇ ચલાવે છે તેમ તું ચલાવ એટલે આપણા શહેરના વેપારીઓની સાથે તથા આપણા આડતીઆઓની આદત જાળવવાથી જેવાં મોટાભાઇના સૌ કોઈ વખાણ કરે છે તેમ તારાંપણ વખાણ કરશે અને દેશ દેશાવરમાં વધારે કીર્તિ ફેલાવાથી વેપારીઓ પોતાના વેપારમાં ઘણોજ સારો લાભ મેળવેછે ને આમ થાય તોજ મને વધારે સંતોષ થાય. આવું તેનું બોલવું સાંભળી પૂર્વાપર વિચાર કરી ધનપાળે તે સંબંધી વિચાર કરવાની સાથે દુકાનના કામકાજની માહેતી મેળવવા માંડી.

ધનપાળથી નાનો ધનંજય કે જેની તેર ચૌદ વર્ષની ઉમ્મરછે તેટલામાં કુટુંબ કેળવણીની યોગ્યતાને લીધે વ્યવહારને લાયક કેટલીએક રીતભાત તેની અંદર લોકોના જોવામાં આવતી હતી અર્થાત્ વ્યવહારિક રીતિની લાયકીના અંકુરો તેમાં દેખાઈ આવતા હતા અને નિશાળમાં પોતાની તીવ્ર બુદ્ધિથી પોતાના વિદ્યાગુરૂની કૃપા સર્વ

વિદ્યાર્થીઓ કરતાં સવિશેષ સંપાદન કરી હતી, તેનો અભ્યાસ હજુ સંપૂર્ણ થયો નહતો. ધનંજયે વિનય પૂર્વક પોતાના પિતાને કહ્યું કે પિતાજી ! આપણા ધનપાળભાઇની સાથે મને દુકાને બેસવાની આજ્ઞા આપો અથવા તો આપણે બીજી દુકાન નાંખીયે તો વેપારમાં વધારો તથા આબરૂમાં પણ વધારો થાય, ને આપ અમને બેઉ ભાઇને જે પ્રમાણે આજ્ઞા કરશો તે પ્રમાણે વરતીશું. આ પ્રમાણે બોલનાર ધનંજય જો કે તેના ભાઇની સાથે તેજ દુકાને બેસે અગર બીજી દુકાન કરે તો તે કામ ચલાવવામાં તેને કશો વાંધો આવે નહી તો પણ તેની ઉમ્મર હજુ લાયક નથી એટલુંજ નહીં પણ શાળામાં અભ્યાસ કરી વેપારી લાઇનમાં ખપી શકે તેવા દૃઢ વિચારો સંપાદન કરવા તે શિખવાનું હજુ તેને બાકી છે. જ્યાં સુધી માણસનું મન મજબુત એટલે લાભ આવતાં હરખાઇ જાય નહીં અને તોટો આવતાં ગભરાઈ જાય નહીં એવું જ્યાંસુધી થયું નથી ત્યાંસુધી દુકાને બેશી વેપાર ચલાવવો એ ઘણું જોખમવાળું છે એમ ધારી પિતાએ તેને જવાબ આપ્યો કે ભાઈ તારૂં કહેવું ખરૂં છે જો કે ધનપાળની સાથે તું દુકાને બેસે તો સારૂં કામ કરી ધનપાળને મદદ આપે તેવો છું તોપણ તારાં હજુ બે વર્ષ નિશાળનાં બાકી છે તે પુરાં થતાં સુધી શા માટે આ માથાફોડમાં પડવું પડે છે કે આખા દહાડમાં કેટલાઓની સાથે ખટપટ કરવી પડે છે. તેમાં પણ ક્યારે મોસમનો વખત હોય છે ત્યારે તો જમવાનો ટાઇમ પણ ચુકી જવાય છે હજુ તારી નાની ઉમ્મર છે ને બે વર્ષ પછી તારેજ તે કામમાં ધનપાળને મદદ કરવાની છે. માટે હાલમાં તો બે વર્ષ અભ્યાસ કરો અને નિશાળના રજાના દિવસો હોય ત્યારે દુકાને આવવું આમ કરવાથી તારી તબીયત પણ સારી રહેશે અને ભાઇને પણ ઠીક પડશે. જો, તું

એ પ્રમાણે વરત તો હું પણ ઘણો પ્રસન્ન થાઉં. કારણ કે નિશાળનો અભ્યાસ પુરો કરીને પછી દુકાનના કામમાં દાખલ થા, તો પછી કોઇનો ભાર નહીં કે તમને કોઈ છેતરી જાય. આટલું સાંભળી ધનંજયના અંતઃકરણમાં યોગ્ય જણાઈ આવતાં તરત દુકાનની વાતને પડતી મેલી 'નિશાળેજ જવું અને અભ્યાસ પુરેપુરો કરતાની સાથે લોક વ્યવહારનો અનુભવ મેળવવો એજ ખરૂં કર્તવ્ય છે, એવા વિચારમાં તત્પર થયો.

ધનંજયથી નાનો ધરણીધર કે જેની હજુ છ વર્ષની ઉમ્મર થઇ છે પરંતુ ધનંજયને નિશાળે જતો જોઈ રમતાં રમતાં પોતાના પિતાજીને કહ્યું કે પિતાજી ! મને ભાઇની સાથે નિશાળે મોકલો ને મેં હજુ તો નિશાળ જોઈ પણ નથી. ભાઇને જેમ ઘણું શીખવાનું છે તેમ મારે ઘણું શીખવાનું નથી? માસ્તરની આજ્ઞા પ્રમાણે વર્તવાથી બધું સારૂં આવડે અને ઇશ્વર આપણું ભલું કરે એમ મારાં માતુશ્રી કહે છે માટે હું તો ભાઇની ભેળો નિશાળે જઇશ. આવું ધરણીધરનું બોલવું સાંભળી ધર્મસિંહ શેઠ ઘણાજ પ્રસન્ન થયા અને ધરણીધરને પ્રેમથી પોતાની છાતી સાથે લગાવી બચી કરી પોતાના ખોળામાં બેસારી કહેવા લાગ્યા કે બેટા નિશાળે હમણાં જવાય નહીં કારણ કે નિશાળમાં તો એકને એક ઠેકાણે બેસી રહેવાનું, ભણનારને પોતાનો પાઠ ન આવડે તો માસ્તર ગુસ્સે થાય, વખતે આપણે નિશાળમાંથી બહાર ગયા હોઇએ અને માસ્તરની રજા લેવી ભુલી ગયા હોઇએ તો વખતે આપણી ભુલ બદલ માસ્તર યોગ્ય રીતે શિક્ષા પણ કરે. ધનંજય ભાઈ તો તારા કરતાં જો મોટો છે માટે તે કોઈપણ રીતે ભુલમાં આવે તેવો નથી ને તું તો હજી બાળક છું. માટે ભાઇ ! આપણા આંગણા આગળ રસ્તા ઉપર ભાઇબંધ દોસ્તદારો સાથે રમો

અને લહેર કરો પછી થોડા મ્હોટા થશો એટલે હું સાથે નિશાળમાં આવી તને નિશાળમાં માસ્તરને સોંપી તે દીવસે તો આપણે મોટી ધામધુમ કરીશું જાઓ મારા બેટા રમો કજીયા કરે, તેતો ગાંડુંજ કહેવાય. ધનંજય ભલે નિશાળે જતો. તું જા તારી મા પાસે, ડાહ્યા થઈએ હો, પોતાના માબાપ કહે તે પ્રમાણે કરે તે દીકરો વાહાલો લાગે. ને જે માગે તે તેને પોતાના બાપા લાવી આપે લે એક પૈસો સાંજે આપણે બજારમાં જઈશું ત્યારે તું જે કહીશ તે લઈઆપીશ. આ પ્રમાણે સમજાવતા પોતાના નાના પુત્ર ધરણીધરને રમતમાં ચ. ડાવી આપ્યો પરંતુ ધનંજયની સાથે નિશાળે જવા દીધો નહીં. જો કે તે નાની ઉમ્મરનો છતાં પણ કુટુંબની યોગ્યતાને લીધે ઉમ્મરના પ્રમાણમાં તે ઘણોજ ચાલાક હતો તોપણ નિશાળે જવાથી એના અંતઃકરણમાં એકદમ અભ્યાસની ફીકર પેસી જતાં પરિણામે શરીર નિર્બળ થઈ જવાથી તેના હિતને બદલે અહિત થાય એમ ધારી તેના પિતાયે ચાલાક છતાં પણ અધિકાર ન હોવાથી તેને નિશાળે પણ જવાનો ઉપદેશ કર્યો નહીં.

વિચાર કરીયે તો માણસ ક્રમથીજ યોગ્યતાને પામે છે એક-જેની બુદ્ધિમાં વ્યવહાર પરમાર્થની અધિકારીતા વિકાસ પામતિ દેખાય છે તે જન્માંતરીય સંસ્કારનું અસાધારણ સૂચન છે એ વાત પ્રમાણ સિદ્ધ છે. વૈદિક માર્ગનો ઉદ્દેશ પણ ઉપર પ્રમાણેજ છે નિયમોપણ તેજ પ્રમાણે બંધાય છે. ગર્ભાધાનાદિ ષોડષ સંસ્કાર કરવામાં એજ અભિપ્રાય છે જેમ જેમ પુરૂષ સંસ્કૃત થતો જાય તેમ તેમ તેમાં મેધાની અભિવૃદ્ધિ થતી આવે છે. ગર્ભાધાન, પુંસવન, સીમં-તોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન ચૂડા (બાળમો-વાળા ઉતારવા) ઉપનયન, અને ત્યારબાદ વેદવ્રત તેમાં ગાયત્રીનો ઉ-પદેશ ગાયત્રી મંત્રમાં; બુદ્ધિની યોગ્યતા સંપાદન કરવા તથા પ્રકૃતિ

પુરૂષનો અભેદ સમજવામાં અને સમજ્યા બાદ અદ્વૈતપદ પ્રાપ્ત કરવા માટે સૂર્યરૂપે પરબ્રહ્મધ્યેય અને ગાયત્રીનું પ્રકૃતિરૂપે ઉપાસનનો અર્થ સમજાવવામાં આવે છે. આ બાબત પ્રથમ ભાગમાં સમજાવવામાં આવ્યું છે માટે વિશેષ નહિ લખતાં ક્રમેક્રમે અધિકારીથવાયછે એવા નિર્ણયને સ્વીકારવામાં એકદમ પરાઙ્મુખ થવું એ પાપાત્માનું લક્ષણ છે, એટલું બતાવવા માટે અત્રે ગાયત્રી સંબંધે પુનરૂક્તિલેખ કરવામાં આવ્યોછે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યને વેદોક્ત સંસ્કાર થાયછે તો સંસ્કાર પદ્ધતિનું યથાર્થ રહસ્ય પણ આ શિવાય બીજું નથી.

અધિકારી પુરૂષની યોગ્યતાને સત્પુરૂષનો સહવાસ, મહાત્માઓના ચરિત્રોનું અવલોકન, પ્રથમ ભાગમાં બતાવ્યા પ્રમાણે પોતાના અંતઃકરણમાં ઉત્પન્ન થતા શુભ કે અશુભ વિચારોથી પોતાના ગુણ, દોષ તથા પોતાના ચરિત્રને વાણી વ્યવહારના નિયમને અને પોતાની ક્રિયાને જાણવું એજ વધારી આપે છે.

ટુંકામાં સમાધાન માગીયે તો બ્રહ્મનિષ્ટ અને શ્રોત્રિય એવા પરમજ્ઞાની ગુરૂદેવ, પરિચયથી યોગ્યતાનો વિચાર કરી અધિકારીને સ્વિકારે છે તથા જેમ જેમ તેનું ઉભય લોકાયતિક પથમાં ગમન નિર્વિઘ્નતાથી સિદ્ધ થાય તેવું દર્શન આપી તેને છેવટ સુધી (મોક્ષ સુધી) પણ લઇ જાય છે. તે તરફ પરમોદ્ધારકબુદ્ધિથી તત્સેવામાં પ્રવૃત્તિ અને તેણે આપેલા અનુશાસનનું પ્રતિપાલન એજ પરમપદ પામવાનું પરમ સાધન છે. આટલું સમજનાર અને તે પ્રમાણે વર્તનાર જીજ્ઞાસુ મનુષ્યનો આવીર્ભાવ તીરોભાવ કીટ પતંગવત્ થતો અટકે છે એમાં જરા પણ સંદેહ નથી.

ઉપરના ચાર અધિકારીઓના દૃષ્ટાંતમાં ક્રમભેદ થવાથી યોગ્યતાના અભાવને લીધે ફળ સિદ્ધિમાં ભેદ થાય છે એટલુંજ નહીં પણ (પરમાપત્તિમાં આવી પડાય છે) તેવું તેમના પિતાના સમજવામાં કે

અનુભવમાં ન હોય અને પરદેશ જવાના અધિકારીને દુકાન સોંપવામાં આવે, ને દુકાનના અધિકારીને દેશાંતર જવાનો ઉપદેશ કરવામાં આવે; નિશાળના અધિકારીને રમત ગમતનો ઉપદેશ કરવામાં આવે, અને રમત ગમતના અધિકારીને નિશાળે મોકલવામાં આવે. તો તેનું પરિણામ જેવું જોઇએ તેવું કદી પણ આવે નહીં.

વ્યાપકતાની સમજ.

અધિકારીનું દષ્ટાંત સાંભળી જીજ્ઞાસુયે વિચાર કર્યો કે ગુરૂજી પરમ વિચારવાન્ છે. માટે પોતાની વિદ્વત્તાથી મારી અધિકારિતા જાણ્યા શિવાય મને બોધ આપશે નહીં માટે એમની સેવામાં રહેવું ને આજ્ઞા કરે તે પ્રમાણે વર્તવું એવો નિશ્ચય કરી ગુરૂજીને હાથજોડી પ્રણામ કરી નમ્ર ભાવથી વિનંતી કરી કે મહારાજ આ દષ્ટાંત સાંભળી મારા મનમાં એવો નિશ્ચય થયો કે આપની સેવામાં રહેવું ને આપ જ્યારે મારી યોગ્યતા જાણો ત્યારે આપ મને એ રહસ્યરૂપ અમૃતપાન કરાવી કૃતાર્થ કરશો. મારા કલ્યાણને માટે આપની સેવામાં મને સ્વીકારશો, આપના ચરણની ભક્તિથીજ મારૂં કલ્યાણ થશે, આપ જે પ્રમાણે આજ્ઞા કરશો તે પ્રમાણે આપનાજ પ્રભાવથી વર્તવામાં હું પ્રમાદી થઇશ નહીં.

"આટલા ઉપદેશમાં આની શ્રદ્ધા દઢ થતી જણાયછે માટે એ શુભ સંસ્કારવાળો છે. નહિતો તે વિના શ્રદ્ધા ઉત્પન્ન થાય નહીં" એમ જાણીને ગુરૂજી બોલ્યા કે ભાઈ! તું શ્રદ્ધાવાન્ છું તો હું તને હમણાંજ કાંઈ બતાવું ને તે એ છે કે પ્રથમ તો તું જે કાંઈ વર્ણાશ્રમાનુસાર કર્મ કરે છે તે કર્મના ફળની તારે ઈચ્છા રાખવી નહીં. વિધિ પ્રમાણે તે કર્મ કરવાં અને તેમાં લખેલી ભાવનામાં તને કાંઈ

સંદેહ રહેતો હોય તો તું મને પુછતો રહેજે પરંતુ કર્મ સમાપ્ત થયું કે તે ઈશ્વરપ્રીત્યર્થે ઈશ્વરને અર્પણ કરજે. જે કાંઈ કરવામાં આવે તેનો બદલો નહીં માગતાં "ઈશ્વરાર્પણમસ્તુ" એવીજ અંતઃકરણની દૃઢભાવના લગાડવી. આ વાત તને રૂચતી હોય તો તે પ્રમાણે કરજે. તારા અંતઃકરણમાં કોઈપણ જાતની કામનાનું સ્ફુરણ થતું હોય તો હું બતાવું છું તેમ કરવાની કશી જરૂર નથી ને તું જેમ કરે છે તેમજ કર્યા કરજે. એથી પણ પરિણામે સારૂંજ ફળ છે. કર્મ કરવામાં કાયરતા કે પ્રમાદી ન થવું, એટલી તે વિષયમાં હું તને ભલામણ કરૂંછું.

શિષ્ય કહે છે કે મહારાજ! ઘણા દિવસો થયાં સુખની આશા રાખી શુભ કર્મો કર્યાં પરંતુ તેનાથી જે સુખ થાય છે તેમાં દુઃખ સાથે જ રહેલું હોય છે. માટે હવે મારે તેવા સુખની ઇચ્છા નથી અને એથી હવે આપ બતાવો છો તે પ્રમાણે કેવળ ઈશ્વરપ્રીત્યર્થ નિષ્કામ કર્મ કરીશ. કે જે કરતાં આપની કૃપાથી મને ઈશ્વર પદની પ્રાપ્તિ થાય. ગુરૂજી બોલ્યા કે ભાઇ! તારી વૃત્તિમાં સુવીચારનો ઉદય થવા લાગ્યો છે માટે હવે જો તું "શ્રદ્ધા ભક્તિ અને ધ્યાન યોગરૂપ પુરૂષાર્થમાં" પ્રવૃત્ત થઈશ તો તને પરમાનંદની પ્રાપ્તિ થશે.

ઈશ્વર સર્વાંતર વ્યાપક છે ને તેનાં અનેક નામ છે તેમાંથી એક નામ માત્રનું આલંબન રાખી. તેનું સ્મરણ કરવું. એને શાસ્ત્રદ્વારા નિત્યાનિત્ય વસ્તુનો વિવેક સમજીને 'નિત્યવસ્તુ એક આત્મા છે ને તે શિવાય તમામ પદાર્થો અનિત્ય છે.' એવો વિવેક, વિચારથી પ્રાપ્ત થાય છે. કેવળ નામ સ્મરણથી પણ નિર્ભય થવાતું નથી તેમ ઇશ્વર ભજન વિના કેવળ વિવેકથી પણ નિત્ય વસ્તુનો નિશ્ચય કરી બેસી રહેવામાં પણ નિર્ભય થવાતું નથી. સાંભળ!

વ્યાપકતાના દૃઢીકરણ તથા અનુભવમાં નામદેવનું દૃષ્ટાંત.

'એક નામદેવ' એવા નામે ભક્ત હતા, તેણે પોતાના વર્ણાશ્રમના આચારને અનુસરતા ધર્મ કર્મ કરવામાં કોઇપણ દિવસ વંધ્ય જવા આપ્યો નથી તેની સાથે ઇશ્વરના નામનું અખંડ સ્મરણ કર્યા કરતું ને કોઈ પુછે કે મહા ભક્ત! દેવ કોને કહીયે? તો તે પોતાની દૃઢ શ્રદ્ધાથી એમજ ઉત્તર આપે કે 'નામદેવ' મતલબ નામ એજ દેવ. આ ઉપરથી એનું નામદેવ એવું નામ જગતમાં પ્રસિદ્ધ થયું. કયાંઈ પણ સત્સંગ ચાલતો હોય ત્યાં પોતાને જવું; એક બાજુ બેસી શ્રવણ કરવું અને શ્રવણ થઈ રહ્યા બાદ ઘેર આવી સાંભળેલું મનનપૂર્વક યાદ કરી લેવું તેમાં કાંઇ સંદેહ રહે તો ફાલતું વખતમાં ગુરૂજીની પાસે જઇ પુછી લેવું. તે સમયમાં કાંઈ ગુરૂ સેવા હોય તો કરવી અને પૂછેલી બાબતના સમાધાનનો આધાર ગુરૂજીની ઇચ્છા ઉપર રાખતાં. તેના નિયમિત સેવાનો વખત જુદોજ હતો. નિત્યાનિત્ય વસ્તુનો વિચાર, નામસ્મરણ અને સત્સંગ આ પ્રમાણે કરતાં કરતાં બુદ્ધિમાં [1]મેધાનો ઉદય થવા લાગ્યો. એથી શ્રુતિ વાક્યનાં તાત્પર્ય સમજતાં સદ્દગુરૂની કૃપા બળથી અપરોક્ષ અનુભવ થયો. એટલે સર્વત્ર ઈશ્વરભાવનો ઉદય થવા લાગ્યો મૈત્રી કરૂણા અને મુદિતા ભાવની સાથે સર્વત્ર પ્રિયતા વૃદ્ધિ થવા લાગી. અસ્તિ ભાતિ અને પ્રિયરૂપે સર્વત્ર આત્મા સદૈવ ભાસમાન અનુભવાયો માટે નામ રૂપનો બાધ થવા લાગ્યો, રાગદ્વેષ રહિત નિર્મળ વ્યવહાર ચલાવવા માંડયો. આ ભક્તરાજે બ્રાહ્મણના ઘરશિવાય બીજે કોઇનેઘેર પાણી નપીવું કારણકે બ્રાહ્મણ વર્ણત્રયીના ગુરૂ હોવાથી સાક્ષાત્ બ્રહ્મરૂપ છે એવો તેના અં-

---

૧ ધારણ કરી શકવાને લાયક બુદ્ધી.

તઃકરણમાં શાસ્ત્રાર્થ દઢ થઇ રહ્યો હતો એથી કરી તે બ્રાહ્મણના ઘરનો પ્રસાદ છે તે મહા પવિત્ર છે એવા ભાવથી તેના ઘરનું ભોજન અને જળપાન કરવાનો તે નામદેવભક્તને નિયમ હતો. કાર્ય પ્રસંગે કે પછી યાત્રા નિમિત્તે નામદેવ ભક્ત પર્યટન કરવા નિકળ્યા હતા; આત્મદર્શનથી સર્વત્ર નિર્ભયતાને લીધે પોતાની સાથે કોઇને પણ પોતે રાખતા નહતા. તેને કોઇનાથી ભય નહતો ને તેનો કોઇને ભય નહતો તેથી રાત્રીના વખતમાં કે ભયંકર અરણ્યોમાં તથા સાધારણ રસ્તામાં પણ ઘણા આનંદથી ઇશ્વરનું અભેદ ભાવે ચિંતવન (ભજન) કરતાં કરતાં ને તેજ પોતાના ઇષ્ટપ્રભુને સર્વત્ર નિરખતાં નિરખતાં ચાલ્યા જતા હતા. મધ્યરાત્રે પોતાને તૃષા લાગી ને નજીકમાં કોઇ જળાશય પોતાના જોવામાં ન આવ્યું અને એક નાનું સરિખું ગામ નજીકમાં દેખાયું એટલે પોતે વિચાર્યું કે આ ગામમાં જો કોઇ વર્ણગુરૂ બ્રાહ્મણનું ઘર હોય તો તેને ત્યાં જઇને જળ માત્ર પ્રસાદ લઇએ, કેમકે શરીર થાકી ગયું છે તેથી તેના આસનમાં અવકાશ હોય તો રાત્રી નિર્ગમન કરી, સવારે ચાલી નિકળીયે. એવો વિચાર કરી પાસે દેખાતા ગામડામાં ગયા અને ઝાંપા પાસે (ભાગોળ પાસે) જઇ ઝાંપે રહેનાર ચોકીદારને પુછ્યું કે ભાઈ! આ ગામમાં વિશેષ વસ્તી કોની છે? તેણે જવાબ આપ્યો કે ઘણે ભાગે આ ગામમાં ભિલ્લ લોકો રહે છે ને માત્ર એકજ ઘર બ્રાહ્મણનું છે. નામદેવ પ્રસન્ન થઇ બોલ્યા કે બ્રાહ્મણનું એક ઘર આ ગામમાં છે ત્યારે તો આ ગામ મહા પવિત્ર ગણાય વારૂ ઠીક મહારાજનું ઘર કેણી તરફ છે તે તમે મને બતાવશો? મારે તેને ઘેર પાણી પીવું છે. ચોકીદાર ભલો માણસ તેથી સાથે ચાલી બ્રાહ્મણનું ઘર બતાવી પાછો પોતાની ચોકીપર આવ્યો. આ નામદેવે વિચાર કર્યો કે મધ્યરાત્રીનો

સમય થયો છે ભૂદેવ તો પોઢી ગયા હશે ને તેને જગાડવા તો ન જોઇયે પરંતુ તૃષા એટલો બાધ કરે છે કે જો આમને આમ સવાર થાય તો શરીર અને પ્રાણનો વિયોગ થઇ જાય માટે નિરૂપાયથી પ્રાણ સંરક્ષણ કરવા માટે આ વખત જો હું આ ભૂદેવને નિદ્રામાંથી જગાડીશ તો મારો અપરાધ નહીં ગણાય એવો વિચાર કરી બ્રાહ્મણના બારણાની સાંકળ ધીરે ધીરે ખડખડાવવા માંડી અને મોઢેથી ધીરે રહી "ઓ મહારાજ ઓ મહારાજ ઉઘાડો" એવા ઘાંટા પાડવા લાગ્યો થોડીવારે અવાજ સાંભળતાં ભિલના કુળગુરૂમહારાજ જાગ્રત થઈ 'કોણ છે કોણ છે ! આ વખત શું કામ છે' એમ બોલ્યા. ત્યારે નામદેવે જવાબ આપ્યો કે કોઇ ભિક્ષુકછે ને તૃષા ઘણી લાગી છે તેથી આ વખત નિદ્રામાં આપને જગાડવા પડ્યા છે. માટે મને કૃપા કરી પાણી પાશો. બ્રાહ્મણે કમાડ ઉઘાડી પુછ્યું કે તમો કઇ જ્ઞાતીય છો બ્રાહ્મણ શિવાય ને અમે અમારા લોટા વતી પાણી પાતા નથી. તમારી પાસે લોટો હોય તો લ્યો પાણી આપું. નામ દેવે કહ્યું કે મારી પાસે લોટો નથી માટે હું મારા મોઢા આગળ ખોબો ધરૂં ને આપ તેમાં ઉંચેથી જળ રેડશો તે, હું પી લઈશ બ્રાહ્મણ કહે ના એ પ્રમાણે પાણી પાતા અમને છાંટા ઉડે ને એથી અમારો ધર્મ ન સચવાય આ વખત બીજાલોકોના ઘરો પણ બંધ થઇ ગયાં માટે અમે તમને શી રીતે પાણી પાઇ શકીએ ' નામદેવનો નિશ્ચય તો જો જળાશય ન મળે તો બ્રાહ્મણ શિવાયને ઘેરથી જળ લેવું નહીં એવો છે ' તૃષાતુરને કોઇ પણ પ્રકારે જળપાન કરાવવાથી કેટલું કલ્યાણ છે તેનો અર્થ આ શ્રદ્ધા જડ મહારાજ બીલકુલ જાણતાજ નથી. નામદેવજીએ વિચાર કર્યો કે આપણે વધારે આગ્રહ કરીશું તો આ મહારાજનું અંતઃકરણ કચવા-

શે માટે ટુકામાં જળ મળે તેવી યોજના કરવી એમ વિચાર કરી બોલ્યા કે મહારાજ ! ત્યારે આ ગામનાં લોકો જેમાંથી પાણી ભરી લાવતાં હોય તે જળાશય ગામથી કેટલો દુર છે આપ મને બતાવશો તો હું ત્યાં જઇને પાણી પીઉં મહારાજે કહ્યું કે હા હું તમને તે સ્થળ બતાવું પરંતુ રાત્રીમાં ત્યાંજઇ શકાતું નથી અને જે જાય છે તે સવારે ત્યાં નિષ્પ્રાણ થઇ પડયો હોયછે આવા ઘણા દાખલા બની ગયા છે અને બને છે. ગામનાં લોકોને માટે પાણી ભરી લાવવામાં, આવી, એક વાવ છે નામદેવે કહ્યું કે આપ જો મને તે સ્થળ બતાવો તો તેવા ભય સંબંધે મને કશી અડચણ આવે તેમ નથી. સર્વત્ર ઇશ્વર રક્ષા કરનાર છે તો મારી નાખનાર પણ તે શિવાય બીજો કોઇ નથી. માટે આપ કૃપા કરી ચાલો, અને મને તે વાવ બતાવો તો મારા પ્રાણ જળવિના આકુળવ્યાકુળ થાય છે તે ન થતાં શાંતિ પામે મહારાજે કહ્યું કે હું તો તમને ના કહુંછું કે તે સ્થળે આ વખત જવાની જરૂર નથી તમે તો ભિક્ષુક સાધુ જણાઓછો માટે ભિક્ષુકસાધુલોકને કોઇના ઘરનું પાણી પિવું તેમાં શી હરકત છે પાડોશીના ઘરથી પાણી લીયો અને એમ છતાં કદી તમારા માનવામાં ન આવે તો હું તમારી સાથે આવીશ પણ વાવ સુધી આ વખત નહીં આવું દૂરથી તમને વાવ બતાવી પાછો ચાલ્યો જઇશ નામદેવ પ્રસન્ન થઇને બોલ્યા કે ઘણી ખુશી. આપ તે વાવ બતાવી પાછા ગામ તરફ ચાલ્યા જજો આ પ્રમાણે નામદેવ તથા ભિલગુરૂ મહારાજ બેય જણા વાવ તરફ ચાલ્યા ગામ બહાર નિકળતાં નજીક વાવ દેખાવા લાગી એટલે લાંબો હાથ કરી ભિલપુરોહિત બોલ્યા કે જુવો મહારાજ પેલા વાવના ટોડા જણાય છે તે વાવમાંથી અમારા ગામની સ્ત્રીઓ દિવસનાં પાણી લાવે છે. પાણી

સારૂં છે. નામદેવ કહે બહુ સારૂં આપ હવે ખુશીથી ઘેર પધારો આપને મેં ઘણી તસ્દી આપી છે તે માફ કરશો આપ સાક્ષાત્ ભૂદેવ એટલે પૃથ્વિના દેવતાછો એમ શાસ્ત્ર કહે છે પરમેશ્વરે પણ આ-પને માન આપ્યું છે એવા આપછો તેને મેં આટલી બધી તસ્દી આપી છે તે મારો અપરાધ ગણશો નહીં અને મને ક્ષમા આપશો શરીરયાત્રામાત્ર સિદ્ધ કરવા માટે આ પ્રમાણે કરવું પડ્યું છે એમ કહીને તેમનું નામદેવે ક્ષમાપન કર્યું રસ્તો બતાવી બિલગુરૂ ગામ ત-રફ રવાના થયા અને નામદેવ વાવ તરફ રવાના થયા પગથીઆ ઉપર થઇને વાવ ઉપર આવી વાવમાં નજર કરી જોયું તો જેવું ગંગાજળ હોય તેવું મહા નિર્મળ અને સ્પર્શ કરવાથી મહાશિતલ જળ ભર્યું છે તેની અંદર ઉતર્યા જળ વતી હાથ અને મોઢું ધોઇને અંજળી વતી જળપાન કરી ઘણીજ પ્રસન્નતાથી બોલ્યા કે ધન્ય છે મારા નાથને કે પોતાના પવિત્ર ભકતો આવાં મહાપૂણ્યકારી કાર્યો કરી પ્રભુ સેવાનો લહાવો લેછે. મારા નાથે આ વાવનું પાણી મીઠું કરી પોતાના ભકતોને કૃતાર્થ કરી જગદુપકારિતા કેવી બક્ષિસ કરેલી છે ધન્ય છે મારા નાથને કે જે પોતે જળરૂપે મનુષ્યના પ્રાણનું રક્ષ-ણ અને પોષણ કરેછે અનેક રૂપે શરીરનું પોષણ તથા રક્ષણ કરેછે સર્વરૂપે પોતે સર્વાત્મા કરતા ભોક્તા અખંડ નિર્વિકાર સર્વત્ર પરિપૂર્ણ રહી સર્વના નિયંતારૂપે થઈ આવા અદ્દભુત આનંદને સાક્ષાત્ આનંદરૂપ પોતેજ પ્રકાશ કરે છે, હે પ્રભુ ! તારી મોહ રૂપીણી માયામાં મોટા મોટા મુનીવરો પણ ભુલી ગયા છે તો મારા જેવા અલ્પજ્ઞ પ્રાણીઓ ભુલે તેમાં શી નવાઈ. તારી કૃપા વિના તારા સ્વરૂપનું ગ્નાંન તથા તારા મહીમાનો આનંદ કોઇ પણ સંપાદ-ન કરવા શક્તિમાન્ થઈ શકે નહીં. આપની ઇચ્છા શિવાય કોઇથી

કાંઇ પણ બની શકતું નથી એક તૃણ, પર્ણ પણ આપની ઇચ્છા શિવાય ચાલી શકતું નથી. આપની ઇચ્છા શિવાય પૃથ્વી,જળ, તેજ, વાયુ અને આકાશ કે જે જડ છે તે કાંઈ પણ કરવા શક્તિમાન થઈ શકતાં નથી. આપની સત્તા નહોય તો આકાશમાં શબ્દ નહોય આપની સત્તા નહોય તો વાયુને અનેકપ્રકારની સ્પર્શશક્તિ નહોય તથા અનેક પ્રકારના તોફાનો કરવાં જેવા કે જળવિગેરેનું વરસાવવું સોશી લેવું તેવી સત્તા નહોય, જળમાં મૃત્તિકા વિગેરેનો પિંડીભાત્ર કરવા, શીત સ્પર્શરૂપ સત્તા નહોય, અગ્નિમાં દાહ કરવાની સત્તા નહોય, પૃથ્વિમાં પૃથ્વિત્વ તથા સર્વેના ભારને ઉપાડવાની સત્તા નહોય, લાકડામાં જેમ અગ્નિવ્યાપિ રહ્યોછે, દૂધમાં જેમ ઘી વ્યાપી રહ્યું છે, અગ્નિમાં ઉષ્ણતા વ્યાપી રહીછે મરચામાં જેમ તીખાશ વ્યાપી રહેલીછે, પૃથ્વિમાં જેમ ગંધ વ્યાપી રહ્યો છે અને પુષ્પમાં જેમ સુગંધ વ્યાપી રહ્યો છે તેમ આપ આ સર્વ વિશ્વમાં વ્યાપી રહ્યાછો કોઇ વસ્તુ એવી નથી કે જે આપનાવિના રહી શકે. તમારી મહામાયાના પ્રબળ નીયમોને અનુસરવું અને તે દ્વારા આપના વાસ્તવિક સ્વરૂપને પ્રાપ્ત થઈ નિરાવર્ણ થવું, એ તમારી કૃપા શિવાય બનતું નથી. ભક્તના કૃત્યો સામું આપ જોતા નથી. આપની પ્રભુતા સામું જોઈ અધમનો આપે ઉદ્ધાર કર્યો છે, કરોછો, અને કરશો. માહારાજ હું પામરપ્રાણી તે કોણ માત્ર! પરંતુ સહસ્ત્રજીવ્હાથી શેષનાગ પણ આપના મહિમાની સ્તુતિ કરવા સમર્થ થઈ શકતા નથી. આપ એકક્ષણમાં ચાહો તે કરી શકો ભક્તલોકોના કાર્યોસાધવા માટે આપ અવતાર ધારણ કરોછો, અનેકપ્રકારના ભક્તોના મનોરથ પૂર્ણ કરી નિરવધિ ભક્તવાત્સલ્ય પ્રગટ કરોછો. એ વાત્સલ્યતું વર્ણન કરવા કોણ સમર્થ ! વિદુરજીના ઘરની ભાજી, શવરીના આપેલાં જુઠાં બોર અને કરમાંબાઇની ખીચડી ને શાસ્ત્રની મર્યાદા સામું પણ ન જોતાં

આપ પરમપ્રેમથી જમ્યાછો. પ્રેમ એજ આપનું સ્વરૂપ છે. પ્રેમલક્ષણાભક્તિમાં નિમગ્નભક્તનો મનોરથ પૂર્ણ કરવામાં તેઓએ કરેલાં કર્મ કે ઉપાસનાને આપ કશી ગણતરીમાં ગણતા નથી. પ્રેમમાં કોઈ પ્રકારના નિયમનો અવકાશ નથી એ આપે પ્રત્યક્ષ બતાવી આપ્યું છે યમુનાજીના કિનારા ઉપર વ્રજાંગનાઓના વસ્ત્રાહરણ કરી મર્યાદાનું ઉલ્લંઘન કરનાર આપ તેણેજ કૌરવની સભામાં નવસેને નવાણું ચીર (પટોળાં) આપી દ્રૌપદીની લજ્જા રાખી માહારાજ! "કર્તું અકર્તું અન્યથાકર્તું સમર્થ" એવા આપના મહિમાને કોઇપણ જાણવા સમર્થ નથી. આપના પરમ અનુભવી ભક્તો શિવાય આપના મહિમાને કોઇપણ જાણી શકતું નથી. આપના અદ્‌ભુત સ્વરૂપને હું પામરપ્રાણી શું સ્તુતિ કરીશકું? સર્વમાં સર્વાંતર સર્વાધાર મહાદેવ શિવશંકરરૂપ આપ કે જેના જટાજુટમાં ચંદ્રમા, તેમાંથી નિકળતા અમૃતના પ્રવાહથી કાંઈ જેના આનંદમાં વધારો નથી ને કંઠમાં હળાહળ વિષ ધારણ કર્યું છે તેથી કાંઇ સંતાપનો ભય નથી. જટામુકુટમાં જાન્હવી કે જે મહાપવિત્ર છે તેથી પવિત્રતામાં વધારો નથી. અને માથાના ખોપરીની માળા ધારણ કરી છે તેથી કાંઇ અપવિત્રતાની ઓછાઈ નથી. હમેશાં શરીરપર ચિતાનુભસ્મ લગાવવાથી અંતઃકરણમાં જરાપણ ઉદ્વેગ નથી. અને સર્વસૃષ્ટિના સૌંદર્યના નિધિજગદંબા સાક્ષાત્ ગૌરી તેની સાથે સર્વદા રહેવાથી કાંઈ રાગની આધિક્તા નથી. હે પરમાત્મન્ ! આ પ્રમાણે એક વસ્તુ પવિત્ર અને એક અપવિત્ર એક વસ્તુ સારી ને એક વસ્તુ નરતી છતાં પણ કોઇના તરફ રાગદ્વેષ જેનામાં બીલકુલ દેખાતો નથી. આવી પરમસમાનદૃષ્ટિને ધારણ કરનારા પ્રભુ ! આપની અપ્રમેયલીલા સગુણ કિંવા નિર્ગુણરૂપે વિચારતાં આપના મહિમાને વાણી કે મન પહોચીશકે તેમ નથી. હે પરમેશ્વર! હે અંતરજામી! આવું ઉત્તમસ્થાન આપના પરમ

ભક્તે તમારીજ સેવારૂપે બનાવ્યું છે. તે ઠેકાણે પણ રાત્રીનાં તૃષાતુર મનુષ્ય વીગેરે પ્રાણીને ન આવી શકવા માટે કેવો ભય ઉત્પન્ન કરી રાખેલ છે. હે નાથ એ પણ હું તો તારોજ મહીમા જાણું છું તારી ઇચ્છા શિવાય કાંઇપણ બનતું નથી આ પ્રમાણે જળપાન કરી ઇશ્વર ગુણાનુવાદમાંજ નામદેવ તો તૃપ્ત થઈ ગયા. થોડીવાર જળપાન કરી વાવમાંથી બહાર આવીને વાવના ઓટલા ઉપર આવી "આ જગોએજ શયન કરી રાત્રી નિર્ગમન કરીશું" એવો વિચાર કરી નિચે બેસી પોતાની આસપાસ જુએછે ને અનુકુળ સ્થળપ્રતિ લક્ષ કરે છે તેટલામાં એક બાજુ બે ત્રણ સિંહ ઉભા છે. બીજીબાજુએ પાડા અને આખલાનું ટોળું ઉભું છે. ત્રીજી તરફ જુવે છે ત્યાં કેટલાંએક જંગલી પ્રાણી જેવાં કે સસલાં હરિણ વિગેરે પશુઓ હડીઓ પટીઓ કર્યા કરે છે. અનેક જાતના હરિણ રોઝ અને ગેંડા વિગેરે અસંખ્યાત પ્રાણીઓ જોવામાં આવ્યાં. ફરી વાવમાંની ચોકીપર સુવા માટે દૃષ્ટિ કરતાં કાચબા, મઘરીઓ અને માછલાં વિગેરે પાણીની ઉપર ને ચોકી ઉપર એકબીજા ઉપર જાણે કોઇ બીજી જગ્યોએથી લાવીને આ વાવમાં નાંખ્યા હોય તેવા ખીચોખીચ ભર્યાં છે. આસપાસ કેટલાંએક વીંછી, કાનખજુરા, નાગ અને ઝાંઝરૂ વિગેરે પ્રાણીનો સરવરાટ જોવામાં આવ્યો કે તરત હે નાથ! ધન્ય છે તારી માયાને. તારી ઇચ્છાથી શું ન બને? હે પ્રભુ! તારી આ લીલાને દેખીને તારા સ્વરૂપને ન જાણનારાઓને મહાભય થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી હુંતો આ બધું તારૂં સ્વરૂપ છે એમજ દેખું છું. શૂન્ય સ્થાનમાં શિવાલયો, અરણ્યમાં આનંદ મહેલ, અને નિર્જન સ્થાનમાં અનેક જન સંચારનો આનંદ તારી ઇચ્છા શિવાય બને નહી **एकोहंबहुस्याम्** 'હુ એક છું તે અનેક થાઉં' આ પ્રકારની ઇચ્છા સર્વ શક્તિમાન પરમેશ્વર વિના બીજામાં ઘટે નહીં. આ

સ્વપ્નમાં એક ક્ષણ અગાઉ મારા શિવાય બીજું કાંઈ નહતું અને ઉત્ત- રક્ષણમાં તો જીવમય થઈ મારી દૃષ્ટિ નજીક પ્રગટ થયું, એ કાંઇ મારા ના- થની ઇચ્છા શિવાય બીજા કોઇથી બને તેમ છે? પરંતુ એના મ- હિમામાં મોહિત થયેલા માન ગર્વ અહંકારથી કિલષ્ટ હૃદયના પુરૂષો અંતર્જામી પરમેશ્વરને ઓળખ્યા શિવાય અભય થઇ શકતા નથી. આ જગતરૂપ થઇને જે બીરાજેછે, જેની અંદર વર્ણાશ્રમના વિવાદો ચાલી રહ્યા છે. કયાંઈ કર્મરૂપે મનાયછે તો, કયાંઇ કર્તારૂપે મનાય છે. કયાંઇ શિવરૂપે સેવાય છે તો, કયાંઇ વિષ્ણુરૂપે વિલસી રહ્યા છે. કયાંઈ વિવિધ પ્રકારના ભોગોના ભોક્તારૂપે ભોગીના અધ્યારાને સ્વીકારે છે. તો કયાંઇ ગુરૂરૂપે પૂજાયછે. કયાંઇ જળરૂપે પુજાયછે, ને તેમાં સ્નાન ક- રનારની કામનાઓને પુરણ કરેછે કયાંઈ વૃક્ષરૂપે પૂજાતા કામીની કામ- નાઓને પુરેછે તો, કયાંઇ કયાંઇ પર્વતરૂપે પુજાના અનેક પ્રકારની સિદ્ધિઓ- ના પ્રણેતા થાયછે. તો કયાંઈ ગાયરૂપે તો કયાંઈ બળદરૂપે કયાંઇપૃથ્વીરૂપે તો કયાંઇ,પાષાણરૂપે, કયાંઈ અગ્નિરૂપે તો,કયાંઈ વાયુરૂપે; કયાંઇ નાગરૂપે તો, કયાંઇ પક્ષીરૂપે; કયાંઇ સ્ત્રીરૂપે તો કયાંઈ પુરૂષરૂપે, કયાંઈ મત્સરૂપે તો કયાંઈ કચ્છપરૂપે ભક્તોની સેવાનો સ્વીકાર કરી સર્વની કામનાને પુરણ કરેછે, કયાંઈ માતાપિતારૂપે પુજાયછે, કયાંઇ પતિરૂપે પુજાય છે, કયાંઇ પતિવ્ર- તારૂપે મોટામોટા મહર્ષિઓ પણ જેની પ્રાર્થના કરેછે, કયાંઈ રાજારૂપે પોતાના ઐશ્વર્યને બતાવેછે, કયાંઇ પ્રજારૂપે રાજાની ભક્તિના મહીમાના આનંદને પ્રગટ કરેછે. ગુરૂ, શિષ્ય, રાજા, પ્રજા, સ્ત્રી, પુરૂષ, માતા પિતા ટુંકામાં ચૌદબ્રહ્માંડરૂપ આપોઆપે બીરાજી રહ્યાછે. જેની કૃપા વિના પુરૂષાર્થ નિષ્ફળ થઇ જાયછે જેની દયા વિના દૈવ પણ દૈન્ય થઇ જાય છે, જેની સત્તાથી ભિન્ન સત્તા ધારણ કરી કોઇ દેવ, દા- નવ, માનવ, યક્ષ કે રાક્ષસ કોઇપણ કોઇને માટે કાંઈ પણ કરવા શક્તિમાન નથી તેવા ભાવાતીત ભગવાન્ કે જેને વાણી કે મન પ-

હોંચી શકતાં નથી તથા જે ભક્તોના કલ્યાણુને માટે અરૂપ છતાં અનેક પ્રકારનાં સ્વરૂપોને ધારણુ કરી અતકર્ય કર્મને અકર્તા છતાં પણુ કરેછે તેવા મારા નાથના મહિમામાં આટલી જીવસંખ્યાની ઉત્પત્તિ એ કાંઇ એનાથી ભિન્ન નથી એના સ્વરૂપમાં આશ્ચર્ય નથી અને ભેદબુદ્ધિવાળા અજ્ઞાન પામર પ્રાણિઓને મહા ભયરૂપ થઇ પડે છે વાહ પ્રભુ!!! વાહ તારો મહિમા!!!! શું તારી લીલા!!! ધન્ય મહારાજ ધન્ય; ધન્ય તારી શક્તિ!!!

એ પ્રમાણે આ સ્થળમાં જીવમય સૃષ્ટિ જોઇ નામદેવ તો પોતાના પરમાનુભવભાવના અતર્ક્યપણાની અનહદ પ્રાર્થના કરવામાં તન્મય થઇ ગયા. સ્તુતિ કરતાં કરતાં વાણી થાકી ગઇ ત્યારબાદ થોડીવાર વીરામ લઇને "પોતાના અનન્ય ભક્તોની કામનાનુસાર અનુકુળ સ્વરૂપને ધારણુ કરનાર એવા સર્વશક્તિમાન્ પરમાત્માની પાસે અધિષ્ઠાન સત્તાથી અભિન્નપણાયે નામદેવજીએ ધ્યાનપૂર્વક નીચે પ્રમાણે પ્રાર્થના કરવા માંડી.

હે ભક્તવત્સલ ભગવાન્! તારા સંકલ્પમાત્રમાં પ્રગટ થતી જડ ચૈતન્યરૂપ અનેક વ્યક્તિઓ કે જે તારાથી ભિન્ન નથી તેને જોઈ તારા સ્વરૂપની કળના કરવાને કોણુ સમર્થછે? આ સ્થળમાં આટલાં બધાં સ્વરૂપો ધારણુ કરી કોઇના પણુ તર્કમાં ન આવે એવાં કારણુથી પ્રગટ થઇ મારા અંતઃકરણુમાં આશ્ચર્ય ઉત્પન્ન કરોછો ત્યારે હે પ્રભુ! કોટીકંદર્પલાવણ્ય શંખ ચક્ર ગદા તથા પદ્મને ધારણુ કરનાર પિળાં પિતાંબર માથે મુકુટ અને કાને કુંડળ એવી એક અદ્ભુત અને સર્વ આશ્ચર્યના નિધાનરૂપ મદનમોહન મૂર્તિ ધારણુ કરી મારા મનોરથને પુરણુ કરવા માટે ઉત્પન્ન થવામાં આપને શું મુશ્કેલી હતી કે જે આ વખતે આવાં અનેક જંતુરૂપેજ પ્રગટ થયાછો.

અનન્યભાવથી જેના અંતઃકરણુમાં કૃષ્ણાવતાર સ્વરૂપના સાક્ષા-

ત્ર દર્શન કરવાનો દઢ સંકલ્પ થયોછે. તેવા નામદેવની આવી પ્રેમનિર્ભર પ્રાર્થના સાંભળી સર્વશક્તિમાન પરમાત્માએ પેલી ક્ષુદ્ર વ્યક્તિઓનો એકદમ કોણજાણે ક્યાંઈ તિરોભાવ કરી નાંખ્યો ને નામદેવની ઇચ્છાનુસાર કૃષ્ણાવતાર સ્વરૂપ ધારણ કરી નામદેવની સમે ઉભાછે.

નામદેવ તો નેત્ર મિચીને ઇશ્વર પ્રાર્થના કરતા હતા. હૃદયમાં ધ્યેયરૂપે રહેલી મૂર્તિનો સાક્ષાત્ દર્શન કરવાનો પ્રબળ સંકલ્પ તથા પ્રબળ પ્રેમનો યોગ થતાં અંતઃકરણમાંથી કલ્પિત મૂર્તિનું અદર્શન થયું અને પોતાના નેત્રો ખુલ્લી ગયાં કે તરત એકાએક તેવીજ પ્રતિમા નામદેવની સામે કરૂણામૃતથી પરિપૂર્ણદૃષ્ટિની વૃષ્ટિ કરતી હોય નહીં તેવી ખડી થઈ ગઈ તેનું નામદેવને દર્શન થયું. પરમપ્રેમના આવિર્ભાવની સાથે દર્શન કરતાંજ જેમ લાકડી પૃથ્વી ઉપર પડે તેમ નામદેવજી ભક્તે પ્રભુચરણાર્વિંદમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા ને તેવીજ સ્થિતિમાં એક મૂહુર્ત તન્મય થઇ જવાથી આવેલા પ્રેમના આવેશમાંને આવેશમાં પ્રણામ કરી ઉભા થવાનો સંકલ્પ પણ થતો નથી જાણે પ્રેમસાગરમાં મગ્ન થઇ ગયા હોય નહીં તેવી રીતે પ્રભુચરણનો સ્પર્શ કરી પરમાનંદનો અનુભવ સવિશેષરૂપે કર્યા કરે છે.

પોતે નામદેવનો હાથ પકડી; અરે નામદેવ નામદેવ બાપ ઉઠ ઉભો થા હું તારી અનન્ય ભક્તિથી ઘણોજ પ્રસન્ન થયોછું તું મારા પરાવર સ્વરૂપને યથાર્થ રીતે જાણી સર્વત્ર અભયપદને પ્રાપ્ત થયોછું, તારા જેવા ભક્તોને એક ક્ષણ પણ મારો વિરહ થયો નથી, થતો નથી, અને થશે પણ નહીં, માટે ઉઠ જે તારી ઇચ્છા હોય તે માગ, મારૂં દર્શન થતાં મારા ભક્તોને કોઈપણ પ્રકારની આધિ,વ્યાધિ કે ઉપાધિ રહેતીજ નથી. એ પ્રમાણે વાત્સલ્યભાવથી હાથ ઝાલી નામદેવની આંખ્યોમાંથી પ્રેમનાં અશ્રુની ધારા ચાલી જાયછે ગદગદ કંઠ થઈ જવાથી એક પણ અક્ષર બોલી શકાતો નથી ને જાણે પ્રેમા-

મૃતનું પાન કરી પુષ્ટ થયા હોય નહીં તેમ દરેક રૂવાટાં ખડાં થઇ ગયાં છે જળપુરિત નેત્ર હોવાથી ભગવન્મૂર્તિ ધીમેધીમે અવલોકન કરતાં હાથ જોડી પાસે ઉભા છે. પ્રાર્થના કરવામાં પણ પ્રેમ શિવાય બીજું કશું પણ ચેષ્ટિત થઈ શકતું નથી.

આ વખત અનન્ય ભાવે રામચંદ્રજીનું ઉપાસન કરનાર મહા જ્ઞાનિ ભક્તરાજ તુલસીદાસની એક સાખી યાદ આવેછે કે જે સાક્ષાત્ ઉપનિષદ્‌ના તત્વરૂપેછે ને તે એ છે કે—

રામ નામ સબકો કહે, ઠગ ઠાકુર અરૂ ચોર;
વિના પ્રેમ રીઝે નહિ, તુલસી નંદકિશોર.

નામદેવ તો મહાજ્ઞાની અને પરમાત્માના પરમભક્ત હતા તથા જેના અંતઃકરણની વૃત્તિ સર્વ કાર્યમાં પરમ નિષ્કામરૂપેજ પરિણામ પામતી હતી તેથી આ વખત પણ જેની કૃપાથી અભેદ અનુભવને પહોંચ્યા તેવા પોતાના ઇષ્ટદેવના દર્શન શિવાય કોઇપણજાતની કામના નહતી એટલે પરમેશ્વરે વર માગવાની પ્રેરણા કરી તોપણ કશું નહીં માગતાં પ્રેમપૂર્વક શ્રીકૃષ્ણ પરમાત્માની મનોહર મૂર્તિનેજ નિરખ્યા કરે છે. તેટલામાં ગાય જેમ પોતાના વાછડાને પ્રેમથી ભેટે. માતાપિતા જેમ પોતાના પ્રિય પુત્રને પ્રેમથી ભેટે અને સ્વધર્મનિષ્ટ પતિવ્રતા જેમ પ્રેમથી પોતાના પતિને ભેટે તે પ્રમાણે પરમાત્માયે નામદેવને પોતાના બે હાથવતી આલીંગન કરી પોતાની છાતી સાથે ઘણાજ વાત્સલ્ય ભાવથી લગાવીને કહ્યું કે હે મારા પરમભક્ત તું મારો આત્માછે તારાથી મને જરાપણ ભેદ નથી મ ટે તારી જે ઇચ્છા હોય તે કહી સંભળાવ. તારી અનન્યભક્તિથી હું તારે આધીનછું મનુષ્યદેહ ધારણ કરી મારી અનન્ય ભક્તિ કરવાથી તેં મને એવો પ્રસન્ન કર્યોછે કે આ અનંત કોટિબ્રહ્માંડમાં કોઈ વસ્તુ એવી નથી કે જે હું તને ન આપી શકું, માટે માગ્ય, વર માગ્ય તું જે કાંઈ માગીશ તે હું તને આપીશ.

નામદેવજી પ્રાર્થનાપૂર્વક પ્રણામ કરી બે હાથ જોડી વિજ્ઞાપના કરી કે મહારાજ ! આપે આપની ભક્તવત્સલતારૂપ બીરદ જે ઘટે તે પ્રમાણે પૂર્ણ કૃપાથી મને સાક્ષાત્કાર દર્શન આપ્યું, એથી હવે બીજું શું વિશેષ હતું કે. જે માગવામાટે આપ મને આજ્ઞા કરોછો. પરમસુખસ્વરૂપ આપ મારા હૃદય કમળમાં બીરાજોછો, તે પ્રમાણે સદૈવ બીરાજો, એવી મારી પ્રાર્થના છે. આપનાથી ભિન્ન એવા કલ્પિત પદાર્થોમાં મને ભ્રાંતિ ન ઉત્પન્ન થાય, એવી મારા ઉપર સદૈવ દયા થઇ એટલે હું કૃતાર્થછું. પ્રતિદિવસ આપની પ્રેમલક્ષણા ભક્તિમાં તદ્રુપ રાખો એ શિવાય કાંઇપણ આપની પાસે મારે યાચવાનું નથી. જેને કલ્પિત વસ્તુઓમાં આશક્તિ છે, તેવા આપના સકામ ભકતો કામનાપૂર્વક આપની ભક્તિ કરેછે, તેવાઓના મનોરથ પૂર્ણ કરી તે ભકતોના મહિમાને વધારો, દૈવી સંપત્તિનું પોષણ કરવું, ને આસુરી સંપત્તિનું સોષણ કરવું, એવાં આપના સ્વતંત્ર પરાક્રમોને જોઇ ત મારા નિષ્કામ ભકતો અનેક પ્રકારે સર્વ વ્યક્તિઓમાં મૈત્રી, કરૂણા અને મુદિતારૂપે આપની ઉપાસનાથી (ભક્તિથી) કૃતાર્થ થાય તેવી સદૈવ દયા કરો એવી મારી પ્રાર્થના છે.

નામદેવની પ્રાર્થનાનો સ્વીકાર કરી પ્રસન્ન વદનથી ઋષિકેશ બોલ્યા કે નામદેવ આટલી આટલી મહાક્રૂર અને ભયંકર વ્યક્તિઓ, તારી દૃષ્ટિ આગળ દેખાઇ, તેમાં તારા અંતઃકરણને કોઇપણ પ્રકારનો વિક્ષેપ કે ભય ન થતાં મારા સ્વરૂપનું તને વિસ્મરણ થયું નહિં. આવા દૃઢ ભકતોને જોઇને હું ઘણોજ પ્રસન્ન થાઉંછું.

પુનઃપ્રણામ કરી હાથ જોડી નામદેવ બોલ્યા કે, હે સચ્ચિદાનંદ પરપરાત્મા આદિ અંતમાં નિર્વિકારરૂપે રહેલા એવા આપના સર્વાધિષ્ઠાન સ્વરૂપમાં મધ્યે અનિર્વચનીય દેખાતા આ જગતના માયિક પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ અને લય, આપનાથી બીજા ન હોવાથી

હે મહેશ્વર ? આપના શિવાય કોઇપણ વસ્તુ મારા જોવામાં આવતી નથી, કે જેને જોતાં મને આપનું વિસ્મરણ થાય. અસ્તિ, ભાતિ અને પ્રિયરૂપે અવિનાશી સ્વરૂપે આપજ સદાસર્વદા સર્વમય થઇ બીરાજેલાછો મહારાજ આપના મહિમાનું વર્ણન કરવામાં સહસ્ત્રમુખ ધારણ કરનાર શેષ ભગવાન્ પણ સમર્થ નથી તો મારા જેવા પામરપ્રાણી તે શી ગણુતરીમાં ! ! આપ સર્વાંતર વ્યાપકતાં ભક્તની ઇચ્છાનુસાર અનેક સ્વરૂપ ધારણ કરી, અજન્મા છતાં જન્મ ધરો છો, ને અકર્તા છતાં કર્તા થાઓછો, હિરણ્યકશ્યપુ જેવા મહાતપઃસિદ્ધ પુરૂષો પણ પોતાની અહંતા મમતારૂપઅંધારીરાત્રીમાં આંધળા થયેલા. આપની સર્વાંતર વ્યાપક્તા ન સમજતા ભક્તવત્સલતાને ન જાણુતા, અગ્નિમાં પતંગીઆઓની પેઠે લય થઇ ગયા. આપ આ જગતરૂપ તંત્રને કેવી રીતે ચલાવોછો, અર્થાત્ તેના નિયંતારૂપે આપની કેવા પ્રકારની સ્તુતી કરવી તે જાણુવાની કે સમજવાની, આપની દયા શિવાય કોની શક્તિ છે ? આપના સચ્ચિદાનંદસ્વરૂપને જાણુનાર, બ્રહ્માના સનકાદિક ચાર પુત્રો તમારા દર્શન માટે આવ્યા તેપણુ તમારી ઇચ્છાશક્તિ, બ્રહ્માની પ્રેરણુાથીજ ને તેઓને વૈકુંઠદ્વારમાં પ્રવેશ કરતાં આપનાજ દ્વારપાળ કે જે આપની સાંનિધ્ય મુક્તિને પ્રાપ્ત થયા છે તેવા જય વિજયનામના બે પાર્ષદોએ અટકાવ્યા એ પણુ તમારી ઇચ્છા શિવાય તેમના અંતઃકરણુમાં તેવી વૃત્તિનો ઉદય તે સ્થળમાં કોઇપણુ દિવસે થાય નહીં. તેમજ તેવા બ્રહ્મનિષ્ટ કે જેનામાંથી રાગદ્વેષનું બીજ પણુ નિર્મૂળ થઇ ગયું છે તેવા સનકાદિકોથી જય વિજયને શ્રાપ થવો એ પણુ તમારી પ્રેરણુા શિવાય કોઇપણુ કાળમાં બને નહી, વળી. તેણે આપેલા શ્રાપનો આપે અનુગ્રહ કર્યો. આવી આપની અતર્ક્ય ક્રીડા જાણુવાને કોણુ સમર્થ છે. જેનો મહિમા જેના સ્વરૂપનો યથાર્થ ખોળ કરતાં તથા સ્તુતિ કરતાં

ભગવતી શ્રુતિ પણ થાકી જઇને અધ્યારોપાપવાદથી બોધ કરેછે અને બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર વિગેરે નામોથી, તમારી વિચિત્ર પ્રકારના મંત્રોથી સ્તુરિત કરી તમારાજ વિરાટ્સ્વરૂપનું સદૈવ ક્ષેમ ચાહે છે. વળી તમારી આજ્ઞા એજ, અથવા તમારી વાણી એજ, વેદવાણી, તેની આજ્ઞા પ્રમાણે વરત્યા શિવાય તથા તે પ્રમાણે વરતતાં છતાં પણ અહંતા મમતાનો ત્યાગ કર્યા શિવાય કોઇપણ રીતે સ્રી, પુત્ર વિગેરેમાં મમતા. ને દેહ ઇંદ્રિયાદિકમાં અહંતા રાખી ભ્રમિત થયેલા જીવાત્માઓની, જન્મમરણભ્રાંતિનિવૃત્ત થઇ, તેઓ પરમાનંદભાવનેઅનુભવે, એવો એક પણ તર્ક બ્રહ્માદિ દેવના અંતઃકરણમાં પણ ન સ્ફુરે તોપછી માણસ ગમેતો. ષટ્શાસ્ત્રવેત્તા હોય, કે અઢાર પુરાણવેત્તા હોય તેના અંતઃકરણમાં સ્ફુરે એથી બીજુ શું આશ્ચર્ય જેવું જાણવું ? માટે હે કૃપાનાથ, દીનબંધુ, અશરણશરણ્ય વિશ્વેશ્વર ? તમારી આજ્ઞા પ્રમાણે અમારે જે કાંઈ કરવું છે, કરાયછે અને કરીશું, તેથી આપ અમારા તરફ કૃપાદૃષ્ટિથી જુઓ, એ શિવાય તમારી પાસે બીજું કાંઇ પણ માગવાનું નથી.

આવી નામદેવની પ્રાર્થના સાંભળી પ્રસન્ન મુખારવિંદથી પરમાત્માયે કહ્યું કે, હે નામદેવ ! તું જ્યારે જ્યારે મારૂં સ્મરણ કરીશ ત્યારે ત્યારે હું તારી પાસે હાજર થઇશ. મારાચિદ્વિલાસમાં તને કોઇકાળે જરાપણ ભ્રાંતિ થશે નહીં. એટલું કહી ભગવાન અવ્યક્ત રૂપ થઇ ગયા તે નામદેવ નીચે તેજ સ્થળમાં યથાપૂર્વ આનંદરૂપે રાત્રિ નિર્ગમન કરી, સવારે પોતાના અભીષ્ટદેશ તરફ રવાના થયા.

આ પ્રમાણે હે શિષ્ય ! તું તારા અંતઃકરણમાં વિચાર કરી જો કે કેવળ નામ સ્મરણથી કે, કેવળ વિવેકથી, ઇશ્વરભજનાનંદ પ્રાપ્ત થાય તેમ છે ? સત્શાસ્ત્રના શ્રવણ મનન અને નિદધ્યાસનથી ત-

ત્વજ્ઞાન અને સ્વરૂપાનુભવથી*નૈષ્કર્મતા પ્રાપ્ત કરી તોપણ જેમાં [1]અ-ભેદરૂપે ભગવદ્ભાવ અર્થાત્ ભગવન્નિષ્ટા નથી તેવી નિષ્કર્મતા સાત્ર લુખી અને નિરાનંદ રહેછે, પોતાનો નૈષ્કર્મભાવ સમજાવવો કે, અ-નુભવવો એ વૈદિક માર્ગ પ્રમાણે મહા [2]મેધાભિવૃદ્ધિ વિના સમજાતો નથી. વિવેક, વૈરાગ્યાદિકની દઢતા શિવાય તે ભાવમાં ટકી શકાતું નથી. પરંતુ તેથી હમેશાં અભિન્ન રહી, વિધિનિષેધનો ત્યાગ કરી, ય-થાશાસ્ત્ર પ્રેમભાવથી તેને ભજવા, તેજ આનંદરૂપ મહાનિધિની ઉર્મીછે.

આ પ્રમાણે ગુરૂજીનો ઉપદેશ સાંભળી શિષ્યના અંતઃકરણમાં પોતે મેધાવાન્ હતો, તેથી સાનંદાશ્ચર્ય થયું; પરંતુ જે સંશયોષ્ટ પ્રશ્ન છે, તેનો પ્રત્યુત્તર નહિ મળતાં, ફરી પ્રણામ કરી શિષ્યે કહ્યું.

—— * ——

અભેદભાવનાના ઉપદેશથી જીવન્મુક્તિ તથા વિદેહમુક્તિનો અનુભવ.

મહારાજ ! ઇશ્વરની અનન્ય ભક્તિમાં તથા અધિકાર પ્રમાણેજ ઉપદેશ કરવામાં જે આપે દૃષ્ટાંતો કહ્યાં, તેમાં નામદેવજીના દૃષ્ટાંતથી કેવળ નામસ્મરણ, કે કેવળ નૈષ્કર્મના આનંદનો હેતુ નથી એ જા-ણવાની મને જે જીજ્ઞાસા હતી તેતો સંપૂર્ણ થઈ; પરંતુ મહારાજ! પરમાત્માની સાથે "મારો અભેદછે" એવી ભાવના મારા અંતઃકર-ણમાં ઉદય પામતી નથી. આપ મારી પામરતા ઉપર લક્ષ્ય આપી કૃપાવાન્ થશો. માહારાજ હું હજીસુધી પણ એજ ધારૂંછું કે, નામદે-વનો સર્વોતર ઇશ્વરભાવ હતો, પરંતુ તે કાંઇ નારાયણોહં, પુરૂષે ત્તમોહં,

---

* नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं नशोभतेज्ञानमलंनिरंजनम्.

૧ પ્રથમ ભાગમાં પંચાયતન પૂજન પ્રસંગે કહેવામાં આવી તેવી.

૨ પ્રથમ ભાગમાં જોવું.

એમ ક્યારે પણ નામદેવે કહ્યું હોય એમ આપે જણાવ્યું નથી. આપણાથી કાંઇ બની શકે નહીં, ઇશ્વરેચ્છા હોય તેમજ થાય, એની કૃપાથી સર્વ પ્રકારનાં કર્મો સફળ થાય, અને ઇશ્વર, કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ સમર્થ છે. એ પ્રમાણે જેમ સર્વે કહેછે તેમ નામદેવજી પણ કહેછે. મહારાજ નારાયણોહં કહેવું એતો આપ કૃપા કરી સમજાવશો ત્યારેજ સમજાશે. સર્વ શક્તિમાન્ નારાયણ તે હું છું, એમ કહેવામાં કે અનુભવવામાં પણ પ્રલયાથી ગણવા જેવું જણાય છે. એમના બાંધેલા નિયમોને અનુસરવું અર્થાત્ યથાર્થ વર્ણાશ્રમાચાર પાળવો, એજ તેની કૃપા સંપાદન કરવાનું સાધન છે, તે શિવાય એ પ્રમાણે પ્રલાપ કરવો એતો "રાજાની પાસે કોઇ ભિક્ષુક કહે કે હું રાજા છું" તે પ્રમાણે થયું. વેદમાર્ગથી બહિર્મુખતા અર્થાત્ તેમાં કહેલાં વર્ણાશ્રમોચિત ધર્મને ન સ્વિકારવા એજ અધઃપાત છે. કૃપાનાથ મારૂં બાળબુદ્ધિનું બોલવું તે અવિવેકવાળુંજ છે એમ જાણી ક્ષમા કરશો.

ગુરૂજી તો શિષ્યની મનોવૃતિ જાણી સાનંદાશ્ચર્યથી મનમાં વિચાર કરવા લાગ્યા કે અહો! શું ભાવાભાવાતીત સંવિતત્વની અપ્રમેયતા!!! અધ્યારોપાપવાદરૂપે તે વસ્તુને જણાવવામાં ચાર વેદ અઢાર પુરાણ તથા અઢાર સ્મૃતિયોના વચનો જેમાંથી ઉત્પન્ન થઇ જેનું અપરોક્ષ તથા પરોક્ષ પ્રતિપાદન કરી જેમાં લય પામી જાયછે. 'તેથી તેનું સ્વરૂપભિન્નછે" એ પ્રમાણે ભાવિત અંતઃકરણવાળા અધિકારીઓને સમજાવવા પ્રયત્ન કરીયે તોપણ તેજ વચનો તેનાં નિર્દેશમાં (જ્ઞાનરૂપ આત્માને સમજાવવામાં) નિયુક્ત કરવા જોઇએ. ધન્યછે નારાયણ, તારા, મહિમાને, તારી કૃપા શિવાય તારા પરમવિજ્ઞાનંદસ્વરૂપનું રહસ્ય મોટા મોટા મુનીશ્વરોની પણ બુદ્ધિમાં નિશ્ચિત થતું નથી. હરિઃશરણું, હરિઃશરણું, હરિઃશરણું એટલું બોલી થોડીવાર નેત્ર મિચીને "જાણે કાંઇ ચિંતવન કરતા હોય નહીં તેમ સ્તિમિત થઇ"

બોલ્યા કે આ સ્વધર્મનિષ્ટ બ્રાહ્મણ ઘણોજ જીજ્ઞાસુ છે પરંતુ તેની જીજ્ઞાસા હજુ પૂર્ણ થઇ નહિ અર્થાત્ તેને અપરોક્ષ જ્ઞાન થયું નહીં જો થયું હત તો તેને હજુ તેજ વિષયમાં પ્રશ્ન રહ્યું તે રહેત નહીં. એટલો વિચાર કરી પુનઃ શિષ્યપ્રતિ ઉપદેશ કરવો શરૂ કર્યો.)

હે શિષ્ય! વૈદિક નિયમોને અનુસરવું અર્થાત્ વર્ણાશ્રમપૂર્વક વિહિત ચરણથી વર્તવું ને નરતાંય તો અધઃપાત થાય આવું તારૂં કહેવું યથાર્થ છે તોપણ તેમાં તને જે કાંઈ આનંદનો અનુભવ નથી થતો તેનું કારણમાત્ર તને અભેદદર્શન અર્થાત્ અપરોક્ષ જ્ઞાન થયું નથી. હજીસુધી પણ તારા અંતઃકરણમાં પરોક્ષ પરમેશ્વરના જ્ઞાનનો નિશ્ચય છે જ્યારે અપરોક્ષ થશે ત્યારે તને સર્વત્ર પરમાનંદ અનુભવ થશે. આ વખત મને તૃષા બાધ કરેછે માટે મને પાણી પીધાથી તૃષા શાંત થયા બાદ તારી શંકાનું સમાધાન કરીશું.

તરતજ શિષ્યે ગુરૂના કમંડલમાંથી જળનો પ્યાલો ગુરૂજીની પાસે ધર્યો. લો મહારાજ આ જળ ગુરૂજી કહે ભાઈ આ જળ કુવામાંનું છે ને તે માત્ર હાથપગ ધોવાના કામમાં આવેછે ને હું તો ગંગાજળ શિવાય બીજા જળાશયનું જળ પીતો નથી. આટલું સાંભળતાંજ શિષ્યે કહ્યું મહારાજ ગંગા ક્યાં દૂર છે હમણાં ઝપાટાબંધ ગંગાજીમાંથી જળનું આ કમંડળ ભરી આવું એમ કહી ગુરૂજી પાસેથી કમંડળ ઉપાડી એકદમ પ્રસન્ન મનથી ગંગાજી તરફ દોડતો ગયો ને ત્યાં જઈ કમંડળને સાફ કરી અંચળાવતી ગળીને તેમાં જળ ભર્યું તે ઉપર ભીનો અંચળો લપેટી હાથમાં લટકાવી. એક ઘડીમાં અર્ધો ગાઉ ગંગા હતાં ત્યાંથી ગંગાજળ લઈ આવ્યો ને ગુરૂજીને કહ્યું મહારાજ! ગંગાજળ લાવ્યોછું આપને તૃષા બહુ બાધ કરતી હશે હું જરા કમંડળ તથા અંચળાને સાફ કરવા રોકાયો તેથી વિલંબ થયો હશે માટે ક્ષમા કરશો એમ કહી કમંડળમાંથી ગંગાજ-

ળનો પ્યાલો ભરી લો ગુરૂજી ગંગાજળ. ગુરૂજી કહે ભાઈ ! તું નીચે બેસી જરા શાંત થા તને ઘણો શ્રમ પડયો છે પ્યાલો મારી આગળ રાખીને તું જરાવાર બેસી આરામ લે. ગુરૂજીની આજ્ઞા પ્રમાણે પ્યાલો ગુરૂજીની પાસે રાખી ગુરૂશ્રીની નજીક પોતાના નીયમ પ્રમાણે ગુરૂશ્રીની આજ્ઞાથી બેઠો. થોડીવાર રહી બીજી વખત શિષ્યે કહ્યું મહારાજ જળપાન કરો. ગુરૂ કહે ભાઈ તું લાવ્યો તે ખરૂં પરંતુ આ પાણી ગંગાજીનું નથી. શિષ્ય આશ્ચર્ય પામી બોલ્યો કે મહારાજ ! આપ નજરે જુવો છો તેમ દોડતા જઈ અરધાગાઉથી ગંગાજળ લાવ્યો છું અને આપ કહોછો કે આ ગંગોદક નથી મારામાં કાંઇ અશુચિપણું દેખ્યું હોય ને આપને આ જળ ઉપયોગમાં ન આવે તો ફરી સ્નાન કરી ગંગાજળ લાવું પરંતુ આપ ગંગાજળ પીયો છો તેને ગંગાજળ છે ! એમ કહી બીજું પાણી પાઉં તો મારી શી ગતી થાય. આપ જરાપણ સંદેહ નહિ કરતાં આ ગંગાજળ પીશો ગુરૂજી કહે તારા અંતઃકરણનો સારો ભાવછે તો તારે વિષે અશુચીની તો મને શંકા છેજ નહિ કારણ કે એતો વર્ણાશ્રમાચારથી જે ભ્રષ્ટ થયેલ હોય તેમાંજ અશુદ્ધિની શંકા રહે સૌ પોતપોતાના આશ્રમ ધર્મ સાથે વર્તે તે ઘણોજ પવિત્ર ગણાય છે તેથી એવી શંકા નથી પરંતુ આ જળમાત્રમાં મને સંદેહ રહે છે કે આ ગંગા નથી. શિષ્ય કહે મહારાજ ! હું શપથ પૂર્વક કહુંછું કે આ ગંગાજીજછે. ગુરૂ કહે બાઇ.તું તારા મનમાં ગમેતેમ માની લે પરંતુ આ ગંગાજીછે એમ મારૂં મન તો માનતું નથી. શિષ્ય કહે મહારાજ ત્યારે હવે હું આપને બીજી શી ખાત્રી આપું જેવી આપની મરજી. કહો તો બીજીવાર લાવી આપું. ગુરૂ કહે ભાઈ બીજીવાર લાવવાની કાંઈ જરૂર નથી પરંતુ ગંગાજીને તું ઓળખે છે ગંગા કેવાં હોય ? ગંગામાં મ્હોટા મ્હોટા મઘર હોય, જળના મ્હોટા મ્હોટા તરંગ ઉછળતા હોય, મ્હોટાં મ્હોટાં

વહાણો ચાલતાં હોય ને કોઇ કોઇ જગો ઉપર કીનારે ઘાટ બાંધ્યા હોય ને તે ઘાટપર બેસી ભસ્મ રૂદ્રાક્ષ ધારણ કરી બ્રાહ્મણ વિગેરે વર્ણુત્રયીના જથાબંધ પુરૂષો સંધ્યાવંદનાદિક બ્રહ્મકર્મો કરતા હોય તે ગંગા કહેવાય ને આતો માત્ર કમંડળમાંજછે માટે તે ગંગાને આ ગંગા સરખી છે એમ હું કેમ કરી માનું ? ઉપર કહેલી ગંગાની સામગ્રી આમાં જોવામાં આવતી હોય તો ત્યારે તો આ ગંગાછે એમ મારા માનવામાં આવે. શિષ્ય કહે મહારાજ એ પ્રમાણે સરખાવો ત્યારે તો કદીપણ તે અને આ ગંગાજી મળતાં આવે નહીં. પરંતુ વિચારદ્રષ્ટીથી આ કમંડળમાંછે તે ગંગાજીજ કહેવાય, પ્યાલામાંછે તે પણ ગંગાજ કહેવાય અને જ્યાં પ્રવાહ ચાલેછે તે પણ ગંગાજીજ કહેવાય 'એમાં' જરા પણ સંશય કરવા જેવું મને તો જણાતું નથી. જો ગંગામાં વહાણ ચાલે મ્હોટા મ્હોટા મધર હોય અને કિનારે ઘાટ બાંધ્યા હોય તથા તે ઘાટપર બ્રાહ્મણ ક્ષત્રીય અને વૈશ્યો સંધ્યાવંદનાદિક ષટ્ કર્મો કરતાં હોય તેજ આ ગંગાછે ઉપાધિભેદથી નાની મોટી જણાય. પરંતુ ગંગાજળમાં ભેદછે એમ તો કોઈપણ કહેશે નહિ.

આ પ્રમાણે શિષ્યનું બોલવું સાંભળી ગુરૂજીએ જવાબ આપ્યો કે ભાઈ! હવે તું સમજીશ. જેમ નાની ઉપાધિને લઈ નાની ગંગા મોટી ઉપાધિને લઇને મહાગંગા તેમાં ગંગાજળ અને તેની પવિત્ર કરવાની શક્તિમાં ભેદ કલ્પાતોજ નથી તે પ્રમાણે ચિત્સ્વરૂપે (ચૈતન્યરૂપે) જ્ઞાન સ્વરૂપમાં (સંવિતરૂપમાં) નારાયણમાં અને મારામાં જરાપણ ભેદની કલ્પના છેજ નહિ આવું દ્રઢજ્ઞાન તેજ મોક્ષનો હેતુ છે તે નિદધ્યાસનપૂર્વક દ્રઢ કરવા માટે હમેશાં આ જગોએ હું આવું છું. વિદ્યાની ઉપાધીને લીધે ઇશ્વરભાવ અને જીવભાવ નો ભેદ પ્રતિતી માત્ર, આ ગંગાને તે ગંગા જેવો જણાયછે પરંતુ પ્રક્રિયાઓને જાણી સાધન સંપત્તિપૂર્વક જ્યારે સદ્વિચારની જાગ્રતિ થાયછે ત્યારે ભેદની ગંધીગણ અધિકારીના અનુભવમાં આવતી નથી.

શિષ્ય તો આ દૃષ્ટાંતથી અનુભવ લાયક વિચારનો અંકુર ઉત્પન્ન થતાં સાનંદાશ્ચર્યથી બે હાથ જોડીને ચિત્રમાં આલેખાઈ ગયો હોય નહી તેવી રીતે પોતાના ગુરૂદેવની પ્રકાશિત મુખમુદ્રા સામું જોઈ પ્રસંન ચહેરાથી બેઠોછે. ઘણા દિવસો થયા જેની ઇચ્છા હોય તે વસ્તુની પ્રાપ્તિ થતા તે વખતના આનંદના અનુભવની સાધારણ માણસને પણ લહેર બીજાને ન કહી શકાય તેવી પ્રામ થાયછે તેજ પ્રમાણે આ શિષ્યને થયું.

ગુરૂજી કહે—ભાઇ જયારે તું વર્ણાશ્રમ ધર્મ તથા સત્કર્મો ઇશ્વરપ્રીત્યર્થે નિષ્કામ બુદ્ધિથી કરીશ ત્યારે તને જેવો આ વખતનો અનુભવ થયોછે તેવો સદૈવ તારામાં જામ્યોજ રહેશે. આ દૃષ્ટાંતને હૃદયમાં રાખી તે ઉપર વિચાર કરતાં કલ્પિત ઉપાધિજ ભેદનું કારણ છે એમ તારા સમજવામાં આવશે. વાસ્તવિક ભેદ છેજ નહિ. આકાશ પણ જેની આગળ સ્થુળભાવવાળુ ભાસેછે તેથીજ તે અનુભવ ગમ્ય વસ્તુને વેદમાં ભાવાતિત એવાં નામથી વ્યવહરેલછે. આકાશમાંથી અનેક પ્રકારના સ્થૂલ અર્થાત્ દૃશ્ય પદાર્થો જેવાં કે વાદળાં વાયુ વરસાદ તડકા ટાઢ તથા કાળા ધોળા પીળા રાતા લીલા અને વિચીત્ર પ્રકારના અનેક રંગો ઉત્પન્ન થાયછે તેમાંજ દેખીતા રહે છે અને તેમાંજ અદર્શન પામેછે તે સંબંધમાં કોઇની પણ કલ્પના નિઃસંશય પહોંચી શકતી નથી તોપછી ભાવાતીત એવી સ્વસંવેદ્ય વસ્તુથી ઉત્પન્ન થતી અનેક પ્રકારની સ્થૂલ સૂક્ષ્મ વ્યક્તિઓ કે જે ઉપર પ્રમાણે તે વિના રહી શક્તિ નથી અને તેમાંજ અદર્શન થાયછે. આકાશમાંથી ઉત્પન્ન થયેલું વાદળ પોતે પોતાની ઉત્પત્તિ આદિકનો વિચાર કરતાં તેનાથી જેમ અભેદ થઇ જાય. તેમ ગુરૂશાસ્ત્ર તથા પોતાની મેધા અને યુક્તિથી આપણે પણ તેવા સદ્વિચારને જાગ્રત કરવા પ્રયત્નવાન્ થઇએ તો, તે રૂપ થવું નથી પણ છીયે, એવાજ અનુભવમાં આવીશે. તેનું ક્ષણમાત્ર વિસ્મરણ ન થાય તેવા બોધને દૃઢ

કરવાથી (પ્રથમ કહેવામાં આવ્યું અને આગળ કહેવામાં આવશે તેવી) અનન્યભક્તિરૂપ પરમાનંદસુધાસ્વાદલેતાં અજરામર સુખને બાધ કરનારી ભવાટવિભ્રમણારૂપ ભ્રાંતિનો વિધ્વંસ થઈ જાય છે ઇષ્ટગુરૂ અને શાસ્ત્રદ્વારા પ્રયત્ન કરવાથી અનુભવના આકુંચિતભાવને દૂર કરવામાં આવે તો તેજ સુખ મેળવી શકાય તેવુંછે. સાક્ષાત્ અનુભવ કરાવીઆપવામાં નિર્દેશ કરવા શિવાય શ્રુતિ પણ સમર્થ નથી. માટે એ ભાવાતીત ભાવ તારા અનુભવમાં આવે ત્યાંસુધી ઉપર કહ્યાં તે આલંબનને પુરેપુરી રીતે રાખજે.

શિષ્ય કહે મહારાજ ! આપના આટલા ઉપદેશથી આજે મારા અંતઃકરણમાં ઘણોજ આનંદ થયો ને અદ્વૈત ભાવરૂપ વેદના પરમરહસ્ય સંબંધે આજે મારાથી ઘણું સમજાયું. હું જે બ્રહ્મકર્મ કરૂંછું તે જાણી આ વખતે તેજ સત્તામાં રહી કરાતું હોય અને તે વિના તે કાંઈપણ થતુંજ નહોય એવું સમજાય છે. ઇષ્ટદેવના પરમાનંદ સ્વરૂપનું મને જ્ઞાન બિલકુલ નજ હતું, તે આજે આપે કૃપા કરી બતાવ્યું વેદાનુશાસન પ્રમાણે હું વરતુછું તેમાં પૂજ્યપૂજક ભાવ, પ્રાપ્ય પ્રાપક ભાવ વિગેરેનો ભેદ હમેશાં રહેતો હતો તે આપની કૃપાથી આજે એટલે આજ વખત નાશ થયો. દેવરૂપ થઈ દેવનીપુજા કરવી એવાં સ્મૃતિનાં વાકયો તથા આ બધું પુરૂષરૂપ છે એવાં શ્રુતિનાં વાકયો અને પુરૂષસૂક્તોવિગેરેના મંત્રોની કર્મઉપાસનામાં અમુક અમુક જગોએ યોજના કરવી. તે વાકયો વાંચવાને યોજવાં એટલીજ આજસુધી મને ખબર હતી પરંતુ તેમાં આવું રહસ્ય છે અને તે વરતવાથી તેની સાથે પરમાનંદ અનુભવાય છે તે બીલકુલ મારા સમજવામાં નહતું, આ વખત આપની દયાથી એ રહસ્ય સમજાયું છે પરંતુ આપે કહ્યુ કે વિદ્યાને અવિદ્યાથી જીવ ઇશ્વરમાં ભેદ કલ્પના માત્રછે અને તેથી કર્મઉપાસના અને જ્ઞાન એ કાંડત્રયાત્મક વેદનો

અનુસરી વરતનાર વરણુત્રયીને પરમાનંદપરમાત્માનો અધ્યારોપાપવાદથી અપરોક્ષ સાક્ષાત્કાર થતાં મુક્તિ પ્રાપ્ત થાયછે. આટલેથી વળી તે વિદ્યા અને અવિદ્યાને જાણવાની મને વધારે જીજ્ઞાસા થાય છે. યુક્તિ માત્રથી આટલે સુધી મારા અંતઃકરણને આપે પહોચાડ્યું તો પછી તે સત્તાનો દૃઢતર બોધ થાય અને ભ્રાંતિનાશ પામે તે સંબધે વેદમાં અને પુરાણોમાં કેવી કેવી પ્રક્રીયાઓ હશે ને તે દ્વારા આપના અનુભવી અંતઃકરણમાં પણ કેવી કેવી યુક્તિઓ હશે તે બતાવીને હે માહારાજ આપ મને કૃતાર્થ કરશો.

ગુરૂજી કહે ભાઇ ! જીવની ઉપાધિ અવિદ્યા છે અને ઈશ્વરની ઉપાધી વિદ્યા છે. અવિદ્યા એટલે અજ્ઞાન અને વિદ્યા એટલે જ્ઞાન, અવિદ્યા અને વિદ્યા એવા બે ભેદથીજ સર્વ વ્યવહાર ચાલે છે ચૈતન્ય રૂપે કરી સર્વત્ર એકજ છે એ લક્ષ્યમાં ન રહેતાં કેવળ વ્યવહાર માત્રના હેતુરૂપ ભેદને વળગી રહેવાય તો અનન્ય ભજનાનંદ ન પ્રાપ્ત થતા મનુષ્યદેહની સફળતા પણ થઇ ન ગણાય.

શિષ્ય કહે મહારાજા ત્યારે એ અવિદ્યા અને વિદ્યાનું સ્વરૂપ મને કૃપા કરી સમજાવશો કે જેથી આપના ભજનાનંદ સમાન ભજનાનંદની પ્રાપ્તિ થાય.

શિષ્યની આવી જીજ્ઞાસા જોતાં મહાત્માએ કહ્યું કે ભાઇ લક્ષ્યાર્થ સમજવામાં તારી દૃઢતા છે તો હું તને તેની દૃઢતા થાય તેવો ઉપદેશ કરીશ જેની જેવી ઇચ્છા હોય તેવી તેને સાહયતા મળી રહે છે પરંતુ તું જાણે છે તેમ હજુ બધુ મારૂં નિત્યકર્મ બાકી છે. હું મુક્તિ પુરીમાંછું માટે તેને અનુસરતા નિયમ પ્રમાણે વરતવું જોઇ, ન વરતાય તેટલી પુરૂષાર્થમાં ખામી ગણાય માટે આજે તને જેટલો મેં ઉપદેશ કર્યો છે તેને યથાશક્તિ યાદ રાખી તેને, ઘેર ગયા બાદ સંભાળી લેજે ને મારા આશ્રમમાં સાયંકાળે શ્રવણનો વખતછે

તે વખતે કાલે તું નિવૃતિથી આવજે એમ કહી ગુરૂજી તો પોતાના નિયમ પ્રમાણે વિશ્વનાથ, અન્નપૂર્ણા, ઢુંઢીરાજ તથા કાલભૈરવનું પૂજન અને દર્શન કરી અંતઃગ્રૃહીની યાત્રા કરવા ચાલ્યા ગયા, શિષ્ય પોતાને ઘેર આવી એકાંતમાં બેસી ગુરૂજીએ કરેલા ઉપદેશનું મનન કરવા લાગ્યો તે દિવસે તો સાંઝે આસનમાં આવવા માટે ગુરૂજીએ કહ્યું નહોતું એથી ગયો નહીં પરંતુ બીજે દિવસે સવારમાં પોતાના નિયમ પ્રમાણે સ્નાનસંધ્યા શિવપૂજન વિગેરે નિત્યવિધિ સમાપ્ત કરી પોતાને એક વખત ભોજન કરવું એવોજ નિયમ હતો તેથી મધ્યાન્હે વૈશ્વદેવ કરી પંચમહાયજ્ઞ થયાબાદ દેવને નૈવેદ્ય ધરી પોતે જમી લીધું. સ્વાધ્યાય કરી ગ્રહસ્થાશ્રમના અવશ્ય કર્તવ્યકર્મ પ્રસંગને જલદીથી સમેટી બરાબર ગુરૂજીએ બતાવેલી શ્રવણ કરવાની વેળામાં ગુરૂશ્રીના આસનમાં હાજર થયો તે દરમીયાન તો કેટલાએક અધિકારીઓ આવીને શ્રવણ કરવા માટે બેસી રહ્યા હતા. આણેતો ગુરૂચરણારવિંદનો સ્પર્શ કરી ચરણરજને પોતાના નેત્ર ઉપર તથા મસ્તક ઉપર ચડાવી ગુરૂશ્રીની આજ્ઞાનુસાર નિમાયેલી જગ્યા ઉપર જઇને બેઠો શાંતિપાઠ અર્થાત્ મંગળાચરણ કરી ગુરૂજીએ તો કેવળ બ્રહ્મવિદ્યા સંબંધે વ્યાખ્યાન શરૂ કર્યું. પ્રથમથીજ તેના સંસ્કારને લીધે લક્ષ્યાર્થમાં યત્કિંચિત્ અવગાહન ગુરૂશ્રીએ કરાવ્યું હતું તેથી તેને શ્રવણમાં ઘણો આનંદ આવ્યો. ગુરૂશ્રીની અંતઃકરણમાં સ્તુતિ કરતાં વ્યાખ્યાન બંધ થયું કે તરત સર્વે શ્રોતાજનોની સાથે ગુરૂશ્રીને પ્રણામ કરી પરમઆનંદની સાથે પોતાને ઘેર ગયો ઘેર ગયાબાદ તેજ ગ્રંથ (જેનું વ્યાખ્યાન થતું હતું તે) નું બરાબર શ્રવણાનુસાર મનન કરીને ગુરૂપદિષ્ટ માર્ગથી નિદ્ધ્યાસ પણ કર્યું. આ પ્રમાણે હમેશાં કરવાથી પ્રતિદિવસ બોધની દ્રઢતા થવા લાગી પછી તો ગમેતેવું સૂ-

ક્ષ્મ વ્યાખ્યાન હોય તોપણ તેને સમજવામાં વાર લાગે નહીં પ્રથમ પાળેલા નિયમોની પરિપાક થવાથી તથા આ વખત મળતાં વિવેકાદિક સાધનોની દૃઢતાથી ક્રમેક્રમે તેની ઈંપિણાઓ નિવૃતિ પામવા લાગી અને તેથી પરપ્રેમારપદને અનુભવતાં આનંદસિંધુની પોતાના સ્વરૂપમાંથી સર્વત્ર પ્રેમ પ્રેમને પ્રેમ એવી આનંદની ઉર્મીઓ ઉછળવા લાગી એ પ્રમાણે જેનું વર્ણન ન થઇશકે તેવી આનંદ લહરીની તલ્લીનતામાં શ્રવણ મનન અને નિદધ્યાસરૂપે તે શિષ્ય પોતાના પરમપુરૂષાર્થમાં જરાપણ ખામી આવવા દેતો નહી તેટલામાં તેમને ત્યાં કર્મવશાત પોતાના યજમાનમાંથી એક ભેંસ એવીતો હ્રષ્ટપુષ્ઠ અને ઘણું દૂધ આપે તેવી આવી એથી તે મહારાજનું સઘળું કુટુંબ મહિષીના દૂધનું પાન કરવાથી ઘણું પ્રસન્ન થયું. તે મહારાજનો ઘણો સારો નિગ્રહ હતો તોપણ **चंचलंहिमनः** એવા કર્માનુસાર તે ભેંસની સંભાળ રાખવામાં પોતાનો સાયંકાલે શ્રવણ કરવાનો સમય રોકાવા લાગ્યો. ભેંસ જંગલમાંથી આવ્યા પહેલાં શ્રવણ કરવા જાયતો શ્રવણ કરતાં તેનું ચિત્ત ભેંસને ચારો તથા ખાણ વિગેરે આપવામાં ખેંચાવા લાગે ને ભેંસ આવ્યા બાદ જાય તો શ્રવણનું અનુસંધાન ત્રુટીજાય આમ થવાથી શ્રવણ વખતે અદ્વૈતની સાધક અને દ્વૈતની બાધક યુક્તિઓમાં વાદિપ્રતિવાદિના સંવાદથી જ્યારે વ્યાખ્યાન ચાલતું હોય ત્યારે અંતઃકરણમાં પૂર્વના વિક્ષેપને લિધે ગુરૂજીએ કહેલા અર્થને ધારણ કરી શકાય નહીં. શ્રવણ ચાલુ હોય ત્યાં સુધીમાં ગમેતેવો કાર્ય પ્રસંગ આવીપડે તોપણ કોઇએ ઉઠવું નહીં એ નિયમ ગુરૂજીએ ઘણોજ સખ્ત રાખ્યો હતો. તે નિયમ ન પાળે તેને ગુરૂજી બીજે દિવસે પોતાના આસનમાં શ્રવણ કરવા માટે આવવા દેતા નહી તેથી પૂર્ણ રીતે ઉત્તમ અધિકારીઓનોજ તે સમાજ

હતો, ને સૌ કોઈ તે નીયમને અનુસરતા હતા. શ્રવણ કરેલા અર્થનું રાત્રે પોતાને ઘેર આવીને મનન કરે પરંતુ નિદધ્યાસનપૂર્વક અદ્વૈત ભાવનાની જેવી પૂર્વે દૃઢતા હતી, તેવી દૃઢતાની શિથલતા જણાતાં આ શિષ્ય તો હમેશાં મુંઝાયા કરે (જે વિક્ષેપે એટલેસુધી કામ કરયું તેનું તેને ભાન નથી) ને મને આ શું થઈ ગયું એવી સંશયી ભાવને પામી ગયો. ને હમેશાં બ્રહ્મકર્મ કરતાં પણ તેને પૂર્વવત્ આનંદ પ્રાપ્ત થાય નહી. કોઈએક દિવસે શ્રવણ કરી બીજા સર્વે મુમુક્ષુઓ ગુરૂશ્રીને પ્રણામ કરી તેના ગુણાનુંવાદન કરતાં કરતાં પોતપોતાને ઘેર ગયા, ને આતો દીનવદનથી ગુરૂશ્રીની મુખમુદ્રા સામે જોઇ બેસી રહ્યો. આશ્રમ ખાલી થયા બાદ ગુરૂજીએ તેના સામું જોઈ પૂછ્યું કે, ભાઈ થોડાએક દિવસ થયાં હું તને નિરાનંદ સરીખો દેખું છું. તું કોઈ પ્રકારની ઉપણામાં તો નથી બંધાયો ? અગર પતન કરે તેવો કોઈ મોટો વિક્ષેપ તો તને નડતો નથી ? શાસ્ત્રશ્રવણ કરવામાં તારી મનોવૃત્તિની સ્થિરતાનો આનંદ તારા ચેહેરા ઉપર જેવો પ્રથમ મારા જોવામાં આવતો તેવો હાલમાં દેખાતો નથી ને આજતો તું સાવ, નિર્માલ્ય જેવો થઇને કેમ બેઠો છે. તારે કોઇ શંકા પુછવી હોય અથવા સમાધાન પુછવું હોય, ને તેથી તું મુઝાતો હોય તો તારે જરાપણ મુઝાવું નહી, પ્રસન્ન અંતઃકરણથી તારે પુછવું. આ વખત પણ જો તારે કોઈ પ્રક્રિયા વિગેરે પુછવાનું હોય તો ખુશીથી પૂછીલે. મહારાજમને જેવો પ્રથમ આનંદ રહેતો હતો તેવો હાલ એક માસ થયા બિલકુલ આનંદ પ્રાપ્ત થતો નથી તેનું કારણ મારાથી સમજી શકાતું નથી. એવો કોઇ મહાન્ વિક્ષેપ હાલ મને બાધ કરતો નથી, તેમ કોઈપણ પ્રકારની ઇપણા બાધ કરતી નથી. મારા યજમાનને ત્યાંથી એક ભેંસ આવી છે તે ઘણીજ સારી છે તેની સંભાળ માટે કોઇ વખત મારૂં ચિત્ત ખેંચાય છે. શિવાય શ્રવણ મનન નિદધ્યાસન તથા સ્વવર્ણવિ-

હિતાચાર વિગેરેનું પાલન કરવામાં આપના બતાવેલા માર્ગથી જરા પણ વિપરીત વૃત્તિ થતી નથી. આપની સેવાનો લાભ હાલમાં આપની ઇચ્છાથી મને મળતો નથી, તેમાં કોઈવિખત મનોવૃત્તિ ખેંચાય છે, બીજો કશો વિક્ષેપ મને બાધ કરતો નથી, આપની કૃપાથી હવે કોઈપણ પ્રક્રિયામાં મને શંકા ઉત્પન્ન થતી નથી.

શિષ્યનું બોલવું સાંભળી ગુરૂજીએ વિક્ષેપનું કારણ જાણી લીધુ. મનમાં વિચાર કરવા લાગ્યા, આ પોતાની શક્તિ પ્રમાણે મારી સેવામાં તો જરા ખામી લાવતો નથી પરંતુ એનું અંતઃકરણ ભક્તિવાન્ છે તેથી તેને એમ જણાય, પરંતુ એ કાંઈ તેને બાધક થાય નહિ. પરંતુ ગૌશાળામાં એક નવી ભેંસ આવી તે સંબધે કાંઈ વિક્ષેપ વધવાથી મોહ થયો હોય તો, થવાનો સંભવ છે. જો આમ થયું હોય તો અધ્યારોપાપવાદની સમજણ આપવામાં એક યુક્તિની સારી રીતે તેને માટે યોજના કરી શકાશે અસ્તુ હવે તેનેજ પુછવું જોઈએ કે કઈ વસ્તુમાં તેને રાગદ્વેષ વધારે થયોછે એટલો વિચાર કરી ગુરૂજી બોલ્યા કે ભાઈ તારી ગૌશાળામાં જેટલાં પશુછે તે સર્વની ચાકરી તું કરેછે કે કોઈ બીજું માણસ કરેછે શિષ્યે કહ્યુ ના મહારાજ હુંજ કરૂંછું ગૌશાળામાં ગાયો અને ભેંશો બધાં સરખાંછે કે કોઈ સારાં નરસાંછે. શિષ્યે કહ્યું મહારાજ આપના આશિર્વાદથી બધાં પશુઓ સારાંછે પરંતુ હાલમાં યજમાનને ત્યાંથી જે ભેંશ આવીછે તે ઘણીજ સારીછે જેની ત્વચા ચળકાટીવાળીછે તથા તેના ઉપર હાથ ફેરવીએ તો માખણના ગોળા જેવી કોમળછે સ્પર્શ કરતાં આપણો હાથ લપટી જાય. અંજનના પર્વત જેવી કાળી ને હૃષ્ટપુષ્ટ છે ને તેના કપાળમાં એક ધોળુ અર્ધચંદ્રાકૃતિ ચિન્હછે તે જાણી મેઘની ઘટામાંથી બહાર નિકળતો ચંદ્રમા શોભે તેવું શોભા આપેછે ચારે પગની ખરીઓ પણ બગલાની પાંખો જેવી સફેદછે. શીંગડાં પણ ઘણાં

સરસ અને મોટાંછે એટલુંજ નહીં પણ એવાતો વાંકથી વળેલાંછે કે તેને જો આપ જુવો તો આપને પણ અદ્ભૂત આશ્ચર્યજ જણાશે કે સૃષ્ટિમાં કોઇ કોઇ જગોએ મનુષ્યના શરીરની અપૂર્વતા જોવામાં આવે છે તેવી પશુ સૃષ્ટિમાં પણ આ ભેંસની અદ્દભૂત પૂર્વતા આપના જોવામાં આવશે. મહારાજા સર્વના કરતાં તેના તરફ મારો ભાવ વધારે રહેછે. કોઇ વખત તો શ્રવણ સમયમાં પણ મને તેનું સ્મરણ આવે છે. એક વખત તો સ્વપ્ન અવસ્થામાં તે મારા જોવામાં આવી હતી પશુસૃષ્ટિને જોવામાં પણ જ્યાંત્યાં ઘણે ભાગે ભેંસો જોવામાં આવે છે તેમાં પણ આ ભેંસની બરોબર રૂપ અને લાવણ્ય કોઇમાં મારા જોવામાં આવતું નથી. મહારાજ મારી ગૌશાળામાં દસ પંદર પશુઓછે પરંતુ તેમાં આવી ભેંસ તો તે એકજ, ને બીજી ગાયો પણ ઘણી સારીછે.

શિષ્યની ભેંસના તરફ ખરેખરી આશક્તિ એ તેણે કરેલા ભેંસના વર્ણન ઉપરથી જાણવામાં આવે છે, માટે હવે તેને એ રસ્તે ઉપાસનામાં પ્રવૃત કરવાથી અપરોક્ષ જ્ઞાનની દ્રઢતા થશે. કારણ કે જ્યાં સુધિ અજ્ઞાનકૃત અધ્યાસના સ્વરૂપને સમજાયું નથી ત્યાં સુધી અધ્યાસ મટાડવાનો પ્રયત્ન મુમુક્ષુનો સફળ થતો નથી ને તેથી ગોટાળો થઇજાય છે અસત્ વસ્તુમાં સતબુદ્ધિની દ્રઢતા થવાથી સત્સ્વરૂપનું ભાન આવતુંજ નથી ભેંસ એવું નામ અને તેણે વર્ણન કર્યું તેવું તેનુંરૂપ આ બે અંશનીજ સત્યતા મનાઈ ગઈ છે, તે દૂર કરવાને માટે જો એ તેવા વિચારની જાગ્રતિ આશિષ્યના અંતઃકરણમાં હજુ નથી થઇ અને જ્યારે તેવો વિચાર તેનામાં દ્રઢ થશે કે તરત કલ્પિત અંશ તેના દેખવામાં આવશે નહી એવા વિચારથી તે શિષ્યને ગુરૂજીએ કહ્યું કે ભાઈ બ્રહ્મવિદ્યાના ઉપદેશની અનેક પ્રક્રિયાઓ છે, યાજ્ઞવલ્કયે જનક રાજાને જુદે પ્રકારે કહી છે, વરૂણે ભૃગુને જુદે પ્રકારે કહી છે, દધ્યંગથર્વણે ઇંદ્રને જુદે પ્રકારે કહી છે, તથા

અશ્વિનીકુમારને પણ તેણે જુદે પ્રકારે કહી છે. અર્થાત્ દરેક ઉપનિષદોમાં ક્રમ જુદા જુદા છે પરંતુ લક્ષ્યમાં સર્વનું એકત્ર પર્યવસાન થાય છે, આમ તને કહેવાનો તાત્પર્ય એ છે કે ગુરૂપદિષ્ટ માર્ગથી યથાર્થ પ્રાપ્ત થયેલી વિદ્યા શિષ્યને સાક્ષાત્ કામ દુધારૂપ થાયછે, ને તે વિદ્યાવાન્ પુરૂષ વિક્ષેપને દેખતોજ નથી તારા યથાર્થ અનુભવમાં થોડી એક અપૂર્ણતાને લીધે તને ક્યારેક્યારે વિક્ષેપ બાધ કરે છે. માટે આજથી હું તને દૃઢ અનુભવ થતાં કોઇ દિવસ પણ તારા આનંદમાં ખામી ન આવે તેવો એક રસ્તો બતાવુંછું, તે પ્રમાણે તારે શ્રદ્ધાપૂર્વક વરતવું ને તે એ છે કે સાંજના વખતમાં તારે શ્રવણ કરવા ન આવવું માત્ર એક વખત આવવું ને તું જે હમેશાં નિદિધ્યાસન કરે છે તેમાં નિચે પ્રમાણે ફેરફાર કરજે.

એકાંત સ્થાનમાં દૃઢ આસનથી બેશીને અરધા કલાક સુધી હમેશાં તારે તે તારા યજમાનને ત્યાંથી આવેલી ભેંસનું ધ્યાન કરવું પણ તે સંકલ્પમાં ભેંસની કલ્પના ન કરવી પરંતુ તારા પોતાના શરીર ઉપર તે ભેંસના શરીરની ભાવના કરવી અર્થાત્ " હું ભેંસછું અને મારૂં શરીર તે ભેંસ જેવડું થાઓ " એવી ભાવના કરવી પુછડું પેટ તથા શીંગડાં વીગેરે સર્વ ભાવનાથી તેરૂપ તારે થવું એટલે હું ભેંસછું એવી દૃઢ ભાવના કરીને જોતું ભેંસની ચાકરી કરીશ તો એ ભેંસ તને ઘણીજ સુખદાયક થશે આ પ્રયોગ તું મારી આજ્ઞાથી શરૂ કરી દે, અને તેમાં જે કાંઇ તારા અનુભવમાં આવે તે મને કહેજે પરંતુ એમાં જરા આલસ્ય કે ઉપેક્ષા નહી કરતાં મનને તદ્રુપ કરવું એ ભેંસપર તારો જો બરાબર ભાવ છે તો આ પ્રયોગ સિદ્ધ થતાં વાર લાગશે નહીં. છ મહિના સુધી બરાબર મારા કહેવા પ્રમાણે કરતાં જો તારા મનમાં તે પ્રયોગની કાંઇપણ અસર થઇ નહી તો તારા પુરૂષાર્થની ખામી ગણાશે અને તે પ્રયોગનું તને બિલકુલ ફળ થાશે નહી. પ્રયોગમાં સુદૃઢ થવા માટે ગુરૂ-

જીએ અસરકારક ઉપદેશ કરી શિષ્યને રજા આપી પોતે વિચાર કર્યો કે કલ્પિતનું સ્વરૂપ માનસિક છે અને તેની કેવી અસર થાયછે તે આ ઉપરથી આ શિષ્યને બરાબર જ્યારે જાણવામાં આવશે ત્યારે તેવા અનેક કલ્પિત અધ્યાસનો સુખેથી પોતે પરિહારકરિશકશે.

શિષ્ય ગુરૂજીની આજ્ઞા માથે ચડાવી પોતાને ઘેર આવી વિચાર કરવા લાગ્યો કે " શાસ્ત્રમાં પશુઓને પણ ધનની ગણતરીમાં ગણેલ છે ને ધન મનુષ્યમાત્રને સુખનું સાધન ગણાય છે માટે ગુરૂજીએ તે સુખ દૃઢ થવા માટે પૂર્ણ કૃપાથી આ પ્રયોગ આપણને બતાવ્યો છે તો આપણે જેમ બને તેમ છ માસમાં સિદ્ધ કરીને ગુરૂજીને વિનંતિ કરવી કે " મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે પ્રયોગ તૈયાર થયો છે હવે કાંઇ તેમાં વિશેષ કર્તવ્યતા હોય તે બતાવવા કૃપા કરશો " એથી ગુરૂજી દયાળુ છે માટે બહુ પ્રસન્ન થશે. પણ જો છ માસમાં સિદ્ધ ન થાય તો આપણી દૃઢતામાં ખામી ગણાય, એટલુંજ નહીં પરંતુ પુરૂષાર્થની મંદતા જોઈ ગુરૂજીની ઉપેક્ષાનું પાત્ર પણ વખતે થઇ જવાય " એટલો વિચાર કરી બીજે દિવસે સવારમાં પોતાનું નિત્યકર્મ સમાપ્ત કરી ગુરૂજીની આજ્ઞાનુસાર એકાંત વાસમાં બેસી નેત્ર મીંચી ભેંસમય પોતાની ભાવના કરવા માંડી નેત્ર મીંચે કે તરત સંકલ્પ માત્રમાં તેમાં દૃઢ આસક્તિને લીધે ભેંસ તો પોતાની સામે (હૃદયમાં) ખડી થઇ ગયેલી તરત જોવામાં આવે સાધારણ દાખલા તરીકે જેમ આપણે કોઇ એક વસ્તુ સામે ઘણીવાર દૃષ્ટિ સાંધીને જોઈ રહ્યા હોઇએ અગર પ્રતિ દિવસ જેનું વિશેષ દર્શન કે ચિંતવન થતું હોય તે વસ્તુ નેત્ર મીંચીયે કે તરત પાસે અગર સ્વપ્નમાં " વારંવાર આપણે તેવી ઇચ્છા નથી કરતા તોપણ આપણા સામે " (હૃદયમાં) દેખવામાં આવે છે એવું સૌકોઇના અનુભવમાં છે. આ વખતમાં ઇચ્છાનુ સ્વરૂપ બીજુ

થતાં તેને નહીં ઓળખતાં " આપણે ઇચ્છા નથી કરતા " એમ માત્ર કહેવાય છે પરંતુ જ્યાં સુધી નેત્રદ્વારા કે સંકલ્પથી ખડા થયેલા મનોભાવને બીજો સંકલ્પ ન ઉખેડે ત્યાં સુધી એ ઇચ્છા ટકી રહે છે બીજા સંકલ્પથી તે થયેલો મનોભાવ તેવોજ હોય એમ નથી વખતે તર્ક વિતર્કમાં પડી જાય તોપણ પ્રથમના મનોભાવનો તે સંબંધી નહોય તો ઉખેડી નાખે હવે આ શિષ્યે તો નેત્ર મીંચ્યાં કે તરત ભેંસની ભાવનાત્મક પ્રતિમાં તેના અંતઃકરણમાં તેવીજ ભાસમાન થવા લાગી ત્યારે તેમાંથી મનને ખેંચીને પોતાના બ્રાહ્મણ શરીરપર ભેંસના શરીરનો આરોપ કરવા માંડ્યો ને પેલી, સંકલ્પના બળથી હૃદયમાં ખડી થતી ભેંસનો આ સંકલ્પ પ્રબળ થતાં ધીરે ધીરે નિરોભાવ થવા લાગ્યો આ પ્રમાણે દૃઢ સંકલ્પથી ઇતરનો પોતામાં આરોપ કરવા દૃઢ પુરૂષાર્થમાં પડેલો શિષ્ય પોતાના મનને જરાપણ બીજે જવા દેતો નથી આમ કરતાં કરતાં " માદકપદાર્થ ખાધાની ખુમારીની પેઠે " કલ્પિતભાવ સુદૃઢ થવા લાગ્યો નિયમ પ્રમાણે જ્યારે પોતામાં ભેંસની કલ્પના કરી ઉભા થવા જાય તે વખતે પોતાનું શરીર ભારે થઇ ગયું હોય ને તેથી ધીમે ધીમે કોઇ માણસનો શ્રમ જેમ ઉતરતો જાય તેમ પોતાના શરીરમાંથી મહિષી શરીરનો આરોપિત ભાર કમી થતો જાય, કેટલીએકવારે પોતાની સ્વતંત્ર અને સ્વસ્થસ્થિતિ થાય ત્યારે વળી ઘરના (વ્યવાહરિક) કાર્યોમાં પ્રવૃત થાય આમ કરતાં કરતાં બરાબર ૭ માસ થયા તેટલામાં તો તેણે આ ઉપાસના એવી તો દૃઢ કરી કે ત્રણ ચાર ઘડી સુધી એ આવેશ તેના શરીરમાંથી ખસે નહીં છ માસ સુધી ગુરૂજીના આસનમાં શ્રવણ કરવા ગયો નહીં ને તેની આજ્ઞાનુસાર બરાબર વરતતા જ્યારે પોતાને ખાત્રી થઇ કે હવે હું જે વારે મારા શરીરપર ભેંસનો આરોપ કરવા બેસુછું તે વખતે તરત ભેંસરૂપ

થઇ જાઉછું પોતાને આવી દઢ ખાત્રી થઇ તેને બીજે દિવસે સવા-રમાં ગુરૂજીની પાસે જઇ સાષ્ટાંગ પ્રણામ કરી બે હાથ જોડી વિ-નંતી કરવા લાગ્યો કે મહારાજ ! મનોભાવને જે સ્થિતિપર લાવ-વાને માટે આપે અજ્ઞા કરી હતી તે પ્રમાણે આજે છ માસને છ દિવસ થયા છે ને આપની આજ્ઞાનુસાર આ દાસાનુદાસે વરતવામાં જરાપણ કસુર કરી નથી. ગુરૂજી! લગભગ ત્રણ ચાર ઘડી સુધી બીજુ ભાન ભુલી અભ્યાસના બળથી બેસમય થઇ જાઉછું ને કોઇ કાંઈ બો-લતું હોય તો તેને હું સાંભળતો પણ નથી એવી મારી પરાધીન દશા થઇ જાય છે તે આજે મુદત પ્રમાણે આપને નિવેદન કરવા આવ્યો છું.

આ ખબર સાંભળી ગુરૂજી તો ઘણાજ પ્રસન્ન થયા અને તે શિષ્યના વચન ઉપર વિચાર કરયો કે હવે જો આને આગળ વધવા દઇશું તો બુદ્ધિમાં પણ પશુવત્ ભાવ આવી જતાં મનુષ્ય જન્મ નિષ્ફળ થઇ જશે માટે હવે બસ છે લક્ષ્યાર્થ સમજતાં વાર લાગે નહી તેવો આ ઉત્તમ અધિકારી છે એમ વિચાર કરી પ્રસન્ન મનથી બોલ્યા કે હે પુત્ર તું ધન્ય છે હવે તારા સર્વે મનોરથ સિદ્ધ થયા એમ સમજજે, હવે એકાદ બે દિવસમાં હું તને આનુ રહસ્ય સ-મજાવીશ એમ કહિને શિષ્યને પોતાને ઘેર જવાની રજા આપી ને ગુરૂજી વિચારવા લાગ્યા કે " આ શિષ્યને મારા આવવાની ખબર નહોય તેમ અકસ્માત્ તેને ઘેર જઇને એ ઉપાસનામાં હોય ત્યાંજ ઉપદેશથી સમજાવી દેવો " એવો વિચાર કરી બીજે દિવસે સવાર-માં શ્રોતાઓને શ્રવણ કરાવી એકાએક જે વખતે તે શિષ્ય ધ્યાન-માં બેઠો હતો તે વખતે અકસ્માત્ તેને ઘેર જઈ ઘરના કોઇ પુરૂ-ષને પુછ્યું કે દેવદત્તભાઇ કેટલીવાર થયા પુજામાં બેઠા છે તે મા-ણસે જવાબ આપ્યો કે મહારાજ લગભગ ત્રણ ચાર ઘડીનો વખત

થયો હશે ગુરૂજીએ પુછ્યું કે તે કઈ જગોએ બેઠા છે ત્યારે તેણે અંગુલી નિર્દેશથી દેવદત્તનો એકાંત વાસ બતાવી કહ્યું કે મહારાજ! આમાં છે ત્યારે ગુરૂએ કહ્યું કે સારૂં તમે હવે જાઓ હું હવે તેની પાસે જઇશ મારે માટે ત્યાં જવાની હરકત નથી એ તમે જાણોછો અસ્તુ મહારાજ પધારો એમ કહી તે માણુસ ચાલ્યો ગયો ને ગુરૂજી તે દેવદત્તના એકાંત આવાસમાં જઈ તેના દ્વાર નજીક ઉભા રહ્યા મેરૂ જેવી તેની અડીગ પ્રતિમાં જોવામાં આવી ને તે શિષ્યના શરીરમાં પ્રાણુની સ્પંદતા છે કે નહીં તે ગુરૂજી શિવાય બીજો કળી શકે નહીં તેવા સ્થિર મનથી દૃઢ પદ્માસન વાળી બેઠો હતો તેને જોઇને મનમાં કાંઈક જરા વિચાર કરી ગુરૂજીએ એકદમ તેને અસર થાય તેવિ રીતે ઢોરને હંકારવાનો ' ડચડચ ' એવો બે ત્રણ વખત શબ્દ કર્યો " એટલે ઢોરને આપણે તેવા શબ્દથી હાકીયે અને જેમ પ્રથમ માથુ હલાવે તે પ્રમાણે " શબ્દ સાંભળતાં તેણે પોતાનું માથુ હલાવ્યું તે જોઈ ગુરૂજીએ બીજીવાર પણ તેવોને તેવો શબ્દ કર્યો એટલે ફરી તેજ પ્રમાણે તેણે માથું હલાવ્યું ગુરૂજીએ ત્રીજી વખત જ્યારે તેવો શબ્દ કર્યો ત્યારે જાણી આસન ઉપરથી ઉઠવાની ઇચ્છા કરતો હોય નહીં તે પ્રમાણે થઇને ભેંસના પૂર્ણ આવેશમાં વાણીથી બોલાઇ ગયું કે ' મારાં શીગડાં મોટાં છે માટે આ બારમાંથી નિકળી શકાશે નહીં. ' તેટલામાં પૂર્ણ પ્રસન્ન થયેલા ગુરૂજીએ કહ્યું કે " અરે દેવદત્ત તું કોણ છે ? " એટલું સાંભળતાં તરત જાગ્રતિમાં આવી, ' હજુ પેલો આવેશ સાવનિઃશેષ થયો નથી ' પરંતુ ગુરૂજીશ્રીની મુર્તિના દર્શનનું ભાન આવ્યું નથી. તરત પ્રાણોત્ક્રમણ થતાં ઉભા થઇ જવાયુ અને સાષ્ટાંગપ્રણામ કરી બોલ્યો કે મહારાજ આપના ચરણાર્વિંદનો દાસ હું દેવદત્તછું. આજે આપે અમારે ઘેર પધારી અમને દર્શન આપ્યાં તેથી કૃતાર્થ થયા છીએ એમ

કરી હાથ જોડી ગુરૂજી પાસે ઉભો રહ્યો. ગુરૂજીએ તેનો હાથ પકડી પોતાની સામે બેસાડી તેની વૃત્તિ કાંઇક ગુરૂ મુખના વચનામૃત શ્રવણ કરવામાં ઉન્મુખ થઈ, ત્યારે ગુરૂએ નિચે પ્રમાણે તેને કહ્યું.

ગુરૂજી કહે ભાઇ હવે હું જે કાંઇ તને પુછું તેનો વિચાર કરીને મને પ્રત્યુત્તર આપજે. અસ્તુમહારાજ! એમ જ્યારે શિષ્યે કહ્યું ત્યારે ગુરૂજીએ પુછ્યું કે ભાઈ! આટલા દિવસ એટલે આજે છ માસ અને ઉપરના છ દિવસ સુધી તેં જે તારા અંતઃકરણથી મારી આજ્ઞા પ્રમાણે પોતામાં સંકલ્પના બળથી જે પશુભાવ અનુભવ્યો એ તો બરાબર તારા જ્ઞાનપણામા આવ્યું ને આ વખત તું તે ભાવ રહિતછું તે પણ યથાર્થ તારાથી સમજાયું! હવે જ્યાં સુધી પશુભાવમાં તું તદ્રુપ હતો ત્યાંસુધી મનુષ્યભાવ વિસ્મૃત થઈ ગયો હતો અને આ વખત મનુષ્યભાવછે તો પશુભાવ વિસ્મૃત થયો જેવોજ તને ભાસે છે? આ વખતે હું મનુષ્યછું એમ અનુભવનાર તું ને તે વખતે પશુછું એમ અનુભવનાર પણ તું; પરંતુ મનુષ્ય અને પશુ એ બેથી તું કોઇ વિલક્ષણછું કે જેને વાણીથી નહી કહી શકાય તેવોછું એમ તારા સમજવામાં આ વખત આવ્યું. આ પ્રયોગવડે તું તારીભવનાથી તદ્રુપ થયો એ વાત તો બરાબર તારા સમજવામાં આવી; આનું નામજ અધ્યાસ, આનુ નામ મિથ્યાનું અભિમાન અને આ અધ્યાસ તથા અભિમાન એજ પોતાના વાસ્તવિક સ્વરૂપને ભુલિજવાનું અથવા ભુલાવવાનું કારણ તથા એ દૂર કરવા માટે સાંખ્ય શાસ્ત્રના વિચારની આવશ્યકતા છે એમ તારે સમજવું. આ તારા શરીરનો જ્યારે જન્મ થયો ત્યારે વ્યવહાર અને પરમાર્થ સિદ્ધ થવા માટે તેના ઉપર વૈદિક સંસ્કારો કરવામાં આવ્યા ને જ્યોતિઃશાસ્ત્રને અનુસરતું તેનું દેવદત્ત એવું નામ આપવામાં આવ્યું તે સંસ્કારો તથા નામનું તારી મોટી ઉમર થતાં તને મારામાં

અધ્યાસરૂપે અર્થાત્ તેજ હુંછું એવું તને સમજાયુ (હાલના પ્રયોગની પેઠે) તું જ્યારે સાવ બાળક અને અજ્ઞાની હતો અર્થાત્ જ્યાંસુધી તું કાંઇ સમજતો નહોતો ત્યાંસુધી તને આવેલા નામથી કાંઇ લાભ કે હાની હતી નહી; પરંતુ તે સમજવું પણ (આગળ જતાં સમજાશે તેવું મિ-થ્યા થયું)તે નામને જ્યારે તેં સ્વીકાર્યું ત્યારે તું સંસાર વ્યવહારના ઉપયોગમાં આવ્યે; પરંતુ જો એ નામ ન આપ્યું હોત ને તે તારી સાથે નહોતતો તારાથી કોઇપણ જાતનો વ્યવહાર થઇ શકત નહી, તેમ નામરૂપ શિવાય તારામાં વ્યવહારછે, એમ કોઇનાથી પણ કહી શકાત નહી. બોલાવવામાંજ પ્રથમ વાંધો આવત. તેમજ તારા અવયવોના નામ પણ માત્ર વ્યવહાર સિદ્ધિને માટે વાણીમાંજ કલ્પેલાંછે. એમ તારે દૃઢ અનુભવથી વિચાર કરીને જોવું. વળી તારા અનુભવમાંછેને તુ કહેછે કે મારો હાથ, મારો પગ, મારૂં પેટ, મારિ છાતી, મારા ખ-ભા, મારૂં નાક, મારી આંખ, મારા કાન, ને મારૂં માથું. આવા વિચાર પૂર્વક અનુભવ કરવાથી તારા શરીરના અવયવો તથા તારૂંનામ એ સ-ઘળાથી તું કોઇ જુદિ અવાચ્ય વસ્તુછે. હવે તું વિચાર કરી જો કે તું જે રૂપેછે તે રૂપમાં ભેંસનો આરોપ કરી ભેંસરૂપ થયો હતો તોપણ તું ભેંસ નહોતો ને આટાણે તો પ્રત્યક્ષ તે તુંછેજ નહી. એ જેમ તું નથી તેમ આ દેહ અને દેહનું નામ દેવદત્ત એ પણ તું નથી એ વાત ઉપરના દૃષ્ટાંતથી તારા સમજવામાં આવી હશે. ને જો તે સમજવામાં આવી હોય તો હવે તું મને તારૂં સ્વરૂપ કહી બતાવ. આટલું સાંભ-ળી શિષ્ય બોલ્યો કે મહારાજ! હું કોણછું તે હું કેમ કહી શકું! આ-પના ઉપદેશથી મારા અનુભવમાં આવ્યું કે જેના ઉપર આ મિથ્યા દેહ ઇંદ્રિયાદિકનો આરોપ થયોછે તેનો વિચારદૃષ્ટિથી બાધ કરતાં જે કાંઇ નિર્બાધ વસ્તુછે તેજ હુંછું. ગુરૂજી કહે—ત્યારે હવે તું સાંભળ-જેમ તું આ દેહઇંદ્રિયાદિક સંઘાતથી જુદોછે તેમ હું પણ આ તારી

પાસે ઉભોછું તે હું નહી અને મારૂં સ્વરૂપ પણ તારા જેવું આ 'ગુરૂ' એવા નામથી જુદું છે એ વાત પણ તારા સમજવામાં બરાબર આવી હશે. શિષ્યે કહ્યું મહારાજ, એતો પ્રત્યક્ષ સિદ્ધછે એ મારા કરતાં જુદુ અનુભવવાનું કાંઈ નથી જેવો હું છું અને મારૂં સ્વરૂપછે તેવાજ આપછો અને આપનું સ્વરૂપછે. ગુરૂ અને શિષ્ય એવા વ્યવહાર વિના વ્યવહારની પણ જેનાથી સિદ્ધિ થાયછે તેવા અતીંદ્રિય પરમભાવનું જ્ઞાન થાય નહીં; એ હેતુથી વ્યવહારનિમિત્ત મારામાં અને આપનામાં ભેદ પ્રતિતિ થાય છે; પરંતુ વાસ્તવિક જે આપનું સ્વરૂપછે તેજ મારૂં સ્વરૂપ છે એ આપની કૃપાથી બરાબર મારા સમજવામાં આવ્યું; પરંતુ ગુરૂમહારાજ ભજનીય પરમેશ્વરનો આપણી સાથે અભેદભાવછે એમ શી રીતે સમજાય. તે કૃપા કરીને સમજાવશો. હજુ એ સંશય મારા અંતઃકરણમાંથી નિવૃત થતો નથી.

આ પ્રમાણે શિષ્યને થયેલો પોતાના વાસ્તવિક ચિદંશનો અનુભવ તથા ઈશ્વરની ભક્તિને માટે ઇશ્વરસ્વરૂપને જાણવાની જીજ્ઞાસા, તેને જાણી ગુરૂજીએ ઉત્તર આપ્યો કે ભાઇ ! તું અને હું તેમ આ સઘળી દૃશ્ય વ્યક્તિઓ છે તે બધી અનુભવ દૃષ્ટિથી જુદેરૂપે છીએ. જેવા એક સમુદ્રમાં અનેક તરંગો ઉત્પન્ન થાય છે તેવા છીએ. તમામ તરંગોમાં વ્યાપક સમુદ્ર અગણીત તરંગમાં એકરૂપે છતાં તરંગ એ કલ્પિત નામના ભેદથી માત્ર ભિન્નરૂપે વ્યવહારાય છે. તેમ ચૈતન્યરૂપે પ્રાણીમાત્રમાં નિયંતા તરિકે વ્યાપીને રહેલા છતાં સમુદ્રમાં અને તરંગમાં કથનમાત્ર ભેદ કલ્પાઓ તેવો ઇશ્વરમાં ને આપણામાં કથન માત્ર ભેદ છે. અર્થાત્ તરંગની જગ્યોએ જીવાત્માઓ અને એઓને અનેક નામરૂપે ભજનીય સમુદ્ર ઠેકાણે ઇશ્વર છે ને તે ઇશ્વરનાં અનેક નામરૂપનો બાધ થતાં નિર્વિકારસ્વરૂપે અક્ષોભ્ય સમુદ્રવત્ ચિદ્ઘન કે જે સર્વાધિષ્ઠાનરૂપે રહેલ છે તેજ લક્ષ્ય સ્વરૂપ છે

અર્થાત્ તે સ્વરૂપને શાસ્ત્ર સરણીથી અનુભવનાર પરમાનંદરૂપે રહે છે એવો તારે અનુભવપૂર્વક લક્ષ્ય કરી ગમેતે નામના આલંબનથી મનન કરતા પરમ સુખને પ્રાપ્ત થાઇશ. કલ્પિત અધ્યાસનો બાધ વીચારથી કરવો એ વાત તને પ્રથમ પણ મેં સમજાવી છે. હવે તારા અંતઃકરણમાં કાંઇ સંશય હોય તો સુખેથી પુછી લે. નારાયણોહં વીગેરે સજાતીય પ્રવાહનું સ્વરૂપ પણ હવે તારા સમજવામાં આવ્યું હશે. આટલું સાંભળતાંજ તે શિષ્યના અંતઃકરણમાં સર્વાત્મ ભાવ પ્રકટ થયો કે તરત અભેદ ભાવના અનુભવથી ગુરૂશ્રીને પ્રણામ કરી બે હાથ જોડી વિનંતી કરવા લાગ્યો કે હે અધમોદ્ધારક અંતર્યામી પરમાનંદ સ્વરૂપ ! આપે મારા ઉપર પરમ દયા કરી મને કૃતાર્થ કરયો છે. અહો ! ગુરૂદેવ હું જે કાંઈ શાસ્ત્રોકત કર્મ કરૂછું તેનું આજે મને ફળ થયું એ બધુ કરતાં મને જે કાંઇ કલેશ થતો હતો તે આજથી નિવૃત્ત થઈ ગયો. ઉત્તરોત્તર સર્વત્ર મને અધિક આનંદ પ્રાપ્ત થશે. આપની કૃપાથી આપ્રમાણે અપરોક્ષ અનુભવ થતાં કર્મ ઉપાસના અને જ્ઞાન વિગેરેનુ રહસ્ય તે મારા સમજવામાં આવ્યું છે ને તે અવાચ્ય છે ક્રિયા કરતાં છતાં હું અકર્તાજ છું એવું સ્પષ્ટ મારા સમજવામાં આવ્યું તથા યથાશાસ્ત્ર આચાર પાળવામાં આનંદના અભાવથી જે કલેશ થતો હતો તે દૂર થયો જે નીતિની સરણીઓ આમ્નાયમાં બતાવી છે તેમાંથી હેયોપાદેય કરવાનું સ્ફુરણુ નિવૃત થઇ જતા, એ આનંદનુંજ સ્વરૂપ છે, તથા હું પોતે તેરૂપ છે. મારે વિષે ક્રિયાનો સંબંધ છેજ નહી. મારી સત્તાથી મારી શક્તિ અનુસાર પોતપોતાની ક્રિયાઓ માં સર્વ ઈંદ્રિઓ વરત્યા કરે છે, તે તેમજ વરતે છે પરંતુ તેમ છતાં ઇશ્વરસ્વરૂપના અજ્ઞાનથી તે વરતે ક્રિયાની અપૂર્ણતા મારામાં આરોપાતી, તે, સંબંધી સર્વ સંશયો નિવૃત્ત કરી આપે મને ઇશ્વર ભક્તિનો જે માર્ગ બતાવ્યો, તેને આ-

જે હું આપની કૃપાથી બરાબર સમજ્યો આટલા દિવસ સુધી મને જે આનંદ પ્રાપ્ત ન થતો તેનું કારણ માત્ર દેહેંદ્રિયાદિકનું મિથ્યાભિમાન મારાથી નિવૃત થયું નહતું એવો મને આજે અનુભવ થયો. આનંદનો તિરોભાવ કરનારજ અજ્ઞાન કૃત કલ્પિત અધ્યાસ છે તેના સ્વરૂપને આજે આપે દયા કરી મને જેવું સમજાવ્યું છે તેવું કોઈ સમજાવનાર નથી. મહારાજ મને વારંવાર એજ ભ્રાંતિ બાધ કરતી હતી, મહારાજ મારા કલ્યાણને માટે આપે જે દયાળુતા તથા શ્રમ લીધો છે તેવો કોઇ પણ પરોપકારી પુરૂષ આપના શીવાય છેજ નહી, આપ સાક્ષાત્ ઈશ્વરરૂપછો, એમ કહી ગુરૂના ચરણાર્વિંદમાં સાષ્ટાંગ પ્રણામ કર્યો આંખમાંથી પ્રેમના અશ્રુ પડવા લાગ્યાં તથા પ્રમોદથી પુલકીત ગાત્ર થયું અને ગદગદ કંઠ થતાં ઘણી વખત ગુરૂજીની પ્રાર્થના ન થઈ શકી તેથી બે હાથ જોડી ગુરૂના ચરણમાં દૃષ્ટિ સાંધી ઉભો રહ્યો.

આ પ્રમાણે શિષ્યને કૃતાર્થ કરી જાણી અભયદાન આપતા હોય નહીં તેમ શિષ્યના માથા ઉપર પોતાનો પવિત્ર હાથ મુકી "પુત્ર તારૂ કલ્યાણ થાઓ પરમાત્મા તને તારી અનન્યભક્તિથી સદૈવ પ્રસન્ન થાય" એવો આશિર્વાદ આપી મધ્યાન્હ સમય થવાથી ગુરૂજી પોતાના આશ્રમતરફ રવાના થયા જાણી ક્ષણમાત્ર પણ ગુરૂશ્રીના વિરહને સહન ન કરી શકતો હોય તેમ શિષ્ય ગુરૂજીને પછવાડે ઠેઠ ગુરૂશ્રીના આસન સુધી ગુરૂજીને વળાવવા માટે ગયો ત્યાંથી ગુરૂના ચરણાર્વિંદમાં પ્રણામ કરી ગુરૂશ્રીની આજ્ઞા લઇ આનંદથી પોતાને ઘેર આવ્યો ને ત્યારબાદ વર્ણાશ્રમોચિત ધર્મકર્મનું પાલન કરવાની સાથે દૃઢભાવથી સાંખ્યશાસ્ત્રનું તેજ ગુરૂશ્રીની પાસે શ્રવણ કરી તેનું મનન અને ગુરુપદિષ્ટ માર્ગથી સજાતીયપ્રવાહ અને વિજાતીય તિર-

સ્વરૂપ નિદ્દધ્યાસન કરવા લાગ્યો જેમ જેમ શ્રવણ મનન તથા નિદ્દધ્યાસનનો પરિપાક થતો ગયો તેમ તેમ વિશ્વરૂપ પરમાત્માનું પરમાનંદરૂપ ભાસવા લાગ્યું. સર્વ ક્લેશનો (ત્રિવિધ તાપનો) નાશ થયો, જીવનમુક્તિના અપૂર્વ આનંદની સાથે શરીરની અવધિ સુધી રહી છેવટ **નतस्यप्राणा उत्क्रमंति** તેનું પ્રાણોત્ક્રમણ થતું નથી એ શ્રુતિ પ્રમાણે તપ્તાંગારવત્ વિદેહ મુક્તિને પ્રાપ્ત થયો.

શેમાં ખરૂં સુખ છે એ સંવાદનું સમાધાન તથા ધર્મ નિષ્ટાસાથે પતિવૃતા સ્ત્રીને આત્મજ્ઞાનનો લાભ.

વિચાર કરવાનો એટલો છે કે જ્યાંસુધી ભેદ બુદ્ધિનો નાશ થયો નથી ત્યાંસુધીમાં દૃઢ બોધપણ થયોગણાતો નથી, અને ભેદ બુદ્ધિનો નાશ થયા પછી પ્રાપ્ત થયેલી પરમભક્તિના પ્રભાવથી દેખાતા ત્રિવિધ તાપોનો બાધ આપોઆપ નિવૃત થઇ ગયો હોય તેમ અનુભવાય છે એવું ધ્રુવ. અંબરીશ, રઘુ, ઇક્ષ્વાકુ, નારદ, પ્રલ્હાદ તથા તેવા બીજા કેટલાએક અનન્યભક્તોમાં તેના વ્યવહાર ઉપરથી શુદ્ધ જીજ્ઞાસુના સમજવામાં આવે તેમછે. સર્વત્ર પુરાણોમાં પણ અનન્યભાવજ પ્રતિપાદન કરેલોછે ને તે નથી સમજાતો એટલું મનુષ્ય બુદ્ધિનું માંધ સમજવું. ઇશ્વર સર્વત્ર વ્યાપક છે તેનાથી ભિન્ન કોઇ વસ્તુછેજ નહીં, જેમ કાષ્ટમાં અગ્નિ વ્યાપકછે. મેંદિમાં લાલી વ્યાપકછે પુષ્પમાં સુગંધી વ્યાપકછે અને દૂધમાં ઘી વ્યાપકછે તેમ ઇશ્વર સર્વત્ર વ્યાપકછે ને તેની સર્વત્ર વ્યાપકતા આપણને મુકીને નથી. આનું શ્રુતિસ્મૃતિનું રહસ્ય શ્રદ્ધાળુ અને સાધન સંપન્ન અધિકારિઓના સમજવામાં તરત આવેછે. મંદ અધિકારીઓથી ઘણું મોડું સમજાય છે માટે સનાતન ધર્માનુયાયી વર્ણત્રયીએ ઉપર જણાવેલા અનુભવ પ્રમાણે ગુરૂશાસ્ત્રદ્વારા

પોતાના અંતઃકરણનું મથન કરી, વિજ્ઞાન સંપાદન કરી પરમપુરૂષાર્થ (મોક્ષ) પ્રાપ્ત કરવો એજ તેની પરમ મહત્તાછે. આમ્નાયાનુસાર મ-મહર્ષિઓએ બાંધેલી સરણીઓમાં હેયોપાદેય બુદ્ધિનો ત્યાગ કરી વ-રતનારનેજ જ્ઞાની અથવા પરમભક્ત કહેવાય છે.

જ્ઞાન થવામાં અમુક આશ્રમની અપેક્ષા એ વિષે પ્રથમ જ-ણાવવામાં આવી ગયુંછે વિજ્ઞાનરૂપ પરમાત્માને વિષે બાધ્યબાધકભાવ નથી એ વાત શ્રુતિસ્મૃતિઓના શ્રવણ મનનાદિકથી થતા અનુભવમા-ત્રથીજ ગમ્યછે. જ્યાંસુધી પુરેપુરો બાધનો પરિપાક ન થયો હોય ત્યાં સુધી અગર ખરેખરી મુમુક્ષુતા પ્રાપ્ત ન થઇ હોય ત્યાંસુધીમાં આશ્ર-માંતરને સ્વીકારવો એ ઘણું ભય ભરેલુંછે. ગીતાજીમાં શ્રીકૃષ્ણપ-રમાત્માએ અર્જુનને કહ્યુંછે કે **स्वधर्मेनिधनंश्रेयः परधर्मोभया-वहः ॥** સ્વધર્મમાં એટલે જે આશ્રમમાં પોતે હોઇએ તે આશ્રમમાં જ્ઞાન ન થતાં કદી તે આશ્રમના ધર્મપાળતાં નિધન થઈ જવાય તોપણ કલ્યાણછે પરંતુ અંતઃકરણના કષાયો શુદ્ધ થયાવિના બીજા આશ્રમમાં જવું તે ભયાવહછે અર્થાત્ ત્રિશંકુની પેઠે અંતરીયાળ રખડવાનુરૂપ મહાપરિતાપને સહન કરવો પડેછે માટે જ્યાંસુધી અંતઃકરણમાં દ્વૈત એટલે વિષયવાસનારૂપે રહેલા રાગનો નાશ થયો નથી ત્યાંસુધીમાં ગ્રહ-સ્થાશ્રમનો ત્યાગ કરી કદાચિત્ વનમાં જઇને નિવાસ કરે તો ત્યાં પણ રાગદ્વેષાદિક અંતઃકરણના વીકારો ઉત્પન્ન થયા શિવાય રહેતા નથી, ને પંચેંદ્રિયના નિગ્રહને યથાશાસ્ત્ર સંપાદન કરી, ગૃહસ્થાશ્રમ માં રહી, નિષિદ્ધ ક્રિયાનો ત્યાગ કરી સ્વરૂપાનુંસંધાનપૂર્વક કેવળ ય-માદિકનું પાલન કરાય તો તે મહા તપછે એટલુંજ નહિ પણ તે આ-ચાર પરમગતિને આપનારછે. એ વિષયમાં એક માનસિંહ રાજાનું દ-ષ્ટાંત કે જે વાંચવાથી ઇશ્વરની અનન્યભક્તિ પ્રાપ્ત થવામાં અમુકવર્ણ કે અમુક આશ્રમની અપેક્ષાછે એ વિષયનો સંશય તરત નિવૃત્ત થઈ જાયછે તે નિચે પ્રમાણે.

પૂર્વજન્મના પ્રબળ પુણ્ય પ્રતાપથી વિવિધ પ્રકારના વૈભવરૂપ વિલાસોવડે વિલસિત રાજ્યલક્ષ્મીની પ્રાપ્તિ થતાં યજ્ઞ, યાગ, દાન, પુણ્ય તથા પોતાનો વિહિતાચાર પાળવારૂપ પરમેશ્વરની પરમભક્તિ કરનાર માનસિંહ એવે નામે એક રાજા હતો ને તે યથાવિધિ ગુરૂશાસ્ત્રની સેવનાથી ચતુર્વર્ગની સિદ્ધિને નિર્વિઘ્નપણાથી ભોગવતો હતો અંતિમ અવસ્થામાં કોઈ એક દીવસે તેના અંતઃકરણમાં કાંઈ કારણને લીધે એવો સંશય ઉત્પન્ન થયો કે ગૃહસ્થાશ્રમમાં રહેવાથી મારૂં કલ્યાણ થશે અથવા તો ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી આશ્રમમાં જવાથી મારૂં કલ્યાણ થશે. આ સંશયનું સમાધાન કરવામાટે પોતે વિચાર કર્યો કે આ પ્રશ્નનો કોઈપણ જ્ઞાની મહાત્માની પાસે ખુલાસો કરીએ તો મનનું સમાધાન થાય. રાજા પોતે શ્રદ્ધાળુ ઉદાર અને પરોપકાર કરવામાં ઘણોજ અગ્રેસર ગણાતો હતો તેથી તેને ત્યાં ઘણા યાચકો યાચના કરવા માટે આવતા હતા. તેમાં કેટલાએક બ્રહ્મચારી વેદવેત્તાઓ પુરાણવેત્તાઓ તથા ત્યાગી સંન્યાસીઓ પણ હરહમેશાં આવતા હતા. ને તે સર્વને યથાયોગ્ય દાન, માન તથા ભોજનથી સંતોષ પમાડતો હતો. નીતિ વિરૂદ્ધ એક પણ પગલું નહી ભરતાં પોતે જે કાર્યમાં પ્રવૃત્ત થતો તે કાર્યમાં સદૈવ આનંદમાત્રનેજ અનુભતો હતો. ઉપરની શંકા ઉત્પન્ન થતાં પોતે એવો નિશ્ચય કર્યો કે "આપણે ત્યાં જે કોઇ સંન્યાસી ત્યાગી લોકો ભીક્ષા કરવા આવે તેને આપણે એજ સંશય સંબંધે પ્રશ્ન પુછવો ને તેથી જો તે મારા મનનું સમાધાન કરે તો તેમની સાથે શાસ્ત્ર સંબંધી વિચાર તથા વિનોદનો વિશેષ પરિચય રાખવો અને જેનાથી સમાધાન ન થઈશકે એવા ત્યાગીઓ માત્ર ઉદરંભરી ભીક્ષુકોછે એમ જાણી બાર માસ સુધી ક્યાંઇ પણ ન જવા દેવા ને મારા અંન્નસત્રની શાળામાં સત્કારપૂર્વક રાખવા તથા એઓને ભિક્ષા, ચદર લંગોટી વિગેરે આપવા. આ પ્રમાણે એક વર્ષ

સુધી ઇશ્વરપ્રીત્યર્થે તેઓનું સવિશેષ પોષણ કરવું. ને તેટલામાં પણ કદી કોઇ મારા મનનું સમાધાન કરનાર ન મળે તો પછી તેઓ બધાને ક્ષમાપનપૂર્વક વિદાયગીરીકરવી" આવા દૃઢનિશ્ચયી રાજાના રાજદ્વારમાં ભિક્ષા કરવા આવે ને તે રાજા જાણે કે આની સાથે સત્સંગ કરતાં કાંઈ લાભ મળશે તો તેને પુછે કે મારો આવો નિયમછે કે મારી શંકાનું સમાધાન કરે તેને ભિક્ષા કરાવવી ને ચદર લંગોટી વિગેરે જે તેની ઇચ્છા હોય તે મારે આપવું પરંતુ જો તે મારા સંશયનું સમાધાન ન કરી શકે તો તેને મારી સત્રશાળામાં રાખવા અને એક વર્ષ પર્યંત તેને ક્યાંઇ પણ જવાની છુટી આપવી નહી આ પ્રમાણે એક વર્ષ પર્યંતની મેં પ્રતિજ્ઞા કરી છે. આપ જો સમાધાન કરો તો હું આપને પુછું નહીં તો આજે ભીક્ષા કરી આપ ખુશીથી રસ્તે પડો.

આટલું સાંભળતાં કેટલાએક ઉદરંભરી ભિક્ષુકો વિચાર કરવા લાગે કે આમાં આપણને કોઈ રીતે દુઃખ નથી. ઉત્તર નહી આપી શકાય તોપણ આપણને અન્નવસ્ત્રને માટે વર્ષ પર્યંત હરકત નથી તથા બીજા કેટલાએક વૈરાગી સંન્યાસીઓ કે જે કાંઇ શાસ્ત્રવેત્તા હતાએ-ઓએ વીચાર કર્યો કે એ રાજાના મનનું સમાધાન કરવું તેમાં શી મુસીબત હતી એ રાજા કયો એટલો મોટો વિદ્વાન્ હતો અને કેટલાએક કે જે સિદ્ધાંતને પહોચેલા હતા તેઓએ એવો વીચાર કર્યો કે આવો પરમાત્માનો અનન્યભક્ત જ્ઞાની તથા દાનશૌંડ રાજાને જે શંકા ઉત્પન્ન થઇ હશે તે સાવ અનર્ગલ નહી હોય આવા તર્ક વિતર્કો તે ભિક્ષુક કોટીમાં ચાલવા લાગ્યાં. એ વાત ધિરેધિરે પ્રસિદ્ધમાં આવી ત્યારે કેટલાએક ઉદર પોષણ કરવા માટેજ પોતાના કુંટુંબનો ત્યાગ કરી સંન્યાસી થયેલા તથા કેટલાએક શિષ્યો વધારી તેમાં પ્રમુખપણે પર્યટન કરનારા ત્યાગીઓના જથાબંધ વૃંદ તે રાજાના શહેર તરફ ચારે

દિશાઓ તરફથી આવવા લાગ્યું. જે ભીક્ષુક રાજાના દ્વારમાં ભીક્ષા કરવા આવે તેને રાજા ઉપર પ્રમાણે પ્રશ્ન પુછે તે કહે કે મહારાજ! એ શંકાના સમાધાન માટે શું મોટો વિચાર કરવો પડે તેમ હતો!!! ચોખ્ખું શાસ્ત્રનું વાક્યછે કે **दंडग्रहणमात्रेण नरोनारायणोभवेत् ।** દંડ ધારણ કરવા માત્રથી નર સાક્ષાત્ નારાયણરૂપ થાયછે માટે જ્યાં સુધિ શિખાસુત્રનો ત્યાગ કરી; દંડમાત્ર ગ્રહણ કરી સંન્યાસાશ્રમમાં પ્રવેશ થયો નથી ત્યાંસુધી મોક્ષ થાયજ નહીં.

રાજા—મહારાજ! ત્યારે શું અમારો એટલે ગૃહસ્થાશ્રમીઓનો મોક્ષ દંડ ધારણ કર્યા શિવાય નહીજ થાય? વેદમાં ગૃહસ્થાશ્રમનેતો બીજા આશ્રમોને પોષણ આપનારી કામદુધા કહીછે, અર્થાત્ ગૃહસ્થાશ્રમથી બીજા આશ્રમોનું પોષણ થાયછે એ વાતતો આપના પણ અનુભવમાંજછે.

સંન્યાસી—એ વાતતો યથાર્થછે પરંતુ ગૃહસ્થાશ્રમમાં વિશેષ વ્યવહારને લીધે સ્વરૂપાનુસંધાન કરવામાં અનેક અંતરાયો આવેછે. **आश्रमात् आश्रमंगच्छेत् ।** એક આશ્રમમાંથી બીજામાં, બીજામાંથી ત્રીજામાં ને ત્રિજામાંથી ચોથામાં જવું એવી આમ્નાયની મર્યાદાછે તે અવસ્ય પાળવી જોઇએ.

રાજા—વિષયાસક્તિ સહિત અંતઃકરણ બંધનો હેતુછે ને વિષયાશક્તિ રહિત અંતઃકરણ મોક્ષનો હેતુછે માટે અંતઃકરણને જેવી બંધ મોક્ષમાં કારણતાછે તેવી આશ્રમની કારણતા હોય એવું જણાતુ નથી **निवृत्तरागस्य गृहंतपोवनं** જેનો રાગ નિવૃત્ત થયોછે તેનેતો ઘર એજ તપોવનછે.

સંન્યાસી—એ વાત યથાર્થછે પરંતુ જ્યાંસુધી સ્ત્રીપુત્રાદિકમાં રહેછે ત્યાંસુધી રાગદ્વેષ નિવૃત થઇ શકતો નથી માટેજ આશ્રમાંતર કરવાની મર્યાદા છે.

રાજા—જો એમજ હોયતો સંન્યાસાશ્રમમાં પણ ગુરૂ પરમગુરૂ

કાકાગુરૂ શિષ્ય તથા ગુરૂભાઇ વીગેરે વ્યવહાર જણાયછે તથા તે શિવાય બીજાઓ સાથે પરિચય પણ થતો હોય તેમ જોવાયછે, પરિચયથયો કે તેમાં અપકવકપણાથી ભાગીઓમાં રાગાદિક પણ ઘણે ભાગે જોવામાં આવેછે ત્યારે ગૃહસ્થાશ્રમીના સ્ત્રીપુત્ર તથા કુટુંબી વર્ગ સાથેના વ્યવહારમાં પણ તેમ થાયતો પછી આમાંને તેમાં વિકાર થવાના કારણોની તો હયાતી રહી પરંતુ **नहिस्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति** અર્થાત્ આત્મારામી પુરૂષને વિષયરૂપી મૃગ તૃષ્ણા બાધ કરી શકતી નથી એવા મહાત્માઓના વાકયોથી એવો નિશ્ચય થાયછે વિકારના કારણોની હયાતિ છતાં અંતઃકરણ વિકાર નપામે તેનું નામ ધીર ને તેજ પુરૂષ ચતુર્વર્ગ સિદ્ધિને પ્રાપ્ત કરી શકે કે નહી.

સંન્યાસી—એ આપનું કહેવું ખરૂછે પરંતુ સંસારમાં અનેક વ્યવહારોને લિધે કાંઇકાંઇ વિક્ષેપ લાગ્યાવિના રહેતા નથી ને તેથી તે તરફ અરૂચી ઉત્પન્ન થતાં ત્યાગના સુખ તરફ મન દોડેછે મને ત્યાગ કર્યા પછી આ પહેલું ચાતુર્માસછે, મારા અંતઃકરણનો શંમ; ગ્રહસ્થાશ્રમ કરતાં આ આશ્રમમાં સારો રહેછે.

રાજા—કંટાળો કે અરૂચી આવવાનું કારણ "અંતઃકરણ પોતાના કબજામાં નથી" એ શિવાય બીજું કશું કારણ નથી અભાવ અને અરૂચીથી જેટલું સ્મરણ રહેછે તેટલું ભાવને રૂચીથી સ્મરણ આવે એવા તો કોઇક માટે અરૂચી કરવીએતો તે સંસાર તરફ દ્વેષ થયો અને દ્વેષથીતો સ્નેહ કરતાં પણ વધારે આ શક્તિ થઇ ગણાય.

આ પ્રમાણે પોતાના અનુભવની દ્રઢતાને લીધે જે સન્યાસીઓ સાથે વીનોદ કરતા કોઈ સંન્યાસી કહેશે કે અમારૂં સન્યાસનું પ્રારબ્ધ હતું માટે સન્યાસી થવું પડયું કોઈ કહેશે મહારાજ ગ્રહસ્થાશ્રમનો આધાર સ્ત્રી ઉપર છે ને તે ઘણીજ ખરાબ તથા અયોગ્ય હોવાને લીધે તે આશ્રમ બરાબર ન ચાલતાં આશ્રમાંતર કર્યો છે. કોઈ કહે

અમારા ઉપર રણ થઈગયું તો કોઈ કહે વૃદ્ધાવસ્થા થઈ હતી ને સ્ત્રી ગુજરી ગયા પછી દીકરાવહુને આધીન રહેવું તેના કરતા ભીક્ષા કરી ઉદરને ભાડુ આપી એકાંત સ્થાનમાં ઈશ્વર ભજન કરવું એ સારૂ એમ ધારી સંન્યાસ ગ્રહણ કર્યું. આશ્રમ વિના રહેવું નહી એવી શ્રુતિની આજ્ઞા છે માટે હવે સંન્યાસાશ્રમમાં રહી આશ્રમ વિહિત ધર્મોનુ પાલન કરીયે છીયે વેદાંતશાસ્ત્રનું શ્રવણ મનન ચાલે છે એથી આનંદ છે. એમ કોઈ અવસ્થાનેપ્રાપ્ત થયાપછી થયેલા સન્યાસીઓ કહેછે એ પ્રમાણે ત્યાગીલોકોના નિશ્ચયો રાજા સાંભળેછે ને પોતના નિશ્ચયને દૃઢ કરે છે, પરંતુ યથાશાસ્ત્ર આશ્રમાંતરને પામેલો તથા દૃઢ નિશ્ચયવાળો કોઈ પણ હોય એમ હજુ સુધી રાજાના જોવામાં આવ્યું નહી રાજા પોતે ઘણો વિચારવાન્ અને સંસ્કારી હતો તેથી અનેક પ્રકારની યુક્તીઓની સાથે પ્રશ્નોત્તર શ્રદ્ધા પૂર્વક કરતો હતો. પરંતુ તેના પ્રશ્નનું સમાધાન કોઇનાથી ન થઈ શકે તેથી પોતાના સંકલ્પ પ્રમાણે રોજ એક, બે, એક ભીક્ષુકો સત્રશાળામાં ભેળા થવાલાગ્યા એમ કરતાંકરતાં લગભગ બસો ચારસો ભીક્ષુકો એક વર્ષની અંદર સત્રશાળામાં ભેળા થયા પણ રાજાના મનનું સમાધાન કરનાર [1]કોઈ માહાત્માનાં દર્શન રાજાને થયાં નહી એથી રાજાના અંતઃકરણમાં વિચાર આવ્યો કે " શું વ્યાવહારિક ક્લેશથી ક્લિષ્ટ થયેલા જ સંન્યાસિઓ થતા હશે ? નહિ નહિ ! ! ! એમ તો ન જ હોય કારણ કે **आश्रमात्‌आश्रमंगच्छेत्** એ વાકયો આશ્રીમાંતર કરવાનો વિધિ બતાવે છે. જેમ વિદ્યા સંપાદન કરવા માટે બ્રહ્મચર્યાશ્રમ છે તે આશ્રમમાં રહી અમુક વર્ષે સુધીમાં તે (વિદ્યા) સંપાદન કરી લીધા બાદ ગ્રહસ્થાશ્રમમાં દાખલ થવું એવો વિધિ છે ત્યારે ગૃહસ્થામમાં કેટલું રહેવું અને તેમાંનાં યથાર્થ

---

૧ આમ લખવાનો હેતુ એવો છે કે યથાર્થ મનના સમાધાન પૂર્વક અધિકાર મેળવી થયેલા ત્યાગી વિરલા હોય છે.

ધર્મો પાળીને તેનાથી ઉપરના વાનપ્રસ્થાદિક આશ્રમોમાં ક્યારે દાખલ થવું તે આમાંના કોઈ પણ સ્પષ્ટસમજી શકાય તેવું કહેતા નથી માટે ઈશ્વર ક્યારે કોઈ તેવા મહાત્માને મેળવી આપે કે જે મારા વિક્ષિપ્ત અંતઃકરણને ઠેકાણે બેસારી આપે " આ પ્રમાણે વિચાર કરવાની સાથે પોતાનો રાજકીય વ્યવહાર ચલાવતો હતો તેટલામાં રાજાજનકના ગુરૂ બુદ્ધિબળના પારને પામેલા મહાત્મા જાણે ગુરૂ અષ્ટાવક્ર હોય નહી તેવા ત્રિકાળદર્શી મહાત્માનું તે રાજાની પાસે અકસ્માત્ પધારવું થયું. જેના અંતઃકરણમાં એવો વિચાર થયો છે કે "રાજાને પ્રત્યક્ષ પ્રમાણથી તેને થયેલા સંશયનું અનુભવ પૂર્વક સમાધાન કરાવીને પેલા સત્રશાળામાં પડીરહેલા ભિક્ષુકોને તેમાંથી રજા અપાવું, કારણ કે તે ઓ તીર્થક્ષેત્રોમાં ફરવાવાળા ને એક જગ્યોમાં રહેવાથી મુઝવણ થતી હશે" એમ ધારીને **भीक्षांदेहि** એટલું બોલી રાજાની સન્મુખ આવી ઉભા રહ્યા.રાજાએ સન્માન પૂર્વકપ્રણામ કરી યોગ્ય આસનઆપી બેસાર્યાં.

આ મહાત્માનું સત્વબળ જોતાંજ રાજાના અંતઃકરણમાં ખાત્રી થવા લાગી કે " આ મૂર્તિ કોઈ ચમત્કારી છે એવું તેની મુખમુદ્રા ઉપરથી તો જણાય છે " રાજાયે પ્રણામ કરી બે હાથ જોડી મહારાજ આજે પ્રાતઃકાળમાંજ આપના પવિત્ર ચરણાર્વિંદનાં દર્શન થતાં આજના દીવસની યોગ્યતાનો પાર રહ્યોનહી. આપનું ક્યાંથી અત્રે પધારવું થયું છે ? આપ જેવા ભવ્ય મહાત્માના દર્શનનો લાભ મળવો તે મહાદુર્લભ છે આપનું અત્રે પધારવું એ મારા પૂર્વ જન્મના સત્કર્મોના ફળરૂપ છે એ વિગેરે નમ્રવચનોથી તેમની આગતાસ્વાગતા કરી તેમનિ વાણી સાંભળવા માટે તેવીજ રીતે તેની પાસે ઉભો છે. સ્વામીજી પ્રસંન અંતઃકરણથી બોલ્યા કે ભદ્રશીલ ! તારા સંશયનું સમાધાન કરવા તથા એક જાતના કબજામાં આવી પડવાથી મુઝાતા સંન્યાસિઓને મુક્ત કરવા માટે હું બદ્રિકાશ્રમથી અત્રે આવ્યો છું તે

સિવાય તારા રાજ્યમાં આવવાનો મારો બીજો કશો હેતુ નથી. તું પુણ્યવાન્ જ્ઞાની અને મુક્ત તથા ઉદાર છું તેના અંતઃકરણમાં કેવા પ્રકારનો સંશય ઉત્પન્ન થયો છે તે તું મારી પાસે કહી બતાવ. રાજાએ હાથ જોડી કહ્યું કે મહારાજ આપનું પવિત્ર દર્શન તથા અમૃતમય ભાષણનું શ્રવણ કરતાં મારા અંતઃકરણના સર્વ સંશયો નિવૃત્ત થઈ ગયા તો પણ આપ આજ્ઞા કરો છો તો તે હું આપને નિવેદન કરૂં છું. મારા અંતઃકરણમાં ગૃહસ્થાશ્રમમાં રહેવું તે વધારે સારૂં છે? કે ત્યાગ (સંન્યાશ્રમ) માં રહેવું તે વધારે સારૂં છે. આવો સંશય ઉત્પન્ન થયો છે. રાજાનો સંશય સાંભળી મહાત્માએ કહ્યું કે હે રાજા તું સર્વ પ્રકારના શાસ્ત્રના રહસ્યને સમજે છે તે છતાં તારા અંતઃકરણમાં જે આવો સંશય ઉત્પન્ન થયો તો તેમાં ઘણા સારા હેતુ સગાયેલા છે તે તને આગળ ઉપરજતાં સારી રીતે સમજવામાં આવશે માટે તારા સંશયના સમાધાનપૂર્વક એકાંત પ્રવાસથી ચિદ્વિલાસના અનેક વિલાસોનો અનુભવ કરવાની મરજી હોય તો તારા રાજ્યની લગામ થોડાએક દિવસને માટે પ્રધાનને સુપ્રત કરી મારી સાથે ચાલ તારા સંશયના સમાધાનના દૃષ્ટાંતનો સાક્ષાત્કાર અનુભવ કરવાનો વખત ઇશ્વર કૃપાથી નજીકજ છે. તું બે ત્રણ દીવસ મને રોકીશ તો પછી આવો સમય ફરી કોઈ કાળે ભાગ્યેજ મળશે. આ મહાત્માને જ્ઞાન થતાં ત્રિકાળ દર્શીપણું પ્રાપ્ત થયું હતું તેથી 'વિશ્વવ્યવહારને પોતાની મરજી પ્રમાણે તરત જાણી લેતા હતા ને તે કારણથીજ તે મહાત્માએ "સમય નજીક છે" એમ રાજાને કહ્યું. રાજા તરત સમજી ગયો અને કહ્યું કે ઘણું સારૂં મહારાજ હું આપની સાથે આપ જ્યાં કહો ત્યાં આવવા તૈયાર છું તથા આપની આજ્ઞા પ્રમાણે આપ કહેશો તેટલા દિવસ આપની સેવામાં રહીશ. એટલું કહી તરત પ્રધાનોને રાજાએ પોતાના રાજ્યની સંભાળ રાખવા માટે "પોતે આવે ત્યાંસુધી પાટવી પુત્રને

મુખ્ય રાખી પ્રધાનોએ રાજ્ય ચલાવવું" એવો હુકમ કરી રાજા પોતે સાધારણ રીતે તે મહાત્માના સેવક જેવો પોશાક ધારણ કરી જાણી તે મહાત્માની સેવા કરવા માટે કોઇ ભક્ત પુરૂષ તેની સાથે રહેતો હોય તેમ તે બેય સાથે રાજ્યનગરમાંથી નિકળી ગયા.

રાજાના અંતઃકરણમાં દૃઢ વિચાર અને નિર્મળ વૈરાગ્ય હોવાથી પોતે મુક્ત છતાં પરમ જીજ્ઞાસુની પેઠે વરતતો હતો ને તેથી વખતો વખત પ્રધાનને ભલામણ કરી પોતાની રાજ્ય સરહદની અંદર અથવા તેનાથી પણ દૂર કોઈ મહાત્માના આવવાની ખબર સાંભળે તો તેના દર્શનને માટે પોતે એકલો અગર માણસો સાથે અથવા તો ગમે તે પ્રકારે તેમનાં દર્શન કરવા માટે જતો હતો ને પોતાને યોગ્ય જણાય તો પોતાના રાજ્યદરબારમાં તેને લઇ આવતે હતો તેથી કોઇ રાજકીય વર્ગ કે પ્રજા વર્ગના અંતઃકરણમાં રાજાના જવા આવવા વિષે અન્યથા વિચાર થવાનું કારણ ઉત્પન્ન થતું નહીં.

સંન્યાસી તથા આ રાજા માનસિંહ બેયજણ નગર બહાર નીકળી "આ રાજાના શહેરથી લગભગ પચાસ માઇલને અંતરે એક વસુમતી નામે નગરી હતી તે તરફ" રવાના થયા. રસ્તામાં અતકર્ય અને અનંત ચિદ્વિલાસના મહિમાને જોતાં જોતાં શાસ્ત્રવીનોદ કરતાં કરતાં આનંદ સાથે બન્ને જણ ચાલ્યા જાય છે આજુ બાજુમાં કોઇ શિવાલય અથવા તો કોઇ સુંદર જળાશય આવે છે ત્યાં ઘણાજ પ્રસન્ન મનથી થોડીવાર આરામ લઇ સમયોચિત પદાર્થોથી ઇશ્વર પૂજન કરી આરણ્યક કંદમૂલાદિકનું અશન કરી જળપાન કરે છે કોઇ વખતે તેવાં રમ્ય સ્થળોમાં સાયંકાળ થઇ જવાથી રાત્રી નિર્ગમન કરી પૂર્વોક્ત પ્રકારે ઇશ્વરાર્ચન કરી સૂર્યોદય થતાં ધારેલ માર્ગ તરફ ચાલવા માંડે છે. આ પ્રમાણે ચાલતાં ચાલતાં ત્રણ ચાર દિવસે "સ્વામીજીએ અ-

તીંદ્રિય જ્ઞાનથી અવલોકિત કરેલી અતિ રમણીય અંગનાવતી નગરીના મનોહર બગીચા નજીક આવી" બગીચાની રમણીયતાથી જાણી તે બેય આકર્ષાયેલાકહોય તેમ થોડીવાર તેના દ્વાર પાસે ઉભારહી બગીચામાં ગયા. બીજે દિવસે આ અંગનાવતી નગરીના રાજાની કુંવરીના સ્વયંવર મહોત્સવનું મહુર્ત હોવાથી આમંત્રણ કરી બોલાવેલા દેશાંતરના રાજર્ષિઓ તથા બ્રહ્મર્ષિઓના ઉતારા માટે તેજ બગીચામાં મહોટા મહોટા તંબુઓ વિગેરે ખડા કરેલા હતા જેમાં તે આમંત્રિત રાજાઓ પોતાના નાના પ્રકારનાં સાધનો સહીત ઉતરેલા હતા ને સવારમાં સ્વયંવર મંડપવિષે જવાની તૈયારીઓ કરવા બાબત ચર્ચા તે સર્વ રાજ તંબુઓમાં ચાલી રહી હતી. આવા જનસંસર્ગથી ખળભળી રહેલા તથા વિવિધ પ્રકારની ઉપશોભાથી સુશોભિત કરેલા તે બગીચામાં આપણા આ રાજા તથા સન્યાસી પણ એક બાજુએ કોઇને અડચણ ન આવે તેવી રીતે વિશ્રામ લેવા માટે પોતાનું મૃગચર્મ બીછાવીને દંડ કમંડળ પાસે મૂકીને બેઠા. આ મહાત્માને ઇશ્વર ભક્તિના પ્રભાવથી તેને કોઇ પણ પ્રકારની અડચણ પડતી નથી એટલે પરમાનંદથી તે દીવસની રાત્રીનું તે બગીચામાંજ નિર્ગમન કર્યું. સવારમાં તે શહેરના રાજા તરફથી માંગલિક પોશાક ધારણ કરી કેટલાએક ચોપદારો મૂહુર્ત પ્રમાણે સ્વયંવર મંડપમાં પધારવાની સર્વે રાજાઓ તથા ઋષીઓને સુચના કરવા આવ્યા ત્યારબાદ તમામ રાજાઓ પોતાને લાયક ઉમદા પોશાક ધારણ કરી પોતાના રાજ્યાધિકાર પ્રમાણે માનપૂર્વક યથાક્રમ નિયમેલા દરવાજામાંથી શહેરમાં જવા લાગ્યા. તેવીજ રીતે ઋષિ મંડળ પણ ચોપદારે કરેલી સૂચના પ્રમાણે સનમાન પૂર્વક શેહેરમાં જવા લાગ્યું. લગભગ ચારપાંચ ઘડીની અંદર તમામ રાજાઓ તથા ઋષિઓ રાજદ્વારમાં પહોચી ગયા કેટલાએક દેશાંતરના મનુષ્યો રાજકુંવરિના માત્ર સ્વયંવર મહોત્સવ જોવા માટે આવ્યાં હતાં

તે પણ સૌકોઇ ત્યાં જઇ પહોચ્યા પછીથી સમય વિચારી સંન્યાસીયે રાજાને કહ્યું કે ચાલો આ સ્વયંવર જોવા માટે જવું છે? રાજાએ કહ્યું 'જેવી આપની મરજી" એમ તે સંન્યાસી તથા રાજા બેયજણ સ્વયંવર મંડપ તરફ રવાના થયા. ત્યાંજઇ જુવેછે તો સુંદર ઝીલા ઉપર દરેક રાજાઓના અધિકાર પ્રમાણે રમણીય સુવર્ણના સિંહાસનો ઉપર દેવતા જેવા દેદિપ્યમાન કાંતિવાળા રાજાઓ બીરાજેલાછે તેની સામેની બાજુમાં તેવાંજ સુંદર આસનો ઉપર મહર્ષિઓ બીરાજેલા છે. આ મંડપ સમાજની આજુબાજુમાં કેટલાએક મનુષ્યો "આ સઘળા રાજાઓમાંથી રાજકુમારી, કોના કંઠમાં યોગ્ય ગણી સ્વયંવરણ માળાનું આરોપણ કરેછે" તે જોવાને શાંત વૃત્તિથી ઉભેલાં હતાં. જેમાં કેટલાએક ત્યાગી વિરક્ત તથા બ્રહ્મચારીઓ પણ એક બાજુ સમાજ નિરખી શકાય તેમ ઉભેલા હતા તેની સામી બાજુએ આપણા રાજા તથા મહાત્મા સંન્યાસી ઉભા રહ્યા ને પ્રસન્ન અંતઃકરણથી સ્વયંવર મંડપની ભવ્યરચનાનું અવલોકન કરતા હતા.

આ પ્રમાણે મંડપમાં સર્વે રાજાઓ પધારી પોતપોતાના આસન ઉપર બીરજ્યા બાદ ચોપદારે "મંડપમાં સૌકોઈ રાજા તથા ઋષીઓ આવી ગયેલાછે ને તેમાંનું કોઇ બાકી રહ્યું નથી" એવી તજવીજ કરી રાજાને ખબર આપી કે "મહારાજ સ્વયંવર મંડપની શોભા ઘણીજ સરસ પ્રતિભાવાળી થઇછે સર્વ રાજ્યાસનો તથા ઋષ્યાસનો પુરાઈ ગયા છે જેવી આપની આજ્ઞા" એ પ્રમાણે છડીદારનું બોલવું સાંભળી તરત કુળ ગુરૂને બોલાવી રાજાએ આજ્ઞા કરી. કે "પુરોહિતજી અંતઃપુરમાં પધારી તજવીજ કરો કે" કુમારી વિજયા, વસ્રાલંકાર તથા સમયાનુકુળ મંગળ પદાર્થો ધારણ કરી સ્વયંવર મંડપમાં પધારે બરાબર તજવીજથી મૂહૂર્ત સચવાય તેવી રીતે થવું જોઇએ એ બાબત આપને વિશેષ વિજ્ઞાપન કરવું પડે તેમ નથી યોગ્યતામાં જરા પણ

નચુનતા ન દેખાય એ આપનું કામછે" અસ્તુ મહારાજ, હું હવે અં-
તઃપુરમાં જાઊંછું ને તજવીજમાંછું એમ કહી પુરોહિતજી રાજદ્વારમાં
ગયા. અનુકુળ વસ્ત્રાલંકારથી પોતાની અત્યંત કૃપાપાત્ર સહચરીઓ
સાથે માતુશ્રીને પ્રણામ કરી અમુલ્ય મણિમાણિક્યથી જડીત વૈજયં-
તીને પણ ભુલવી આપે તેવી સ્વયંવરણ માળા હાથમાં લઇ પુરોહિતજી
એ બતાવેલા મૂહૂર્તમાં પુરોહિતજીની રાહ જોઈ કુંવરી તૈયાર હતાં તે-
ટલામાં પુરોહિતે આવીને તે કુમારીની પાસે ગણપતિ તથા કુળદેવ-
તાનું પૂજન કરાવી કુંવરીને વધાવવામાટે આજ્ઞા કરી. તરત ચાર સુ-
વાસીનીઓએ લાજાક્ષતથી કુંવરીને વધાવ્યાંબાદ પુરોહિતને તથા માતા
પિતાને પ્રણામ કરી તેમનો આશિર્વાદ લઇ વિષ્ણુને વરવા માટે જેમ
લક્ષ્મિજી સ્વયંવરમાં પધારે તેમ આ રાજકુમારી વિજયા પોતાની બે
પ્રીય સખીયો તથા એક રાજા-વંશજ્ઞસ્ત્રી (રાજાઓના વંશને જાણ-
નારી)ની સાથે સ્વયંવર મંડપમાં પધાર્યાં. મનોહર ગતિ વિલાસથી
પોતાને યોગ્ય પતિના મનનું પોતા તરફ આકર્ષણ કરવા નિમિત્ત સૌ
કોઇ રાજાઓની મુખમુદ્રાઓ સામુ જોતાં જોતાં મંડપના મધ્યભાગમાં
એક વૃદ્ધસ્ત્રી અગ્રભાગમાં રાજાઓના વંશોનું વર્ણન કરતી શનેઃ શનેઃ
ચાલી જાયછે ને પાછળ બે સખીઓની સાથે મંદમંદ ગતીથી રાજ
કુમારી મંડપના મધ્યભાગમાં આવ્યાં. પૂર્વ જન્મના પૂણ્યના ફળરૂપ
આ કુંવરીના સ્વરૂપ તથા અંતઃકરણની શુદ્ધિના પ્રભાવથી અવશી-
ભૂત અર્થાત વિષયાક્રાંત અંતઃકરણવાળા રાજસમાજથી કોઇપણ
રાજા તે કુંવરી સામું એક નજરથી જોઇ શકતો નથી, આ પ્રમાણે
તમામ રાજાઓના મુખસામું કુંવરીયે જોયું. પરંતુ ઉપરનાકારણનેલીધે
કોઇપણ મહારાજા જ્યારે પોતાના સામું નજોઇ શક્યાં અર્થાત તે રા-
જ પુત્રીના તેજને ઝીલી શકવા સમર્થ ન થયા ત્યારે તેઓ તરફથી
પોતાની દૃષ્ટિને ખેંચીને ઋષિમંડળ તરફ (દૃષ્ટીને) ફેરવવા લાગ્યા.

આ તરફ પણ તેજ પ્રમાણે બનતાં પોતાની પ્રીય સખીની સાથે, બેનો ! આ સ્વયંવર મંડપમાં પધારેલા રાજકુમારોમાંના કોઇપણ રાજકુમાર મારી સામું જોઇ મારી પ્રતિભા (શેહે) ઝિલી શકવાનું પણ શૌર્ય મારા જોવામાં આવતું નથી ને તેમજ સ્વયંવર વિધિમાં પધારેલા રૂષિ કુમારો પણ હજુ સાધન સંપત્તિ સંપાદન કરતા હોય તેવા મારા જોવામાં આવેછે. સાધનોની પ્રબળતાથી પુરૂષોત્તમતા સંપાદન કરી હોય તેવો કોઇપણ પુરૂષ નથી જોવામાં આવતો ! રાજપંક્તિમાં કે ! નથી જોવામાં આવતો રૂષિપંક્તિમાં, આવો ઉત્તમ મનુષ્ય દેહ પ્રાપ્ત થયા પછી પામર પુરૂષના પાણિગ્રહણથી માત્ર વિષયાસક્ત કામી પુરૂષ અને કામુક કામિનીઓની સમાન ગતિને પ્રાપ્ત થવું એમ મારૂં અંતઃકરણ કબુલાત આપતું નથી **धर्मेणहीनाः पशुभिः समानाः ।** ધર્મથી હીન મનુષ્યો પશુ સમાનછે માટે મારો ધર્મ, પતિ સેવારૂપી પરમોપાસનથી પરમાત્માને પ્રાપ્ત થવું, તે છે. પરંતુ કામક્રીડા માત્રથી કામુકોની પેંઠે મનુષ્ય જન્મને નિરર્થક ગુમાવવો તેવી કોઈ પણ ધર્મ પ્રણેતા રૂષિઓની આજ્ઞા નથી. અનસુયા, લોપામુદ્રા, વિગેરે મહા સતીઓ; હજારો વર્ષ સુધી પોતાના પતિ તપશ્ચર્યામાં પ્રવૃત્ત થતા ત્યારે કર્મ સાક્ષી સતીઓનું પરમઇષ્ટિ જગચ્ચક્ષુ ભગવાન્ શ્રીસૂર્યનારાયણની સાક્ષીથી પોતાના શરીરની પણ દરકાર નહીં કરતાં અનન્યભાવથી કરેલી પતિ સેવાના પ્રભાવથી આજસુધી પણ તે માહા સતીઓના પવિત્ર અને અચળ નામો તથા પરાક્રમો, લોકોને વંદવા લાયક અને જગતને પવિત્ર કરનારાં અજરામર થઇને રહ્યાંછે માટે હે સખી વરવું તો તેવા પુરૂષને વરવું નહીં તો એકાંત પરમાત્મારૂપ સૂર્યનારાયણનું આલંબન સ્વીકારી ભજન કરવું કે જેથી પરમાનંદની પ્રાપ્તિ થાય. પાણિગ્રહણ વિનાની સ્ત્રી અને આશ્રમ વિનાનો પુરૂષ અપવિત્ર

છે, એવું ધર્મશાસ્ત્રનું વચન પાળન કરવામાં આ પુરૂષને જે આવશ્યકતા રહિ છે તેનું પણ યથાર્થ પાલન થવું તે પ્રારબ્ધને આધીન છે પશુ પક્ષીઓની પેઠે ગ્રહસ્થાશ્રમ પાળ્યો તે ન પાળ્યા બરોબરછે ને યોગ્યરીતે આશ્રમાનુયાન થાય તોજ તેનું કલ્યાણ થાય માટે હે સખિ એ ઇશ્વર ઇચ્છા હશે તેમ થશે પુરૂષાર્થ કરવો એટલુંજ બુદ્ધિવાનનું કર્તવ્યછે." એવો સખી સાથે વિચાર કરી પોતાના મનની સાથે "હવે તો મંડપ મહોત્સવને જોવાઆવેલા પુરૂષોમાં કોઈ તેવા પુરૂષોત્તમનું દર્શન થાય તો ભલે નહિતો પછી આ વિધિનો નિષેધ કરી માતુશ્રી પાસે ચાલી જાઉં' એવા નિશ્ચયપૂર્વક મંડપની આજુબાજુ ચોતરફ પોતાની પવિત્ર દૃષ્ટિ ફેરવી પણ "દીવ્ય દર્શન અધિકારી પાપાત્મા પુરૂષો હોતા નથી" એ નિયમ પ્રમાણે રાજકુંવરીની દૃષ્ટિ પડતાં જે તરફ રાજકુંવરીયે જોયું તે તરફ તેના તમામ લોકોની દૃષ્ટિને ઝીલી શકવાને શક્તિવાન્ રહ્યા નહિ. ને જે તરફ પેલા આપણા માનસિંહ રાજા તથા સંન્યાસી ઉભાછે તેની સામી બાજુ ઉપર દૃષ્ટિ કરતાં કેટલાએક પુરૂષો તો મૂર્છિત જેવા થઈ ગયા અને તે તરફ એકવિરક્ત મહાત્મા ઉભેલા હતા કે જે પરમાત્માના સાક્ષાત્કારને પામેલા તથા સાધન સંપન્ન, જેનું 'આઠ પ્રકારનું બ્રહ્મચર્ય અર્થાત્' મન વાણી કાયા વિગેરેથી વિચ્છિન્ન થયું નહતું તેવા તે મહાત્માએ 'રાજપુત્રીની દૃષ્ટિ પડતાં જેમના તેમ ઉભા રહી' તેની સામે પોતાની પરમ કલ્યાણની નજરથી જોયા કર્યું. આ પુરૂષનું દર્શન થતાં રાજપુત્રી તથા તે મહાત્મા યોગીરાજની દૃષ્ટિદ્વારા નિકળતી સંસ્કારવાળી અંતઃકરણની પવિત્ર વૃત્તિયોનો યોગ થતાં તરતજ રાજપુત્રના જાણી મનોરથ સિદ્ધ થયા હોય નહી !!! તેમ એકદમ સ્વયંવર મંડમાંથી સોંસરી નીકળીને "પોતાની સહચરી સખીઓ તો હજુ બાઈસાહેબ બાઈસાહેબ હાંહાં.

એમ બોલેછે તેટલામાં તો ચમક જેમ લોહને ખેંચે તેમ ખેંચાઇને તેજ મહાત્માની પાસે જઈ ઉભી રહી. અને તેના કંઠમાં વરણમાળા આરોપણ કરી તેના ચરણાર્વીંદમાં પ્રણામ કરી તેની ઇશ્વર બુદ્ધિથી પ્રાર્થના કરવા લાગી કે હે મહારાજ આ અબળા શરીરને અધર્મ માર્ગેથી બચાવી આપે કૃતાર્થ કર્યુંછે આપ જેવા પુરૂષોના દર્શન પણ દુર્લભ છે તોપછી સમાગમ થવો એ અનેક જન્મના શુભ કર્મના પરિપાકનો ઉદય થયા વિના થતોજ નથી "હે પ્રણુતપાલ ! જ્યાંસુધી આપને આધીન થયેલું આ મારૂં શરીર રહેશે ત્યાંસુધી પરમેશ્વર બુદ્ધિથી તન, મન અને ધનથી હું આપની સેવા નિર્વ્યંલીક ભાવથી બજાવવા ઉભય લોકના સુખ સંપાદન કરવામાં જગચ્ચક્ષુ સુર્યનારાયણની કૃપાથી કોઇ દીવસ પણ પ્રમાદ કરીશ નહી" એવી શાસ્ત્રાનુસાર સ્રી ધર્મ વિહિત પ્રતિજ્ઞાપૂર્વક મેં મારૂં શરીર આપને અર્પણ કર્યું છે પ્રકૃતી અને પુરૂષની પેઠે, પુષ્પ અને સુગંધિની પેઠે ચંદ્ર અને ચાંદનીની પેઠે સૂર્ય અને છાયાનીપેઠે ઉમા અને મહેશ્વરનીપેઠે તથા વાણી અને અર્થની પેઠે હું આપનાથી જુદી રહીશજ નહી. આપ પુરૂષ શરીર છો તથા સર્વ ક્રિયામાં સ્વતંત્ર છો તેથી આપ પ્રવાસમાં વિચરતા હશો તો આપનીજ આજ્ઞા પ્રમાણે જે સ્થળને સ્વાધીન મને કરશો તે સ્થળમાં રહી આપનુંજ અનન્યભાવથી સ્મરણ કરીશ અને મારા ધર્મનું પાળન કરીશ." એટલી પ્રાર્થના કરી જેમ કોઇ કૃપણ માણુસને નિરવધિ ધનનો અકસ્માત્ લાભ થાય ને તેથી હર્ષનો આવેશ આવતાં ઘેલાં જેવું થઇ જાય તેમ રાજકુમારીને તો જાણી સાક્ષાત્ પરમેશ્વર મળ્યા અને તેથી તેના આનંદની અવધિ રહી નહિ નેત્રમાંથી પ્રેમોદાશ્રુના બિંદુ પડવા લાગ્યાં શરીર ઉપર તમામ રૂવાડાં પુલકીત થયાં ને પતિપ્રેમરૂપ પરમાત્માનું સાક્ષાત્કાર દર્શન થતાં તેનું સ્તવન કરવામાં વર્ણોચ્ચાર તથા શબ્દોચ્ચાર; પ્રેમોદ્ગમથી કેમ જાણી સ્ખલીત

થઇ જાતો હોય તેમ તે મહાત્માની સ્તુતિ કરતાં આ રાજકુમારી પુરે પુરી બોલી પણ શકતાં ન હોય તેમ બે હાથ જોડી તે મહાશય યોગીરાજની પાસે ઉભાં છે.

દરમીયાન કેટલાકએક રાજપુરૂષો તથા રાજપરિચારિકાઓ દોડી દોડીને રાજા તથા રાણીને ખબર આપવા લાગ્યાં કે “ બાસાહેબને કોઇપણ સ્વયંવર મંડપમાંથી રાજકુમાર પ્રસન્ન ન આવતાં એક મહાત્યાગી દેદીપ્યમાન જાણી સૂર્યભગવાન્ હોય તેવા કે જે માત્રસ્વયંવર મંડપ જોવા આવેલા છે તેની કંઠમાં સ્વયંવરણ માળાનું આરોપણ કરીને તેની પાસે પોતાના આત્માની ઘણી ઘણી કૃતાર્થતા માની ઉભા છે ! અમે બધાંએ તેમ ન કરવા માટે બાસાહેબને વિનંતી કરતાં હતાં પરંતુ અમારા બોલવા ઉપર કાંઇપણ ધ્યાન ન આપતાં એકદમ લોહજેમ ચમકને દેખીને ખેંચાય તેમ તે યોગી સામું જોતાં તરતજ રાજસમાજમાંથી સોંસરા ચાલી તેના કંઠમાં વરણમાળાનો આરોપ કર્યો છે તે અમે આપને નિવેદન કરવા આવ્યા છીએ જેવી આપની ઇચ્છા.

મહાધીર અને ઉદાર અંતઃકરણવાળા રાજા તથા રાણીએ એ પ્રમાણે પોતાના માણસોનું કહેવું સાંભળીને જવાબ આપ્યો કે “કાંઈ ફકરત નહીં” આ સ્વયંવર વિવાહનો હેતુ એવો છે કે એમના જ ન્માંતરના સંસ્કારને આધીન “ લોહ ચુંબકની પેઠેજ ” બેયના અંતઃકરણોનું પરસ્પર આકર્ષણ થવાથી દંપતિનો યોગ બને છે પછી ગમેતો ચક્રવર્તિ હોય કે ગમે તો ભિક્ષુક હોય એ બાબતમાં આપણું વચમાં આવવું કાંઇ કામ આવતુ નથી ” તમે કોઇ રીતે મનમાં ખેદ કરોમાં. એ આપણાં જામાત્ર કદિ ત્યાગી હશે તો તેને આપણે

ગામ ગરાસ આપી રાજા બનાવિ દેશું ને કુંવરીને કશી હરકત આ-
વે તેમ થવા આપીશું નહીં ” એમ કહીને રાજા કેટલાએક પોતાના
હજુરના માણસો કે પ્રબળ બુદ્ધિવાન્ હતા તેઓને સાથે લઇ જેની
પાસે પોતાના પુત્રી ઉભાં છે તે મહાત્મા પાસે જઇ અભિવંદન કરી
ઉભા રહ્યા રાજકુંવરી તરતજ પોતાના પિતાશ્રીના ચરણાર્વીંદમાં પ્ર-
ણામ કરી બે હાથ જોડી કાંઇપણ બોલ્યા શિવાય ઉભાં છે ને પો-
તાની પ્રિય સખી જે કુંવરીના અભિપ્રાયને યથાર્થ સમજતિ હતી તેને
સંજ્ઞા કરી સમજાવી એટલે તરત કુંવરીના અભિપ્રાય પ્રમાણે હાથ
જોડીને મહારાજાશ્રીને કહેવા લાગી કે હે પૂણ્ય કીર્તિ તથા શુભ
સંતતિ તીર્થરૂપ મહારાજા ? બા સાહેબે પોતાના અભિપ્રાય પ્રમાણે
આપને નિવેદન કરવાની હકીકત જે ધારી છે તે આછે કે “આપના
આશિર્વાદથી સાક્ષાત્ પુરૂષોત્તમ પતિની મને પ્રાપ્તિ થઈ છે એથી હું
કૃતાર્થછું નરની આકૃતિ તથા નારીની આકૃતી ધારણ કરનારા ઘણા
જીવાત્માઓ પતંગવત્ ઉત્પન્ન થાય છે અને લય થઈ જાયછે પરંતુ
નરતનુની પ્રાપ્તિનું કર્તવ્ય કરી તથા નારીતનુની પ્રાપ્તિનું કર્તવ્ય કરી
યથાર્થ દંપતિધર્મનું પ્રતિપાલન કરી અનુભવનું દ્રઢિકર થવાથી નર
રૂપ આત્મા અને નારીરૂપી પ્રકૃતિનો અભેદ ભાવ થતાં પરમાનંદરૂપ
પદને પામનાર દંપતિનો સર્વત્ર ઉત્પતિ યોગ થતો નથી આ મારા
પતિ ત્યાગ અવસ્થા ભોગવે છે એ વિશે આપને જરાપણ શંકા
લાવવા જેવું નથી ખરેખરા પુરૂષ ભાવને પ્રાપ્ત થયેલા પુરૂષોત્તમ પ-
તિની પ્રપ્તિ થવી એ અનેક જન્મોમાં કરેલા શુભકર્મોથી પ્રસન્ન થ-
થયેલા ઉમા કાંત પરમેશ્વરની પ્રસન્નતા શિવાય થતી નથી ને જે પ્ર-
માણે મને આપ જેવા પરમ પવિત્ર ઇશ્વર ભક્તિપરાયણ માતાપિતાથી
જન્મ પ્રાપ્ત થતાં જેમ કૃતકૃત્યતા પ્રાપ્ત થઇ છે તેજ પ્રમાણે પુરૂષો-
ત્તમ પતિની પ્રાપ્તિ થતાં આ શરીરથી અલભ્ય એવા પરમાનંદ પદને

પામવામાં હવે હું જરાપણ સંદેહ નહોવાથી કૃતાર્થછું હવે મારૂં તેની સાથે રહેવાનું થશે કે તેનાથી જુદું રહેવાનું થશે તે મારા પ્રારબ્ધ તથા તે પુરૂષની ઇચ્છાને આધિન છે અને તેટલો પુરૂષાર્થ કરવો એ મનુષ્ય બુદ્ધિનું કામ છે" એવો અમારા બાપ્રીનો આશય છે, તે તેમની આજ્ઞાનુસાર અમે આપને નિવેદન કરીયે છીએ જેવી આપની મરજી; એમ કરી કુંવરીની સખી; રાજાને અભિનંદન કરી બાજુપર ઉભી રહી રાજાએ એ અભિપ્રાયને બરાબર લક્ષમાં રાખી તે મહાત્માને સમજાવી રોકવાનું પ્રયત્ન કરવું એવા વિચારથી તેના ચરણારવિંદમાં પ્રણામ કરી વિનય પૂર્વક સુક્તિ કરી પાંચપચાસ ગામ સુક્રીત કરી પોતાની હદમાં રાખવા માટે ઘણી ઘણી પ્રાર્થના કરી તથા તેમના પ્રધાનો વિગેરેએ પણ ઘણો ઘણો પ્રયત્ન કરયો તો પણ તે રોકાયા નહીં ને એકાએક જનસમુહમાંથી કંઠમાં આરોપણ કરેલી વરણમાળા સહીત ચાલી નિકળ્યા.

આ તમામ બનાવ માનસિંહ રાજા અને સંન્યાસી કે જે રાજાને નિશ્ચય કરાવવા માટે નિકળ્યા છે તે જોયા કરે છે તેમાં જ્યારે રાજાયે તે મહાત્માને ગામગરાસ આપી રોકવાનો આગ્રહ કરવા માંડયો ત્યારે સંન્યાસી, આ માનસિંહ રાજાને વારંવાર કહેવા લાગ્યા કે હે જીજ્ઞાસુ રાજા! જુવો આ વખત બરાબર ધ્યાન રાખી જુવો આ બાબત વિચાર પૂર્વક તમારે યાદ રાખવા જેવી છે જુઓ કેવો બનાવ બન્યો? અને હજુ કેવું પરિણામ આવે છે, તે, જો જો **नहिस्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति ।** (વ્યાખ્યાન થયું છે)

આ કુંવરીના પતિ યોગીરાજની પાસે જનસમુદાય વધવાથી રાજાની વિનંતી સાંભળે તેનો કાંઇ પણ પ્રત્યુત્તર ન આપતાં તથા કુંવરી સામુ પણ ન જોતાં નક્ષત્ર મંડળમાંથી તારો ખરે તેવી રીતે તે સ-

મુદાયમાંથી એકદમ નિકળી પોતાના અભિષ્ટસ્થાન તરફ રવાના થવા માટે તરતજ રસ્તે પડયા. કુવરીના પિતા મહારાજા તથા બીજા માણુસો મહારાજ મહારાજ કરતાં તેમને પછવાડે જોઇ ઉભા રહ્યા ને મહારાજ યોગીરાજ તો ચાલ્યા ગયા. " રાજાયે વિચાર કર્યો આ કુંવરીનો પણ દૃઢ નિશ્ચય છે તેથી તે પણ આપણી પાસે રહે એવું જણાતું નથી કુંવરીની વિનંતી કબુલ રાખીને તે મહાત્મા પાછા આવે તો ઘણું સારૂં કારણ કે કુંવરીને વનવાસનો કલેશ સહન ન કરવો પડે ને યોગીરાજ તથા કુંવરી બેયને પોતાની સ્વતંત્રતા પૂર્વક ભજનાનંદ પ્રાપ્ત થાય. એવો વિચાર કરી" રાજાયે પોતાની કુંવરીને કહ્યું કે બેન તે મહાત્માને આપણા રાજ્યમાં રોકાવા માટે તમે કાંઇ પ્રયત્ન કરો તો સારૂં. પોતાના પતિથી હવે તો પોતાને છેટું પડતું જાય છે તેથી પોતાની સખી પાસે નહી કહેવરાવતાં લોકોપણાનો ત્યાગ કરી પોતેજ પિતાજીને ઉત્તર આપ્યો કે હે પિતાશ્રી એમની ઇચ્છાને અનુસરવું એ હવે મારો ખરો ધર્મ છે (પૂર્વ સંસ્કારને લીધે) મારી અંતઃકરણની ભાવના જેમ તે મહાત્મા યોગીરાજ તરફ દૃઢ છે તેમ તેની લાગણી પરમ વૈરાગ્યમાં દૃઢ હશે તો પછી તે કોઇ પ્રકારે રાજ્યાદિક વિષય સુખમાં લોભાય એ વાત બનેજ નહી, વિનંતી કરતાં પણ જે તરફ તેની પ્રબળ ઇચ્છા હશે તે તરફ તેની ઇચ્છાને મારે અનુસરવું પડશે, પરંતુ તેને જરાપણ કચવાણ કરી શકાશે નહી. હવે હું તેની સાથે જાઉંછું ને જો સાયંકાળ સુધીમાં પાછા વળશે તો તેને સાથે લઇને આવીશ નહીતો "જ્યાં તે ત્યાં હું" આટલું સાભળતાં વાત્સલ્યરસને લીધે રાજાના નેત્રમાંથી પુત્રીના વિરહનાં અશ્રુ પડવા લાગ્યાં ને એક પણ અક્ષર બોલી શકાયો નહી. પુત્રીયે ધૈર્ય રાખીને કહ્યું કે પિતાજી! આપ પરમ જ્ઞાની છો ને જાણો છો કે આ જગત રૂપી

યંત્ર કર્મવાસનાથી ચાલે છે કર્મફળને ભોગવવામાં સદૈવ પ્રાણીની પર-તંત્રતા છે ઇશ્વર કૃપાથી વાસના ક્ષય થયા શિવાય તથા અનન્ય ભાવ પ્રાપ્ત થયા શિવાય પરતંત્રતાથી પ્રાણી કદિ પણ છુટી શકતું નથી આપે કાંઇ પણ અંતઃકરણને ક્લેશ નહી આપવો. મને આશીર્વાદ આપશો કે જેથી હું મારા ખરા ધર્મના તત્વને સમજી શકવા સમર્થ થાઉં એટલું કહી પિતાજીને પ્રણામ કરી સખીઓને માતુશ્રી પાસે જવાની આજ્ઞા આપી પોતે પિતાજીની આજ્ઞા પૂર્વક તે પોતાના પતિની પાછળ ચાલી નિકળ્યાં. ને રાજા પોતાના રાજભુવનમાં ગયા. રાજપુત્રી દૃઢ નિશ્ચયથી તે પોતાના પતિ યોગીરાજની પાછળ રવાના થઇ કે તરત તેની પાછળ પેલા સન્યાસી અને જીજ્ઞાસુ રાજા માનસિંહ રવાના થયા એક રસ્તા ઉપર થોડે થોડે અંતરે તે સર્વે ચાલ્યા જાય છે તેટલામાંતો સાયં-કાળનો સમય થતાં રસ્તામાં એક નદી આવી તેને કીનારે તે રાજ-પુત્રીના પતિ યોગીરાજ સાયંસંધ્યા કરવાને રોકાયા, રાજપુત્રીનું શરીર ઘણુંજ કોમળ છતાં પણ જરા વેગથી ચાલીને પોતાના પતિ જ્યાં સાયંસંધ્યા કરવા બેઠા હતા ત્યાં તેની પાસે પહોંચી તથા તેની પા-છળ ચાલ્યા આવતાં તે બે જણ પણ જ્યાં યોગીરાજ બેઠા હતા ત્યાં જ આવીને તેણે પણ પોતાનો સાયં વિધિ સમાપ્ત કરી લીધો.

જીજ્ઞાસુ રાજાને સાથે લઇને જે સંન્યાસી આવ્યા છે તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં કરાતી પ્રાણીની પ્રવૃત્તિને પોતાની પ્રબળ યૌગિક શક્તિને લીધે જાણતા હતા પરંતુ પોતાની સાથે આવેલા રાજાના સંદેહને દૂર કરવો તથા તે યોગભ્રષ્ટ રાજપુત્રીનું કલ્યાણ કરવું એજ એમના અંતઃકરણનો અભિપ્રાય હતો પણ કાંઇ આવા પ્રકારની ઉ-પાધીમાં પડવું અને એથી પોતાનું મહત્વ બતાવી માયિક પદાર્થોથી પુનઃ આવૃત થવું એવો આ સંન્યાસી મહારાજનો ઇરાદો નહતો. પોતાથી બની શકે તેટલું બીજાને હિતમાં દોરવુ એજ ત્યાગીનું વિશેષ કર્તવ્ય છે.

યોગી રાજપુત્રી અને રાજા તથા સંન્યાસી ચારે જણુ. પોતપોતાનો સાયં વિધિ સમાપ્ત કરી નિર્મળ નદીજળના કીનારા ઉપર બેઠાછે તેમાંથી આ સંન્યાસી મહારાજે પેલા સ્વયંવરની માળા સહીત બેઠેલા નૈષ્ઠિક બ્રહ્મચર્યવાળા યોગીરાજને પુછયું કે મહારાજ નૈષ્ટિક બ્રહ્મચર્યને પાળતા હો તેવા આપ કોઇ મહા યોગીરાજછો એમ જણાય છે; આપનો દ્દઢ નિશ્ચય જોઈ મને ઘણો આનંદ પ્રાપ્ત થયોછે તોપણુ હું આપની પાસે થોડીએક વિનંતી કરૂંછું કે આપને આ ઇંદ્રાણી જેવી સ્રીની પ્રાપ્તિ થઇછે તે તેની સાથે આ રાજપુત્રીના પિતા તરફથી આપને કેટલાંએક ગામ પણુ મળત ને આથી આપને રાજ્ય સુખની પ્રાપ્તિ થાયછે તો શામાટે આપ એ સુખનો ત્યાગ કરોછો? જો કદિ આપ સંન્યાસાશ્રમમાં હોત, તો મારે આ પ્રમાણે આપને વિનંતી કરવી એ યોગ્ય નહતું. હજુ આપની ઉમર નાનીછે તો મને જણાયછે કે આપે ગુરૂકુળમાં અભ્યાસ કરી સમાવર્તન પણુ નહી કર્યું હોય ને એજ પ્રમાણે નૈષ્ટિકતા સંપાદન કરેલી જણાયછે **आश्रमात् आश्रमंगच्छेत्** એ વેદ નારાયણુની મર્યાદા પૂર્વક આપે બ્રહ્મચર્યાશ્રમ પછી ગૃહસ્થાશ્રમ સીકારવો જોઇએ ને તે પ્રમાણે આપને આ ઉત્તમ ગૃહસ્થાશ્રમની પ્રાપ્તિ થાયછે માટે આપ આ સ્રી સ્વીકાર કરી, તે આશ્રમમાં દાખલ થાઓ તો કોઈ પ્રકારે શાસ્ત્ર મર્યાદાનો ભંગ થયો ગણાતો નથી.

આટલું સાંભળતાં જેમ કોઇ ઉત્તમ પિતૃભક્તને પિતાનો ઉપદેશ સાંભળી અંતઃકરણુમાં પ્રેમ આવે તે પ્રમાણે સંન્યાસીનુ દર્શન તથા તેની વાણી સાંભળીને તેના તરફ "આ યોગીરાજની ભક્તિ ઉત્પન્ન થવા લાગી તથા રાજપુત્રી તરફ સ્રીભાવ ઉત્પન્ન થવા લાગ્યો **मनोहिजन्मांतर संगतिज्ञं** જન્માંતરની સંગતીને મન જાણ્યા શિવાય રહેતું નથી" યોગીરાજે બે હાથ જોડીને સંન્યાસીને ભક્તિ

પૂર્વક પ્રણામ કર્યા તથા નમ્રતાથી ઉત્તર આપ્યો કે મહારાજ ગ્રહસ્થાશ્રમ કરવા સંબંધી આપનો ઉપદેશ હવે મારા હૃદયમાં ઉતરતો નથી મને મોહ જાળમાં પડવું હવે ગમતું નથી યજ્ઞોપવીત ધારણ કરી મારા માતાપિતાની આજ્ઞાથી ગુરૂકુળમાં વિદ્યાભ્યાસ કરવા વિધિપૂર્વક ગયો ત્યારબાદ થોડા થોડા દિવસને અંતરે મારા માતાપિતા પરમેશ્વરના પરમપદને પ્રાપ્ત થયા ને ત્યારપછી પ્રારબ્ધાનુસાર મારા અંતઃકરણમાં નૈષ્ટિક બ્રહ્મચર્ય પાળવાનો નિશ્ચય ઉત્પન્ન થયો તથા જેમ જેમ સદ્‌ગુરૂની કૃપાથી વેદાધ્યયન દૃઢ થતું ગયું ને તેના અભિપ્રાયો હૃદયમાં ઠરતા ગયા તેમતેમ સત્યવસ્તુ સંપાદન કરવા તરફજ બુદ્ધિની પ્રવૃત્તિ થઇ ને આશ્રમમાંથી સમાવર્તન કરી પુનઃગ્રહસ્થાશ્રમમાં જવું એ વિચાર તરફ બુદ્ધિનો યોગ થયોજ નહીં ગુરૂસેવામાં પરાયણ રહી તેની આજ્ઞાનુંસાર અષ્ટાંગ યોગ સાધ્યાબાદ નિર્વિકલ્પતા સિદ્ધ કરવા માટે તેજ ગુરૂશ્રીની આજ્ઞાનુસાર એકાંત વાસ છોડી તીર્થક્ષેત્રમાં નિયમિત યાત્રા કરવા માટે નીકળ્યો છું તે સમાપ્ત કરી પુનઃ ગુરૂશ્રીની આશ્રમ ભુમિકા તરફ જવાનો નિશ્ચય છે દરમિયાન પ્રારબ્ધ યોગ કે ઇશ્વેચ્છાને લિધે આ સ્વયંવર જોવાની ઇચ્છા ઉત્પન્ન થતાં હું ત્યાં ગયો ને તેથી આ સ્ત્રીએ મારા કંઠમાં સ્વયંવરણની માળાનો આરોપ કર્યો તથા આપના દર્શન થયાં ને આ વખત આપની વાણી સાંભળી મારા અંતઃકરણમાં આપના તરફ કોઇ જુદાજ પ્રકારની ભક્તિ ઉત્પન્ન થાય છે ને આ રાજપુત્રી તરફ પણ મારો કોઈ જુદાજ પ્રકારનો ભાવ ઉત્પન્ન થાયછે કોઇપ્રાકતન *સંસ્કારને લીધે રાજર્ષીબ્રહ્મર્ષીઓનો ત્યાગકરી આ સ્ત્રીએ મા-

---

* અંતઃકરણમાં અનેક જન્મના સંસ્કાર રહે છે પરંતુ તે જ્યાં સુધી ઉદ્દભૂત થયા ન હોય ત્યાં સુધી બાધ કરતા નથી કાળ

રા કંઠમાં વરમાળા નાંખી તે વરમાળા હવે હું તેના કંઠમાં નાખું છું ને આપે જેવી રીતે મારું કલ્યાણ *કર્યું છે તેવી રીતે આને પણ સ્વધર્મનો બોધ કરી કલ્યાણ માર્ગમાં જોડશો 'એમ કહી પોતાના કંઠમાંથી સ્વયંવરમાળા કાઢીને તે સ્ત્રીના કંઠમાં નાંખી પાંજરામાંથી સિંહનું બચ્ચું જેમ ભાગે તેમ "હે સ્ત્રી! તારૂં કલ્યાણ થાઓ" એમ કહી સંન્યાસીની આજ્ઞા લઇ યોગીરાજ તો ચાલતા થયા. રાજપુત્રીના અંતઃકરણમાં પતિનો વિરહ થવાથી આંખમાં અશ્રુ આવ્યાં અને જ્યાં સુધી પોતાની દૃષ્ટિ મર્યાદામાં પતિ ચાલ્યા જાય છે તે જોવામાં આવ્યા ત્યાંસુધી તે દિશા સામું જોઇને ઉભી રહી મહાત્મા યોગીરાજ જ્યારે દૃષ્ટિ મર્યાદાને ઉલ્લંઘી ગયા ત્યારે રાજપુત્રીયે તે દિશાને પ્રણામ કર્યા અને પોતાના અંતકરણમાં મનોભાવનાથી પતિમૂર્તિને કલ્પીને "જાણે પોતાના પતિને તેણીએ હૃદયમાંજ કેમ રાખ્યા હોય તેવું તેનું દૃઢ ધ્યાન કરી લીધું. ત્યારબાદ પતિના વિરહથી ઉદાસી થયેલી આ રાજપુત્રી "દીકરી જેમ પિતાની શરણે જાય" તેમ આ સંન્યાસીની પાસે પ્રણામ કરી તરતજ શોકનો ત્યાગ કરી આનંદિત વદનથી બેઠી. સંન્યાસીએ કહ્યું "પુત્રી! તું જરા પણ ગભરાઇશ નહીં માણસ પોતાના કર્મને આધીન સંસાર ચક્રમાં વર્તેછે માટે તારે આ

ક્રમથી તેને નિમિત્ત મળી આવે છે ત્યારે વર્ષાદના જળથી ઉત્પન્ન થતા ઘાસની પેઠે જ્યારે ઉત્પન્ન થવા લાગે છે ત્યારે ઇશ્વરકૃપા પૂર્વક કરેલા દૃઢજ્ઞાનાભ્યાસ શિવાય આરૂઢને પણ ચ્યુત કરે છે.

* સંન્યાસીના દર્શન થતાં તે યોગીરાજને ત્રિકાળનું જ્ઞાન થયું તેથી આમ કહે છે આ સંન્યાસી યોગીરાજના જન્માંતરના સંબંધી છે તે હવે વાંચકવર્ગના જાણવામાં આવશે.

વખતે તે વિચાર દૃઢ કરી જરા પણ વિપર્યયમાં પડવું નહી." આટલું સાંભળતાં તે રાજપુત્રીના અંતઃકરણમાં તરત તે સંન્યાસી તરફ પિતૃ તુલ્યભાવના પ્રગટ થઇ ને તેથી વિશેષ પ્રેમભાવથી કહેવા લાગી 'મહારાજ હું રાજપુત્રી છું તોપણ આ વખત મારા અંતઃકરણમાં હું આપની પુત્રી ને આપ મારા પિતા છો એવો ભાવ જેવો દૃઢ થયો છે તેવી હું રાજપુત્રી છું એ ભાવ દૃઢ થતો નથી" મહારાજ મારૂં હવે શું કર્તવ્ય છે તે કૃપા કરી આપ મને બતાવશો. મારા પ્રાણેશ્વરની પણ આપના ચરણકમળ પાસે એજ વિનંતી છે. તેણે આપને પ્રણામ કરી રવાના થતી વેળાએ મારા શ્રેયસાધન બતાવવા માટે જે વિનંતી કરી તે પ્રમાણે મારૂં કર્તવ્ય બતાવી મને કૃતાર્થ કરો કે જે પદને મારા પતિ પ્રાપ્ત થાય તેજ પદ મને મળે અર્થાત્ પ્રકૃતિ અને પુરૂષમાં જેમ ભેદ નથી તેમ તેમની સાથે અભેદાનંદને પામું. એ પ્રમાણે રાજપુત્રીનું બોલવું સાંભળી મહાત્મા નિચે પ્રમાણે બોલ્યા.

રાજપુત્રી તું મારા વાક્ય ઉપર શ્રદ્ધા રાખજે હું તારા હિત માટે જે કહું છું તે તું તારા અંતઃકરણમાં રાખજે, આમાં તારૂં સર્વાંગહિત સમાયેલું છે એમ તારે જાણવું. હવે તને જે મારા તરફ પ્રેમ આવે છે તથા તે મહાત્માનો મારા તથા તારા તરફ પ્રેમ જોવામાં આવતો હતો ને તે પ્રમાણે તમારા બેય તરફ મારા અંતઃકરણમાંથી જે પ્રેમોદ્ગાર ઉત્પન્ન થાયછે તેનું કારણ એટલુંજ છે કે હે રાજપુત્રી ! તું જન્માંતરની મારી પુત્રીછે અને એ મહાત્મા કે જે ચાલ્યા ગયા તે મારા જામાત્રછે તમો બેયની ધર્મને વિષે ઘણીજ ધીરતા હતી ને તે કારણને લીધે પ્રેમભાવથી તું શુદ્ધ પતિવ્રતાવ્રતનું અનન્યવૃત્તિથી પાલન કરતી હતી. દૃઢ નિશ્ચયથી એકપતિવ્રતનું પાલન કરતાં તમને અહંકાર પ્રાપ્ત થયો અને તેથી આ મારી સાથે રહેલા

રાજા કે જે તારા જન્માંતરમાં મામાનો પુત્ર હતો તેની સ્ત્રી પણ શુદ્ધપતિવ્રતાને તે પોતે ઘણો ધાર્મીક વૃત્તિવાળો હતો તે વખતે તેણે પાલન કરેલા પરમ ધર્મના પ્રતાપથી તેને આ જન્મમાં નિષ્કંટક રાજ્ય સુખ કે જે મનુષ્યલોકના સુખની અવધિ ગણાયછે તે સુખની પ્રાપ્તિ થઇને આ વખત પણ યોગ્ય પુરૂષાર્થને સત્સંગ તથા સત્શાસ્ત્રદ્વારા સમજીને કરેછે તેથી અનન્યભાવે પરમેશ્વરને ભજીને પરમાત્માના પરમ પદને પ્રાપ્ત થશે. તમોને અંતઃકરણમાં ધર્મપાળન કરવાનું અભિમાન આવતાં બેય માણસો તે વખતે આ તારા મામાના પુત્રના તથા તેની સ્ત્રીના ધર્માચરણમાં હમેશાં દોશારોપ કરતાં હતાં તેથી તમને તેણે શાપ તો ન આપ્યો પરંતુ એ પતિવ્રતાના અંતઃકરણમાં તે વખતે એવો સંકલ્પ સ્ફુર્યો હતો કે "અમારા સ્નેહમાં તથા ધર્મમાં ભંગ કરાવી અમને વિરોધથી જુદા પાડવાનો અતિ પ્રયત્ન કર્યા કરેછે, માટે હે કર્મ સાક્ષી સૂર્યનારાયણ ભગવાન્ ઇષ્ટદેવ. એમને એમના કર્મનું ફળ આપજ આપશો" તમારા ઘણા સંતાપને લીધે એ પતિવ્રતાના અંતઃકરણમાં એટલું આવી જતાં આ વખતે તમોને "ધર્મમાં તથા દંપતિના સ્નેહમાં બાધ કરવાનું જે શાસ્ત્રમાં પાપ લખ્યુંછે તેના પરિપાકથી દંપતીના વીયોગરૂપ ફળ થયુંછે. તમો બેય જ્ઞાની હતાં તેથી તમારે હવે વધારે વખત ભ્રમણ નથી પરંતુ ઉપરના કારણથી આટલુ કાર્ય થયુંછે તે આ વખતના તમારા દૃઢ નિશ્ચયથી અવિહિત કર્મના ફળો ભોગવી પરમપદને પ્રાપ્ત થશો. ઇશ્વરી નિયમમાં ફેરફાર કરવો તે ઇશ્વર ઇચ્છા શિવાય કોઇથી બનતો નથી. માટે હવે તું મારા ઉપદેશ પ્રમાણે વરતીશ તો તેજ પતિની તને પ્રાપ્તિ થશે ને તે આજ જન્મમાં થશે પરંતુ તે એવી રીતે થશે કે તારા પતિ ઉત્તર અવસ્થામાં એટલે પચાસ વર્ષ પછી ત્રિકાલજ્ઞી થશે ત્યારે તારી પાસે આવી તને પારમાર્થીક જ્ઞાનનો ઉપદેશ કર્યા કરશે ત્યારે તમારા બેયનાં ભૌતિકશરીર નાશ થયા બાદ યથેષ્ટ સુખને પ્રાપ્ત થશો.

આટલું સાંભળી આ રાજપુત્રી તો ચીત્રામણમાં આળેખી હોય તેવી થઇ ગઈ ને પોતાના જન્માંતરના પિતારૂપ સંન્યાસીને પ્રણામ કરી હાથ જોડીને પ્રાર્થનાપૂર્વક કહેવા લાગી કે હે તીર્થરૂપ મહાત્માજી! મારૂં હવે શું કર્તવ્યછે તે કૃપા કરી આપ મને બતાવશો તે પ્રમાણે હું વરતીશ. આપ ઇશ્વર સ્વરૂપછો ને આપની આજ્ઞા પ્રમાણે વરતવાથી અમારા વિયોગ દુઃખનો નાશ થઈ ઇશ્વરી સુખની પ્રાપ્તિ થાય, આ પ્રમાણે બોલતાં બોલતાં વારંવાર તે રાજપુત્રીની મુખમુદ્રા સામું જોયા કરેછે ને પોતાના અપરાધનો પશ્ચાત્તાપ કરેછે તથા મહાત્મા સ્વામીજીની ઉપદેશરૂપ વાણીને ધારણ કરવામાં તત્પર થઈ તેના સામી ઉભીછે.

થોડીવાર પછી મહાત્મા સ્વામીજી બોલ્યા કે પુત્રી રાત્રીનો સમયછે તું તથા આ રાજા સવારનાં ભુખ્યાંછો માટે અહીં નજીકમાં એક સત્યતપા રૂષીની પર્ણકુટીછે ત્યાં જઇ આપણે તેનો આશ્રય લઇયે ને તેની પાસેથી તમારા બેયના પોષણ માટે બનેતો કાંઇ તજવીજ કરીયે ને પછી શાંતવૃત્તિ થયા બાદ હું તારૂં કર્તવ્ય તને બતાવીશ. એમ કહી તે ત્રણે જણાં સત્યતપારૂષીની પર્ણકુટી તરફ ગયાં. સત્યતપારૂષી એક પર્ણકુટીમાં પોતાના કુટુંબ સાથે બેઠા હતા આ ત્રણે અતિથિઓને આવતા જોઇ ઘણા પ્રસન્ન થયા તથા અભ્યુત્થાનાદિ સત્કાર પૂર્વક પોતાના આશ્રમમાં પધરાવ્યા અને એમની ઇચ્છાનુસાર એક વિશાળ પર્ણકુટી તેઓને માટે જુદી કહાડી આપી. એક બે ઉપપાત્ર સહિત એક મ્હોટું જળથી ભરેલું જળપાત્ર તેમને પાણી પીવા માટે આપ્યું તથા બીછાના વાસ્તે સાદરીઓ આપીને સુસ્વાગત કર્યાબાદ સત્યતપા મહારાજે પૂછ્યું કે હવે આપની શું ઇચ્છાછે તે જણાવો ત્યારે તે ત્રણેમાં અગ્રેસરરૂપ આપણા મહાત્મા સંન્યાસીએ કહ્યું કે તપસ્વી મહારાજ! મને તો જમવાની રૂચી નથી પરંતુ આ બે રાજશરીરછે માટે તેને જમાડો. એ બેય સંસ્કારી અતિથિઓ તમારે ત્યાં આવ્યાછે.

આ સત્યતપા ઋષીનો એવો આચાર હતો કે સૌમ્યભિક્ષા કરવી. પરને સંતાપ કર્યા શિવાય, નિચ તથા ચાડી ચુગડી કરનારને ઘેર ગયા શિવાય અને પોતાના આત્માને ક્લેશથી આકુળ કર્યા શિવાય કદી થોડું મળે તોપણ તેટલાવતી સંતોષવડે કુટુંબનું પોષણ ઇશ્વર ઉપર નિષ્ટા રાખી ચલાવવું તેમાં પણ કોઇ અભ્યાગત આશ્રમી જાણીને આશ્રમમાં આવે તોપણ તેણે આશ્રમ ધર્મ પ્રમાણે કોઇને પણ નિરાશ કર્યા નહતા તેવા આ તપસ્વી ભુદેવે તે બેઉને માટે જોઇતું અનાજ આપ્યું એથી તેઓ સંતોષ પૂર્વક જમ્યા. "સાંયંકાળે વિધિવત સૂર્યાસ્ત થયા પછી હોમ કરી પોતાના કુટુંબના ચાર માણુસોને માટે રસોઇ કરી તૈયાર કરેલું અંન હતું તેમાંથી તે બે જણુને પરીપૂર્ણ થાય તેટલું આપ્યું ને બાકી શેષ બે જણ જમે તેટલું અન્ન પાકશાળામાં હતું તેમાંથી પોતાના કુટુંબના ચારે માણસો સાથે સત્યતપા પણ જમ્યા." આપણા આ સંન્યાસી મહારાજતો સ્વતંત્ર પર્ણકુટીમાં ચટાઇપર જ્યાં બિરાજેલા હતા ત્યાં આ રાજા તથા રાજપુત્રી ભોજન કર્યાબાદ મહાત્મા સંન્યાસીની પાસે પોતપોતાની ચટાઇ ઉપર આવીને બેઠાં. થોડીવાર પછી તરત જેના અંતઃકરણમાં ખરી જીજ્ઞાસા ઉત્પન્ન થઇછે તેવી તે રાજપુત્રીએ પોતાનું કર્તવ્ય જાણવા માટે હાથજોડી ફરીથી તે સંન્યાસી મહારાજને વિનંતિ કરી એટલે તે મહાત્માયે નિચે પ્રમાણે તેને ઉપદેશ કરવા માંડયો.

હે રાજપુત્રી ખરી નિષ્ટા શિવાય પરમ સુખનું પાત્ર થવાતું નથી. આવિ ઈશ્વર રચનાનો નિયમ એક સરખો હોતો નથી ને તેને ઇશ્વરી પુરૂપાર્થ (અલૌકિક) શિવાય પુરૂષ યથાર્થ જાણી શકવા સમર્થ નથી માટે વેદન રાયણ કે જે સાક્ષાત્ ઈશ્વરી વાણીછે તેને અનુસરી મુમુક્ષુ જનોએ જીવવું ત્યાંસુધી અર્થાત્ આ શરીરનુ આપણુને ભાનછે ત્યાંસુધી વરતવું એ મનુષ્ય માત્રનુ કર્તવ્યછે પોતાનું જન્મ સફળ કરનાર મા-

ચુસે કેમ વરતવું તેના ધોરણો જોઇએતો તે વેદછે. એને એથી ઉલટું વરતવું તે એ ઇશ્વરથી પણ સહન ન થઈ શકે તેવું પોતાનુંજ પતન અંગીકાર કરવુંછે. શ્રુતીનો અર્થ સ્મૃતિમાંછે અને તે સ્મૃતિ પણ ન સમજી શકાય તો તેને અનુસરનાર મહાત્મા વિદ્વાન્ પુરૂષોને પુછી જેટલું બને તેટલું તે રસ્તે ચાલવું તેમાં સૌકોઇનું ઐહિક તથા આમુષ્મિક શ્રેય રહ્યું છે.

પોતાના પરમસુખને માટે પરમેશ્વર પૂજનમાં પ્રવૃત્ત થયેલી પતિવ્રતા સ્રીયે પોતાના પતિના શરીરમાં સર્વ દેવની પૂજા કરવી જે દેવની પૂજા કરવાની ઇચ્છા થાય તે દેવરૂપે પોતાના પતિનીજ પતિવ્રતા સ્રીયે પૂજા કરવી. કારણ કે સર્વ દેવતાઓ સર્વાંતર્યામિ ચૈતન્ય દેવથી ઉત્પન્ન થયાછે ને તેજ દેવની સાથે અભેદરૂપે રહેલા પોતાના પતિના શરીરમાં અંતર્યામી પરમાત્માછે એમ પોતાનાથી પણ અભેદ તથા પૂજ્ય દેવનું તેમાં ધ્યાન પૂર્વક આવાહન કરી તેને પૂજવાથી જ સ્રીવર્ગનિ કૃતાર્થતાછે અને તેનેજ પરમાનંદ સુખની પ્રાપ્તિ થાય છે સ્મૃતિમાં પણ કહ્યું છે કે,

तीर्थस्नानार्थिनीनारी पतिपादोदकंपिबेत् ॥
शंकरादपिविष्णोश्चपतिरेकोऽधिकस्त्रियः ॥

તીર્થમાં સ્નાન કરવાની જ્યારે સ્રીને આકાંક્ષા થાય ત્યારે પોતાના પતિના ચરણારવિંદનું ભક્તિપૂર્વક પ્રક્ષાલન કરી તે જળનું પાન કરવું તથા તે જળવતી સ્નાન કરતા શંકર તથા વિષ્ણુ એવા મહાદેવથી પણ પોતાના પતિ અધિક " માન્ય " છે એમ શાસ્ત્ર પ્રમાણથી જાણવું પતિરૂપે સાક્ષાત્ પરમેશ્વર છે અને તેમાં જરાપણ ભેદ નથી એવા દૃઢનિશ્ચયવાળી શુદ્ધ પતિવ્રતાઓને પતિપાદોદકનું પાન કરવાથી સર્વ તીર્થસ્નાનનું ફળ આવે એમાં જરાપણ સંદેહ સમજવો

નહીં એવું શાસ્ત્રનું વાકય છે. માટે હે પુત્રિ તું સર્વ દેવ કરતાં તારા પતિને અધિક માને છે પરંતુ ' શુદ્ધભક્તિના ફળનો સમય આવતાં ' અભિમાનને લીધે ધર્મિનો ઉપહાસ કરવાના ફળરૂપ " આ વખત " વિયોગ દુ:ખનો ભોગ થાય છે. તોપણ તારી શુદ્ધ ભાવનાને લીધે " ગોપાંગનાના યુથમાંથી નાશી ગયેલા પરમાત્માયે જેમ ગોપાંગનાઓને પુનર્દર્શન આપ્યું તેમ " તારાપતિનું તને પુન ર્દર્શન થશે હવે જેમ ઉપાસક પુરૂષો તમામ વિષયો તરફથી ઈંદ્રીયોને ખેંચી પોતાના ધ્યેયઈષ્ટદેવની પ્રતિમાના સાક્ષાત્કાર કરવામાં સર્વાત્મ ભાવવડે પ્રયત્ન કર્યા કરે છે તે પ્રમાણે હમેશાં સાયંકાળે તથા પ્રાતઃકાળે તારે તારા બીજા સંકલ્પોનો લય કરી તારા પતિરૂપધ્યેયપરમેશ્વરનું ધ્યાન કરવું તથા જેમ પ્રોષિત ભર્તૃકા શાસ્ત્રાનુસારે ધર્મોપાળે છે તેવાજ તારે ધર્મપાળવા આ બાબતને તું યથાર્થ જાણે છે માટે તે વિષયક કાંઈ ઉપદેશવાની જરૂર નથી ખરેખરૂં સમજવાનું શું છે તે ટુંકામાં હું તને સમજાવુંછું પરંતુ વિશેષ બાબતને માટે તો તું પોતે વિદ્વાન્ છું અને વળી મહાપવિત્રછું તથા ધર્મશાસ્ત્રના આશયને સંસ્કાર વાળી બુદ્ધિ હોવાથી સારી રીતે સમજે છે માટે તારી મેળે તારા હિતાહિતમાં શાસ્ત્રાવલોકન દ્વારા ખુલાસા મળતા જશે.

याभर्तारंपरित्यज्य रहश्चरतिदुर्मतिः
उलूकीजायतेक्रूराद्वृक्षकोटरशायिनी ॥

વિચાર વગરની સ્ત્રી પતિનો ત્યાગ કરી છાની રીતે ફરે છે તો તે.મોહોટા ઝાડના કોતરમાં રહેવાવાળી મહાક્રૂર ઉલુકી (ઘુડની સ્ત્રી) થાય છે. કે જેના શબ્દનું શ્રવણ પણ મહા અમંગળરૂપ છે તો પછી તેના શરીરનું દર્શન અમંગળરૂપ હોય એમાં શું આશ્ચર્ય ? માટે મન વચન અને ક્રીયાથી ઐક્ય ભાવ ધારી પરમેશ્વરરૂપે પોતાનાજ પ-

તિનું અભેદચિંતવન કરવું ઉત્તમ માતાપિતાથી ઉત્પન્ન થયેલી પુત્રીયો સ્વપ્નમાં પણ પોતાનાપતિ વિષે ત્યાગ બુદ્ધિ કે તેના અનિષ્ટનો વિચાર કરતીયુ નથી તોજ તેના પુણ્યમાં વધારો થતાં ઉત્તમ ગતીને પ્રાપ્ત થાય છે સૂર્યનારાયણની ગતીને પણ પોતાના પવિત્ર પ્રભાવથી પતી-વ્રતા સ્ત્રીઓએ અટકાવેલ છે એવું આ મહાઉપસનાનું વ્રત છે અને એ વ્રતથી જેને વેદનો અધિકાર નથી તેવી સ્ત્રીઓ સદ્ગુરૂની (ધર્મ સમજાવનાર) કૃપાથી પરમાનંદ પદને પ્રાપ્ત થાય છે.

भर्त्तादेवोगुरुर्भर्ताधर्मतीर्थव्रतानिच ॥
तस्मात्सर्वंपरित्यज्यपतिमेकंसमर्चयेत् ॥

યથાશાસ્ત્ર પોતાનું કલ્યાણ ચાહનારી તથા જન્મમરણની ફાં-સીથી છુટવાની ઈચ્છા રાખનારી પતિવ્રતા સ્ત્રીઓને પોતાનો પતીજ ગુરૂ છે, પોતાનો પતિજ ભરણ પોષણ કરનાર છે, પોતાનો પતિજ સાક્ષાત્ ધર્મની મૂર્તિ છે, અને પોતાનો પતીજ તીર્થ તથા વ્રતરૂપ છે એટલા માટે સર્વનો ત્યાગ કરી સ્ત્રીઓએ પો-તાના પતિનુંજ સર્વાત્મબુદ્ધિથી પૂજન કરવું આ પ્રમાણે પોતાનો આ-ચાર રાખનારી સ્ત્રીઓ બ્રહ્માવિષ્ણું તથા ઈંદ્રાદિ દેવતાઓને પણ વં-દન કરવા લાયક ગણાય છે.

પુત્રી ! તું સર્વ પ્રકારે જાણે જે તારૂં પોતાનું શું કર્તવ્યછે તો પણ તે મહાત્મા યોગીશ્વરની ઇચ્છાનુસાર તથા તારી જીજ્ઞાસાને લી-ધે મેં તને એટલો ઉપદેશ કર્યો છે. આ ઉપદેશને તારા હૃદયમાં દૃઢ રાખ, તથા શાસ્ત્રાવલોકનથી ઉત્પન્ન થયેલા તારા શુભ વિચારોને પણ તું તારા ઇષ્ટનો ત્યાગ કરી કર્માંતરમાં જોડીશ નહીં તોજ જેનું તું સદૈવ પતિરૂપે ઉપાસન કરે છે તેજ કર્મ ફળપ્રદાતા તને તારા સત્કર્મનું તરત ફળ આપશે એવો મારો આશીર્વાદ છે. એન

હવે રાત્રી ઘણી વ્યતીત થઈ છે નિદ્રાને વધારે અટકાવ કરવાથી શરીરમાં આલસ્ય તથા અજીર્ણાદિ રોગોત્પત્તિ થતાં ધર્મપાળના બરાબર થઇ શકતી નથી તેમ રસ્તે ચાલવાથી તું અને આ રાજા થાકી ગયા હશો માટે સૂઇ જાઓ. સવારે અમે તને તારા માતા પિતા પાસે સોંપીને અમારા નીવાસ તરફ રવાના થઇશું. એમ કહી એક ચટાઈ તેને સુવા માટે આપી એક ચટાઈ ઉપર પોતે સુતા અને એક ચટાઈ રાજાને આપી એમ તે ત્રણે જણાએ રૂષીની પર્ણકુટીમાં રાત્રી નિર્ગમન કરી સવાર થયું એટલે રૂષીની આજ્ઞા લઇ ત્રણે જણાં તે રાજ પુત્રીના પિતાના શહેર તરફ પાછાં રવાના થયાં. મધ્યાન્હ સમય થયો તે વખતે શહેરમાં આવી રાજદ્વારમાં રાજાની પાસે રાજપુત્રીને સોંપી અને બનેલી હકીકત સંક્ષેપમાં કહી સંભળાવીને “ રાજાએ તે મહાત્માઓને રોકવામાં ઘણો આગ્રહ કર્યો પરંતુ નહીં રોકાતાં ” તે બેયજણાં (રાજા તથા સંન્યાસી) રાજાની રાજધાની તરફ રવાના થયા સંન્યાસીયે કહેલી સઘળી હકીકત રાજપુત્રીએ પોતાના માતાપિતાને કહી સંભળાવી તેથી માતાપિતાને પણ આનંદ થયો. આ મહાપવિત્ર પુત્રી માતાપિતાની આજ્ઞાનુસાર વરતે છે; સતશાસ્ત્રોને વિચારે છે અને હમેશાં ગુરૂપદિષ્ટ માર્ગ પ્રમાણે સાયંપ્રાતર અપ્રમાદથી પરમેશ્વરરૂપે પોતાના પતિનુસ્મરણ કરતાં કાળનિર્ગમન કરવા લાગી.

કેવળ ભોગનીજ તૃષ્ણાવાળી ભામીનીઓ તથા મોહરૂપી મહામદિરાના પાનથી મત્ત બની ગયેલા કામાંધ કામી પુરૂષોને કોઇ કાળે પણ ખરી વસ્તુ (પરમેશ્વર) પ્રાપ્ત થતી નથી. **नस्यात्करतलेरोमतथामुक्तिर्नरागिणि** જેમ હથેળીમાં રૂવાડાં ઉગતાં નથી તેમ રાગી માણસને મુક્તિ પ્રાપ્ત થતી નથી.

સંન્યાસીએ એક અઠવાડીયામાં આ બધો સાક્ષાત્કાર અનુભવ

કરાવી પુનઃ તે રાજાને તેનીજ રાજધાનીમાં લાવ્યા આવા અદ્ભુત ચમત્કારનો સાક્ષાત્કાર થવાથી રાજા પોતાના અંતઃકરણમાં તે બનાવ સંબંધી વિચાર કરયા કરે છે અને તે સંન્યાસીના દ્દઢ વૈરાગ્યને વારંવાર ધન્યવાદ આપે છે.

એક દીવસે સન્યાસીએ રાજાને પુછ્યું કે કેમ મહારાજા ? તમારી શંકાનું સમાધાન થયું ? રાજાએ બે હાથ જોડી પ્રત્યુત્તર આપ્યો કે મહારાજ આપ ત્રીકાળ દર્શી મહાત્માનુશરણ મળતાં, ખરૂં કર્તવ્ય ન સમજાય તો તેની દુર્ભાગ્યતા સમજવી મહારાજ ગમે તે આશ્રમમાં રહેવા માત્રથી કલ્યાણ નથી પરંતુ તે આશ્રમના યથાર્થ ધર્મપાળવામાં દ્દઢ નિશ્ચય રાખવાથીજ આપ જેવા મહાત્માની દયા થાય છે ને તેથીજ પોતાનું કર્તવ્ય (ઇશ્વિરપદપ્રાપ્તી) સમજાય છે.

રાજાનું બોલવું સાંભળી સંન્યાસી પ્રસન્ન થયા અને કહ્યું કે હે રાજા તારા જેવા ઉત્તમ અધિકારીઓ કે જન્માંતરમાં કરેલાં સુકૃતના પ્રભાવથી ઉપદેશક સદ્ગુરૂનું વાકયરહસ્યતરત સમજી શકેછે અને એવાને કરેલો ઉપદેશ નિષ્ફળ જતો નથી તું યથાર્થ સમજ્યો છે તો પણ *સ્થૂણા ખનનન્યાએ હું તને દ્દઢ થવા માટે કહુંછું કે તારીજ નજરે પેલા મહાત્માને રાજપુત્રી વરવા આવી એટલુંજ નહીં પરંતુ સ્વયંવરણ માળા અર્પણ કરીચુકી અને તેથી તે ત્યાગી મહાત્માને રાજ્ય સુખની પ્રાપ્તિ થતી હતી તોપણ તેના તરફ જેની મનોવૃત્તિ બીલકુલ ચળાયમાન થઈ નહીં તથા તે રાજકુમારી કે જેના અંતઃકરણમાં વિષયભોગને માટે નહીં પરંતુ પુરૂષ શબ્દ યથાર્થ રીતે જેને લાગુ પડતો હોય તેવા પવિત્ર પુરૂષને વરવાથી માત્ર પોતાની ઉત્તમ ગતી સાધવામાંજ જેનો દ્દઢ નિશ્ચય હતો તો તેવા પુરૂષને પ્રાપ્તથઇ.

---

* થાંભલો જમીનમાં નાંખ્યા પછી પણ તેને ફરી મજબુત કરવો તે.

તેનાથી જુદા રહેવાનો વખત આવ્યો તોપણ તેણીએ તે પતિનેજ પરમેશ્વર જાણી તે સંબંધી પોતાનું કર્તવ્ય તે મહાત્માની પાસેથી જાણી દૃઢ નિશ્ચયથી તેની ઇશ્વર ભાવે શાસ્ત્રાજ્ઞાનુસાર ભક્તિ કરી પોતાનો ભવસાગરમાંથી ઉદ્ધાર થવાનો સનાતન પથ શોધી કાઢી કૃતાર્થ થઇ તેમજ પહેલા સત્યતપા બ્રાહ્મણે તમારા કોઇના પણ જાણવામાં ન આવે તેવી રીતે " પોતાના તમામ કુટુંબને માટે બીજે દીવસે લાવેલા અન્નને ત્રીજે દીવસે ખાય માત્ર એટલીજ સંગ્રહ બુધીથી તેણે જે અન્ન લાવી રાખ્યું હતું. પોતે સકુટુંબ બીજે દીવસે ઉપવાસ સ્વીકારી તે સઘળા અન્નથી આપણ સર્વેને તેણે આતિથ્ય (સત્કાર) કર્યું. આ સર્વે હકીકત તમારા સમજવામાં આવી અને એનો તાત્પર્ય તમે સમજ્યા તેજ છે શ્રદ્ધાપૂર્વક દૃઢ નિશ્ચય વિના ચતુર્વર્ગસિદ્ધિ સંપાદન કરવાની ઇચ્છા રાખવી તે શશવિશાણવત્ છે.

વિરાટ પુરૂષની સમજણ.

રાજાએ કહ્યું કે મહારાજ ! આપ મારા જન્મને સુધારનાર મારા માતાપિતાથી પણ અધિકછો અને હું સર્વાત્મભાવથી આપને શરણે રહ્યોછું માટે મારો પરમ પુરૂષાર્થ આપનાથી સિદ્ધ થશે. લોકમાં કહેવત છે કે ભાવવિના ભક્તિ થતી નથી આપ સર્વજ્ઞના ઉપદેશ પ્રમાણે હું વરતીશ, એમ કહી રાજાએ સંન્યાસીના ચરણાર્વિંદમાં સાષ્ટાંગ પ્રણામ કરી **સર્વત્રાભ્યાગતોગુરુ:** અભ્યાગત સંતલોકો સર્વત્ર ગુરૂ છે અર્થાત્ સદુપદેશ કરનાર છે એમ ધારી શુભભાવથી રાજાયે તેની યથાવિધિ પુજાકરી હાથજોડી ઉપદેશ લેવામાટે તેની પાસે બેઠો.

સંન્યાસીયે સર્વ પ્રકારે તેની યોગ્યતા જાણી નિચે પ્રમાણે ઉપદેશ ક્રમ સમજાવવાનો પ્રારંભ કર્યો.

हरिरेवजगज्जग देवहरि हरितोजगतोनहि भिन्नतनुः
इतियस्यमतिः परमार्थगतिः सनरोभवसागरउद्धरतिः

હે રાજા! માનસિંહ? ભગવાનછે તે આ જગતછે અને જગતછે તેજ હરિછે. હરિથી અને જગતથી આપણે (શરીરરૂપે પણ) જુદા નથી; એવો જેનો નિશ્ચયછે તેજ આ સંસારમાંથી ઉદ્ધાર પામે છે. પરમાત્મા અને જગત્ તથા શરીર એનું અભેદ દર્શન થાય તેમાં શરીરાદિક દૃશ્ય વસ્તુઓ રજ્જુસર્પવત્ મિથ્યાત્વ સમજી શકાય ત્યારે ઈશ્વરની અનન્ય ભક્તિનો આનંદ પ્રાપ્ત થાય તથા જીવન્મુક્તિનું સુખ પણ ત્યારેજ મળે.

પ્રથમ આ જગતરૂપી પરમાત્માની વૈરાટરૂપે ઉપાસના કરી તેના વાસ્તવિકરૂપમાં આપણું અભિન્નપણું સંપાદન કરવું તે સમજવાને માટે ઉપનીષદ્ તથા પુરાણોમાં વૈરાટ પરમાત્માનું જ્યાં જ્યાં લખ્યું ત્યાં ત્યાં પાતાળરૂપે વૈરાટ પરમાત્માના પગનાં તળીયાં કહ્યાંછે પગની એડી (પાની)રૂપે રસાતળ કહ્યુંછે. ઘુંટીરૂપી મહાતળછે, જંઘારૂપી તળાતળ કહેલુંછે, સુતળ અને રસાતળ એ બે ગોઠણછે, વિતળ જંઘાનો ભાગ છે, મહીતળ બીજી જંઘાનો ભાગછે, આકાશ વૈરાટ ભગવાનનું નાભી સ્થાનકછે; સ્વર્લોક પરમાત્માનું વક્ષસ્થળછે. મહર્લોક પરમાત્માની ગ્રીવા (ડોક)છે; જનલોક પર૦ મુખછે. તપોલોક પ૦ લલાટ સ્થાનછે, સત્ય લોક પ૦ મસ્તકછે, ઇંદ્રાદિ દેવાતાઓ પ૦ હાથછે. દિશાઓ પ૦ કાન છે, શબ્દગ્રામ પ૦ શ્રોત્રેંદ્રીય છે. અશ્વિદેવ પ૦ મુખછે, અંતરિક્ષભાગ પ૦ નેત્રગોલકછે. સૂર્યદેવ પ૦ નેત્રછે. રાત્રી તા. દીવસ પ૦ પાંપણોછે. બ્રહ્મલોક પ૦ ભ્રકુટીછે. જળ પ૦ તાળવુંછે. રસવર્ગ પ૦ જીભ્યાછે, વેદ પ૦ શિરોભાગછે. યમરાજ પરમાત્માની દાઢછે, પુત્રધનાદિકમાં જે સ્નેહ કળા તે પ૦ દાંતછે. માયા (જેમાં સર્વે ઉન્માદ પામી રહ્યાછે) પ૦

હસવુંછે સર્ગ (સૃષ્ટીની ક્ષણુમાત્રમાં ઉત્પતિ) પરમાત્માનો કટાક્ષછે. લોભ પરમાત્માનો નીચલો હોઠછે, લજ્જા ઉપરનો હોઠછે. ધર્મ પ૦ છાતીછે. અધર્મ પ૦ વાંસાનો ભાગછે પ્રજાપતિ. (બ્રહ્મા)પ૦ વિષયેંદ્રિયછે મિત્રાવરૂણુ દેવતાઓ પરમાત્માના વૃષ્ણછે. સમુદ્ર પ૦ ઉદર (પેટ) છે. પર્વતો પ૦ અસ્તિસમૂહછે. નદિયો પરમા. નાડીયોછે. વૃક્ષો (ઝાડવાં) પ૦ રૂવાડાંછે. વાયુ પ૦ શ્વાસછે, કાળ પ૦ ગતીછે, સંસાર સમૂહ પ૦ કર્મછે. મેઘમંડળ પ૦ કેશછે. ત્રિકાળ સંધ્યા પ૦ વસ્ત્રછે. પ્રધાન (પ્રથમ સ્ફુરણુ) પ૦ હૃદયછે, ચંદ્રમા પ૦ મનછે. મહત્તત્વ (બુદ્ધી) પરમાત્માનું ચિત્તછે રૂદ્ર દેવતા પ૦ અહંકારછે. હાથી, ઘોડા, ઉંટ વિગેરે પશુ જાતી પરમાત્માના નખછે. મૃગ, રોઝ વીગેરે પ૦ શ્રોણીનો (કુલા)ભાગછે, પક્ષીજાતી પ૦ શિલ્પ નૈપૂણ્ય (ચીત્રની કારીગરી)છે. મનુ (સ્વાયંભુ વિગેરે) પરમાત્માની બુદ્ધીછે, મનુષ્ય જાતી પ૦ નિવાસછે, ગંધર્વ જાતી પ૦ સ્વરછે. પ્રલ્હાદજી પ૦ સ્મૃતિ (યાદદાસ્ત)છે, બ્રાહ્મણો પ૦ મુખછે, ક્ષત્રીયો પ૦ ભુજાછે, વૈસ્યો પ૦ ઉરૂ (સાથળ)છે, શુદ્રજાતી પ૦ પગછે, યજ્ઞયાગાદિ પ્રયોગો પ૦ ક્રીયાછે એમ ટુંકામાં આ સર્વ જગત્ વૈરાટ પરમેશ્વરનું શરીર (સ્વરૂપ)છે માટે વૈરાટની ઉપાસના એ ઇશ્વરના નિર્ગુણપદને આપનારી એવાતને પોતાના પરમ ઇષ્ટરૂપે ચતુર્થ પુરષાર્થની ઇચ્છા રાખનારાએ તો જરૂર યાદ રાખી અહોનિશ તે રટણુ રાખવું જોઇએ.

सहस्त्रशीर्षा पुरुषः सहस्त्राक्षः सहस्त्रपात् આ શ્રુતિમાં પણ ઇશ્વરનાં હજાર મસ્તક છે, હજાર આંખોછે અને હજાર પગછે વિગેરે કહેવાનો અભિપ્રાય એ છે કે ઇશ્વરના હજારો મસ્ત, હજારો નેત્ર અને હજારો પગછે. એટલે આ બધી દશ્ય વ્યક્તિઓ અને તેના અવયવો ઇશ્વરરૂપ અને ઇશ્વરનાજ અવયવો હજારો રૂપે રહેલા છે. પ્રથમ પણ હરિ તેજ જગતછે અને જગત છે તેજ હરિછે. એ

બતાવ્યું અને **एकोऽहं बहुस्याम** હું એકછું તે અનેક થાઉં એવી પરમાત્માની સ્ફુરણારૂપી પરમેચ્છાથી આ સર્વ ચરાચરમય પોતેજ છે તેમાં આપણે પણ તેનાથી જુદા નથી એમ ધારી અભેદરૂપે તેની આપણે ભક્તિ કરવી.

જ્યારે આ દશ્ય બધું તે રૂપેછે તો તેવાજ નિશ્ચયથી અગ્નિ અને બ્રાહ્મણ તેનું મુખછે અને તેમાં હોમવાનાં પદાર્થો પણ તે પરમાત્માનુંજ અંગછે. હોમનાર પણ પોતેજછે. હોમના ફળરૂપ પણ તેજ થાયછે. અર્થાત્ હોમથી પ્રાપ્ત કરવાની વસ્તુ (સકામ અથવા નિષ્કામ ભક્તને) પણ તેજછે. એનાથી ભિન્ન વસ્તુ કોઈ છેજ નહી એમ ધારી વેદાજ્ઞાનુસાર તેનું યજનરૂપે ભજન કરનારને અંતઃકરણની શુદ્ધિદ્વારા પરમેશ્વરનું અપરોક્ષ જ્ઞાન થાયછે.

મૃતિકામાંથી ઉત્પન્ન થયેલા જુદેજુદેરૂપે રહેલા અને જેના ચંબુ, બરણી, ગલાસ અને શકોરા વિગેરે નામો નહી જેવાં વિચાર દષ્ટીથી પ્રતીત થાય અને ન પણ થાય પરંતુ મૃતિકા માત્રની પ્રતિતીજ સર્વાધાર અને સર્વમય થયેલી જે ભાસે છે તેમજ આ જગતના પ્રતીત થતા ભીન્નભીન્ન પદાર્થો અનેક અવયવોરૂપે નામો ધારણ કરી રહ્યા છે તેઓ વિચારદષ્ટિને પ્રતીત થાય અને ન થાય તોપણ તેમાં મૃતિકાની પેઠે અનુસ્યુત અને એકજરૂપે રહેલી ઇશ્વરી સત્તા સર્વત્ર સત્યરૂપે પ્રતીત થાય છે. જેમાંથી જે ઉત્પન્ન થયું તે તે રૂપજ કહેવાય પરંતુ દષ્ટાંત સિદ્ધાંતોનો વિચાર કરવાથી સારી રીતે સમજી શકાય તેવી સર્વાનુસ્યુત (સર્વમાં રહેલી) સત્તાજ માન્ય અને ઉપાસ્ય છે એવું જો સમજવામાં આવે તોજ પુનરાવર્તનભ્રાંતિથી રહીત થવાય (મોક્ષ પમાય) તથા તે જાણવાથી કર્મ ઉપાસના તથા ત્રિવિધ તાપનો સંતાપ મટી તેમાંથીજ ઉત્પન્ન થતી આનંદની ઊર્મિઓને પોતાના રૂપે ન દેખાતી તે જણાઇ આવે.

આ સનાતન પથ સમજવામાં પોતાની અદ્ભુત શક્તિથી ભેદભાવનો ત્યાગ કરાવી સર્વત્ર અભેદાનંદનો અનુભવ કરે એવી શિષ્યનિ પ્રજ્ઞાને જાગ્રત કરે એવા શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂના અનન્ય શરણુની જીજ્ઞાસુને ફળપ્રાપ્ત થયા સુધી અર્થાત્ છેવટ સ્વરૂપાનુસંધાન સુધી જરૂર છે. ને તો બીલાડું કાઢતાં ઉટીયું પેસી જાય.

અને હેયોપાદેયની (આ ગ્રહણ કરવું અને આ ત્યાગ કરવું) બુદ્ધી વધતી જાય.

કાંઈ ન સમજનાર પણ કદી વર્ણાશ્રમ પ્રમાણેજ ધર્મનું પાલન કરે અને ગુરૂ આજ્ઞાનુસાર બને તેટલું શ્રવણમનનાદિ કરે તોપણ જીજ્ઞાસુ અધિકારીને સનાતનથી ચાલી આવતી ઉપરની શૈલીમાં ચોટી રહેવાથી વાદળ ખસી જતાં જેમ પ્રકાશરૂપ સૂર્યનારાયણનો પ્રકાશ થાય છે તેમ અંતઃકરણના મળ વિક્ષેપ તથા આવરણ અને અસંભાવના તથા વિપરીત ભાવના વિગેરે દોષોરૂપી વાદળ જ્યારે ગુરૂશાસ્ત્રના વચન ઉપર દૃઢ શ્રદ્ધારૂપી પવનના ઝપાટાથી ખસી જાય છે ત્યારે તુરત અપરોક્ષાનુભવરૂપી પરમાત્માનો ઉદય થતાજ મનુષ્ય કૃત કૃત્ય થાય છે પરંતુ શાસ્ત્રમાર્ગ મુકીને સાવ આડે રસ્તે જનારને તેમ થવું એ સાધારણ નથી એ વાત ખુબ યાદ રાખવી.

એટલું સાંભળી રાજા માનસિંહ અતિપ્રસન્ન થઇને બોલ્યો કે મહારાજ પરમાત્માની અભેદ ઉપાસનાનો પ્રથમ ક્રમ ઘણો સરસ બતાવ્યો પરંતુ કેટલાએકને અદ્વૈત નિષ્ઠા છતાં નિરાનંદ સ્થિતિમાં જોઉં છું અને મને પણ વખતે સત્સ્વરૂપ તથા ચિત્સ્વરૂપનો અનુભવ છતાં આનંદરૂપની પ્રતિતીનું વિસ્મરણ થઈ જાય છે તેનું શું કારણ હશે તે આપ કૃપા કરી બતાવશો.

સંન્યાસીએ કહ્યું કે વિવેકીરાજા ! તું ગ્રહસ્થાશ્રમમાં રહી શાસ્ત્રના રહસ્યને બરાબર સમજે છે માટે તને વધારે ઉપદેશની હવે જરૂર નથી પરંતુ તને જે કાંઈ સંશય રહે છે તેનું કારણ માત્ર તું તારી મેળે વિચાર કરી જોવા લાગીશ તો તને ભાન આવશે કે જ્યાં સુધી દેહાધ્યાસમાં (દેહ હું) બુદ્ધી જાવ, આવ કરે છે ત્યાંસુધી

અસ્થીરતાને લીધે આનંદનુતિરોધાન થઈ જાય વિચાર કરી તેને સચ્ચિત્ સ્વરૂપમાંજ સ્થિર કરવામાં આવે તો પોતાની મેળેજ પૂર્ણાનંદ પ્રાપ્ત થાય; પોતાના અનુભવથી અને વિચારથી સમજાય તેવી આ બાબત છે જાતિ, વર્ણ, આશ્રમ, કુળ, સત્તા (અધિકાર)તથા સગા કુટુંબના બળથી પોતાની મહત્તામાં થયેલા મિથ્યા અધ્યાસને વિચાર કરી દૂર કરવામાં આવે તેનેજ પરમાનંદ સદૈવ પ્રાપ્ત રહે છે. નહિ તો શેવાળની પેઠે પુનઃઆવરણ કરવાનોજ અધ્યાસનો સ્વભાવ છે. ભાઇ હવે તું સદ્વિચાર કરજે અને સદૈવ આનંદમાં રહેજે હું હવે મારા આશ્રમ તરફ જાઉંછું.

રાજાએ સાષ્ટાંગ પ્રણામ કરી કહ્યુંકે મહારાજ આપે મને કૃતાર્થ કર્યો છે. આ રાજ્ય વિગેરે સર્વ સમૃદ્ધિ આપ જેવા મહાત્માની આજ્ઞાનુસાર વાવરવાનીજ છે માટે આપ કાંઇ આજ્ઞા કરો તો તે પ્રમાણે આ દાસાનુદાસ વરતવા ચુકશે નહિં સ્વામીજીએ કહ્યું કે ભાઇ મારે તો તેમાંથી કાંઇ પણ જોઇતું નથી અને તું વિવેકીછું માટે વિવેકથી વાપરજે પરંતુ મારે તો તને એટલું કહેવાનું છે અને તને દૃઢ બોધ થવાના કારણની સાથે એક એ પણ કારણ છે કે તે જે તીર્થોમાં સ્વતંત્ર ફરવાવાળા સંન્યાસીઓને હવે તું રજા આપ, અને એઓની પાસે ક્ષમા માગી સત્કારપૂર્વક તેઓને રજા આપજે; એટલું કહી સંન્યાસીતો ચાલી નીકળ્યા અને પાછળથી રાજાએ તમામ સંન્યાસીઓને ચદર, લંગોટી, કોપીન, અને કમંડળુ આપી નમ્ર ભાવથી ક્ષમા માગીને રજા આપી.

માનસીંહરાજા સદૈવ શાસ્ત્રાનુસાર વરતતો હતો, અને વળી આ મહાત્માજીની દયા થવાથી તેના ઉપદેશ પ્રમાણેજ વરતવાથી પરમાનંદરૂપ થઇ જીવન્મુક્તિના સુખને ભોગવવા લાગ્યો.

ચાલતા પ્રસંગમાં હવે રાજપુત્રીને પોતાના પતિની પ્રાપ્તિ ક્યારે થઇ તથા તેને જ્ઞાનોપદેશ કેવા પ્રકારે કર્યો તે દંપતિના સંવાદરૂપે જ્ઞાનપૂર્વક ઈશ્વર ભક્તિનો લાવ લેવાય તેવી રીતે ત્રીજા કાંડમાં બતાવેલ છે.

સમાપ્ત ભાગ ૨ જો.